# પરિવર્તન પામતા વસાવા ભીલો

અહેવાલ લેખન :
ચંદ્રકાન્ત એસ પટેલ

સંપાદક :
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૬

૧૭૫

# પરિવર્તન પામતા વસાવા ભીલો

અહેવાલ લેખન

ચંદ્રકાન્ત એસ. પટેલ

સંપાદક

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

૧૯૮૬

૧૭૫

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- |
| ૧ | પ્રાસ્તાવિક<br>વસતિ-વિસ્તાર પરિચય(ગામ-તાલુકા-જિલ્લો ) | ૧ થી ૫૪ |
| ૨ | ભૌતિક સંસ્કૃતિ | ૫૫ થી ૮૧ |
| ૩ | આર્થિક સંરચના | ૮૨ થી ૧૭૨ |
| ૪ | સામાજિક જીવનચક્ર<br>(સામાજિક સંરચના- રીત રિવાજો) | ૧૭૩ થી ૨૧૧ |
| ૫ | ધાર્મિક જીવન | ૨૧૨ થી ૨૧૮ |
| ૬ | શિક્ષણ | ૨૧૯ થી ૨૨૧ |
| ૭ | સમસ્યાઓ | ૨૨૨ થી ૨૨૮ |
| ૮ | વિકાસનાં સૂચનો(સારાંશ) | ૨૨૯ થી ૨૩૪ |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | | શીર્ષક | પાન નંબર |
|---|---|---|---|
| પ્રકરણ-૧ | | | |
| ૧. | ૧.૧ | જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૧૯૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો | ૬ |
| ૨. | ૧.૨ | તાલુકાવાર જાતિ પ્રમાણે આદિવાસી વસતિ-૧૯૭૧ | ૪૦ |
| ૩. | ૧.૩ | ૧૯૮૧ની વસતિ મુજબ તાલુકાઓનો જમીન વિસ્તાર | ૪૪ |
| ૪. | ૧.૪ | ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાનો વસતિ વધારો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજનજાતિની વસતિ(ટકામાં) | ૪૫ |
| ૫. | ૧.૫ | વ્યવસાય મુજબ કામ કરનાર નહીં કરનાર ૧૯૮૧ ( ટકામાં) | ૪૬ |
| ૬. | ૧.૬ | ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળાનું તાલુકાનું અક્ષરજ્ઞાન (ટકામાં) | ૪૭ |
| ૭. | ૧.૭ | ૧૯૭૮ થી ૧૯૮૧ ના ગાળામાં તાલુકાઓમાં શૈક્ષણિક સુવિધાઓ | ૪૮ |
| ૮. | ૧.૮ | ૧૯૭૭ થી ૧૯૮૨ દરમ્યાનના ગાળામાં તાલુકાની સુવિધાઓમાં થયેલો વધારો-ઘટાડો. | ૪૯ |

| ક્રમ | | શીર્ષક | પાન નંબર |
|---|---|---|---|
| પ્રકરણ -૨ | | | |
| ૯. | ૨.૧ | મકાનનો પ્રકાર અને ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો. | ૫૯ |
| ૧૦. | ૨.૨ | મકાનનું ક્ષેત્રફળ દર્શાવતો કોઠો | ૬૨ |
| ૧૧. | ૨.૩ | દિવાલ અને છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો. | ૬૫ |
| ૧૨. | ૨.૪ | મકાન માલિકી અને પશુ છાપરી દર્શાવતો કોઠો. | ૬૯ |
| ૧૨. | ૨.૫ | ઘરવખરીના સાધન-( વાસણ અને અન્ય સાધનો ) દર્શાવતો કોઠો. | ૭૩ |
| પ્રકરણ-૩ | | | |
| ૧૪. | ૩.૧ | કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૮૪ |
| ૧૫. | ૩.૨ | આર્થિક દરજ્જો દર્શાવતો કોઠો. | ૯૨ |
| ૧૬. | ૩.૩ | જમીન ધરાવતા કુટુંબો અને કુટુંબદીઠ જમીન વિસ્તાર દર્શાવતો કોઠો. | ૯૫ |
| ૧૭. | ૩.૪ | ખેતીની જમીન ધરાવતા કુટુંબો અને ખેતીના પાકનું ઉત્પાદન દર્શાવતો કોઠો. | ૧૦૨ |
| ૧૮. | ૩.૫ | પશુપાલન , મરઘાં, માછલાં અને વન્ય પેદાશોની આવક દર્શાવતો કોઠો. | ૧૦૫ |
| ૧૯. | ૩.૬ | ભૂખ્યા રહેવું પડે છે હા/ના દર્શાવતો કોઠો. | ૧૦૮ |

| ક્રમ | | શીર્ષક | પાન નંબર |
|---|---|---|---|
| ૨૦. | ૩.૭ | મજૂરીમાંથી મેળવેલી આવક દર્શાવતો કોઠો | ૧૧૦ |
| ૨૧. | ૩.૮ | ખેતી અને પશુપાલન ખર્ચ દર્શાવતો કોઠો | ૧૧૬ |
| ૨૨. | ૩.૯ | વાર્ષિક અને માસિક કુટુંબદીઠ આવક દર્શાવતો કોઠો. | ૧૨૦ |
| ૨૩. | ૩.૧૦ | કુટુંબોની જમીન ધારકતા અને ખેતી પશુપાલન ખર્ચ દર્શાવતો કોઠો. | ૧૨૩ |
| ૨૪. | ૩.૧૧ | નપાસના કુટુંબોની વાર્ષિક ચોખ્ખી આવક દર્શાવતો કોઠો.(કુટુંબદીઠ) | ૧૨૮ |
| ૨૫. | ૩.૧૨ | વાર્ષિક ખર્ચ રોજબરોજની ચીજવસ્તુઓનો દર્શાવતો કોઠો. | ૧૩૧ |
| ૨૬. | ૩.૧૩ | કુટુંબદીઠ આવક, ખર્ચ, માથાદીઠ વાર્ષિક માસિક આવક ખર્ચ દર્શાવતો કોઠો. | ૧૩૫ |
| ૨૭. | ૩.૧૪ | દેવા વિષયક પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૧૩૮ |
| ૨૮. | ૩.૧૫ | અસ્કયામતો અને કુટુંબદીઠ કિંમત દર્શાવતો કોઠો. | ૧૪૨ |
| ૨૯. | ૩.૧૬ | પશુ સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો. | ૧૪૭ |
| ૩૦. | ૩.૧૭ | વાસણ સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો. | ૧૫૦ |
| ૩૧. | ૩.૧૮ | ઘરવખરીના સાધન અને કિંમત દર્શાવતો કોઠો. | ૧૫૪ |
| ૩૨. | ૩.૧૯ | વૃક્ષોની સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો | ૧૫૯ |
| ૩૩. | ૩.૨૦ | ઘરેણાંની કિંમત દર્શાવતો કોઠો. | ૧૬૪ |

| ક્રમ | | શીર્ષક | પાન નંબર |
|---|---|---|---|
| ૩૪. | ૩.૨૧ | ખેત ઓજારો દર્શાવતો કોઠો. | ૧૬૭ |
| ૩૫. | ૩.૨૨ | છેલ્લા વીસ વર્ષનું મૂડી રોકાણ દર્શાવતો કોઠો. | ૧૭૦ |
| પ્રકરણ-૪ | | | |
| ૩૬. | ૪.૧ | સભ્ય સંખ્યા પ્રમાણે કદ દર્શાવતો કોઠો | ૧૭૫ |
| ૩૭. | ૪.૨ | કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબોની વહેંચણી | ૧૭૭ |
| ૩૮. | ૪.૩ | વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો. | ૧૮૧ |
| ૩૯. | ૪.૪ | તપાસના ગામમાંથી જાણવા મળેલું લગ્ન ક્ષેત્રનું અંતર દર્શાવતો કોઠો. | ૧૮૪ |
| ૪૦. | ૪.૫ | લગ્ન સમયની ઉંમર દર્શાવતો કોઠો. | ૧૮૭ |
| પ્રકરણ -૬ | | | |
| ૪૧. | ૬.૧ | શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો. | ૨૨૦ |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક

તપાસના સમગ્ર ગામોમાં વસતા ભીલોમાં જુદા જુદા અનેક પરિબળોએ તેમનામાં પરિવર્તન લાવવાને એક યા બીજી રીતે પ્રયત્નો કર્યા છે. જેમ કે શિક્ષણની વધતી જતી સુવિધાઓ ધાર્મિક પ્રવૃત્તિઓ, રાજકારણની રાજકીય પ્રવૃત્તિઓ, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ ઘટકો અને તેની પ્રવૃત્તિઓ દૂધ મંડળીઓ, નજીકની શહેરી અસરો, સિંચાઇ યોજનાઓ વગેરે ઉપરાંત છેલ્લા કેટલાય વર્ષોથી જંગલ કામદાર સહકારી મંડળીઓની પ્રવૃત્તિઓ વગેરેથી વસાવા લોકોમાં જે જાગ્રતિ આવી છે જે પરિવર્તનની પ્રક્રિયાઓ શરૂ થઇ છે. બીજી રીતે એમનામાં જે સમસ્યાઓ નવીન પરિબળો દ્વારા ઉભી થઇ છે. વગેરે તપાસમાં આવરી લેવાનો પ્રયાસ કર્યો છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન આર્થિક, સામાજિક સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં મુલાકાત સહભાગી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ અને ૨૦૦ જેટલા કુટુંબોની વ્યકિતગત મુલાકાત લઇ કૌટુંબિક અને આર્થિક, સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે અનુસૂચિ ભરવામાં આવી હતી. આ પ્રવિધિ દ્વારા ભૌતિક જીવન, આવક ખર્ચ, દેવા વિષયક વિગતો પ્રાપ્ત કરવામાં આવી હતી.

તપાસના સમગ્ર ગામોના સરપંચ, પટેલ, તલાટી ઉપરાંત ગામના સ્થાનિક સરકારી કર્મચારીઓ, શાળાના શિક્ષકો અને ગામોની અન્ય સ્થાનિક વ્યકિતઓની મુલાકાતો લેવામાં આવી હતી. અને તેમના દ્વારા સ્થાનિક પ્રશ્નો અને પરિવર્તનો માટેની માહિતી એકઠી કરવામાં આવી હતી.

## ભરૂચ જિલ્લો

### વિસ્તાર અને વસતિ :

#### વિસ્તાર :

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતમાં આવેલો ભરૂચ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ આઠમું સ્થાન ધરાવે છે. કેટલાય વર્ષોથી

આ જિલ્લો પછાત વિસ્તાર તરીકે ગણાય છે. તેથી આ વિસ્તારની પ્રગતિ થાય એ હેતુથી સરકારે કેટલાક ઔદ્યોગિક સંકુલો ઉભા કરીને તેના વિકાસ માટેના ગહન પ્રયત્નો કર્યા છે. જેથી ટૂંકા સમયમાંજ આ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસને લીધે આવા વિસ્તારનું એક આગવું સ્થાન દેશના અગત્યના ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે ઉભું થયું છે. આ માટેના પ્રયત્નો ગુજરાત ઔદ્યોગિક નિગમ દ્વારા ખૂબ જ મોટા ※ વિસ્તારને આવરી લઇને કર્યા છે. જેમાં તેને ઔદ્યોગિક વસાહત અને નર્મદાવેલી ફર્ટિલાઇઝર જેવી ખૂબ જ મહત્ત્વની સંકુલો ઉભી કરી યોગદાન આપ્યું છે. આ સિવાય બીજી પણ અનેક નાના પાયા ઉપરના ઉદ્યોગો સ્થાપિને તેના વિકાસ માટે પ્રયત્નો ચાલું છે.

ભરૂચ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઇએ તો જિલ્લો કુલ ૯૦૪૫ ચો.કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાનો આ આખો વિસ્તાર ૨૧-૪૫ અને ૨૦ - ૧૫ ઉત્તર અક્ષાંશ અને ૭૨-૩૪ ૧૯ અને ૭૩-૧૨-૧૫ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ જિલ્લાની ઉત્તરે વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમમાં ખંભાતનો અખાત આવેલો છે. આખો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

૧. ઉત્તર અને વાયવ્ય દિશામાં કાંટાવાળો મેદાની વિસ્તાર.

૨. અગ્નિ ખૂણામા આવેલાં સહ્યાદ્રિ અને સાતપુડા પહાડની ટેકરીઓનો વિસ્તાર.

આ જિલ્લામાં પહાડો અને નદીઓમાં - સહ્યાદ્રિ અને સાતપુડાના ※※※K પહાડોની ટેકરીઓ આવેલી છે અને ચાર મોટી અને બીજી નાની નદીઓ આવેલી છે. ચાર મોટી નદીઓમાં નર્મદા, ઢાઢર, કીમ અને મહી નદીનો સમાવેશ થાય છે અને બીજી કેટલીક નાની નદીઓમાં સુવા, ભૂકી નહિયર, અમલ , વાનખાડી વહે છે.

જમીન વિસ્તાર :

જિલ્લામાં જમીન વિસ્તારને ચાર વિભાગમાં વહેંચી શકાય.

૧. જિલ્લાના પૂર્વ વિભાગમાં ડેડીયાપાડા, સાગબારા, ઝગડીઆ અને વાલિયા તાલુકાઓની પહાડી જમીન.

૨. પશ્ચિમ વિભાગની જંબુસર, વાગરા અને હાંસોટ તાલુકાઓનો ભૂખરી અને ક્ષારવાળી જમીનનો વિસ્તાર.

૩. મધ્યભાગનો ભરૂચ, વાગરા, તબુંસર અને ચકલેશ્વર તાલુકાઓનો રેતાળ અને સાધારણ કાળી જમીન વાળો વિસ્તાર.

૪. જિલ્લાના ઇશાન ખૂણામાં આવેલી બાગાયતી જમીન જે જબુંસર તાલુકામાં આવેલી છે.

જંગલ વિસ્તાર :

ભરૂચ જિલ્લો તેના જંગલ વિસ્તાર માટે પણ જાણીતો છે. જિલ્લાના રાજપીપળા, સાગબાટા, ડેડીયાપાડાના વિસ્તારોમાં જંગલ વિસ્તાર જોવા મળે છે. તેમાં રાજપીપળાનું રમણીય અને ગાઢ જંગલ જોવા મળે છે. જે રાજયના જંગલ પ્રદેશમાં અગત્યના જંગલ તરીકે ખ્યાતિ ધરાવે છે.

૧૯૭૦-૭૧ ની આંકડાકીય માહિતીને આધારે જિલ્લામાં કુલ ૧૭૨૫.૫૨ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં જંગલ પથરાયેલું છે. જેમાં ૧૧૨૯.૯૪ ચોરસકિલોમીટરમાં અનામત જંગલ, ૨૯૪.૭૯ ચો.કિલોમીટરમાં બિનવર્ગીકૃત જંગલ આવેલું છે. આ સિવાય ૩૦૨.૭૯ ચો.કિલોમીટર જેટલું ખાનગી જંગલ પણ અસ્તિત્વ ધરાવે છે.

ખનિજ સંપત્તિ :

જિલ્લામાં ખનિજ સંપતિમાં અકીકનો પથ્થર, કેલ્સેડોની, પેલ્સર્સ, સિનાઇટ, ડોલોમોઇટ, બેન્ટોનાઇટ, હલર્સઅર્થ વગેરે ઉપરાંત ખનિજ તેલ અને કુદરતી ગેસનો પણ સમાવેશ થાય છે.

વસતિ :

ગુજરાત રાજયના કુલ ૧૯ જિલ્લાઓમાંથી ૮ જિલ્લા આદિવાસી જિલ્લા તરીકે ગણવામાં આવે છે. આ ૮ જિલ્લાઓમાં ભરૂચ જિલ્લાનું સ્થાન

ગણનાપાત્ર છે.

૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિ ૩૪,૦૮૫,૭૯૯ ની છે જેમાં અનુસૂચિતજાતિની વસતિ ૪૮,૪૮,૫૮૬ ની છે. ટકાવારીની દ્રષ્ટિએ અનુક્રમે ૭.૧૫ અને ૧૪.૨૨ પ્રમાણે છે. જ્યારે ભરૂચ જિલ્લાની કુલ વસતિ ૧,૨૯૬,૪૫૧ ની છે. જેમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ અનુક્રમે ૫૯,૬૯૩ અને ૫૭૭,૩૯૩ એટલે કે ૪૪.૫૪ % પ્રમાણે છે. જિલ્લામાં છેલ્લા દશકામાં ભારે ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા ચાલુ રહી છે. પરિણામે વસ્તીમાં વધારો થતો રહ્યો છે. તેમ છતાં જિલ્લાનો વસતિ વધારો માત્ર ૧૬.૮૪ % છે, જ્યારે રાજ્યમાં દશકાનો વસતિ વધારો ૨૭.૨૧ % છે. જિલ્લામાં વસતિની ગીચતા દર ચોરસ કિલોમીટરે ૧૪૩ ની છે. જ્યારે રાજ્યમાં દર ચોરસ કિ.મીટરે ૧૭૩ ની છે. એટલે ભારે ઔદ્યોગિક ક્રાંતિ પછી પણ જિલ્લો ઘણો પાછળ રહી ગયેલો હોયએ સ્પષ્ટ જણાય છે.

ભરૂચ જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિઓમાં વસાવા અગ્રસ્થાને છે. એ સિવાય તડવી, ગામીત, ધાણકા, ભીલ, ચૌધરી, કોટવાડિયા, નાયક-નાયકડા, દૂબળા, હાથોડી , રાઠવા, ધોડિયા, પટેલિયા અને પારધીનો સમાવેશ થાય છે.

ભરૂચ જિલ્લાની કુલ વસ્તી ૧૯૭૧ અને ૧૯૮૧ માં નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબ નોંધવા પામી હતી. જેમાં આદિવાસી વસ્તી ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકામાં વધવા પામી હતી જે નીચે મુજબ નોંધાઇ હતી.

કોઠા નંબર : ૧.૧ જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૧૯૮૧ ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો.

| ક્રમ | તાલુકો | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
|---|---|---|---|---|---|
| | | કુલ વસ્તી | આદિવાસી | કુલ વસ્તી | આદિવાસી |
| ૧ | ભરૂચ | ૨૨૩૫૩૭ | ૪૫૩૯૬ | ૨૬૫૦૯૩ | ૫૫૯૪૪ |
| ૨ | નાંદોદ | ૧૪૮૨૯૭ | ૯૮૩૭૯ | ૧૭૯૨૬૩ | ૧૧૭૧૯૧ |
| ૩ | જબુંસર | ૧૪૦૩૫૫ | ૧૩૦૪૭ | ૧૫૮૩૧૬ | ૧૪૪૯૧ |
| ૪ | ઝગડિયા | ૧૨૦૦૦૦ | ૭૩૬૩૬ | ૧૨૮૧૩૪ | ૮૨૩૨૯ |
| ૫ | અંકલેશ્વર | ૯૭૨૯૭ | ૩૫૯૩૦ | ૧૨૮૬૪૪ | ૪૬૧૦૮ |
| ૬ | વાલિયા | ૮૦૯૨૭ | ૬૧૯૦૩ | ૯૨૩૧૯ | ૭૧૯૮૩ |
| ૭ | આમોદ | ૬૮૬૬૪ | ૧૭૪૦૫ | ૭૯૯૩૪ | ૨૨૭૦૭ |
| ૮ | ડેડીયાપાડા | ૬૭૬૮૩ | ૬૩૭૪૮ | ૮૮૪૩૧ | ૮૨૫૪૫ |
| ૯ | વાગરા | ૬૫૦૩૭ | ૧૬૯૧૦ | ૬૫૪૮૭ | ૧૬૪૬૩ |
| ૧૦ | સાગવાટા | ૫૨૫૭૬ | ૪૭૭૨૪ | ૫૮૫૮૬ | ૫૨૩૦૧ |
| ૧૧ | હાંસોટ | ૪૫૨૩૧ | ૧૨૮૧૪ | ૫૦૨૪૫ | ૧૫૩૨૫ |
| ૧૨ | કુલ | ૧૧૦૯૬૦૧ | ૪૮૬૯૦૧ | ૧૨૯૬૪૫૧ | ૫૭૭૩૯૩ |

શિક્ષણની દ્રષ્ટિએ જોઇએ તો જિલ્લામાં ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ૩૫.૭૨ ટકા અક્ષરજ્ઞાન પામેલા હતા. જ્યારે ૧૯૮૧ ની વસતિ ગણતરી અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૪૪.૬૬ ટકા હતું.

૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરનારાઓની ટકાવારી પ્રમાણે વર્ગીકરણ જોઇએ તો ટકા ખેડૂતો, ટકા ખેતમજૂરો ટકા અન્ય કામ કરનારા હતા. જિલ્લાના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે.

ખેતી સિવાય ખેતમજૂરી, પશુપાલન અને અન્ય ધંધાઓમાંથી પૂરક રોજગારી મેળવે છે.

ગામ પરિચય :

પોઇચા :

ગામ તાલુકાના નાંદોદ શહેરથી ૧૦ કિ. મીટરને અંતરે, નર્મદાનદી નો કાંતરમાં તાલુકાની સરહદે વસેલું ગામ છે. ગામ પર જવા માટે તાલુકાના મથકેથી પાકી ડામરની સડક છેલ્લા પાંચ વર્ષથી નંખાયેલી છે. ગામમાં જવા માટે તાલુકા મથકેથી દિવસ દરમ્યાન પાંચ જેટલા બસ ટાઇમ છે. ગામથી નદીને સામે કિનારે વડોદરા જિલ્લાનું ચાંદોદ ધાર્મિક સ્થળ આવેલું છે. જયાંથી આવવા માટે નદીમાં હોડી દ્વારા આવવું પડે છે. થોડા વર્ષો ઉપર નદીમાં ભારે પુર આવવાને કારણે મુખ્ય પોઇચા ગામના નીચાણવાળા ઘરો તણાઇ જવા પામેલા. ત્યારબાદ ગામ અર્ધા કિલોમીટરને અંતરે વસેલું છે. પોઇચા ગામનું નામ કેવી રીતે પડયું એ વિશે ગામના વૃદ્ધો પણ કહી શકતા નથી. આખુ ગામ ત્રણ કિલોમીટરના ઘેરાવામાં છુટાછવાયા ચાર ફળિયામાં વસેલું જોવા મળે છે. ૧. બારીયા ફળિયુ ૨. નવી નગરી ૩. ગામડી ૪. જૂની વસાહત ગામની વસતિ આ ચાર ફળિયામાં વહેંચાયેલી હતી. બારિયા ફળિયામાં રજપૂતોની વસતિ વસે છે. તેમની આર્થિક પરિસ્થિતિ સમગ્ર ગામમાં સારી જોવા મળે છે. ઘરો પણ પાકા બાંધેલા જોવા મળે છે. નવી નગરીમાં વસાવા અને હરિજન લોકોની વસવાટ છે. તેમની પરિસ્થિતિ સારી નથી. સરકારી યોજના હેઠળ તેમને નવા મકાનો મળ્યા છે એટલે તેને નવી નગરીના નામે ઓળખવામાં આવે છે. ગામડી જે વર્ષો પૂર્વના પુરને કારણે જૂની વસાહત ના ઘરો તણાઇ જવાથી ઉભુ થયેલું પરું છે. જયાં માત્ર વસાવા જાતિ વસતિ વસે છે. જૂની વસાહત એ મૂળ પોઇચા ગામ જે નદીને કિનારે માત્ર પાંચથી સાત કુટુંબો વસે છે. ચારેય ફળિયામાં કુટુંબો હારબંધ બાંધેલા જોવા મળે છે. ગામડી ફળિયામાં પાકી ડામરની સડક હોવા છતાં પગપાળા અર્ધા કિલોમીટર ચાલીને જવું પડે છે. બાકીના ફળિયાઓ તાલુકાની આવતી ડામરની

પાકી સડકની આજુબાજુમાં વસેલા છે. ગ્રામ પંચાયત મકાન જૂની વસાહતમાં આવેલા મહાદેવના મંદિરની સામેની જ મકાનમાં ચાલે છે. જેમાં રજપૂત, વસાવા અને હરિજન એમ બધી જ જાતિના સભ્યો જોવા મળે છે. રજપૂત જાતિનું વચર્સ્વ ગામમાં જોવા મળે છે.

ગામ જિલ્લા મથકેથી ૩૦ કિ.મી. અને તાલુકા મથકેથી ૧૦ કિ.મી.ને વસેલું છે. ગામની ચારેબાજુ કયાંય જંગલ વિસ્તાર નથી. ઉંચા કોતરો અને નદીનો રેતાળ ભાઠાનો વિસ્તાર જોવા મળે છે. ગામની ઉત્તર પૂર્વમાં ચાંદોદ, કરનાળી ગામો નદીને સામે કિનારે વસેલા છે. પૂર્વમાં કોઠાર ગામની હદ, દક્ષિણે ફૂલવાડી, મજીપરા અને દક્ષિણે ભીમપુરા ગામોની હદ આવેલી છે. આખુ ગામ તળ ઉંચી નીચી કોતરોવાળી ખેતી માટેની જમીન વચ્ચે વસેલું છે.

ગામમાં પીવાના પાણી માટે અને પાણીતર માટે બે કુવાઓ છે. એક જૂની વસાહતમાં પીયત મંડળી સંચાલિત અને બીજો સરકારશ્રી તરફથી બનાવેલો પાતાળકુવો છે. ગામ નદી કિનારે આવેલુ હોવાથી જયારે આ કુવાઓ બંધ હોય ત્યારે ન્હાવા- ધોવા અને પશુઓને ~~ફ્રી~~ પાણી પાવા માટે નદીનો ઉપયોગ કરે છે. ગામમાં જૂની વસાહતમાં ઉપર બતાવ્યું તેમ મહાદેવના મંદિર પાસે ગ્રામ પંચાયતનું મકાન આવેલું છે. આજ ફળિયે જૂનું નિશાળનું મકાન ખાલી પડી રહેવા પામ્યું છે. ગામમાં ગામડી ફળિયે અને નવી નગરીમાં જુદા જુદા નિશાળમાં ૧ થી ૪ ધોરણ સુધીની શાળા બેસે છે. ગામમાં ઇલેકટ્રીક લાઇટ બધે ~~ફળ~~ ફળિયે છે પરંતુ નવી નગરીમાં અને બાટિયા ફળિયામાં કુટુંબો તેનો લાભ મળે છે. પાણી માટે બધા ફળિયામાં સ્ટેન્ડ ઓ      છે. ગામડી ફળિયે અને નવી નગરીમાં મળીને બે દુકાનો ગામમાં જોવા મળે છે. ગામમાં દૂધ સહકારી મંડળી નવી નગરીમાં ચાલે છે. પોસ્ટ ઓફિસ જૂની વસાહત ફળિયે ચાલે છે. ગામની જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓનો વ્યવહાર તાલુકાના મથકેથી અને નદીને સામે કિનારે આવેલા ધાર્મિક સ્થળ ચાંદોદ સાથે જોવા મળે છે. ગામમાં દવાખાનાની સગવડ નથી. ગામમાં છેલ્લાં કેટલાક વર્ષો દરમ્યાન દૂધ સહકારી મંડળી

પાતાળ કુવો, પિયતકુવો, નવી નિશાળના બે મકાનો, તાલુકાના મથક સાથે બસ વ્યવહારથી જોડતો ડામરનો પાકો રસ્તો, અને નજીકના ભવિષ્યમાં નર્મદાની કેનાલ જેવી સિંચાઇની પણ સગવડોનો લાભ મળશે.

૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૭૭૬ માણસોની હતી. જ્યારે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ૯૧૬ માણસોની હતી. ૧૯૬૧થી ૧૯૭૧ સુધીમાં ગામમાં વસતિમાં ૧૭.૮૯ ટકાનો વધારો થયો હતો. આમ આ દાયકા દરમ્યાન ગામમાં વસતિ વધારાનો દર ટકા જેટલો હતો. ગામમાં મુખ્યત્વે બારિયા, વસાવા અને હરિજન લોકોની વસતિ છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૨૨૦૪-૦૫ એકરનો છે. જેમાંથી ૧૨૪૨ એકર જમીન બિનપિયત જે ખેતી હેઠળ છે. માત્ર ૧૦ એકર જમીન વિસ્તાર પિયત હેઠળ જાણવા મળ્યો હતો. થોડા સમયથી પિયત સહકારી મંડળીનો કુવો થયો છે. તેથી સિંચાઇ વિસ્તાર વધ્યો છે પરંતુ ચોક્કસ જાણવું મળ્યું નથી. નદીને કારણે ખીણો, કોતરોને કારણે ૯૪૬ એકર જેટલી જમીનમાં ખેડાણ શક્ય બની શકે તેમ નથી. છેલ્લા વર્ષ દરમ્યાન નર્મદા કેનાલ હેઠળ કેટલીક કુટુંબોની જમીન ચાલી જવા પામી છે. કેટલાકને પૂરતુ વળતર મળ્યું નથી એવી ફરિયાદ હતી.

ગામની ૧૯૭૧ ની કુલ ૯૧૬ ની વસ્ત્ર વસતિમાંથી ૩૭૩ ૪૦.૭૨ ટકા માણસો કમાનાર હતા અને ૨૯૬ (૩૨.૩૧ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૨૧૩ (૭૧.૯૬ ટકા ) પુરુષો અને ૮૩(૨૮.૦૪ ટકા ) સ્ત્રીઓ હતી. ૧૯૭૧ની તાલુકાની વસતિ મુજબ (૩૪.૯૬ ટકા ) કમાનાર હતા અને (૩૦.૩૫ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા જેમાં (૬૯.૪૧ ટકા ) પુરુષો અને (૩૦.૫૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ પોઇચા ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં ઉંચું હતું. છેલ્લા દસકા દરમ્યાન શિક્ષણની સુવિધાઓ વધવાથી અક્ષરજ્ઞાન વધવા પામ્યું હતું.

ઝરીયા :

ગામ તાલુકા મથક રાજપીપળા શહેરથી ૩૦ કિ.મી.ને

અંતરે આવેલું છે. ઝરીયા જવા માટે રાજપીપળાથી હરિપુરા જતી પાકી ડામરની સડક દ્વારા એસ.ટી. બસમાં વચ્ચે હરિપુરા મોટું ગામનું પાકુ બસ સ્ટેન્ડ છે. ઝરીયા જવા માટે હરિપુરા જતી બસના દિવસ દરમ્યાન દસ જેટલા ટાઇમ છે. નજીકમાં નવાગામ બંધનું સ્થળ આવેલું છે. જેને કારણે નવી જ વિકાસ પામેલુ કેવડીયા કોલોની છે. નજીકનું રેલ્વે સ્ટેશન તણખલા છે. ગામ પાસેથી કરજણ નદી વહે છે. છેલ્લા દાયકા દરમ્યાન આજુબાજુનું જંગલ કપાઇ જવા પામ્યું છે. ગામ બે કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. ગામની પૂર્વે ઉંચા ડુંગરોની હારમાળા છે. પશ્ચિમમાં સૂકા સાંપિયા ગામની હદ લાગે છે. ઉત્તરમાં ઉંડવા અને દક્ષિણમાં વાડીગામ ગામોની હદો લાગે છે. ગામમાં ઉંચા ડુંગરાળ વિસ્તારમાં વસાવા વસે છે. બહાર ખુલ્લા વિસ્તારમાં તડવી વસે છે. ગામમાં મુખત્વે વસાવા, તડવીઓ વસે છે. કેટલાક હરિજન કુટુંબો પણ વસે છે. એ સિવાય સરકારી કર્મચારીઓ, શિક્ષકોના કુટુંબો વસે છે. ગામમાં ગ્રામપંચાયતનું પાકું મકાન છે. વસાવા , તડવીઓ છૂટાછવાયા ઝૂમખાઓ અને હાટબંધ ઘરો બાંધીને વસે છે.

ગામમાં ૧૦ કુવાઓ છે. જેમાંથી બેમાંથી લોકો પીવાનું પાણી ભરે છે. ન્હાવા-ધોવા, ઢોરને પાણી પીવા માટે કરજણ નદીના પાણીનો ઉપયોગ પણ કરે છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલુ છે. વળી ગામમાં પ્રાથમિક શાળા, આશ્રમશાળા અને ધોરણ ૧૦ સુધીની માધ્યમિક શિક્ષણ વ્યવસ્થા ગામમાં છે એથી આગળના અભ્યાસ માટે કેવડિયા કોલોનીમાં જવું પડે છે. ગામમાં અલગ ગ્રામ પંચાયત ચાલે છે. ગામમાં પોસ્ટ કચેરીની પણ સગવડ છે. ગામમાં આજુબાજુના બેતાલીસ ગામોની ખેત સહકારી ધિરાણ મંડળી ચાલે છે. જેનાથી આદિવાસીઓમાં ખેત વિકાસના કાર્યક્રમો કરવામાં આવે છે. આ સિવાય ગામમાં ગ્રામસેવક અને ફોરેસ્ટર વગેરેની સેવાઓ પણ મળે છે.ગામમાં વિજળી સુવિધાને કારણે છ ઇલેક્ટ્રીક મોટરોથી સિંચાઇની સુવિધા જોવા મળે છે. આ સિવાય બીજા પાંચ ઓઇલ એન્જીનો દ્વારા સિંચાઇ કરાતી જોવા મળે છે. ગામ લોકો પાસેથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ગામની દુકાનોએથી અને નજીકના કેવડીયા અથવા રાજપીપળા

થી મેળવે છે. ગામમાં દૂધ મંડળી પણ જોવા મળે છે.

૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામની ૯૨૭ માણસોની વસતિ હતી. જ્યારે ૧૯૮૧ ની વસતિ ગણતરી વખતે ગામની ૧૧૬૮ ની વસતિ થવા પામી હતી. એટલે ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળા દરમ્યાન ગામની વસતિમાં ૨૪૧ ની વસતિનો વધારો થવા પામ્યો હતો. એટલે દાયકા દરમ્યાન ગામની વસતિમાં ૨૬ % નો વધારો થવા પામ્યો હતો. ૧૯૮૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામનો કુલ વિસ્તાર ૨૭૯-૧૬ એકર-ગૂંઠા હતો. જેમાં ૨૨૩-૩૩ એકર -ગૂંઠા ખેડાણ હેઠળ, ૧૨-૪૦ એકર-ગૂંઠા સિંચાઇ વિસ્તાર હતો. ગૌચર ~~xx~~ ૧૯-૦૧ એકર ગૂંઠા, ગામતળ હેઠળ ૧-૩૦ એકર-ગૂંઠા વિસ્તાર હતો. છેલ્લા દસકા દરમ્યાન સિંચાઇની સુવિધાઓ વધવાથી એક કરતાં વધુ પાક અને પાકોનો ઉતારો પણ વધવા પામ્યો છે. ગામની ૧૯૭૧ની કુલ ૯૨૭ ની વસતિમાંથી ૨૦૯ ( ૨૨.૫૫ ટકા ) માણસો કમાનાર હતા. અને ૩૭૮(૪૦.૭૮ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા, જેમાં ૩૦૦ ( ૭૯.૩૭ ટકા ) પુરુષો અને ૭૮ ( ૨૦.૬૩ ટકા ) સ્ત્રીઓ અક્ષરજ્ઞાન પામેલા હતા. ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ(૩૪.૯૬ ટકા ) કમાનાર હતા અને (૩૦.૩૫ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૬૯.૪૧ ટકા ) પુરુષો અને (૩૦.૫૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ ઝરીયા ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં જુદુ જોવા મળે છે. દસકા દરમ્યાન અક્ષરજ્ઞાનની ટકાવારી વધેલી જોવા મળે છે. જ્યારે કામ કરનારની ટકાવારી તાલુકા કરતાં નીચી જોવા મળે છે.

જૂનારાજ :
------

જૂનારાજ તાલુકાના મુખ્ય મથક રાજપીપળાથી ૨૦ કિ. અંતરે, દક્ષિણ દિશાએ, રાજપીપળા અને ડેડીયાપાડા તાલુકાની સરહદે આવેલું ગામ છે. ગામ પર જવા માટે રાજપીપળાથી પાકો ડામરનો રસ્તો રાજપીપળા જૂનારાજને જોડે છે. ડામરની પાકી સડક છેલ્લા સાત વર્ષથી છે. જેને કારણે ગામને બસની સીધી સુવિધા મળે છે. ગામની ચારે તરફ

ઉંચા ડુંગરોની હારમાળા અને ગીચ જંગલ વિસ્તાર પથરાયેલો છે. ગામ ત્રણ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. ગામ નજીક કોઇ રેલ્વે સ્ટેશન નથી.નજીકનું શહેર રાજપીપળા છે. ગામ પાસે થઇને કરજણ નદી વહે છે, જેના ઉપર જીતગઢ નજીક સિંચાઇ બંધ બંધાઇ રહયો છે. બંધને કારણે ગામ ડુબાણ વિસ્તાર હેઠળ જાય છે. ગામની પૂર્વમાં લીલજ ગામની હદ છે. પશ્ચિમમાં ડોડરી ગામની, ઉત્તરમાં બરવાળા ગામની અને દક્ષિણમાં પાંચખાડી ગામોની હદ લાગે છે. ગામમાં ગ્રામ પંચાયત છે. પરંતુ તેનું મકાન નથી. ગામમાં મુખ્ય વસતિ વસાવા લોકોની છે. માત્ર બે મુસલીમ વેપારી કુટુંબો ગામમાં બહારથી આવીને વસેલા છે.

જૂનારાજ ગામનું નામ જૂનું રાજપીપળા સ્ટેટની મુખ્ય હકૂમત અહીંથી હોવાને કારણે પડયું છે. આ સ્ટેટનો રાજા પહેલાં આ વિસ્તાર ઉપર અહીંથી હકૂમત ચલાવતો હતો. તેની મિલકત અને મહેલ આ ગામમાં હતા. વખત જતાં રાજાઓ હાલના રાજપીપળામાં રાજય સ્થાપ્યું. રાજધાની બદલાતો ગામમાં જોવા મળતો મહેલ ખંડેર બની ગયો છે. ગામ ડુબાણમાં જતાં આ પુરાણોના રાજમહેલના અવશેષો પણ નહીં રહે. આમ જૂના રજવાડાને કારણે ગામ નામ જૂનારાજ પડયું છે. આગળ જોયું તેમ ગામ ત્રણ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલું છે. ગામમાં જુદા જુદા સાત ફળિયાઓ છે. જેમાં ઉપલા જુનારાજ, જૂનારાજ, ડોકા , આંબા, વેરીસાલ, પાંચ ખાડી કમોદીયા, વેરી સાલપરા સમાવેશ થાય છે. વસાવા લોકો છૂટાછવાયા ઘરો બાંધીને રહેતા નથી. પરંતુ જુદા જુદા ફળિયામાં ઝૂમખામાં ઘરો બાંધીને વસે છે. ગામમાંથી એક ફળિયેથી બીજે ફળિયે પગપાળા જઇ શકાય છે.

ગામમાં પીવાના પાણી માટે બે કુવાઓ છે તેમાંથી લોકો રોજબરોજના પાણી ~~xxx~~ ખેંચીને ઉપયોગમાં લે છે. ઉનાળે બે-એક માસ પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં સાત ધોરણ સુધીની પ્રાથમિક શાળા છે. નજીકમાં આગળના શિક્ષણ માટેની કોઇ સગવડ નથી. ગામમાં જંગલ સહકારી મંડળી ચાલે છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નથી. તેનું કામકાજ નિશાળમાં જ ચાલે છે.

ગામમાં બે મુસલમાનોની અને એક વસાવાની મળીને ત્રણ દુકાનો આવેલી છે. ગામનો મોટાભાગનો વ્યવહાર આ દુકાનદારો સાથે છે. એ સિવાયની જરૂરી ચીજવસ્તુઓ માટે લોકો રાજપીપળા જાય છે અન્ય કોઇ સુવિધાઓનો લાભ ગામને મળ્યો નથી.

ગામની ૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ૬૩૮ માણસોની હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ૧૦૨૦ માણસોની થવા પામી હતી. એટલે ૧૯૬૧ થી ૧૯૭૧ના દસકા દરમ્યાનમાં ગામની વસતિમાં ૩૮૨ નો વધારો થવા પામ્યો હતો. એટલે દસકા દરમ્યાન ગામની વસતિમાં ૫૯.૬૭ ટકાનો વધારો થયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામનો કુલ જમીન વિસ્તાર ૧૬૫૯૦-૧૪ એકર-ગૂંઠા હતો. જેમાં જંગલ વિસ્તાર ૧૧૧૫૦ એકર, ખેડાણ લાયક, ગૌચર અને ઝાડી નીચે સહિત ૬૪૫ એકર, ખેડાણમાં ઉપયોગમાં ન લઇ શકાય તેવી ૩૮૭૨ એકર, ખેડાણ હેઠળ ૯૨૩-૧૪ એકર-ગૂંઠા જમીન હતી. ગામમાં સિંચાઇ હેઠળ જમીન વિસ્તાર જોવા મળ્યો નહોતો. છેલ્લા દસકા દરમ્યાન ગામ સાથે વાહનવ્યવહાર વધવાથી કેટલીક અસરો સીધી કે આડકતરી થવા પામી છે. જંગલ વિકાસ નિગમ દ્વારા ગૌણ વનપેદાશો લેવાનું ચાલુ કરવાથી પણ આર્થિક રીતે મદદ ગામના લોકોને થઇ છે. ગામની ૧૯૭૧ ની કુલ ૧૦૨૦ ની વસતિમાંથી ૩૦૦ ( ૨૯.૪૧ ટકા) કમાનાર હતા. અને ૮૪ ( ૮.૨૪ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૫૪ (૬૪.૨૯ ટકા ) પુરુષો અને ૩૦(૩૫.૭૧) સ્ત્રીઓ હતી. ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ (૩૦.૯૬ ટકા ) કમાનાર હતા. અને (૩૦.૩૫ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં (૬૯.૪૧ ટકા) પુરુષો અને (૩૦.૫૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ જૂનારાજ ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં નીચું હતું. શિક્ષણની સુવિધાઓ અને ઔધોગિક એકમોના અભાવે કામ કરનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીના પ્રમાણમાં સુધારો થવા પામ્યો નહોતો.

**કાકરપાડા :**

ગામ તાલુકાના ડેડીયાપાડાથી ૧૫ કિ.મી. ને અંતરે દક્ષિણ

દિશાએ છેલ્લા બે વર્ષથી ડામરની પાકી સડક સાથે જોડાયેલું ગામ છે. તાલુકા મથકેથી ગામમાં તથા સામરપાડા, હદરદા જતી બસોના ત્રણ જેટલા બસ ટાઈમ છે. ગામની આજુબાજુ નાના ડુંગરો કોતરો છે. બે વર્ષ ઉપર ગામમાં જવા માટે ડેડીયાપાડા સગબારા જતા પાકા રોડ ઉપર ગામથી ૧ કિ.મી. ને અંતરે આવેલા ડાલબી ગામ ઉતરીને પગપાળા જવું પડતું હતું. આખું ગામ ત્રણ ફળિયામાં વસેલું છે. ૧. ગેટ ફળિયું ૨. ટેકરા ફળિયું અને ૩. વસાવા ફળિયું. ગામમાં વસાવા તડવી, મુસલીમ જાતિની વસતિ છે. ગામ પ્રવેશે ગેટફળિયું છે. જેમા ૨૭ કુટુંબોનો વસવાટ છે. આ ફળિયામાં વસાવા, તડવી, મુસલમાન કુટુંબોનો વસવાટ છે. ફળિયામાં ચાર દુકાનો આવેલી છે. જેમાંથી ત્રણ મુસલીમોની અને એક તડવી સુખલાલ છે. ફળિયામાં બે કુવા, બાલમંદિર જોવા મળે છે. ટેકરા ફળિયામાં ગામની બધી જ સુવિધાઓ છે. ૭ ધોરણ સુધીની નિશાળ માત્ર બે શિક્ષકો ચલાવે છે. દવાખાનું, આઉટ પોસ્ટ પોલીસ થાણું, ગ્રુપ ગ્રામ પંચાયતનું મકાન, ફોરેસ્ટર નિવાસ, પંચાયતના મકાન પાસે જ કાચા મકાનમાં દૂધ ઉત્પાદક ડેરી વગેરે આવેલા છે. આ ફળિયે પણ પાણીના બે કુવા આવેલા છે. ત્રીજુ વસાવા ફળિયું જેમાં ચાર વસાવા કુટુંબો, ગામના સરપંચ મધુરભાઈ તડવીનું એક માત્ર કુટુંબ અને ગામમાં વસતુ એક માત્ર લુહારનું કુટુંબ વસે છે. ગામની આસપાસ ગીચ જંગલ થોડા વર્ષો પૂર્વ હતું. આજે રહેવા પામ્યું નથી. ગામનો વિસ્તાર ૦.૫ ચો.મા. જેટલો છે. ગામની ઉત્તરે ડાલબી, પૂર્વમાં ગંગાપુર, દક્ષિણે સામરપાડા અને પશ્ચિમમાં દૂધરદા ગામોની હદો લાગે છે. ડાલબી ૧ કિ.મી.ને અંતરે ગંગાપુર સાત કિ.મી.ને અંતરે, સામરપાડા બે કિ.મી. ને અંતરે અને દુધરદા અર્ધા કિ.મી જને અંતરે આવેલા ગામો છે.

ગામ લોકો પોતાની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ગામની દુકાનોએથી ખરીદે છે. કયારેક તાલુકા મથકે ડેડીયાપાડાથી જરૂર પડે ખરીદે છે. મુસલીમો દુકાનદારો હોવાથી અહીંની સ્થાનિક જાતિઓ વસાવા, તડવીઓના આર્થિક સંબંધો તેમની સાથે છે. તેઓ શાહુકાર તરીકે પણ વસાવા , તડવી સાથે વ્યવહાર ધરાવે છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નિશાળમાં ચાલે છે. ગામના કેટલાક છોકરા- છોકરીઓ થવા આશ્રમશાળામાં

રહીને ભણે છે. જેનાથી ગામના શિક્ષણમાં વધારો નોંધાયો છે.

૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ ગામની ૪૮૪ માણસોની વસતિ હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ૬૩૯ માણસોની વસતિ થવા પામી હતી. એટલે ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના દસકાના ગાળામાં ગામની વસતિમાં ૩૨.૦૨ ટકાનો વધારો થયો હતો. ગામમાં મુખ્યત્વે વસાવા, તડવી, મુસલમાનની વસતિ છે. માત્ર એક કુટુંબ લુહારનું છે. ૧૯૭૧ ની ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૧,૧૦૭ એકરનો ભણવા મળ્યો છે. જેમાંથી ૫૦૭ એકર જમીન બિનપિયત ખેતી હેઠળ છે. કોતરો અને અન્ય પડતર જમીન ૫૩૮ એકરમાં ખેડાણ હેઠળ નથી. છેલ્લા દસકા દરમ્યાન આજુબાજુનું જંગલ કપાઇ જવાથી જંગલ મજૂરી લગભગ બંધ થઇ જવા પામી છે. એટલી ખેતમજૂરી આખું વર્ષ મળી રહેતી નથી.

૧૯૭૧ની કુલ ૬૩૯ ની વસતિ હતી. જે ૧૯૮૦ની વસતિ ગણતરી મુજબ ૬૮૧ માણસોની થવા પામી હતી. એટલે કે ગામની વસતિમાં ૧૯૭૧ થી ૧૯૮૧ના દાયકા દરમ્યાન ૬.૫૭ ટકાનો વધારો થવા પામ્યો હતો. ગામની ૧૯૭૧ ની કુલ ૬૩૯ની વસતિમાંથી ૧૭૨ ( ૨૬.૯૨ ટકા) માણસો કમાનાર હતા અને ૧૧૩ (૧૭.૬૮ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૮૦ ( ૭૦.૮૦ ટકા ) પુરુષો અને ૩૩ ( ૨૯.૨૦ ટકા) સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ (૩૧.૬૯ ટકા ) કમાનાર હતા અને (૭૩.૧૪ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૭૯.૫૧ ટકા ) પુરુષો અને ( ૨૦.૪૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ કાકરપાડા ગામમાં તાલુકા કરતાં કમાનારની ટકાવારી ઓછી અને અક્ષરજ્ઞાનની ટકાવારી વધારે હતી. એટલે તાલુકા કરતાં અક્ષરજ્ઞાનની ટકાવારી ઉંચી હતી. જેની પાછળ તાલુકામાં વધેલી શૈક્ષણિક સુવિધાઓનો ફાળો છે. કમાનારની ટકાવારી ઉદ્યોગના અભાવે ગામમાં ઓછી જોવા મળી હશે એવો સંભવ છે.

## સામોટ :

સામોટ તાલુકાના ડેડીયાપાડાથી ૪૦ કિ.મી.ને અંતરે

મહારાષ્ટ્ર રાજયની હદે વસેલુ ગામ છે. ગામ પર જવા માટે છેલ્લા એક વર્ષથી સામોટ સુધીની ડામરની પાકી સડક છે. સામોટ જવા માટે અંકલેશ્વરથી સામોટ બસમાં જવું પડે છે. જેનો માત્ર એક ટાઇમ છે. ગામ નજીક હોઇ શહેર કે રેલ્વે સ્ટેશન નથી. ડેડીયાપાડાથી ૩૦ કિ.મી.નો રસ્તો ઊંડી ખીણો અને ગાઢ જંગલથી ભરપુર છે. ગામની આજુબાજુ કોઇ મોટા નદી કે તલાવ નથી. ઉંડા કોતરો વાળું જંગલ હતું જે છેલ્લા દસકા દરમ્યાન ઘણું નાશ પામેલું છે. ગામ નજીક નિનાઇનો ઘાટ આવેલો છે. સમધારી આબોહવા અને કુદરતી વાતાવરણને કારણે સ્થળ હવાખાનાના સ્થળ તરીકે જાણીતું બન્યું છે. ગામ એક ચો.મા છે. ગામની દક્ષિણ -પશ્ચિમ જતાં ગુજરાત રાજયના ડેડીયાપાડા મહાલના કોકતી, શીશા, મોહબી, ભોડીપ્ર સટીબાર, માલ ગામો આવેલા છે. જયારે ઉત્તર- પૂર્વમાં મહારાષ્ટ્ર રાજયના લીયારા, મોટાફળી, વાલ, આંબા, કોટલી, ખાપર ગામો આવેલા છે. ખાપરમાં હાટ ભરાય છે. ગામમાં પંચાયત ઘર છે. પચાયત સામોટ- માલ ગામોની સંયુકત છે. ગામની મુખ્ય વસતિ વસાવા લોકોની છે. એ સિવાય મુસલીમ વોરા, ભોઇના બેપારી કુટુંબો ઉપરાંત માલ આશ્રમશાળા અને ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોના પટેલ, પ્રજાપતિ, રજપૂત કુટુંબો વસે છે. ગામની વસતિ વડ ફળિયા, ચોરાફળિયા, મોટીબેડા, તનખડા, કોઢવા, દુકાન ફળિયું માઘણીયા ટેબા, તપારી, આરીથાવાડ એમ કુલ નવ ફળિયાઓમાં વસેલું છે. દરેક ફળિયામાં કુટુંબ સંખ્યા વધારે ઓછી જા.વા મળે છે. દરેક ફળિયાના નામો વૃક્ષ, વ્યકિત કે સ્થાનિક સંજ્ઞાના આધારે પડેલા જાણવા મળે છે. ગામનું નામ સામોટ કેવી રીતે પડયું તે હાલની પેઢીના ઘરડા લોકો કહી શકતા નથી. ગામમાં એક ફળિયેથી બીજા ફળિયે ઉંચાનીચા કોતરો પગપાળા ઓળંગીને જઇ શકાય છે. ખાપરના હાટમાંથી અને ગામની દુકાનોમાંથી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની આપ લે ગામના લોકો કરે છે.

ગામમાં પીવાના ૧૦ કુવા છે. જેમાં પંચાયતનો કુવો ઢસળી પડયો છે. કુવાઓ ફળિયાની આજુબાજુમાં આવેલા છે. ગામમાં પિયત માટે એક પણ કુવો નથી. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન આ વર્ષે જ બંધાયું છે. ગામથી બે કિ.મી. દૂર માલમાં ૯ ધોરણ સુધીની આશ્રમશાળા

ચાલે છે. આ સિવાય ૪૦ કિ.મી. દૂર તાલુકા મથકે માધ્યમિક શાળાની સગવડ છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ છે. આ સિવાય છેલ્લા એક વર્ષથી ગામમાં પાકી ડામરની સડકથી જોડાયું છે. અને ગામનું વિજળીકરણ થયું છે. ગામમાં ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળા છે. બાલમંદિર એક વસાવા બહેન ચલાવે છે.

૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ગામની ૪૬૮ માણસોની વસતિ હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ૬૪૬ માણસોની થવા પામી હતી. ૧૯૬૧ થી ૧૯૭૧ ના દસકા દરમ્યાન ગામની વસતિમાં ૩૮.૦૩ ટકાનો વધારો થવા પામ્યો હતો. ગામમાં મુખ્યત્વે વસાવા લોકોની વસતિ વસે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૧૭૮૨.-૦૮ એકર-ગૂંઠાનો છે. તેમાંથી ૮૬૧ એકર જેટલો જમીન વિસ્તાર બિનપિયત ખેતી હેઠળ ખેડાતો હતો. પહાડો, કોતરો અને જંગલની ઝાડી હેઠળ ૩૯૭ એકર જેટલી જમીન રેકોર્ડ મુજબ ખેડાણમાં ન લઇ શકાય તેવી જાણવા મળી હતી. ૩૩ એકર જમીન વિસ્તાર ખેડાણ લાયક હોવા છતાં પડી રહેવા પામેલી જમીન જોવા મળે છે. ગામની ખેતીનો આધાર માત્ર વરસાદ પર આધારિત જોવા મળે છે. તપાસ દરમ્યાન ગામમાં જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા સવિશેષ જોવા મળી હતી. ગામની ૧૯૭૧ની કુલ ૬૪૬ ની વસતિમાંથી ૧૯૯ (૩૦.૩૪ ટકા) માણસો કમાનાર હતા અને ૨૮ ( ૪.૩૩ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૨૬ (૯૨.૮૩ ટકા ) પુરુષો અને ૨ ( ૭.૧૪ ટકા ) સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ની તાલુકાની વસતિ મુજબ ( ૩૧.૬૯ ટકા ) કમાનાર હતા. અને (૧૩.૧૪ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૭૯.૫૧ ટકા ) પુરુષો અને (૨૦.૪૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ સમોટ ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતું નીચું હતું.

માલ :

માલ તાલુકાના ડેડીયાપાડાથી ૪૨ કિ.મી. ના અંતરે મહારાષ્ટ્રની સરહદે વસેલુ ગામ છે. ગામ પર જવા માટે છેલ્લા એક વર્ષથી સમોટ સુધીની

પાડી ડામરની સડક છે. સામોટ ઉતરીને બે કિ.મી. પગપાળા માલ જઇ શકાય છે. સામોટ જવા માટે ડેડીયાપાડાથી સાંજે સામોટ જતી બસમાં જવું પડે છે. એ સિવાય જઇ શકાય નહીં. ગામ નજીકમાં કોઇ શહેર કે રેલ્વે સ્ટેશન પણ નથી. ડેડીયાપાડાથી લગભગ ૩૫ કિ.મી.નો રસ્તો જંગલ, ઊંડી ખીણોથી ભરપુર છે. ગામની આજુબાજુ કોઇ નદી કે તળાવ નથી. માત્ર કોતરોવાળું જંગલ છે. જે છેલ્લા દસકા દરમ્યાન કપાઇ જવાથી ડુંગરો ઝાડી વિનાના થઇ ગયા છે. ગામની નજીકમાં નિનાઇનો ઘાટ આવેલો છે. સમધાત આબોહવા અને કુદરતી સૌંદર્યને કારણે જગ્યા સુંદર લાગે છે. ગામનો વિસ્તાર ૧.૫ ચો.મા.નો છે. ગામની ઉત્તર, દક્ષિણ પૂર્વમાં મહારાષ્ટ્ર રાજયના લીપાટા, ચોબાફળી, વાલઆંબા, સડલી હોટલી ગામોની હદ આવેલી છે. પશ્ચિમ દિશામાં ડેડીયાપાડા તાલુકાના ડોકતી, શીશા, મોહબી, ખોડી, ડબકા, સામોટ ગામો આવેલા છે. મહારાષ્ટ્રની સરહદનો ખાપર ગામમાં હાટ ભરાય છે. જે ગામથી નજીક છે. ગામમાં પંચાયત ઘર કે ચોરો નથી. ગામ સામોટ સંયુકત પંચાયતમાં આવે છે. ગામમાં મુખ્ય વસતિ વસાવા લોકોની છે. એક મુસલીમ વેપારી કુટુંબ રહે છે. ગામની વસતિ મેડીવેલા, ઓડી, ઘાટવાઘા, ખુટા ફળિયા, સેડી આંબા, ટંડડગરી અને ઉંમરકુવા એમ સાત ફળિયામાં વહેંચાયેલી હતી. વસાવા લોકો છૂટાછવાયા ઘરો બાંધીને રહતો નથી. જુદા જુદા ફળિયામાં તેમના ઘરો થોડે થોડે અંતરે બાંધેલા જોવા મળે છે. ગામ ૩ કિ.મી.ના ઘેરાવામાં વસેલું છે. એક ફળિયેથી બીજે ફળિયે પગપાળા જવાય છે.

ગામમાં એક ખાનગી કુવો છે. જયાંથી ગામ લોકો પીવાના પાણી માટે ઉપયોગ કરે છે. ન્હાવા-ધોવા માટે તથા પશુઓને પીવા માટે કોતરોના પાણીનો ઉપયોગ કરે છે. ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં છેલ્લા બે વર્ષથી સામાજિક કાર્યકર શ્રી. માનસિંહભાઇ માંગરોલાએ માધ્યમિક શિક્ષણ માટે આશ્રમશાળા સ્થાપી છે. જો કે તેને હજુ સરકારી માન્યતા મળી નથી. ગામમાં સુથારીવર્ગ પણ ચાલે છે. આશ્રમશાળા અને સુથારી વર્ગને કારણે ગામમાં જાગૃતિ શિક્ષણ માટેની જોવા મળે છે. ગામ સરકારશ્રી તરફથી સર્વાંગી ગ્રામ વિકાસના સંદર્ભમાં દત્તક લીધેલુ હોવા છતાં

તેના ખાસ કાર્યકરો દ્વારા કોઇ કાર્યક્રમો હાથ ધરાયા નથી. ગામમાં આજે પણ વિજળી કે બસની સુવિધા પ્રાપ્ત નથી. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નથી. સામોટથી ટપાલ લાવવા લઇ જવાથી સગવડ છે. જરૂરી ચીજવસ્તુઓ માટે ગામની દુકાન ઉપરાંત નજીકના ખાપર ગામમાં જ્યાં હાટ ભરાય છે ત્યાંથી ખરીદે છે.

૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ૪૯૮ માણસોની હતી. જ્યારે ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ ૭૧૩ માણસોની હતી. ૧૯૭૧ થી ૧૯૮૧ સુધીમાં ગામમાં વસતિમાં ૪૩.૧૭ ટકાનો વધારો થયો હતો. આથી દાયકા દરમ્યાન ગામમાં વસતિ વધારાનો દર ટકા જેટલો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૨૨૨૨-૩૬ એકર-ગૂંઠાનો હતો. જેમાં ૧૩૭૨-૩૬ એકર-ગૂંઠા ખેડાણ હેઠળ ૫.૩૮ એકર-ગૂંઠા નદીનાળા ૧૧૪-૨૧ એકર-ગૂંઠા ગૌચર, ૩-૦૪ એકર-ગૂંઠા મસાણ અને ૧૨-૨૯ એકર-ગૂંઠા ગામતળ હેઠળ હતી. સિંચાઇ હેઠળ બિલકુલ જમીન જાણવા મળી નહોતી. ખીણો, કોતરો હેઠળનો જમીનવિસ્તાર અને માત્ર વરસાદના આધારે ખેતી હોવાથી વધુ સારા પાકો હજુ પણ થતા નથી. જંગલ મજૂરી પણ ઓછી થઇ જવા પામી છે. ગામની ૧૯૭૧ ની કુલ ૪૯૮ની વસતિમાંથી ૧૫૪ (૩૦.૯૨ ટકા ) કમાનાર હતા અને ૧૦ ( ૨.૦૦ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં ૯ ( ૯૦.૦૦ ટકા ) પુરુષો અને એક ( ૧૦.૦૦ ટકા ) સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ (૩૧.૬૯ ટકા ) કમાનાર હતા. અને (૧૩.૧૪ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૭૯.૫૧ ટકા ) પુરુષો અને (૨૦.૪૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ માલ ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતું નીચું હતું.

## જૂના મોસદા :

જૂના મોસદા તાલુકા મથક ડેડીયાપાડાથી ૧૫ કિ.મી.ને અંતરે પૂર્વ દિશાએ, ગાઢ જંગલ અને ડુંગરાળ વિસ્તારની વચ્ચે વસેલું ગામ છે. ગામ

પર જવા માટે ડેડીયાપાડાથી પાકી ડામરની સુવિધા છેલ્લા પાંચ વર્ષથી થયેલી છે. ગામને ડેડીયાપાડાથી પીપલોદ અને ડેડીયાપાડાથી સામોટ જતી બસની સુવિધાનો લાભ મળે છે. નજીકમાં કોઇ રેલવે સ્ટેશન કે શહેર ગામની પાસે નથી. ગામ દોઢ કિલોમીટરના વિસ્તારમાં લગભગ વિસ્તરેલું છે. ગામમાં જુદા જુદા છ ગામોની ગૃપ પંચાયત ચાલે છે. જે ગામની આજુબાજુ વસેલા ગામો છે. ગામની પૂર્વમાં ગાડી, પશ્ચિમમાં બસ, મોટી સીંગલોટી, નામથીર, ઉત્તરમાં, દક્ષિણમાં પાચુબર ગામોની હદ આવેલી છે. ગામમાં વસાવા લોકોની વસતિ છે. માત્ર એક મુસલીમ વેપારીનું કુટુંબ અને નિશાળા બે શિક્ષકોના કુટુંબો જેમાં એક રજપૂત અને બીજુ ચૌધરીનું કુટુંબ વસે છે. ગામની વસતિ જૂના મોસદા અને ~~ક્ષેત્ર~~ કેતડી એમ બે ફળિયામાં વહેંચાયેલી હતી. વસાવા લોકો છૂટાછવાયા ઘરો બાંધીને રહેતા નથી. જુદા જુદા ફળિયાઓમાં ઝૂમખા પ્રમાણે થોડે થોડે અંતર ઘરો બાંધેલા જોવા મળે છે.

ગામમાં પીવાના પાણી માટેનો એક માત્ર કુવો જોવા મળે છે. ગામ પાસેથી કોઇ નદી વહેતી નથી એટલે નજીકના કોતરોના ગામના લોકો ન્હાવા-ધોવા, ઢોરને ~~પીવા~~ પાણી પાવા માટે ઉપયોગ કરે છે. ઉનાળો પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં ૫ ધોરણ સુધીની નિશાળ છે જેમાં ૧૨૨-ની સંખ્યામાંથી ૧૦૧ છોકરાઓ અને ૨૧ છોકરીઓની સંખ્યા જોવા મળે છે. એટલે કન્યા કેળવણીની બાબતમાં સાજ નિરસતા જોવા મળે છે. ગામમાં ટપાલ કચેરી છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ત્રણ વર્ષથી ચાલે છે. ગામમાં આગળના બે ધોરણો છ અને સાતના શિક્ષણ માટે આશ્રમશાળા ચાલે છે. એ સિવાય આગળ અભ્યાસ માટેની સગવડ ડેડીયાપાડા કે રાજપીપળા જોવા ~~મ~~ મળે છે. ગામમાં છેલ્લા વર્ષ દરમ્યાન રાજપીપળામાં ચાલતા જંગલ વિકાસ નિગમ દ્વારા બીડી ઉત્પાદન અને તાલીમ કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં ૪૫ જેટલા છોકરા- છોકરીઓ તાલીમ લે છે. ગામને છેલ્લા પાંચ વર્ષથી વિજળીનો લાભ મળ્યો છે. છતાં ગામના કોઇ આદિવાસી કુટુંબને તેનો લાભ લીધો નથી. ગામના લોકોની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ગામની એક માત્ર મુસલમાનની દુકાનેથી ખરીદે છે, એ સિવાય ડેડીયાપાડા સાથે તેમનો વ્યવહાર જોવા મળે છે.

ગામ રચના :

આખુ ગામ આગળ જોયું તે મુજબ ડુંગરના આજુબાજુ ડેડીયાપાડાથી સામોટ જતી ડામરની પાકી સડકની આજુબાજુએ ડેડીયાપાડાથી ૧૫ કિ.મી. અને સામોટથી ૨૧ કિ.મી. ને અંતરે વસેલું છે. જૂના મોસદા અને ડેનડી ફળિયા એ બન્ને ફળિયામાં સમગ્ર ગામ વસેલું હોવા છતાં બન્ને ફળિયામાં આ ઘરો છૂટાછવાયો પોતાના ખેતરોની જમીનો ઉપર છૂટાછવાયા, જૂમખાઓ કે એકાદ બે ની સંખ્યામાં વસેલા જોવા મળે છે. ગામમાં પ્રવેશતાંજ આશ્રમનું મકાન અને ત્યાં છૂટાછવાયા બે ત્રણ ઘરોનું જૂમખું જે વસાવા જાતિના લોકોના જ છે. આગળ બસ સ્ટેન્ડ પાસેના જૂમખામાં વસાવા જાતિના ઘરો પણ છૂટા છવાયા વસેલા છે. બસ સ્ટેન્ડ પાસે નિશાળ, પોલિસ સ્ટેશન, જંગલ બીટ ગાર્ડનું મકાન અને તેની સામે રોડ દક્ષિણે એક મુસલીમની દુકાન , તેની પાછળ ગામના પટેલનું ભાડે આપેલુ નિગમનું બીડી ઉત્પાદન કેન્દ્ર, તાલીમ કેન્દ્રનું મકાન તેની પાછળ પટેલનું રહેઠાણનું સુંદર મકાન છે. આ જૂના મોસદા ના ફળિયામાં ત્રણ જૂમખામાં વસાવાઓના તેમના ઘરો વસેલા જોવા મળે છે. દરેકે પોતાની જમીનની વચ્ચે પાટેલ - નું ઘર ~~છોડવાઓના ઘર વગેરે~~ જોવા મળે છે. મકાનોના બારણા પૂર્વ- પશ્ચિમ દિશાનાં જોવા મળે છે. બારિયાઓ કોઇ મકાનને જોવા મળતી નથી. ઘરના વાડામાં દરેક ઘરે લીંબી, જામફળ, બોર જેવા વૃક્ષો ઉગાડે જોવા મળે દરેક ઘરની ચારેય બાજુએ વાંસના લાકડાથી વાડા કે ખેતરનું રક્ષણ પશુઓ, માણસોથી કરેલુ જોવા મળે છે.

આ સિવાય ડેનડી ફળિયામાં ડુંગરની ઢાળે અને ઉત્તરનાં કેટલાક ઘરોનો વસવાટ જૂના મોસદાના ફળિયાથી દક્ષિણમાં ડુંગરીની સાથે વસેલા છે. આ ડેનડી ફળિયામાં પણ ત્રણ જગ્યાએ આ ઘરોના જૂમખા વસેલા છે. આ બન્ને ફળિયાના લોકો જૂના મોસદાના નિશાળ પાછળના ભાગમાં આવેલા કૂવેથી અથવા આજુબાજુના કોતરના ખાડેથી વાપરવા નાહવા ધોવાનું પાણીનો ઉપયોગ કરે છે. ટૂંકમાં ગામથી બે પાકા રસ્તા પડે છે. સામોટ જવા માટે બીજો ટુમખલ જવા માટેનો. જો કે બન્ને ગામો તરફ માત્ર બે ટાઇમ

બસ સર્વીસ જોવા મળે છે. ટૂંકમાં સમગ્ર ગામ કોઇ એક જગ્યાએ જોઇ શકાય એવી પરિસ્થિતિમાં નથી. છૂટુંછવાયું આખુ ગામ ઉંચા નીચા ડુંગરોના ઢોળાવો ઉપર આજુબાજુએ તેમના પોતાની જમીન માલીકીમાં વસવાટ પામેલું છે.

મોસદા ગામનું કુલ ક્ષેત્રફળ ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૧૦૧૬-૧૫ એકર-ગૂંઠા છે. જેમાંથી અર્ધા ઉપરાંતની ૬૨૨ એકર જેટલી જમીન જંગલ વિસ્તાર હેઠળ જોવા મળે છે. કોતરોમાં ૧૯૭ એકર જેટલી જમીન પથરાયેલી છે. આમાં ૧૧ એકર જેટલી જમીન ખેડી શકાય તેવી હોવા છતાં પડી રહેવા પામી છે. ખેડાણ હેઠળનો ૧૮૭ એકરનો વિસ્તાર બિન પિયત છે.

ગામની ૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧૭૨ માણસોની વસતિ હતી. જે ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ ૨૪૩ માણસોની થવા પામી હતી. એટલે ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકાના ગાળામાં વસતિમાં ૪૧.૨ ટકાનો વસતિ વધારો નોંધાવા પામ્યો હતો. ૧૯૭૧ ની વસતિ મુજબ ગામમાં કમાનારની સંખ્યા ૧૨૧ ની હતી. અને ગામના અક્ષરજ્ઞાનમાં જોઇએ તો ૪૮ પુરુષો અને ૧૫ સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ગામની ૧૯૭૧ ની કુલ ૨૪૩ ની વસતિમાંથી ૧૨૧ (૪૯.૭૯ ટકા) માણસો કમાનાર હતા અને ૬૩ (૨૫.૯૩ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૪૮ ( ૭૬.૧૯ ટકા ) પુરુષો અને ૧૫ ( ૨૩.૮૧ ટકા ) સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ ( ૩૧.૬૯ ટકા ) કમાનાર હતા. અને (૧૩.૧૪ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૭૯.૫૧ ટકા) પુરુષો અને (૨૦.૪૯ ટકા ) સ્ત્રીઓ હતી. આમ જૂના મોસદા ગામમાં કમાનારની ટકાવારી તાલુકા કરતાં ઉંચી હતી એ જ રીતે અક્ષરજ્ઞાનની ટકાવારી પણ ઉંચી હતી.

<u>પાટલા મહુ :</u>

ગામ તાલુકા મથક સાગબારાથી ૧૫ કિ.મી.ને અંતરે મહારાષ્ટ્ર રાજયના ખાતદેથ વિસ્તાર નજીકનું આવેલું છે. ગામ પર જવા માટે પાકો રસ્તો છે તાલુકા મથકેથી સીધો બસ વ્યવહાર ગામ સાથે છે. થોડા વર્ષો અગાઉ ગામમાં જવા માટે સાગબારા સેલંબા જતી બસમાં સેલંબા ઉતરીને

ત્યાંથી પગપાળા ૮ કિ.મી. ચાલીને જવું પડતું હતું. છેલ્લા પાંચ વર્ષથી ગામને બસની સુવિધા મળી છે. ગામ નજીક કોઈ શહેર કે રેલ્વે સ્ટેશન નથી. આજુબાજુ થોડા વર્ષો પૂર્વે જંગલ હતું આજે કપાઈ જવાથી માત્ર મોટા ડુંગરો જોવા મળે છે. ગામથી ૬ કિ.મી. ને અંતરે દક્ષિણ-પૂર્વમાં નર્મદા નદી વહે છે, ગામ સેલંબા, સુરત, સાગબારા વગેરે સ્થળોએથી બસ વ્યવહારથી જોડાયેલું છે. ગામનું નામ અહીંના વૃધ્ધોના જણાવ્યા મુજબ મહુડાના પુષ્કળ વૃક્ષોને કારણે પાટલામહુ પડયુ હશે. આ અંગે ચોકકસ કોઈ આધારભૂત માહિતી મળતી નથી. ગામની આજુબાજુ મહુડા વૃક્ષો આજે રહેવા પામ્યા નથી. ગામની દક્ષિણે ઉભારીયા, ઉત્તરે પૂજારીયા, દત્તવાડા, પૂર્વમાં કાકડી આંબા, ટાંકણી અને પશ્ચિમમાં સોરાપાડા, મોહયાડા ગામો આવેલા છે. ગામમાં આગવી પંચાયત છે. ગામમાં મુખ્ય વસતિ વસાવા લોકોની છે. ઉપરાંત એક હરિજન કુટુંબ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કંપાઉન્ડરનું પટેલ કુટુંબ, તેમજ ફોરેસ્ટરનું કુટુંબ જોવા મળે છે. ગામની વસતિ ત્રણ જુદા જુદા ફળિયાઓમાં વહેંચાયેલી છે. નિશાળ ફળિયું, ટેકરા ફળિયુ, સરપંચ ફળિયું, વસાવા લોકો છૂટાછવાયા ઘરો બાંધીને રહેતા નથી. જુદા જુદા ફળિયામાં નજીકમાં ઘરોની ભીંતો માત્ર અલગ હોય એ રીતે વસે છે. ગામ અર્ધા ફર્લાંગના ઘેરાવામાં વસેલું છે.

ગામમાં પીવાના પાણીની સુવિધા માટે ત્રણ કુવા છે. જેમાં એક પંચાયત હસ્તકનો અને બીજા બે ગામ હસ્તકના છે. પંચાયતનો કુવો છેલ્લા બે વર્ષથી થોડા સાધનો વિના પડી રહેલા છે. જેની પાણીની ટાંકી અને પશુઓ માટેનો પાણીનો હવાડો પણ પડી રહયો છે. ગામ લોકો બાકીના બે કુવાનો પાણી માટે ઉપયોગ કરે છે. એજ રીતે ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બે માળનું હોવા છતાં સ્ટાફ માટે બીજા બે મકાનો હોવા છતાં એક કંપાઉન્ડર ધ્વારા જ આજે ચાલે છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પશુ દવાખાનું, ઈલેકટ્રીકસીટી , બે સસ્તા અનાજની દુકાનો પંચાયત રેસ્ટ હાઉસ વગેરે જેવી સગવડો ગામને પ્રાપ્ય છે. ગામમાં શિક્ષણની સુવિધાઓમાં બાલમંદિર, ઉપરાંત પાંચ ધોરણ સુધીની નિશાળની સુવિધા છે. આગળના શિક્ષણ માટે સેલંબા કે સાગબારામાં

સુવિધાઓ આવેલી છે. છેલ્લા દસકા દરમ્યાન જ આ સુવિધાઓ ગામને પ્રાપ્ત થઇ છે. બસ સર્વિસને કારણે ગામનો સંપર્ક બીજે વધવાથી અને સુવિધાઓને લીધે જાગૃતિ આવી છે. ગામ લોકો પોતાની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ગામની દુકાનોમાંથી, સસ્તા અનાજની દુકાનોએથી અને બાકીનો કેટલોક વ્યવહાર નજીકના સેલંબા સાથે કરે છે. ગામમાં સહકારી મંડળી પણ ચાલે છે. તાપી ઉપરના ઉકાઇ બંધને કારણે જે ગામો ડુબાણ ગયા હતા. તેમોના ઘણા કુટુંબો સ્થળાંતર કરીને પાટલામહુમાં વસેલા જોવા મળે છે. જેઓમાં કેટલાક જમીનવિહોણા કુટુંબો આજે પણ સ્થળાંતર કરીને સીઝનલ રોજી મેળવે છે. તેઓ વ્યારા સુરતની સુગર ફેકટરીઓ અને શેરડીના ખેતરોમાં મજૂરી સીઝન પૂરતી કરવા જાય છે.

૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૪૪૩ માણસોની ગામની વસતિ હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૬૭૮ માણસોની થવા પામી હતી. એટલે ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના દસકાના સમય ગાળા દરમ્યાન ગામની વસતિમાં ૫૩.૦૫ ટકાનો વધારો થયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૫૦૬-૨૦ એકર-ગૂંઠા હતો. જેમાં ૪૬૫ એકર-ગૂંઠા જમીન બિનપિયત ખેડાણ વિસ્તાર હતી. ખેડાણ લાયક ગૌચરની જમીન કે ઝાડી હેઠળની જમીન જંગલ વિસ્તાર હેઠળ ચાલી જવા પામી છે. ખેડાણમાં ઉપયોગમાં ન લઇ શકાય તેવી ૩૭ એકર જમીન છે. ગૌચરની જમીનનો વૃક્ષો રોપવાથી જંગલ વિભાગો પશુઓનું ચારણ બંધ કર્યું છે. એટલે પશુ ચારણ માટેની મુશ્કેલી ઉભી થઇ છે. જંગલ નાશ પામવાથી જંગલ મજૂરી પણ મળની છેલ્લા દસકા દરમ્યાન બંધ થઇ છે. એટલે ગામમાં રોગચારાના પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. ગામની ૧૯૭૧ ની કુલ વસતિમાંથી ૨૮૯(૪૨.૬૩ ટકા ) માણસો કમાનાર હતા અને ૧૧૭ ( ૧૭.૨૬ ટકા) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં ૯૯ ( ૮૪.૬૨ ટકા) પુરુષો અને ૧૮(૧૫.૩૮ટકા સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ની તાલુકાની વસતિ મુજબ ( ૩૫.૯૦ ટકા ) કમાનાર હતા અને (૧૪.૩૯ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં(૭૯.૩૪ ટકા) પુરુષો અને (૨૦.૬૬ ટકા ) સ્ત્રીઓ હતી. આમ પાટલામહુ ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં ઉંચું હતું.

વાગલખોડ :

ગામ તાલુકા મથક વાલિયાથી ૮ કિ.મી. ને અંતરે આવેલું છે. ગામ પર જવા માટે વાલિયા (નેત્રંગ) પાકી ડામરની સડક વચ્ચે ગામ આવે છે. તાલુકા મથકેથી ગામમાં જવા માટે દિવસ દરમ્યાન એસ.ટી. બસના ચાર ટાઇમ છે. વાગલખોડથી વ્યાપારી મથક નેત્રંગ ૧૦ કિ.મી. અંતરે આવેલું છે. ગામનું નામ કઇ રીત પડયુ તે વૃધ્ધો પણ કહી શકતા નહોતા. આખું ગામ બે લાંબી હરોળ મળીને એક માત્ર ફળિયામાં વસેલું છે. ગામમાં મુખ્યત્વે વસાવા જાતિના લોકો વસતિ છે. ગામમા બે વહોરા પટેલોના કુટુંબો દુકાન કરીને વસે છે. આખુ ગામ બે હરોળમાં એક હરોળમાં વસેલું છે. ઘરો લગોલગ છે પરંતુ ઘરની દિવાલો પોતપોતાની જુદી જુદી છે. વાગલખોડ ગામ અર્ધા કલાકના વિસ્તારમાં પથરાયેલું છે. ગામની ઉત્તરે દક્ષિણે પૂર્વમાં પશ્ચિમમાં ની હદ લાગે છે. ગામમાં પંચાયત ઘર છે.

ગામ જિલ્લા મથકેથી ૨૫ કિ.મી.ને અંતરે છે. ગામની એ ચારેય બાજુ ઉંચાનીચા કોતરો છે. જંગલ કયાંય રહેવા પામ્યું નથી. કોતરોનો ઉપયોગ પાણી હોય ત્યારે ઢોર પાવા માટે, કપડાં ધોવા માટે કરે છે. પાંચ વર્ષે પહેલાં બસની સુવિધા નહોતી ત્યારે અંકલેશ્વર જવા માટે વાલિયા કે નેત્રંગ ચાલીને જવું પડતું હતું. બસની સુવિધા વધતાં ગામના બાળકો વાલિયા શિક્ષણ માટે જાય છે. કેટલાકે દૂર આવેલી થવા આશ્રમશાળાનો લાભ પણ લીધો છે. બસ સુવિધાથી શાકભાજી, અનાજ કે બીજા ખેતીના પાકોની વેચવાની સગવડ થઇ છે. ગામમાં પોસ્ટ ઓફિસ છે. પરંતુ તાર, ટેલિગ્રાફ ઓફિસ વાલિયામાં છે.

ગામમાં પીવાના પાણીનો કુવો છે. ગામ કોતરને કિનારે વસેલુ છે. પીવાના પાણીની ઉનાળામાં મુશ્કેલી પડે છે. ગામમાં પાંચ ધોરણ સુધીની નિશાળ છે. ગામથી ૮ કિ.મી. દૂર વાલિયામાં હાઇસ્કૂલની સગવડ છે. ગામમાં ઇલેકટ્રીકસીટીની સગવડ છે. કોઇ વસાવા ઘરમાં તેનો લાભ મળ્યો નથી. ગામના મુખ પાસે થઇને પાકી ડામરની સડક પસાર થાય છે. જયાં

ગામથી રોડની સામેની બાજુ વસાવાના ચાર કુટુંબો વસે છે. જ્યાં ગામની બે દુકાનોમાંની એક વસાવાની દુકાન આવેલી છે. સામેની સાઇડથી આખુ ગામ બે લાંબી હરોડોમાં વસેલું છે. આ મુખ્ય ફળિયામાં પ્રવેશતાં સહેજ ખાંચામાં વસાવાના બે ઘરો પડી જવા પામ્યા છે. પંદર જેટલા ઘરો હરોળના પુરા થાય એટલે પૂર્વમાં ગામની પ્રાથમિક શાળા અને બાજુમાં વોરા અલીભાઇની દુકાન આવેલી છે. દુકાનની સામે ગામના અન્ય જાતિના એવા દુકાનના માલિકોના વોરા બે કુટુંબોના વસવાટી ઘરો છે. નિશાળ અને દુકાનની પાછળ ખ્રિસ્તી દેવળનું મકાન આવેલું છે. ફળિયું થોડે આગળ જતાં બે ફાંટામાં વહેંચાયેલું જોવા મળે છે. એક ફાંટો ગામ પાસેના કોતરની નજીકમાં બનેલી નવી વસાહત તરફ જાય છે. જ્યા કોઇ કુટુંબો રહેતા નથી. આ નવીન મકાનો સાંકળ અને માત્ર એક વર્ષમાં ઘણાં પડી જવા પામ્યા છે. ફળિયું આગળ જતાં દક્ષિણને બદલે સહેજ પૂર્વમાં વસ્યું છે. જ્યાં પાંચ જેટલા કુટુંબો છુટાછવાયા વસેલા જોવા મળે છે.

૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૭૭૫ માણસોની હતી. જે ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ૮૮૭ માણસોની થવા પામી હતી. એટલે ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના દશકામાં ગામની વસતિમાં ૧૪.૪૫ ટકાનો વધારો થયો હતો. ગામમાં મુખ્યત્વે વસાવા લોકોની વસતિ છે. માત્ર બે કુટુંબો વહોરાના છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો ૨૧,૦૨૯ એકર છે. જેમાં ૭૯૫ એકર જમીન બિનપિયત ખેતી હેઠળ, - ૨૩૪ એકર કોતરો, ખીણો હેઠળ હોઇ ખેડાણ શકય બની શકે તેમ નથી. ગામમાં છેલ્લા પાંચ વર્ષથી જંગલ સાફ થઇ જવાને કારણે મજૂરીની મુશ્કેલી છે. ગામમાંથી કેટલાક લોકો ખેતમજૂરી માટે નજીકના ગામોમાં જાય છે.

ગામની ૧૯૭૧ ની ૮૮૭ ની કુલ વસતિમાંથી ૪૩૫ (૪૯.૦૪ ટકા) કમાનાર માણસો હતા અને ૧૭૮(૨૦.૦૭ ટકા ) અક્ષરજ્ઞાન વાળા હતા. જેમાં ૧૩૪ (૭૫.૨૮ ટકા ) પુરુષો અને ૪૪ ( ૨૪.૭૨ ટકા ) સ્ત્રીઓ હતી. જે ૧૯૭૧ ની તાલુકાની વસતિ મુજબ ( ૪૩.૩૩ ટકા ) કમાનાર હતા. અને (૨૪.૭૧ ટકા ) અક્ષરજ્ઞાનવાળા હતા. જેમાં (૬૯.૪૩ ટકા ) પુરુષો અને (૩૦.૫૭ ટકા ) સ્ત્રીઓ હતી. આમ વાગલખોડ ગામમાં કમાનાર અને અક્ષરજ્ઞાનની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં ઉંચું હતું.

નાંદોદ તાલુકો :

આઝાદી પહેલાં નાંદોદ તાલુકો રાજપીપળા સ્ટેટ હસ્તકનો વિભાગ હતો. પરંતુ આઝાદી બાદ દેશી રાજયો અને રજવાડાઓના વિલિનીકરણ સાથે રાજપીપળા સ્ટેટનું વિલિનીકરણ થયું. બાદમાં તે નાંદોદ તાલુકા તરીકે ઓળખાવા લાગ્યો.

નાંદોદ તાલુકો ભરૂચ જિલ્લાની પૂર્વ સરહદે આવેલો છે. ઉપરાંત ગુજરાત રાજયની સરહદ પણ આ તાલુકાની હદને અડીને આવેલી છે. નાંદોદ તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૧.૪૫ ઉત્તર અક્ષાંશ અને ૭૩-૧૫ પશ્ચિમ અક્ષાંશ વચ્ચે છે. નાંદોદ તાલુકાની પૂર્વ સરહદે મહારાષ્ટ્ર રાજયનો ધૂળિયા જિલ્લો પશ્ચિમને ભરૂચ જિલ્લોનો ઝગડિયા તાલુકો, ઉત્તર સરહદે વડોદરા જિલ્લાનો નસવાડી અને શિનોર તાલુકાઓ અને દક્ષિણ સરહદે ભરૂચ જિલ્લાના ડેડીયાપાડા તાલુકો આવેલો છે. આખો તાલુકો કુલ ૧૧૧૬ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જેમાં નાના મોટા ૨૦૮ ગામો આવેલા છે. જે બધા મહેસુલ ખાતા હસ્તકના એટલે કે વસવાટી ગામો છે.

જમીન :

ન) નાંદોદ તાલુકાનો સમગ્ર વિસ્તાર ખડકાળ હોવાથી કુદરતી જંગલોના વિકાસ માટે ઉપયોગી છે. સમગ્ર તાલુકાના પૂર્વ અને દક્ષિણ વિભાગની જમીન ખાડા ટેકરાવાળી ડુંગરાળ અને હલકા પ્રકારની છે. જયારે ગરૂડેશ્વર અને વડોદરા જિલ્લાની નદીની સામે કિનારે અને ઝગડિયા તાલુકા તરફની તાલુકાની જમીન વિસ્તાર સપાટ અને ફળદ્રુપ જોવા મળે છે. આ જમીનમાં ખેતીનું ઉત્પાદન સારા પ્રમાણમાં થાય છે.

વરસાદ અને સિંચાઇ :

તાલુકાનો સરકારી વરસાદ ૭૦૦ મીલીમીટરથી ૧૦૦૦ મીલી મીટર જોવા મળે છે. વરસાદ અનિયમિત પડે છે. ૧૯૮૦ માં વરસાદના ૭૦ દિવસોમાં ૧૫૨૮ મીલીમીટર અને ૧૯૮૧ માં વરસાદના ૪૯ દિવસોમાં

૫૪૭ મીલીમીટર વરસાદ નોંધાયો હતો. વરસાદ સારો પડતો હોવા છતાં પાણીના સંગ્રહ માટેની સગવડોના અભાવે ખેતી, પશુ અને લોકો માટે મુશ્કેલીઓ પડે છે. છતાં તાલુકામાં બે મહત્ત્વની સિંચાઇ યોજનાઓનું કામ ચાલુ છે. જેમાં નર્મદા નદી ઉપર નવાગામ ખાતે અને કરજણ નદી ઉપર જીતગઢ પાસે બંધો બંધાઇ રહયા છે. આ સિંચાઇ યોજનાઓને કારણે તાલુકાની ઉપજમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળશે. તાલુકાની વાવેતર હેઠળના વિસ્તારમાંથી માત્ર ૧૪.૩૭ ટકા વિસ્તાર પિયત હેઠળ છે. એટલે સિંચાઇ બાબતમાં આ વિસ્તાર પાછળ છે. ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળામાં સિંચાઇના સાધનોમાં ફેરફાર થવા પામ્યો હતો જે નીચે મુજબ હતો.

| ક્રમ | સિંચાઇના સાધન | સંખ્યા ૧૯૭૧ | સંખ્યા ૧૯૮૧ |
|---|---|---|---|
| ૧ | પાતાળ કુવા - સરકારી | ૧૧ | ૧૫ |
| ૨ | પાતાળ કુવા - ખાનગી | ૨૪ | ૩૦ |
| ૩ | પિયત કુવા | ૯૯૮ | ૯૯૬ |
| ૪ | પિયત ઓઇલ એન્જીન | ૮૬૧ | ૮૨૦ |
| ૫ | ઇલેકટ્રીક મોટર | ૧૫૨ | ૨૩૨ |
| ૬ | સાંકળ બંધ | ૧ | ૧ |
| ૭ | ખડગદા બંધ | ૧ | ૧ |
| ૮ | વાડી ઉદ્ભવન સિંચાઇ યોજના | ૧ | ૧ |
| ૯ | મોટા રાયપુરા ઉદ્ભવન સિંચાઇ યોજના | ૧ | ૧ |
| ૧૦ | જેતપોર ઉદ્ભવન સિંચાઇ યોજના | ૧ | ૧ |
| ૧૧ | રામપુરા ઉદ્ભવન સિંચાઇ યોજના | ૧ | ૧ |

દસકા દરમ્યાન નાંદોદ તાલુકામાં જેમ જેમ સિંચાઇ યોજનાઓ વધી છે. તેમ તેમ કુવા, એન્જીન વગેરે ઓછા થયા છે. ઇલેકટ્રીક મોટર દ્વારા સિંચાઇના સાધા વધ્યા છે. સિંચાઇ હેઠળનો જમીન વિસ્તાર વધવા પામ્યો છે. અત્યાર સુધીમાં એટલે ૧૯૮૧ સુધીમાં ૧૮ માઇલ લાંબી સિંચાઇ નહેર પથરાયેલી છે. એટલે નવીન આયોજિત યોજનાઓને કારણે તાલુકાની અંદર ખેતીવાડીના પાકોમાં શિયાળે, ઉનાળે ઉગાડતા થયા છે.

નાંદોદ તાલુકામાં નર્મદા અને કરજણ નદીઓ ઉપરના સિંચાઇ બંધોને કારણે કેટલાક ગામો ડુબાણમાં જતા હોઇ તેના સ્થળાંતરની પુન વસવાટની અનેક સમસ્યાઓ ઉભી થવા પામી છે.

(૧) નર્મદા બંધના ડુબાણના ગામો :

૧. પાંચમુલી
૨. ખલવાણી
૩. નવાગામ
૪. લીમડી
૫. ઝેટ
૬. મોખડી
૭. સુરપાણ
૮. વડગામ
૯. ગધેટ
૧૦. કારખાડી
૧૧. મોકનખાડા

(૨) કરજણબંધના ડુબાણના ગામો :

૧. જૂનારાજ
૨. બુટવાળ
૩. ડાકેરી
૪. નાની ડામેરી
૫. મોટી ડબેરી
૬. ભીલવસી
૭. બેજ
૮. સાધા
૯. ઝાપા
૧૦. પાડાડેટા
૧૧. પાઠા
૧૨. મોઠણ
૧૩. ભમરી
૧૪. મોટીભમરી
૧૫. કોલીવાડા

આ સ્થળાંતરને કારણે આ ગામોના પુનવસવાટની અનેક સમસ્યાઓ ઉભી રહેશે. તેમની આર્થિક પરિસ્થિતિ તેમનું સાંસ્કૃતિક જીવન માળખું વગેરેમાં મોટા ફેરફારો પણ થાય.

ભરૂચ જિલ્લામાં કુલ અગિયાર તાલુકા આવેલા છે. તેમાં નાંદોદ તાલુકો અગત્યનો અને આદિવાસી વસતિ ધરાવતો તાલુકો છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૧૪૮૨૯૪ ની હતી. જે ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ ૧,૭૯,૨૬૩ ની થવા પામી હતી. એટલે દસકા દરમ્યાન ૧૭.૨૮ ટકાનો વસતિ વધારો નોંધાયો હતો. ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકામાં અનુસૂચિતજાતિ ૩.૭૭ ટકા અને અનુસૂચિત-જનજાતિ ૬૬.૩૪ ટકા હતી. જે ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિ ૩.૬૧ ટકા અને અનુસૂચિત જનજાતિ ૬૫.૩૮ ટકાની વસતિ થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૧૩૧૦૨ એકર છે. ખેડાણ હેઠળ ૪૯૯૨૨ એકર બિનખેતીવિષયક જમીન વિસ્તાર ૧૨૨૫૧ એકર, બિન ખેડાણ પડતર ૩૧૩૬ એકર, કાયમી ગૌચર ૫૯૬૫ એકર છે. તાલુકામાં મુખ્યત્વે જુવાર, કપાસ અને કઠોળની ખેતી થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ જુવારના રોટલા અને કઠોળ છે.

૧૯૮૧ ની વસતિ પ્રમાણે તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ વસતિમાંથી કામ કરનાર ૩૪.૩૮ ટકા અને નહીં કામ કરનારા ૫૬.૭૪ ટકા હતા. તાલુકાની કુલ વસતિમાંથી ૧૧.૬૯ ટકા ખેતીના વ્યવસાયમાં, ૧૨.૩૨ ટકા ખેતમજૂરીમાં ૦.૬૧ ટકા ગૃહઉદ્યોગ-ઉત્પાદન પ્રક્રિયા સમાર કામમાં, ૧૦.૬૪ ટકા અન્ય કામ કરનાર, ૮.૦૦ ટકા સિમાન્ત કામ કરનાર સેવાઓમાં રોકાયેલા હતા. આમ કુલ વસતિમાંથી ૪૩.૨૬ ટકા વસતિ ઉપરોક્ત જુદા જુદા ધંધામાં રોકાયેલી હતી.

નાંદોદ તાલુકો રાજ્યની પૂર્વ સરહદે આવેલા પહાડી અને જંગલ વિસ્તારમાં આવેલો હોવાથી જિલ્લામાં થયેલા ઔદ્યોગિક વિકાસની અસર અહીંની વસતિ ઉપર ઓછી થયેલી છે. તેમ છતાં તાલુકાના સેન્ટર ઉપર જે નાના પાયાના ઔદ્યોગિક એકમો સ્થપાયા, નવી શૈક્ષણિક સંસ્થાઓ ઉભી થઇ,

કે તાલુકામાં નવી સિંચાઇ યોજનાઓ હાથ ધરાઇ તેની અસરો થવા પામી છે. આ વિસ્તારમાં પરંપરાગત અર્થકરણનું વચસ્વ જોવા મળે છે. તેમાં આધુનિક સુવિધાઓએ તેના સ્વરૂપને બદલીને નવા સ્વરૂપે કઇક અંશે મૂકયું છે. તાલુકામાં વસતિ અનુસૂચિત જનજાતિમાં વસાવા, તડવી અગ્રસ્થાને છે. આ સિવાય ગામીત , ધાણકા, કોટવાડિયા, નાયક નાયકડા, રાઠવા, કાથોડી, વગેરેનો પણ સમાવેશ થાય છે.

સાગબારા તાલુકો :

સાગબારા તાલુકાની પૂર્વ દિશાએ મહારાષ્ટ્ર રાજયનો ખાનદેશ, પશ્ચિમે અને ઉત્તરે ભરૂચ જિલ્લાનો ડેડીયાપાડા તાલુકો અને દક્ષિણે સુરત જિલ્લો આવેલો છે. તાલુકાની ઉત્તર દક્ષિણ લંબાઇ ૨૭ કિ.મી. અને પૂર્વ પશ્ચિ પહોળાઇ ૨૧ કિ.મી. છે. તેનું ક્ષેત્રફળ ૪૦૦ ચો.કિ.મી. થાય છે. આખો તાલુકો ઉત્તરે ૨૧.૩૦ અક્ષાંશ અને પશ્ચિમે ૭૩.૩૦ રેખાંશ વચ્ચે આવેલો છે. આ તાલુકાનો મોટોભાગ સાગ અને વાંસના જંગલોથી આધારિત છે. જેના ઉપરથી તાલુકાનું નામ '' સાગબારા '' પડયું હતું. આજે ધીમે ધીમે જંગલોનો નાશ થવાથી ઘણી જગ્યાએ ઝાડી જોવા મળતી નથી. જો કે પ્રથમથીજ જંગલ વિસ્તાર તરીકે તાલુકાને ગણવામાં આવ્યો છે. પરંતુ ૧૯૭૫ થી આ તાલુકાના જંગલ વિસ્તારને કલમ ૪ હેઠળ અવર્ગીકૃત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજય ૧૯૬૦ માં અસ્તિત્વમાં આવ્યા બાદ સાગબારા તાલુકો ભરૂચ જિલ્લામાં મૂકવામાં આવ્યો તેમાં મહારાષ્ટના ૨૨ ગામો સાગબારા તાલુકામાં સમાવવામાં આવ્યા. જયારે સાગબારા તાલુકાના બે ગામોને ધૂળિયા જિલ્લાના અકકલકૂવા તાલુકામાં સમાવવામાં આવ્યા. સાગબારા અંકલેશ્વર થી ૯૮ કિ.મી. અને ડેડીયાપાડાથી ૨૭ કિ.મી. પર આવેલું છે. તાલુકાનું મથક હોવા છતાં નાનું ગામ છે. તાલુકાનું સેલંબા ગામ વિશેષ મહત્ત્વ ધરાવતું ગામ છે. તે સાગબારાથી ૩ કિમી આવેલું વેપારી મથક છે.

૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ તાલુકામાં કુલ ૧૨૧ ગામો હતા. તાલુકામાં કોઇ શહેર નથી, કુલ ગામોમાંથી ૯૪ ગામો વસવાટવાળા

અને ૨૧ બિન વસવાટી હતાં પણ ૧૯૭૬-૭૭ ના ગાળા દરમ્યાન ઉકાઇ બંધ બંધવાને કારણે તાલુકાના ૧૫ ગામો ડુબાણ હેઠળ આવી ગયો. આ ૧૫ ગામોની વસ્તી હતી તે સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં અને ભરૂચ જિલ્લાના આગબારા તાલુકામાં સમાવી લેવામાં આવી. હાલમાં ૧૦૬ ગામો છે. કુલ વસ્તી ૫૨,૫૬૭ ની છે. દર હજાર પુરુષો સ્ત્રીઓની સંખ્યા ૧૦૦૫ થાય છે. રાજ્ય અને જિલ્લાનું ચિત્ર આનાથી જુદું છે. આમ જાતિ દર રાજ્ય, જિલ્લા કરતાં તાલુકામાં ઉંચો રહયો છે. આ બાબત આદિ. વસ્તીવિષયક લક્ષણ છે. આ સમાજમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ હોય છે.

સાગબારા તાલુકો વસ્તી ગીચતા દર ચો.કિ.મી. ૧૩૧ ધરાવે છે. આ તાલુકો ડુંગરા, ટેકરીઓ અને જંગલોથી છવાયેલો છે. છતાં વસ્તી ગીચતામાં ખાસ તફાવત નથી. તેનું કારણ એ કે તાલુકામાં ખીણનો ફળદ્રુપ પ્રદેશ છે. તેથી તાલુકાની મોટી વસ્તી આ ખીણ પ્રદેશના ગામડાઓમાં વસેલી છે. રાજ્ય અને જિલ્લાની સરખામણીમાં અનુસૂચિત જનજાતિનું વસ્તીનું પ્રમાણ ઘણું વધારે છે. અનુસૂચિત જાતિનું પ્રમાણ નીચું છે. આદિ. વિસ્તારના આ ગામડા વસ્તીની દ્રષ્ટિએ નાનાં હોય છે.

આ તાલુકામાંથી કોઇ મોટી નદી પસાર થતી નથી. પરંતુ તાપી નદી જેના ઉપર સુરત જિલ્લામાં ઉકાઇ બંધ બાંધવામાં આવ્યો છે તે તાલુકાની દક્ષિણ પૂર્વ હદમાંથી પસાર થાય છે. જે આ તાલુકાને ભૌતિક રીતે જુદો પાડે છે. ડુંગરોમાંથી હોડી, વેતી, આઉથી જેવી નાની નાની નદીઓ નીકળે છે. તે તાપીને આગળ જતો મળે છે. આ તાલુકામાં નાની મોટી સાત ખાડીઓ આવેલી છે. જેમાં બારેમાસ પાણી રહે છે. સિંચાઇ વ્યવસ્થા તેમાંથી કરેલી છે. આ પ્રદેશના આ ઝરણાં સારા પ્રમાણમાં હોય લઇ આવે છે. ભૌગોલિક રીતે સાગબારાનો પ્રદેશ ઉંચા સપાટ મેદાનો, ટેકરીઓ અને તેની નીચેની ખિણો છે. તાલુકાનો દક્ષિણ અને દક્ષિણ પૂર્વનો ભાગ જ ઉકાઇડેમ સાથે જોડાયેલો છે. ઉંચામાં ઉંચી ટેકરી ઉત્તર પૂર્વમાં દેવમોગરા ગામ નજીક આવેલી છે. તાલુકાની મોટા ભાગની જમીન પથ્થરિયા હોવાથી કુલ જમીનના

અર્ધા કરતાં વધુ જમીન ખેતી માટે બિન ઉપયોગી છે. તાલુકાની જમીનનું વિવરણ કોઠા નંબર ૧.૩ માં દર્શાવ્યા મુજબ ૧૯૮૧ ની ગણતરી મુજબ છે.

વરસાદ અને સિંચાઇ :

તાલુકામાં ટૂંકા ગાળામાં ભારે વરસાદ અને પછી લાંબો સમય વરસાદ વિનાનો ખાલી હોય છે. ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમ્યાનના દસ વર્ષમાં ૧૯૭૭ માં વધારેમાં વધારે ૨૨૨ મિ.મિ. વરસાદ અને ૧૯૭૨ના વર્ષમાં ઓછી ઓછો ૭૩૬ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. જયાં થોડી સિંચાઇની વ્યવસ્થા છે. ત્યાં રવિપાક લે છે. બાકી મોટા ભાગના લોકો ખેતઉત્પાદન માટે વરસાદ ઉપર આધાર રાખે છે.

તાલુકામાં ૧૯૬૫ ના વર્ષમાં ૧૧૧ કૂવાઓ હતા. જે ૧૯૭૮ ના વર્ષમાં ૫૭૮ કૂવાઓ થવા પામ્યા હતા. પરંતુ બધા જ કૂવાઓ સિંચાઇ માટે ઉપયોગી રહયા નથી. તાલુકામાં એક પણ પાતાળ કુવો નથી. તાલુકામાં ૧૯૭૨-૭૩ માં ચાર લઘુસિંચાઇ યોજના શરૂ કરાઇ હતી. જે પૂરી થયે ૨૬૨ હેકટરને સિંચાઇ માટે પાણી પૂરું પાડશે. આ યોજનાઓ ધવલીવેર, દત્તવાડા, મહુપાડા અને રાવલ ગામમાં શરૂ કરાઇ હતી. આ ઉપરાંત કેટલાક ચેકડેમ બનાવ્યા હતા. જેથી સિંચાઇ, ઢોર અને લોકોને પાણીની મુશ્કેલીઓ ન પડે. આ ચેકડેમ પાટ, ચોપડવાવ, ધનસેરા, દતવાડા, નાની દેવ રૂપણ મોહપાડા, પારેડી ગામ હતા.

સાગબારા તાલુકાના ઉત્તર પૂર્વના વિસ્તારમાં અને દક્ષિણના કેટલાક વિસ્તારમાં જંગલમાં સાગ, વાંસના વૃક્ષોનું જંગલ રહેવા પામ્યું છે. ગાઢ જંગલ રહેવા પામ્યું નથી. તાલુકામાં આદિવાસી ભીલોની વસતિમાં વસાવા, તડવી લોકો વસે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૫૨,૫૬૭ ની કુલ વસતિ હતી. ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૧૩૧નો હતો. જે ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૫૮,૫૮૫ની થવા પામી હતી ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૧૬૪ નો થવા પામ્યો હતો. એટલે ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમ્યાન ૧૦.૨૮

ટકાનો વસતિ વધારો નોંધાયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકામાં અનુસૂચિત જાતિની ૦.૭૮ ટકા અને અનુસૂચિતજનજાતિની ૯૦.૭૯ ટકા વસતિ હતી. જે ૧૯૮૧ ની વસતિ ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિની ૦.૮૪ ટકા અને અનુસૂચિત જનજાતિની ૮૯.૨૮ ટકાની વસતિ થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૦૦૩૩ એકર છે. જેમાં ખેડાણ હેઠળ ૧૫૯૪૪ એકર, બિનખેતીવિષયક જમીન વિસ્તાર ૯૩૦૦ એકર , બિનખેડાણ પડતર ૨૨૨૩ એકર, ખેડી શકાય તેવી પડતર ૧૧૬૩૭ એકર, કાયમી ગૌચર ૧૫૧ નો વિસ્તાર છે. તાલુકામાં મુખ્યત્વે જુવાર, કપાસ, કઠોળની ખેતી થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ જુવારના રોટલા અને કઠોળ છે.

૧૯૮૧ ની વસતિ પ્રમાણે તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ વસતિમાંથી કામ કરનાર ૩૪.૯૩ ટકા અને નહીં કામ કરનાર ૫૨.૭૮ ટકા હતા. તાલુકાની કુલ કામ કરતી વસતિમાંથી ૧૬.૯૮ ટકા ખેતીના વ્યવસાયમાં, ૧૨.૯૧ ટકા ખેતમજૂરીમાં, ૧.૧૧ ટકા ગૃહઉદ્યોગ-ઉત્પાદન પ્રક્રિયા સમાર કામમાં ૩.૯૧ ટકા અન્ય કામ કરનાર, ૧૨.૩૦ ટકા સિમાન્ત કામ કરનાર સેવાઓમાં રોકાયેલા હતા. આમ કુલ વસતિમાંથી ૪૭.૨૨ ટકા વસતિ ઉપરોકત જૂદા જૂદા ધંધામાં રોકાયેલા હતા.

સમગ્ર તાલુકો નાના મોટા પહાડો અને જંગલ વિસ્તારમાં આવેલો હોવાથી ઔદ્યોગિક વિકાસની જિલ્લા અસરો. તેમજ તાલુકામાં કોઇ ઔદ્યોગિક એકમો ન હોવાથી પણ તેની અસરો અહીંની વસવાટી વસતિ ઉપર જોવા મળતી નથી. વિસ્તારમાં પરંપરાગત અર્થકરણનું વચસ્વ જોવા મળે છે. સેલબા અને કંઇક અંશે સાગબારા જેવા સ્થળોથી તેના અર્થકરણ ઉપર કંઇક અસરો થવા પામી છે.

**ડેડીયાપાડા તાલુકો :**

ડેડીયાપાડા તાલુકાની પૂર્વ દિશાએ ખાનદેશ જિલ્લો ( મહારાષ્ટ્ર)

અને ગુજરાત રાજ્યનો સાગબારા તાલુકો આવેલા છે. પશ્ચિમે નાંદોદ, ઝગડીયા અને વાલિયા તાલુકાઓની હદ છે. દક્ષિણે સુરત જિલ્લાની હદ છે. તાલુકાની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૪૮ કિ.મી. અને ઉત્તર દક્ષિણ લંબાઇ ૩૨ કિ.મી. છે. આખો તાલુકો ૧૦૨૭ ચો.કિ.મી.ના કુલ ભૌગોલિક ક્ષેત્રફળના વિસ્તારમાં ૨૧-૩૦ ઉત્તર અક્ષાંશ થી ૭૩-૩૦ પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાની ચારેબાજુની જમીન ખાડા ટેકરાવાળી ઉંડી ખીણો ડુંગરાળ અને ગાઢ જંગલોથી ભરપુર મોટા ભાગની જમીન પથ્થરીયા, થોડી કાળી અને ગોરાળુ જમીન પથરાયેલી છે. તાલુકામાં જુદા જુદા ઉપયોગમાં લેવાયેલો જમીન વિસ્તાર કોઠા નંબર ૧.૩ ઉપરથી જોઇ શકાય છે.

વરસાદ - સિંચાઇ :

તાલુકામાં વરસાદ અનિયમિત ઓછો કે વધારે પડે છે. સરાસરી વરસાદ ૭૦૦ થી ૧૦૦૦ કિ.મી. પડે છે. ૧૯૭૮ ના વર્ષમાં દિવસોમાં ૨૨૬૭ મિ.મિ. અને ૧૯૮૧ ના વર્ષમાં ૫૭ દિવસોમાં ૭૪૫ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. ભૌગોલિક પરિસ્થિતિને કારણે વરસાદ વધુ પડે છે. પણ સિંચાઇના સાધનો ઉભા કરવાની અનેક મુશ્કેલીઓ છે. તાલુકામાં કોઇ સિંચાઇ યોજના હાથ ધરાઇ નથી. માત્ર કુવાઓ દ્વારા સિંચાઇ થાય છે. ૧૯૭૮ ના વર્ષ આખરે ૧૯૧ કુવાઓ હતા. જેના ઉપર ૨૨૮ ઓઇલ એન્જીન હતા. જે ૧૯૮૨ ના વર્ષ આખરે ૨૫૧ કૂવાઓ થવા પામ્યા હતા. જેના ઉપર વિજળી મોટરો થવાથી ૨૧૮ ઓઇલ એન્જીન થયા હતા. જો કે ચાર તળાવો દ્વારા પણ સિંચાઇની સગવડો જોવા મળે છે.

ડેડીયાપાડા તાલુકો પહાડો અને જંગલ વિસ્તારથી પથરાયેલો છે. તાલુકાની ઉત્તર- પશ્ચિમ દિશાઓમાંથી આજે જંગલ ઓછું થઇ જવા પામ્યું છે. તાલુકામાં આદિવાસી ભીલ વસાવાઓની વસતિ સવિશેષ વસે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની કુલ વસતિ ૭૭૬૮૩ ની હતી. ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કી. ૬૬ નો હતો. જે ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની વસતિ ૮૮,૪૩૧ ની થવા પામી ત્યારે

વસતિ ગીચતાનો દર ચો.કી. ૮૬ નો થવા પામ્યો હતો. ૧૯૭૧ની વસતિ મુજબ અનુસૂચિતજાતિની ૦.૪૯ ટકા અને અનુસૂચિત જનજાતિની ૯૪.૧૯ ટકાની વસતિ હતી. જે ૧૯૮૧ ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની ૦.૭૦ ટકા અને અનુસૂચિત જનજાતિની ૯૩.૩૫ ટકાની થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૦૩૧૦૨ એકર છે. જેમાં ખેડાણ હેઠળ ૨૬૯૧૧ એકર બિનખેતીવિષયક જમીન વિસ્તાર ૫૫૧૮ એકર, બિનખેડાણ પડતર ૨૪૦ એકર, ખેડી શકાય તેવી પડતર ૪૮ એકર, કાયમી ગૌચર ૧૬૫૦ એકર છે. તાલુકામાં મુખત્વે જુવાર, કપાસ અને કઠોળની ખેતી થાય છે. આ વિસ્તારનાલોકોનો મુખ્ય ખોરાક પણ જુવારના રોટલા અને કઠોળ છે.

૧૯૮૧ ની વસતિ પ્રમાણે તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ વસતિમાંથી કામ કરનાર ૪૮.૧૧ ટકા અને નહીં કામ કરનાર ૪૨.૭૮ ટકા હતા. તાલુકાની કુલ વસતિમાંથી ૩૨.૫૭ ટકા ખેતીના વ્યવસાયમાં, ૧૦.૯૧ ટકા ખેતમજૂરીમાં, ૦.૮૩ ટકા ગૃહઉદ્યોગ-ઉત્પાથી પ્રક્રિયા સમાર કામમાં, ૩.૭૮ ટકા અન્ય કામ કરનાર, ૦.૧૩ ટકા સિમાન્ત કામ કરનાર સેવાઓમાં રોકાયેલા હતા. આમ કુલ વસતિમાંથી ૪૨.૭૮ ટકા વસતિ ઉપરોક્ત જુદા જુદા ધંધામાં રોકાયેલા હતા.

ડેડીયાપાડા તાલુકામાં પણ જિલ્લાના મોટા ઔદ્યોગિક એકમોની અસરો નહીંવત્ થવા પામી છે. તાલુકામાં કોઇ ઔદ્યોગિક એકમોની સ્થાપના થવા પામી નથી. એટલે અહીંની વસવાટી વસતિ ઉપર તેની અસરો ખાસ જોવા મળતી નથી. જંગલ કપાઇ જવાને કારણે અહીં પરંપરાગત અર્થકરણનું વચસ્વ રહેવા પામ્યું નથી. છતાં તાલુકામાં કેટલીક સુવિધાઓ વધવાથી અર્થકરણમાં છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન નોંધપાત્ર ફેરફારો થવા પામ્યા છે.

વાલિયા તાલુકો :

તાલુકાની પૂર્વમાં ડેડીયાપાડા તાલુકો, પશ્ચિમે અંકલેશ્વર તાલુકો, ઉત્તરે ઝગડિયા તાલુકોની હદ આવેલી છે. દક્ષિણે સુરત જિલ્લાની હદ છે. તાલુકાની પૂર્વપશ્ચિમ લંબાઇ ૪૮ કિ.મી. અને ઉત્તર દક્ષિણ પહોળાઇ ૨૦ કિ.મી.ની છે. તાલુકાના વિસ્તારનું ભૌગોલિક ક્ષેત્રફળ ૫૧૪ ચો.કિ.મી છે. આખો વિસ્તાર ૨૧-૩૦ ઉત્તર અક્ષાંશ અને ૭૩-૧૫ પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. સમગ્ર વિસ્તારમાં ઉંચાનીચા ડુંગરો, ઉંડા કોતરો આવેલા છે. તાલુકામાં કાળી, ગોરાડું તેમજ રેતાળ પથ્થરવાળી જમીન જોવા મળે છે. તાલુકાનો કુલ જમીન વિસ્તાર ૧૯૮૧ પ્રમાણે ૫૧,૪૧૯ એકર છે. બાકીનો જુદા જુદા ઉપયોગમાં લેવાયેલો જમીન વિસ્તાર કોઠા નંબર ૧.૭ ઉપરથી જોઇ શકાય છે.

વરસાદ અને સિંચાઇ :

આ વિસ્તાર પણ વરસાદ અનિયમિત પડે છે. તાલુકાનો સરાસરી વરસાદ ૫૦૦ થી ૧૦૦૦ મિ.મિ. છે. એટલે કે ૨૫ થી ૩૦ ઇંચ જેટલો સરાસરી વરસાદ પડે છે. ટૂંકાગાળામાં વધુ વરસાદ પડી જવાથી અને સિંચાઇના ઓછા સાધનને કારણે મુશ્કેલી રહે છે. થોડા વર્ષોથી સિંચાઇનો નહેરો, તળાવો, કુવાઓની સગવડો વધી છે. છતાં વરસાદ આધારિત ખેતીનો વિસ્તાર ઘણો છે. ૧૯૭૮ ના વર્ષ આખરે ૭૪ દિવસોમાં ૧૯૪૭ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. જે ૧૯૮૧ ના વર્ષ આખરે ૪૧ દિવસોમાં ૪૬૭ મિ.મિ. વરસાદ નોંધાવા પામ્યો હતો. ૧૯૭૮ વર્ષ આખરે ૫૦૮૯ એકર સિંચિત વિસ્તારમાં એકર ૧૧૧૦ સરકારી નહેર, ૨૪૫ એકર તળાવ દ્વારા, ૨૩૦૯ એકર કુવા દ્વારા ૧૪૨૫ એકર અન્ય સાધનો દ્વારા હતો જે ૧૯૮૧ ના વર્ષ આખરે ૪૪૭૫ એકર સિંચિત વિસ્તારમાં ૧૫૦૦ એકર સરકારી નહેર દ્વારા , ૪૦૦ એકર તળાવ દ્વારા, ૧૮૦૦ એકર કુવા દ્વારા અને ૭૭૫ એકર અન્ય સાધનો દ્વારા થવા પામ્યો હતો.

૧૯૭૮ ના વર્ષ આખરે તાલુકામાં ૪૬ કિ.મી. નહેર ૨ ખાનગી પાતાળ કુવા, ૫૬૭ પાકા કુવા, ૭૧૩ ઓઇલ એન્જીન હતા. જે ૧૯૮૦ના વર્ષ સુધીમા નહેર અને પાતાળકવાની સંખ્યા વધી નહોતી. પરંતુ ૬૩૦

પાકા કુવા, ૪ તળાવો ( જળાશયો), ૬૩૩ ઓઇલ એન્જીન અને ૧૩૬ ઇલેકટ્રીક મોટરો જેવા સિંચાઇના સાધનો હતા.

વાલિયા તાલુકાનો આખો વિસ્તાર ઉંચા નીચા ઠેકરા અને કોતરોથી ભરપુર છે. આજે જંગલ રહેવા પામ્યું નથી. તાલુકામાં વસાવા, તડવી, રજપૂત, હરિજનોની વસતિ વસે છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૮૦૯૨૭ ની કુલ વસતિ હતી. ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કી. ૧૫૭ નો હતો. જે ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૯૪૩૧૯ની વસતિ થવા પામી હતી. ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૧૮૪ નો થવા પામ્યો હતો. એટલે દસકા દરમ્યાન ૧૪.૨૦ ટકાનો વસતિ વધારો નોંધાયો હતો. ૧૯૭૧ ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૦.૭૯ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૭૬.૫૦ ટકા હતી. જે ૧૯૮૧ ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૦.૮૬ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૭૬.૩૩ ટકા થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૫૧,૪૧૯ એકર ૧૯૮૧ ની વસતિ મુજબ છે. જે કોઠા નંબર ૧.૩ માં છે જેમાં ખેડાણ હેઠળ ૪૦,૫૧૯ એકર, બિન ખેતીવિષયક જમીન વિસ્તાર ૪૧૦૭ એકર બિનખેડાણ ૭૯૯ એકર ખેડી શકાય તેવી પડતર ૮ એકર, કાયમી ગૌચર ૧૭૫૦ એકર છે. તાલુકામાં મુખ્યત્વે જુવાર, કપાસ, કઠોળની ખેતી થાય છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ જુવારના રોટલા અને કઠોળ છે.

૧૯૮૧ ની વસતિ પ્રમાણે તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઇએ તો કુલ વસતિમાંથી કામ કરનાર ૪૭.૪૧ ટકા અને નહીં કામ કરનાર પર.૫૯ ટકા હતા. તાલુકાની કુલ વસતિમાંથી ૧૧.૭૧ ટકા ખેતીના વ્યવસાયમાં, ૨૭.૭૦ ટકા ખેતમજૂરીમાં, ૦.૮૫ ટકા ગૃહઉદ્યોગ ઉત્પાદન પ્રક્રિયા સમારકામમાં, ૪.૬૭ ટકા અન્ય કામ કરનાર , ૨.૪૮ ટકા સિમાન્ત કામ કરનાર સેવાઓમાં રોકાયેલા હતા. આમ કુલ વસતિમાંથી ૪૭.૪૧ ટકા વસતિ ઉપરોકત જુદા જુદા ધંધામાં રોકાયેલી હતી.

સમગ્ર તાલુકો નાના પહાડો અને કોતરોથી ભરપુર છે. આજે તાલુકામાંથી જંગલ સાફ થઇ જવા પામ્યું છે. જંગલ આધારિત નાના ગૃહઉદ્યોગ રહેવા પામ્યા નથી. તાલુકાના વિસ્તારમાં ઔદ્યોગિક એકમો ન હોવાથી અહીંની વસતિ ઉપર તેની અસરો જોવા મળતી નથી. તાલુકા મથક વાલિયા અને નનાના ધંધાઓ વાળા નેતંગને જેવા બજાર કે વેપારી મથકને કારણે પરંપરાગત અર્થકરણનું વર્ચસ્વ રહેવા પામ્યું નથી.

ભરૂચ જિલ્લામાં ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ તાલુકા પ્રમાણે ગ્રામ્ય અને શહેરી જાતિવાર આદિવાસી વસતિ કોઠા નંબર ૧.૨ માં દર્શાવ્યા મુજબ જોવા મળે છે. જેમાં જાતિ પ્રમાણે સૌથી વધુ વસતિ ભીલોની છે અને સૌથી ઓછી વસતિ વારલી લોકોની છે. કોઠા નંબર ૧.૨ જોતાં તાલુકાવાર ગ્રામ્ય- શહેરી જાતિવાર વસતિ જોવા મળશે.

કોઠા નંબર : ૧.૨ તાલુકાવાર જાતિ પ્રમાણે ૧૯૭૧ ભરૂચ જિલ્લો

| ક્રમ | જાતિ | સાગબારા | | ડેડીયાપાડા | | વાલિયા | | ઝગડીયા | | વાગરા | | નાંદોદ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ભીલ | ૩૬૯૯૧ | - | ૫૮૦૮૯ | - | ૫૩૮૯૧ | - | ૭૨૪૨૧ | - | ૭૨૨૧ | - | ૫૧૩૧૭ | ૩૮૭૨ |
| ૨ | ડૂબળા | ૧૩ | - | ૨૫ | - | ૩૯૧ | - | - | - | ૯૪૬૪ | - | ૨ | ૩૭ |
| ૩ | ધોડિયા | ૨ | - | ૩ | - | ૧૪ | - | ૭ | - | ૨ | - | ૧૨ | ૧૭ |
| ૪ | ગામીત | ૭૦૦૭ | - | ૧૧૩ | - | ૨૩૯૬ | - | ૩ | - | - | - | ૨૪૦૦ | ૨૧ |
| ૫ | ચૌધરી | ૪૪ | - | ૧૦૦ | - | ૪૭૪૧ | - | ૧૫ | - | ૧૩ | - | ૧૦ | ૬૫ |
| ૬ | રાઠવા | ૭ | - | ૨૫ | - | ૧૮ | - | - | - | ૧૩ | - | ૧૧ | - |
| ૭ | ધાનકા | ૧૮૭૮ | - | ૩૭૩૩ | - | ૫૧ | - | ૬૧૪ | - | ૧ | - | - | ૩૮૨૩૪ |
| ૮ | કોકણા | - | - | ૪૩ | - | - | - | - | - | - | - | ૪ | ૪ |
| ૯ | નાયક | ૮૮૬ | - | ૩૭ | - | ૧૨ | - | - | - | ૧૨ | - | ૧૪૮ | ૨ |

ચાલુ...

ચાલુ..

| ક્રમ | હાંસોટ ગ્રામ્ય | હાંસોટ શહેરી | અંકલેશ્વર ગ્રામ્ય | અંકલેશ્વર શહેરી | ભરૂચ ગ્રામ્ય | ભરૂચ શહેરી | જંબુસર ગ્રામ્ય | જંબુસર શહેરી | આમોદ ગ્રામ્ય | આમોદ શહેરી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૧ | ૬૬૪૬ | ૪૩૩ | ૨૭૮૬૨ | ૪૨૧૮ | ૨૮૪૫૯ | ૧૦૩૦૮ | ૧૦૨૧ | ૫૦૬ | ૭૭૯૪ | ૫૮૦ | ૩૭૪૫૨૯ |
| ૨ | ૪૭૧૬ | ૭૩૯ | ૩૧૬૮ | ૫૨ | ૪૧૮૩ | ૧૬૭ | ૧૦૭૫૫ | ૩૧૭ | ૫૬૮૨ | ૯૬૯ | ૪૦૬૮૦ |
| ૩ | ૧૨ | - | ૧૬૮ | - | ૧૪ | - | - | - | ૩૮ | - | ૨૮૯ |
| ૪ | - | ૩ | ૧૧ | ૨ | ૩ | ૨૧ | ૩ | ૪ | - | - | ૧૧૯૮૪ |
| ૫ | ૨ | - | ૭ | ૧૩ | ૬ | ૨ | ૩ | - | ૧ | - | ૫૦૨૨ |
| ૬ | - | - | ૨૪ | - | ૧૪ | - | - | - | ૩ | - | ૧૧૫ |
| ૭ | ૧૯ | - | ૩ | - | ૧૦ | ૪૦ | - | - | ૯ | - | ૪૫૨૩૫ |
| ૮ | - | - | ૧ | - | ૩ | - | - | - | - | - | ૫૧ |
| ૯ | ૮૬ | ૩ | - | ૧૨ | ૮૯ | ૧૨ | ૯ | - | - | ૨૩૭ | ૧૫૪૫૫ |

ચાલુ..

કોઠા નંબર : ૧.૨.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | વારલી | - | - | - | - | ૫ | - | ૪ | - | - | - | - | ૧ |
| ૧૧ | પટેલીયા | ૨૫ | - | - | - | - | - | - | - | - | - | ૭ | ૫ |
| ૧૨ | કોલચા (ઢોરકોળી) | - | - | - | - | - | - | - | - | ૧૦૭ | - | - | ૨૭ |
| ૧૩ | કોટવાડિયા | ૨૮૦ | - | ૫૬૨ | - | ૨૯૭ | - | ૧૪૨ | - | - | - | ૪૧ | - |
| ૧૪ | બાવચા | ૨૯ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫ | કાથોડી | ૩૩૮ | - | ૪૬ | - | ૩૬ | - | - | - | - | - | ૧૧ | - |
| ૧૬ | પારધી | ૬ | - | - | - | - | - | - | - | ૩૮ | - | ૬ | ૧ |
| ૧૭ | પોમલા | - | - | - | - | ૧૫ | - | - | - | ૩૦ | - | - | - |
| ૧૮ | બિનવર્ગીકૃત | ૨૧૮ | - | ૭૨ | - | ૩૬ | - | ૪૩૦ | - | ૧૮ | - | ૧૪૬૧ | ૨૪ |
| | કુલ | ૪૭૭૨૪ | - | ૬૩૭૪૮ | - | ૬૧૯૦૩ | - | ૭૩૬૩૬ | - | ૧૬૯૧૯ | - | ૯૩૬૬૪ | ૪૭૧૫ |

ચાલુ...

| ક્રમ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | - | - | - | - | - | - | - | - | - | - | ૧૦ |
| ૧૧ | - | ૨ | ૧૪ | ૧૭ | ૪૪ | ૧૭ | - | - | - | - | ૧૩૧ |
| ૧૨ | - | - | - | ૩ | ૧૫ | ૧૧ | - | ૧ | ૭૦ | - | ૨૩૪ |
| ૧૩ | - | - | - | - | - | ૧૨ | - | ૫ | - | - | ૧૩૩૯ |
| ૧૪ | - | ૪ | - | - | - | - | - | - | - | - | ૩૩ |
| ૧૫ | - | - | - | - | - | - | - | - | - | - | ૪૩૧ |
| ૧૬ | - | ૬ | - | - | - | - | - | - | - | - | ૫૭ |
| ૧૭ | - | - | ૧૪ | - | - | ૧૫ | ૨૬ | - | - | - | ૧૦૦ |
| ૧૮ | ૧૪૨ | ૧ | ૧૧૫ | ૨૨૬ | ૧૪૪૩ | ૫૦૮ | ૩૮૨ | ૧૮ | ૨૨ | - | ૫૧૧૬ |
| કુલ | ૧૧૬૨૩ | ૧૧૯૧ | ૩૧૩૮૭ | ૪૫૪૩ | ૩૪૨૮૩ | ૧૧૧૧૩ | ૧૨૧૯૬ | ૮૫૧ | ૧૫૮૫૬ | ૧૫૪૯ | ૪૮૬૯૦૧ |

કોઠા નંબર : ૧.૩   ૧૯૮૧ ની વસતિ મુજબ તાલુકાઓની જમીન વિસ્તાર

| ક્રમ | તાલુકો | ભૌગોલિક કુલ વિસ્તાર | ચો. ખેડાણ હેઠળનો | બિન ખેતી હેઠળ વિસ્તાર | બિન ખેડાણ પડતર | ખેડી શકાય તેવી પડતર | કાયમી ગૌચર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૧૧૩૧૦૨ | ૪૯૯૨૨ | ૧૨૨૫૧ | ૩૧૩૬ | - | ૫૯૬૫ |
| ૨ | સાગબારા | ૪૦૦૩૩ | ૧૫૯૪૪ | ૯૩૦૦ | ૨૨૨૩ | ૧૧૬૩૭ | ૧૫૧ |
| ૩ | ડેડીયાપાડા | ૧૦૩૧૦૨ | ૨૬૯૧૧ | ૫૫૧૮ | ૨૪૦ | ૪૮ | ૧૬૫૦ |
| ૪ | વાલિયા | ૫૧૪૧૯ | ૪૦૫૧૯ | ૪૧૦૭ | ૭૯૯ | - | ૧૭૫૦ |

- જંગલો અને ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીનના આંકડા અપ્રાપ્ય છે.

પ્રાપ્તિ સ્થાન :- ભરૂચ જિલ્લાની આંકડાકીય રૂપરેખા -૧૯૮૧

કોઠા નંબર : ૧.૪ ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાનો વસતિ વધારો અને અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિ(ટકામાં)

| ક્રમ | તાલુકો | કુલ વસ્તી | | દસકાનો | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૧ | ૧૯૮૧ | વસતિ વધારો | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| ૧ | નાંદોદ | ૧૪૮૨૯૪ | ૧૭૯૨૬૩ | ૧૭.૨૮ | ૩.૭૭ | ૬૬.૩૪ | ૩.૬૧ | ૬૫.૩૮ |
| ૨ | સાગબારા | ૫૨૫૬૭ | ૫૮૫૮૫ | ૧૦.૨૮ | ૦.૭૮ | ૯૦.૭૯ | ૦.૮૪ | ૮૯.૨૮ |
| ૩ | ડેડીયાપાડા | ૬૭૬૮૩ | ૮૮૪૩૧ | ૨૩.૪૭ | ૦.૪૯ | ૯૪.૧૯ | ૦.૭૦ | ૯૩.૩૫ |
| ૪ | વાલિયા | ૮૦૯૨૭ | ૯૪૩૧૯ | ૧૪.૨૦ | ૦.૭૯ | ૭૬.૫૦ | ૦.૪૬ | ૭૬.૩૩ |

કોઠા નંબર : ૧.૫ ૧૯૮૧ ની વસતિ મુજબ વ્યવસાય પ્રમાણે કામ કરનાર વસતિનું પ્રમાણ ( ટકામાં)

| ક્રમ | તાલુકો | કામ કરનાર | કામ નહીં કરનાર | ખેતીકામ | ખેતમજૂર | ગૃહઉદ્યોગ ઉત્પાદન અને સમારકામ | અન્ય કામ કરનારા | સિમાન્ત કામદારો | કુલ વસ્તી ટકા કામમાં રોકાયેલા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૩૫.૩૦ | ૫૬.૬૩ | ૧૧.૬૯ | ૧૨.૩૨ | ૦.૬૧ | ૧૦.૬૪ | ૮.૦૦ | ૪૩.૨૬ |
| ૨ | સાગબારા | ૩૪.૯૩ | ૫૨.૭૭ | ૧૬.૯૬ | ૧૨.૯૧ | ૧.૧૧ | ૩.૯૨ | ૧૨.૩૦ | ૪૭.૨૨ |
| ૩ | ડેડીયાપાડા | ૪૮.૧૧ | ૪૨.૭૯ | ૩૨.૫૭ | ૧૦.૯૧ | ૦.૮૩ | ૩.૭૮ | ૯.૧૩ | ૪૨.૭૮ |
| ૪ | વાલિયા | ૪૭.૪૧ | ૫૨.૫૯ | ૧૧.૭૧ | ૨૭.૭૦ | ૦.૮૫ | ૪.૬૭ | ૨.૪૮ | ૪૭.૪૧ |

કોઠા નંબર : ૧.૬ ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળાનું તાલુકાનું અક્ષરજ્ઞાન ( ટકામાં )

| ક્રમ | તાલુકો | ૧૯૭૧ | | | ૧૯૮૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧ | નાંદોદ | ૬૯.૪૦ | ૩૦.૬૦ | ૩૦.૩૫ | ૬૬.૬૧ | ૩૩.૩૯ | ૪૧.૯૨ |
| ૨ | સાગબારા | ૭૯.૩૪ | ૨૦.૬૬ | ૪૦.૪૦ | ૭૦.૦૦ | ૩૦.૦૦ | ૨૮.૨૯ |
| ૩ | ડેડીયાપાડા | ૭૯.૫૦ | ૨૦.૫૦ | ૧૩.૧૫ | ૭૩.૯૭ | ૨૬.૦૩ | ૨૨.૦૫ |
| ૪ | વાલિયા | ૬૯.૪૪ | ૩૦.૫૬ | ૨૫.૭૨ | ૬૫.૦૦ | ૩૫.૦૦ | ૩૫.૨૯ |

કોઠા નંબર : ૧.૭   ૧૯૭૮ થી ૧૯૮૧ ના ગાળા દરમ્યાન તાલુકામાં શૈક્ષણિક સંસ્થાઓ

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શાળા | | માધ્યમિક શાળા | | ઉચ્ચત્તર માધ્યમિક | | ઉચ્ચશિક્ષણ | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૮ | ૧૯૮૧ | ૧૯૭૮ | ૧૯૮૧ | ૧૯૭૮ | ૧૯૮૧ | ૧૯૭૮ | ૧૯૮૧ | ૧૯૭૮ | ૧૯૮૧ |
| ૧ | નાંદોદ | ૨૧૮ | ૨૩૩ | ૧૪ | ૧૨ | ૩ | ૭ | ૩ | ૩ | ૫ | ૪ |
| ૨ | સાગબારા | ૮૬ | ૮૯ | ૨ | - | - | - | - | - | - | - |
| ૩ | ડેડીયાપાડા | ૧૪૨ | ૧૫૫ | ૨ | ૨ | - | ૧ | - | - | - | - |
| ૪ | વાલિયા | ૧૨૫ | ૧૩૩ | ૨ | ૧ | ૪ | ૫ | - | - | ૩ | - |

કોઠા નંબર : ૧.૮ ૧૯૭૭ / ૧૯૮૨ દરમ્યાન તાલુકાની સુવિધાઓમાં થયેલો સુધારો

| ક્રમ | તાલુકો | પશુ દવાખાનું | | પેટા કેન્દ્રો | | દૂધ ડેરી | | વિજળીવાળા ગામો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૭ | ૧૯૮૨ | ૧૯૭૭ | ૧૯૮૨ | ૧૯૭૭ | ૧૯૮૨ | ૧૯૭૭ | ૧૯૮૨ |
| ૧ | નાંદોદ | ૧ | ૧ | ૬ | ૮ | ૧૩ | ૫૨ | ૪૯ | ૧૧૫ |
| ૨ | સાગબારા | ૧ | ૧ | ૨ | ૨ | - | ૯ | ૧૪ | ૩૮ |
| ૩ | ડેડીયાપાડા | ૧ | - | ૨ | ૩ | ૫ | ૧૭ | ૨૪ | ૭૪ |
| ૪ | વાલિયા | ૧ | ૧ | ૫ | ૫ | ૧૦ | ૨૬ | ૪૫ | ૭૪ |

નાંદોદ , સાગબારા, ડેડીયાપાડા, વાલિયા તાલુકાની ૧૯૮૧ ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકાઓની જુદા જુદા ઉપયોગમાં લેવાયેલો જમીન વિસ્તાર કોઠા નંબર ૧.૩ મા જણાવ્યા પ્રમાણે હતો. તેમા જંગલો અને ઉજ્જડ અને ખેતી ખેડી ન શકાય તેવી જમીનના આંકડા અપ્રાપ્ય છે.

કોઠા નંબર ૧.૪ માં જોઇ શકાય છે કે ચારેય તાલુકાઓની ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળામાં વસતિ વધારો અને અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિતજનજાતિનો વસતિનો વધારો - ઘટાડો જે તે તાલુકાના પરિચયના વિભાગમાં પણ ટકામાં દર્શાવ્યો છે. જે કોઠા નંબર ૧.૪ માં દર્શાવ્યો છે.

તે જ પ્રમાણે ચારેય તાલુકાઓથી ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ જુદા જુદા વ્યવસાય પ્રમાણે કામ કરનારા અને કામ નહીં કરનારનું વર્ગીકરણ ટકાવારીમાં કોઠા નંબર ૧.૫ માં દર્શાવ્યું છે.

તે જ પ્રમાણે ચારેય તાલુકાઓથી ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળામાં પુરુષ સ્ત્રી પ્રમાણે કુલ અક્ષરજ્ઞાન પામેલાની ટકાવારી કોઠા નંબર ૧.૬ માં દર્શાવ્યા પ્રમાણે આગળ ઉપર છે. નાંદોદ તાલુકામાં ૧૯૭૧ માં ૩૦.૩૫ ટકાની અક્ષરજ્ઞાનની સભ્ય સંખ્યા હતી જે ૧૯૮૧માં ૪૧.૯૨ ટકાની થવા પામી હતી. એ જ રીતે સાગબારા તાલુકામાં ૧૯૭૨ માં ૪૦.૪૦ ટકાની અક્ષરજ્ઞાનની સભ્ય સંખ્યા હતી. જે ૧૯૮૧માં ૨૮.૨૯ ની થવા પામી હતી. ડેડીયાપાડા તાલુકામાં ૧૯૭૧ માં ૧૩.૧૫ ટકાની અક્ષરજ્ઞાનની સભ્ય સંખ્યા હતી જે ૧૯૮૧ માં ૨૨.૦૫ ટકાની થવા પામી હતી. જે વાલિયા તાલુકામાં ૧૯૭૧ માં ૨૫.૭૨ ટકાની અક્ષરજ્ઞાનની સભ્ય સંખ્યા હતી. જે ૧૯૮૧ માં ૩૫.૨૯ ટકાની થવા પામી હતી. આમ નાંદોદ, ડેડીયાપાડા અને વાલિયા તાલુકાઓમાં અક્ષરજ્ઞાનની ટકાવારીમાં વધારો થવા પામ્યો હતો અને સાગબારા તાલુકામાં અક્ષરજ્ઞાનની ટકાવારીમાં ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. ૧૯૭૧ થી ૧૯૮૧ ના દસકાના ગાળામાં પુરુષ સ્ત્રી પ્રમાણે વિગતવાર અક્ષરજ્ઞાનની તાલુકાવાર

માહિતી કોઠા નંબર ૧.૬ માં જોવા મળે છે.

નાંદોદ, સાગબારા, ડેડીયાપાડા અને વાલિયા તાલુકાઓમાં ૧૯૭૮ થી ૧૯૮૧ ના ગાળા દરમ્યાનમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, ઉચ્ચશિક્ષણ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો ઘટાડો જે નોંધાયો હતો. જેની વિગતવાર માહિતી કોઠા નંબર ૧.૭ માં જોઇ શકાય છે. શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો-ઘટાડો થવાને કારણે તાલુકાઓમાં અક્ષરજ્ઞાન ની ટકાવારીમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળે છે.

જિલ્લામાં આ સિવાય ૧૯૮૧ ના વર્ષ આખર સુધીમાં કેટલીક આશ્રમશાળાઓ તાલુકા પ્રમાણે કેટલાક ગામમાં છે જે ભરૂચ જિલ્લાના આપેલા નકશામાંથી જોઇ શકાય છે. ૧૯૮૧ ના વર્ષ પછી ડેડીયાપાડા તાલુકાના માલ સામોટમાં નવી આશ્રમશાળા શરૂ થયેલી ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળી હતી.

નાંદોદ, સાગબારા, ડેડીયાપાડા, વાલિયા તાલુકાઓમાં ૧૯૭૭થી ૧૯૮૨ દરમ્યાનના ગાળામાં કેટલીક જાહેર સુવિધાઓમાં ફેરફારો નોંધાયા હતા. જે કોઠા નંબર ૧.૮ માં દર્શાવ્યા પ્રમાણે પશુ દવાખાના, પેટા આરોગ્ય કેન્દ્રો, દૂધ સહકારી મંડળી, વિજળી વગેરે જેવી સુવિધાઓ હતી. જેમાં પશુ દવાખાનાની સુવિધા ડેડીયાપાડા તાલુકામાં ૧૯૮૨ ના વર્ષ આખરે ઘટી જવા પામી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નાંદોદ અને ડેડીયાપાડામાં વધવા પામ્યા હતા, દૂધ સહકારી મંડળી અને વિજળીની સગવડો વાળા ગામો બધા જ તાલુકાઓમાં વધવા પામ્યા હતા.

## ઉદ્ભવ ઉત્પત્તિ :

વસાવા જાતિની મુખ્ય વસતિ ભરૂચ જિલ્લામાં વસે છે. ઉપરાંત સુરત જિલ્લામાં પણ તેમની વસતિ જોવા મળે છે. ગુજરાતની આદિવાસી જાતિઓની ઉત્પત્તિ અંગેની અનેક દંતકથાઓ માન્યતાઓ છે. તેમ વસાવા જાતિની ઉત્પત્તિ વિશેની માન્યતાઓ જોવા મળે છે. વસાવા જાતિ ભીલ જાતિની પેટા જાતિ છે. તેથી વસાવા જાતિની ઉત્પત્તિ વિશે જાણવું હોય તો ભીલ જાતિના ઉદ્ભવ વિશે જાણવું જરૂરી છે.

ભીલ શબ્દ મૂળ દ્રાવિડ ભાષાના શબ્દ બિલ્લુમાંથી ઉતરી આવ્યો છે. કેટલાક વિદ્વાનો તમિલ ભાષાના બિલ્લુ શબ્દ ઉપરથી ઉતરી આવ્યાનું માને છે. આ બન્નેનો અર્થ ' બાણ ' થાય છે. સંસ્કૃત ભાષામાં ' ભીલ ' શબ્દનો અર્થ ' કાપવું ' થાય છે. તેથી એવી પણ માન્યતા પ્રચલિત છે કે જંગલમાં જે લોકો ઝાડ વગેરે કાપતા હતા તેથી ભીલ તરીકે ઓળખવામાં આવે છે. આ માન્યતા પ્રમાણે ભીલ દ્રવિડ પ્રજામાંથી ઉતરી આવ્યા હશે.

' ભીલો ' નો ઉલ્લેખ કથા ચરિત સાગરમાં વર્ણવેલા એક પ્રસંગમાં છે. તેમાં ભીલોનો સરદાર પોતાનું સૈન્ય લઇને વિંધ્યા જાળમાંથી ચઢી આવતા દુશ્મનોને હરાવે છે. એટલે ભીલ પ્રજા પહેલાં રક્ષણનું કામ કરતી હશે. એમ માનવામાં આવે છે. ' રામાયણમાં ' શબરી ભીલનો ઉલ્લેખ છે. ઉપરાંત ૪ ' મહાભારત માં એકલવ્યનો પ્રસંગ આવે છે. રામાયણનો રચિયતા વાલ્મીકી ઋષિ । વાલિયો ભીલ હતો એટલે આ બધા ઉદાહરણો ઉપરથી કહી શકાય કે ભીલ પ્રજા હિન્દની મૂળ વતની છે. પણ તેમનો વંશ જોવામાં આવતો નથી. વિશેના જુદા જુદા મતો છે. કેટલાક માને છે કે આર્યોના આગમન પછી બન્ને પ્રજા વચ્ચે સંઘર્ષ થયો. ભીલો કેટલીક બાબતોમાં ઉતરતા હોય તેઓ પોતાની રીતે આશ્રય માટે સ્વતંત્રતાપૂર્વક જંગલમાં જતા રહયા હશે.

જંગલમાં વસતા કેટલાક ભીલો વખત જતાં સ્થળાંતર કરી સપાટ મેદાનમાં આવી વસ્યા. આદિવાસીઓ શરૂમાં ફરતી ખેતી કરતા જેમાં તેઓ દર વર્ષે એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા. આમાં ભીલોના સ્થળાંતરના સમયમાં સંસ્કૃતિ પ્રજા સાથે સંપર્ક થયો. તેથી આ પ્રજા ધીમે ધીમે ખેતીવાડીમાં આગળ વધી. જંગલમાંથી સપાટ પ્રદેશમાં આવીને વસ્યા જેના પરથી વસાવા તરીકે ઓળખાવા લાગ્યા.

ગુજરાતના પૂર્વના પહાડી પ્રદેશમાં આદિવાસી રાજાઓના નાના મોટા સૈન્યો હતા. " માંડવી સુરત દેશી રાજય " એ પુસ્તકમાં નોંધ છે કે વસાવાના ઘણા રાજયો જાણીતા હતા. એમાં સાગબારા, રાયસીંગપુર કારી, સોનગઢ અને સંગુપાડાનો સમાવેશ થાય છે.

'' માંડવી - સુરતનું દેશી રાજ્ય '' નામના પુસ્તકમાં ઉલ્લેખ છે કે ભીલ લોકો એકબીજાથી દૂર દૂર ઝૂંપડા બાંધીને રહેતા કેટલાકને ગામમાં આવીને વસીને રહેવાની પ્રેરણા થઇ. આથી તેઓ ' વસાવા ' કહેવાય છે.

ભરૂચ જિલ્લામાં વસતા આદિવાસીઓમાં વધુ વસ્તીવાળા મુખ્ય જાતિ '' વસાવા '' તરીકે ઓળખાય છે. એ સિવાય તડવી, માવથી, વાળવી, પાડવી અને કોટવાળિયા છે. આમાં કોટવાળિયા સિવાયની જે બીજી જાતિઓ છે તે પોતાની જાતને ગણાવવા તૈયાર થતા હોય છે. જો કે તપાસ દરમ્યાન તડવીઓ પોતાને વસાવા જુદા માને છે. છતાં તેના અને વસાવાના રીતરિવાજોમાં સામ્ય જોવા મળે છે. પણ તળવીઓ પોતાને વસાવા કરતાં ઉંચા માને છે.

૧૯૬૧ માં ભીલ જાતિની એક પેટાજાતિ તરીકે -- '' વસાવા '' જાતિ નોંધવા પામી હતી. છતાં ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસ્તી ગણતરીમાં એમના વિશે અલગ માહિતી મળતી નથી. ખાનદેશ વિભાગની (સાગબારા તે વખતે ખાનદેશનો એક ભાગ હતો ) શરૂઆતની અહિંથસ સૂચિમાં '' વસાવા ' નામ વિશે કોઇ સંદર્ભ મળતો નથી. ૧૯૫૭ માં ડો. ટી.બી. નાયકે રાજપીપળા અને પશ્ચિમ ખાનદેશના ભીલ વિશે જે પુસ્તક લખ્યું છે તેમાં '' વસાવા '' નામનો ઉલ્લેખ જોવા મળતો નથી. આથી ભીલોએ ખાનદેશ પ્રદેશ ક્યારથી પચાવી પાડેલો અને ભીલમાંથી વસાવા શબ્દ ક્યારે જાણીતો બન્યો. એ જાણવું મુશ્કેલ બને છે. તેમ છતાં ડો. ટી.બી.નાયકે ઉપર જણાવેલ માહિતી પરથી એટલુ અનુમાન કરી શકાય કે પચીસ વર્ષ પહેલાં '' વસાવા '' શબ્દ સાર્વત્રિક રીતે પ્રચલિત બન્યો ન હતો. જો કે ત્યારે ગામનો મુખી '' વસાવા '' તરીકે ઓળખાતો હતો. ધીમે ધીમે તેની પછીથી પેઢીઓએ આ નામ પોતાની જાતિ તરીકે અપનાવ્યું હોય એમ લાગે છે. આ નામ પ્રચલિત થતાં આબરૂ અને મોભો જાણવાની લાલચે અન્ય કુટુંબોએ પણ પોતાને ''વસાવા '' તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું. એ લોકોના જ કેટલાક અભિપ્રાય મુજબ '' વસાવા '' શબ્દ વસવું ઉપરથી વપરાશમાં આવ્યો હોય એમ લાગે છે. સત્ય હકીકત ગમે તે હોય પણ હવે

''વસાવા '' લોકોને પોતાની જાતને ભીલ તરીકે ઓળખાવવાનું પસંદ નથી. સ્વતંત્રતા મળ્યા પછી તેમની પ્રબળ ઇચ્છા સામાન્ય હિંદુ પ્રજાની જેમ ભળી જઇ એકરૂપ થઇને રહેવાની છે. તેનું મુખ્ય કારણ એ કે રજપૂત સંસ્કાર રહેલા હોવાને કારણે '' વસાવા '' પોતાની જાતને વારલી, નાયકા, કોટવાડિયા કે કોકણા કરતા ઉંચી ગણે છે. શારીરિક રીતે જોઇએ તો પણ ''વસાવા '' એ મુખ્ય ભીલની જાતિ કરતાં જુદા લાગે છે. વસાવા પુરુષ ઉંચો, કદાવર અણિયાળું નાક અને વિશાળ કપાળ ધરાવતો હોય છે. જયારે વસાવા સ્ત્રી પ્રમાણમાં નીચી છતાં સુડોળ બાંધાની હોય છે. વસાવા સામાન્ય રીતે સુંદર અને મોહક હોય છે.

આમ વસાવા સ્વતંત્રતાના આટલા વર્ષો બાદ અનેક વિધ પરિબળોના સંપર્કમાં કારણે પોતાને ભીલ તરીકે ઓળખાવા માટે તૈયાર નથી.

આજે વસાવાના ત્રણ જુથો છે. વસાવા વળવી અને પાડવી. આ ત્રણે કુળો એકબીજા સાથે રોટી બેટીનો વહેવાર રાખે છે. એમની બોલી, પહેરવેશ સામાજિક રીતરિવાજો, ઉત્સવો દેવદેવીઓ વગેરે ~~xxx~~ સરખા છે.

આ દંતકથાઓ, માન્યતાઓ ભલે જે હોય તે પરંતુ વસાવા લોકો ભીલો છે અને તે ગુજરાતના ભરૂચ, સુરત જિલ્લાઓમાં વસે છે. ભરૂચ જિલ્લાના રાજપીપળા, સાગબારા, ડેડીયાપાડા, વાલિયા, ઝગડીયા વગેરે તાલુકાઓમાં તેમની વસતિ વિશેષ છે. ગુજરાતની સરહદની અડીને આવેલા મહારાષ્ટ્રના પ્રદેશમાં પણ તેમની વસ્તી વસે છે. જે તેમના સામાજિક સંબંધો ઉપરથી જાણી શકાય છે.

## પ્રકરણ : ૨

## ભૌતિક સંસ્કૃતિ

## પ્રકરણ : ૨

## ભૌતિક સંસ્કૃતિ

વસાવા ભીલોમાં છેલ્લા કેટલાક વર્ષોથી પરિવર્તનની પ્રક્રિયા ધીમી ગતિએ કે કોઇ કોઇ પાસાઓમાં ઝડપી પરિવર્તન બાદ તેમાં મંદગતિથી થતુ પરિવર્તન જોવા મળે છે. વસાવાની આ પરિવર્તનની પ્રક્રિયા અનેકવિધ પરિબળો દ્વારા થતી જોવા મળે છે. મહદ્અંશે પરિવર્તન આ પ્રક્રિયા બાહય પરિબળો દ્વારા થતી જોવા મળે છે. આ પરિબળો દ્વારા એક યા બીજી રીતે તેમનામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે શિક્ષણની વધતી જતી સુવિધાઓ, જુદા જુદા ધર્મોની પ્રવૃત્તિઓ, તેમનામાં શરૂ થયેલી સુધારાવાદીઓની અંદર બહારની અસરો, તેમની સાથેનો અન્ય સંસ્કૃતિઓ સાથેનો સંપર્ક, પંચાયતીરાજની પ્રવૃત્તિઓ, શહેરીકરણની સાથે સાથે ઉભા થયેલા નવા ઔદ્યોગિકરણની અસરો, રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા તેમના વિકાસ કાર્યક્રમો, નવી સિંચાઇ યોજનાઓ, કેટલાક વર્ષોથી તેમનામાં નવી જોવા મળતી જંગલ સહકારી મંડળીઓ અને તેની પ્રવૃત્તિઓ વગેરે જેવા પરિબળોએ તેમનામાં પરિવર્તન લાવવા માટેનો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ ધીમા છતાં મક્કમ ગતિના પરિવર્તનોએ તેમનામાં નવી ચેતના, જાગૃતિ લાવવાનું ખૂબ જ મહત્ત્વનું કામ કર્યું છે. આ નવીન પરિબળો દ્વારા પરિવર્તનની સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઇ છે. કેટલાક નવીન પરિબળોનો વિરોધ પણ થાય્યો છે. કેટલાક ઠેકાણે આ નવીન પરિવર્તનના પરિબળોની અસરો ઓછી હોઇ પરિવર્તનની ગતિ ધીમી કે નામ ચાલતી જોવા મળે. તેમ છતાં આ નવીન પરિબળો દ્વારા પરિવર્તનના સારા ખરાબ બન્ને પ્રકારના પરિમાનો તેમનામાં જોવા મળે છે. તેમનામાં તેનાથી ફાયદો થયો છે સાથે સાથે કેટલાક દુષણો પણ પેઠેલા જોવા મળે છે.

### ઘર :

વસાવાના ઘર સામાન્ય રીતે કાચા એક માળના જ હોય છે. ઘર

સાગ કે ખેરના લાકડાથી બાંધવામાં આવે છે. સરગઠી વાંસની અથવા તો સાગની હોય છે. ભીંત વાંસ, બરૂ કે કપાસની કરાઠીની હોય છે. ઘર ઉપરના છાજ દેશી નળિયા, વિલાયતી નળિયા, ઘાસ, તાડના પાન પતરાં વગેરે જોવા મળે છે. ઘર નીચેનું તળિયું કાચું હોય છે. જેમાં લીંપણ કરેલું હોય છે. ભીંતનું લિપણ છાણ માટીનું કરે છે. ઘરો છૂટાછવાયા ઝૂમખામાં , ક્યાંક હરોળમાં નજીક નજીકમાં xx વસેલા જોવા મળે છે.

ઘર બાંધવા માટેનો કાચો માલ નજીકના જંગલમાંથી મહદઅંશે જંગલ ખાતાને પૂછ્યા વિના લઈ આવે છે. જ્યાં જંગલ છે ત્યાં લાકડુ વેચાતુ લાવવા નથી. કારણકે ઘર માટે જે જરૂરિયાતની વસ્તુ છે તે જંગલમાંથી મળી રહે છે. ઘર બાંધવા માટે સગાસંબંધીઓ તેમજ નજીકના કુટુંબીઓ એકબીજાને મદદ કરે છે. ભાગ્યે જ સુથાર વગેરેની મદદ લે છે. ઘર બાંધતા પહેલાં સામાન્ય ધાર્મિક વિધિ કરે છે. નવું ઘર મહદઅંશે લગ્ન થતાં દીકરો જુદો થાય ત્યારે બનાવી લેતો જોવા મળે છે. જેમાં મા,બાપ, ભાઈઓ મદદ કરે છે.

વસાવાની ઘરની આગળપાછળ કેટલાક ઘરોને બારણું હોય છે. પરંતુ કોઈ ઘરને બારી જોવા મળતી નથી. ઘરની આગળ ખુલ્લો વાડો હોય છે તેમાં ચાર થાંભલા ઉભા કરી માંડવો બાંધેલો હોય છે. જેના ઉપર ચોમાસે શાકના વેલા અને ઉનાળે, શિયાળે ઘાસ, તાડના પાન કે ઝાડના ડાખરા મૂકી રાખે છે. ઘરના આગળના ખુલ્લા ભાગને ' આંગણા ' તરીકે ઓળખે છે. ઘરની બહારની ઓસરીમાં લાકડાની પાટ, ખાટલો મૂકી રાખે છે. અથવા માટીનો ઓટલો બનાવેલો હોય છે. પશુ બાંધવાની છાપરી ઘરની અડોઅડ હોય છે. જેને છાપરી હોતી નથી તે ઘરમાં પશુઓ બાંધે છે. એ માટે લાકડ ાની વાંસની વળિયોથી દિવાલ બનાવી કે લાકડાની આડો મૂકીને અલાયદા ખંડ જેવું બનાવેલું હોય છે. ઘરમાં લાકડાનો માળો બનાવેલો હોય છે. જ્યાં ખેતીવાડીના સાધનો અને ઘરવખરીની ચીજવસ્તુઓ મૂકી રાખે છે.

ઘરની બહારની ખુલ્લી જગ્યાને તાપણું અને બેસવા ઉઠવાની જગ્યા માટે વાપરે છે. ખંડની ખૂણાવાળી જગ્યાએ ખેતીના સાધનો નજીકમાં વાંસની

છાણમાટીથી લીંપેલી કોઠીઓ અનાજ માટે મૂકી રાખે છે. એક ખૂણામાં ચૂલો રાખે છે. ચૂલાવાળા ખૂણામાં કથરોટ, કલેડુ, હાંડલી, ચાટવો, તાવડી, થાળી અને બાજુમાં ઘંટી હોય છે. ઘરના વચ્ચેના ભાગમાં ઉઘવા માટે જગ્યા હોય છે. જે જગ્યાએ ખાત, ખાંડણીયું, ઘંટી હોય છે. મરઘા ઉંચે રાખવા માટે વાંસની ટોપલીઓ ટીંગાડેલી જોવા મળે છે. કપડા મૂકવાની પેટી, ચીમની ,ફાણસ વગેરે જેવા સાધનો ઘરવખરીમાં જોવા મળે છે. ઘર બહાર પાણીના માટલા માટે ગાંડી-માલડી હોય છે. પાણી પીવા માટે ડોવડી, તુમડીનો ડોયો હોય છે.

તપાસના નવ ગામના કુલ ૧૯૦ જેટલા આવરી લીધેલા કુટુંબોના ઘરોની રચના, ઘરવખરી અને અન્ય પરિસ્થિતિ જે જોવા મળી હતી તે નીચે મુજબ હતી. તપાસમાં આવરી લીધેલા બધા જ કુટુંબોને પોતાની માલીકીનું ઘર જોવા મળ્યું હતું. તપાસ દરમ્યાન જૂનારાજ ગામમાંથી માત્ર એક કુટુંબ પાકુ મકાન ધરાવતું જાણવા મળ્યુ હતું. બાકીના સમગ્ર કુટુંબો કાચા મકાનોમાં વસવાટ કરતા જોવા મળ્યા હતા. તપાસના કુટુંબોમાંથી સામાન્ય રીતે એક, બે અને ત્રણ ઓરડાવાળા ઘરો જોવા મળ્યા હતા. જે તપાસના નવ ગામના ૧૯૦ કુટુંબોમાંથી એક ઓરડાવાળા ૪૪ ( ૨૩.૧૬ ટકા ) બે ઓરડાવાળા ૧૦૦ (૫૨.૬૩ ટકા ) ત્રણ ઓરડાવાળા ૪૩ (૨૨.૬૩ ટકા ) ઘરો અને ચાર ઓરડાવાળા માત્ર ૩ ( ૧.૫૮ ટકા ) ઘરો જોવા મળ્યા હતા. ચાર ઓરડાવાળા ઘરો તપાસના વાગલખોડ, ઝરીયા અને સામોટ ગામમાંથી એક એક કુટુંબને જોવા મળ્યા હતા. તપાસના કુટુંબોમાંથી બે ખંડના ઘરોની સંખ્યા સૌથી વિશેષ જોવા મળી હતી. જ્યારે એક ઓરડો અને ત્રણ ઓરડા ધરાવતા ઘરોની સંખ્યા સરખી જોવા મળી હતી.

આમ તપાસના કુટુંબોમાંથી લગભગ બધા જ કાચા મકાનોમાં વસવાટ કરતા કુટુંબો જોવા મળ્યા હતા. એ જ રીતે તપાસમાં આવરી લીધેલા કુટુંબોનું ઓરડાની સંખ્યા જાણવા મળી હતી. તે પણ પરંપરાગત રીતે જાણવા મળી હતી. ઓરડાની સંખ્યામાં જે કંઇક પરિવર્તન જોવા મળ્યું હતુ તે તપાસના પોઇચા અને વાગલખોડ ગામમાંથી જાણવા મળ્યું હતું. પોઇચામાં વસાવાના

ઘરો રજપૂતો અને હરિજનો સાથે હોવાથી ઘરના ઓરડાની લંબાઈ કે આકાર લંબચોરસ આકારનો જોવા મળ્યો હતો. એ રીતે વાઘલખોડના સરકારી યોજના દ્વારા જે બે ત્રણ મકાન મળ્યા. તેમાં શંકુ આકારને બદલે ચોરસ આકારનું ઘરો જોવા મળ્યા હતા. આમ તેમની ઓરડાની રચનામાં બાહ્ય પરિબળોની અસરો નહીંવત્ પ્રમાણમાં થયેલી જોવા મળી હતી.

તપાસના કુટુંબોમાંથી મકાનો પ્રકાર અને જોવા મળેલા ઓરડાની સંખ્યા કોઠા નંબર ૨.૧ જોવાથી કુલ અને ગામ વાર જાણવા મળશે.

કોઠા નંબર : ૨.૧ મકાનનો પ્રકાર અને ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | કાચુ | પાકુ | કુલ | ઓરડાની સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧(એક) | ૨(બે) | ૩(ત્રાણ) | ૪(ચાર) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કાકરપાડા | ૨૦ | - | ૨૦ | ૧ | ૧૨ | ૭ | - | ૨૦ |
| | | | | | ૫.૦૦ | ૬૦.૦૦ | ૩૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૨ | પાટલા મહુ | ૨૦ | - | ૨૦ | ૧ | ૧૧ | ૮ | - | ૨૦ |
| | | | | | ૫.૦૦ | ૫૫.૦૦ | ૪૦.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૩ | વાગલખોડ | ૩૫ | - | ૩૫ | ૧૦ | ૧૮ | ૬ | ૧ | ૩૫ |
| | | | | | ૨૮.૫૭ | ૫૧.૪૩ | ૧૭.૧૪ | ૨.૮૬ | ૧૦૦.૦૦ |
| ૪ | મોસદા | ૨૦ | - | ૨૦ | ૮ | ૮ | ૪ | - | ૨૦ |
| | | | | | ૪૦.૦૦ | ૪૦.૦૦ | ૨૦.૦૦ | | ૧૦૦.૦૦ |

ચાલુ...

કોઠા નં.૨.૧ ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૧૯ | ૧ | ૨૦ | ૮ | ૯ | ૩ | - | ૨૦ |
| | | ૯૫.૦૦ | ૫.૦૦ | | ૪૦.૦૦ | ૪૫.૦૦ | ૧૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૬ | ઝરીયા | ૨૦ | - | ૨૦ | ૬ | ૧૦ | ૩ | ૧ | ૨૦ |
| | | | | | ૩૦.૦૦ | ૫૦.૦૦ | ૧૫.૦૦ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૭ | પોઇચા | ૨૦ | - | ૨૦ | - | ૧૫ | ૫ | - | ૨૦ |
| | | | | | | ૭૫.૦૦ | ૨૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૮ | સામોટ | ૧૫ | - | ૧૫ | ૪ | ૮ | ૨ | ૧ | ૧૫ |
| | | | | | ૨૬.૬૭ | ૫૩.૩૩ | ૧૩.૩૩ | ૬.૬૭ | ૧૦૦.૦૦ |
| ૯ | માલ | ૨૦ | - | ૨૦ | ૬ | ૯ | ૫ | - | ૨૦ |
| | | | | | ૩૦.૦૦ | ૪૫.૦૦ | ૨૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧૮૯ | ૧ | ૧૦૦ | ૪૪ | ૧૧૦ | ૪૩ | ૩ | ૧૯૦ |
| | | ૯૯.૪૭ | ૦.૫૩ | ૧૦૦.૦૦ | ૨૩.૧૬ | ૫૨.૬૩ | ૨૨.૬૩ | ૧.૫૪ | ૧૦૦.૦૦ |

તપાસના કુલ નવ ગામમાંથી ૧૯૦ ઘરોમાંથી સૌથી વધુ લંબાઈ પહોળાઈ ધરાવતા 30X40 ફૂટવાળા ૪૫(૨૩.૬૮ ટકા ) કુટુંબો જોવા મળ્યા. ૨૦X૨૫ ફૂટની લંબાઈ પહોળાઈ વાળા ૪૩ ( ૨૨.૬૪ ટકા) ઘરો, ૨૦X30 ફૂટવાળા ૩૪ (૧૭.૮૯ ટકા) ઘરો, ૨૫X30 ફૂટવાળા ૨૮(૧૪.૭૪ ટકા ), ઘરો, ૪૦X૫૦ ફૂટવાળા ૧૬ (૮.૪૨ ટકા) ઘરો, 30X૩૫ ફૂટવાળા ૧૧(૫.૭૯ ટકા ) ઘરો, ૫૦X૬૦ ફૂટવાળા ૮(૪.૨૧ ટકા) ઘરો, 30X૫૦ ફૂટવાળા ૪(૨.૧૧ ટકા ), ઘરો જોવા મળ્યા હતા. ૧૫X૨૦ ફૂટવાળું માત્ર ૧ (૦.૫૨ ટકા ) જ જોવા મળ્યું હતું.

તપાસમાં જોવા મળ્યા મુજબ ૨૦X૨૫ ફૂટની લંબાઈX પહોળાઈવાળા અને ૨૨X30 ફૂટવાળા, ૨૫X30 ફૂટવાળા અને 30X૩૫ ફૂટવાળા સૌથી વધુ ઘરો જોવા મળ્યા હતા. જે તપાસના નવ ગામના આંકડા ઉપરથી જોઈ શકાય છે. કે તપાસના કુટુંબોમાંથી મોટા ભાગના ઘરો આ લંબાઈ પહોળાઈમાં જોવા મળ્યા હતા. જે ગામ વાર નીચેના કોઠા ૨.૨ ઉપરથી જોઈ શકાય છે.

કોઠા નંબર : ૨.૨ મકાનનું ક્ષેત્રફળ દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | ૧૫X૨૦ | ૨૦X૨૫ | ૨૦X૩૦ | ૨૫X૩૦ | ૩૦X૩૫ | ૩૦X૪૦ | ૩૦X૫૦ | ૪૦X૫૦ | ૫૦X૬૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | કાકરવાડા | - | ૨ | - | ૪ | - | ૮ | ૨ | ૪ | - | ૨૦ |
| | | | ૧૦.૦૦ | | ૨૦.૦૦ | | ૪૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૨ | પાટલામહુ | - | - | ૨ | ૬ | - | ૭ | - | ૪ | ૧ | ૨૦ |
| | | | | ૧૦.૦૦ | ૩૦.૦૦ | | ૩૫.૦૦ | | ૨૦.૦૦ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ | વાગલખોડ | ૧ | ૮ | ૫ | ૫ | ૧ | ૧૨ | - | ૧ | ૨ | ૩૫ |
| | | ૨.૮૬ | ૨૨.૮૬ | ૧૪.૨૯ | ૨.૮૬ | ૩૪.૨૮ | | ૪.૪૪ | ૨.૮૬ | ૫.૭૧ | ૧૦૦.૦૦ |
| ૪ | મોસદા | - | ૬ | ૫ | ૨ | - | ૩ | - | ૪ | - | ૨૦ |
| | | | ૩૦.૦૦ | ૨૫.૦૦ | ૧૦.૦૦ | | ૧૫.૦૦ | | ૨૦.૦૦ | | ૧૦૦.૦૦ |

ચાલુ..

કોઠા નંબર : ૨.૨ ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જુનારાજ | - | ૯ | ૬ | - | - | ૩ | - | - | ૨ | ૨૦ |
| | | | ૪૫.૦૦ | ૩૦.૦૦ | | | ૧૫.૦૦ | | | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬ | ઝરીયા | - | ૬ | ૬ | ૧ | | ૪ | ૨ | ૧ | - | ૨૦ |
| | | | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૫.૦૦ | | ૨૦.૦૦ | ૧૦.૦૦ | ૫.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૭ | પોઇચા | - | ૧ | ૩ | ૫ | ૨ | ૬ | - | ૨ | ૧ | ૨૦ |
| | | | ૫.૦૦ | ૧૫.૦૦ | ૨૫.૦૦ | ૧૦.૦૦ | ૩૦.૦૦ | | ૧૦.૦૦ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮ | સાખોટ | - | ૪ | ૪ | - | ૬ | - | - | - | ૧ | ૧૫ |
| | | | ૨૬.૬૭ | ૨૬.૬૭ | | ૪૦.૦૦ | | | | ૬.૬૬ | |
| ૯ | માલ | - | ૭ | ૩ | ૫ | ૨ | ૨ | | | ૧ | ૨૦ |
| | | | ૩૫.૦૦ | ૧૫.૦૦ | ૨૫.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | | | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧ | ૪૩ | ૩૪ | ૨૮ | ૧૧ | ૪૫ | ૪ | ૧૬ | ૮ | ૧૯૦ |
| | | ૦.૫૨ | ૨૨.૬૪ | ૧૭.૮૯ | ૧૪.૭૪ | ૫.૭૯ | ૨૩.૬૮ | ૨.૧૧ | ૮.૪૨ | ૪.૨૧ | ૧૦૦.૦૦ |

તપાસના કુટુંબોમાંથી વ્યકિત ધોરણો જે આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકયા છે તેવા ઘરોની લંબાઇ કે પહોળાઇ વધારે જોવા મળી હતી. એમ તપાસના કુટુંબમાંથી ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું. ઘણા ઘરોની લંબાઇ , પહોળાઇ ઓછી જોવા મળી હતી. જેનું કારણ તેમની આર્થિક પરિસ્થિતિ જાણવા મળ્યું હતું. એટલે કે આજે જંગલ જે ગામોની નજીકથી સાફ થઇ જવા પામ્યુ છે.તેથી ઉપર અસર થયેલી જોવા મળે છે. વસાવા લોકોનો છાજનો ઉપયોગ તપાસના નવ ગામોમાંથી જુદો જુદો જોવા મળ્યો હતો. એ જ રીતે ઘરની દિવાલો પણ તપાસના બધા જ ગામોમાં લગભગ સરખી જોવા મળી હતી. માત્ર તપાસના પોઇચો ગામમાંથી ઘરની ભીંતમાં કપાસની કે તુવેરની સાંઠીનો ઉપયોગ થતો જોવા મળ્યો હતો. બાકીના આઠ ગામોમાં જંગલમાંથી મળતા વાંસ, બરુ, ઘાસ(ડાભ) વગેરેનો ઉપયોગ જોવા મળ્યો હતો. ઘરની ભીંત જે છાણ માટીની લીંપતી જોવા મળી હતી.

તપાસના કુટુંબોમાંથી ઘર ઉપરની છાજ માટે દેશીનળિયા, વિલાયતી નળિયા, ઘાસ(ડાભ) પતરાં, તાડના પાન વગેરેનો ઉપયોગ જોવા મળ્યો હતો. જે કોઠા ૨.૩ માં દર્શાવ્યા મુજબ હતો. તપાસના કુલ નવ ગામમાંથી ૧૯૦ કુટુંબોમાંથી ૬૦ ( ૩૧.૫૯ ટકા) ઘરોને દેશી નળિયાનું છાજ, ૩૪ (૧૭.૮૯ ટકા ) ઘરોને વિલાયતી નળિયા, ૭૨ (૩૭.૮૯ ટકા ) ઘરોને દેશીનળિયા ઘાસનું છાજ, ૧૧ (૫.૭૯ ટકા ) ઘરોને વિલાયતી નળિયા અને પતરાનું છાજ, જયારે ૧૩ (૬.૮૪ ટકા ) ઘરોને દેશી-વિલાયતી નળિયા અને ઘાસનું છાજ છાજતાં જોવા મળ્યા હતા.

તપાસના નવ ગામના પ્રમાણે જોઇએ તો તપાસના કાકરપાડા અને પાટલામહુ ગામના બધા જ કુટુંબો પોતાના ઘર ઉપર દેશી નળિયા છાજતા જોવા મળ્યા હતા. બાકીના તપાસના મોસદા અને સામોદ , માલ ગામોમાં દેશીનળિયાનો ઉપયોગ છાજ માટે જોવા મળ્યો ન હોતો. તપાસના ગામમાં દેશીનળિયા અને ઘાસનો ઉપયોગ સૌથી વિશેષ થતો જોવા મળ્યો હતો.

કોઠા નંબર : ૨.૩ દિવાલનો અને છાપરાનો પ્રકાર

| ક્રમ | ગામ | દિવાલનો પ્રકાર | | | કુલ | છાપરાનો પ્રકાર | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વાંસ | માટી સાંપી | વાંસ છાણ ઘાસ | | દેશી નળિયા | વિલાયતી નળિયા | દેશી નળિયા ઘાસ અન્ય | વિલાયતી પતરાં | દેશી-વિલાયતી ઘાસ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | કાકરપાડા | - | - | ૨૦ | ૨૦ | ૨૦ | - | - | - | - | ૨૦ |
| ૨ | પાટલામહુ | - | - | ૨૦ | ૨૦ | ૨૦ | - | - | - | - | ૨૦ |
| ૩ | વાગલખોડ | - | - | ૩૫ | ૩૫ | ૯ | ૧૦ | ૧૬ | - | - | ૩૫ |
| | | | | | | ૨૫.૭૧ | ૨૮.૫૮ | ૪૫.૭૧ | | | ૧૦૦.૦૦ |
| ૪ | મોસદા | - | - | ૨૦ | ૨૦ | - | ૧૩ | - | ૧ | ૬ | ૨૦ |
| | | | | | | | ૬૫.૦૦ | | ૫.૦૦ | ૩૦.૦૦ | ૧૦૦.૦૦ |

ચાલુ...

કોઠા નંબર : ૨.૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | - | - | ૨૦ | ૨૦ | ૧ | ૧ | ૧૭ | - | ૧ | ૨૦ |
| | | | | | | ૫.૦૦ | ૫.૦૦ | ૮૫.૦૦ | | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬ | ઝરીયા | - | - | ૨૦ | ૨૦ | ૨ | ૭ | ૫ | ૪ | ૨ | ૨૦ |
| | | | | | | ૧૦.૦૦ | ૩૫.૦૦ | ૨૫.૦૦ | ૨૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૭ | પોઇચા | - | ૨૦ | - | ૨૦ | ૮ | - | ૧૧ | | ૧ | ૨૦ |
| | | | | | | ૪૦.૦૦ | | ૫૫.૦૦ | | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮ | સામોટ | - | - | ૧૫ | ૧૫ | | ૩ | ૪ | ૬ | ૨ | ૧૫ |
| | | | | | | | ૨૦.૦૦ | ૨૬.૬૭ | ૪૦.૦૦ | ૧૩.૩૩ | ૧૦૦.૦૦ |
| ૯ | માલ | - | - | ૨૦ | ૨૦ | - | - | ૧૯ | - | ૧ | ૨૦ |
| | | | | | | | | ૯૫.૦૦ | | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | - | ૨૦ | ૧૭૦ | ૧૯૦ | ૬૦ | ૩૪ | ૭૨ | ૧૧ | ૧૩ | ૧૯૦ |
| | | | ૧૦.૫૩ | ૮૯.૪૭ | ૧૦૦.૦૦ | ૩૧.૫૯ | ૧૭.૮૯ | ૩૭.૮૯ | ૫.૭૯ | ૬.૮૪ | ૧૦૦.૦૦ |

તપાસના કુટુંબોથી ઘર ઉપરના છાજમાં વિલાયતી નળિયા અને પતરા જોવા મળ્યા હતા. વિલાયતી નળિયા આજે છેક જંગલ વિસ્તારના ગામોમાં પણ વપરાતા જોવા મળે છે. જે આજ સુધી માત્ર દેશી નળિયા, ઘાસ કે તાડના પાંદડાનું છાજ છાજતા હતા તે બહારના સંપર્કને કારણે આજે વિલાયતી નળિયા વાપરતા થયા છે. સવર્ણ રજપૂત , હરિજન જાતિઓના સંપર્કને કારણે ઘરના છાજ ઉપર પતરાનું છાજ પણ વાપરતા થયા છે. આમ બાહ્ય જગતના સંપર્કને કારણે સરકારી સહાયથી તેમનામાં આ પતરાના છાજનો ઉપયોગ થતો જોવા મળ્યો હતો. જો કે તેની પરિવર્તન ખૂબ ધીમી જોવા મળે છે. માંડ ગામમાં એકાદ બે ઘરોને આવા નવીન છાજની ઢંકાયેલુ જોવાનું મળે. જો કે વિલાયતી નળિયાનો ઉપયોગ વધુ પ્રમાણમાં વધતો તેમનામાં જોવા મળ્યો હતો.

વસાવા લોકો ઘરની સાથે પશુઓને બાંધવા માટેની છાપરી બાંધે છે કેટલાક છાપરીને બદલે ઘરમાં જ ઓરડાના બે ભાગ કરીને સાગ કે વાંસના લાકડાથી દિવાલની જેમ બાંધીને પશુઓને રાખવાની વ્યવસ્થા કરતી જોવા મળ્યા હતા. તપાસના ૧૯૦ કુટુંબોમાંથી ૧૬૯(૮૮.૯૫ ટકા ) ઘરોને પશુઓ બાંધવા માટેની છાપરી જોવા મળી હતી. ૨૧ ( ૧૦.૦૫ ટકા ) કુટુંબો પોતાના ઘર સાથે પશુઓની છાપરી ધરાવતા નહોતા. તેઓ પશુઓને ઘરમાં જ બાંધતા જોવા મળ્યા હતા.

તપાસના કાકરપાડા, ઝરીયા અને સામોટ ગામ બધા કુટુંબોના ઘરોની સાથે પશુઓ બાંધવા માટેની છાપરીની વ્યવસ્થા જોવા મળી હતી.જ્યારે બાડીના પાટલામહુના ૧૮ ( ૯૦.૦૦ ટકા ), વાગલખોડના ૨૬ (૭૪.૨૮ટકા) મોસદાના ૧૮( ૯૦.૦૦ટકા ), જૂનારાજના ૧૬( ૮૦.૦૦ ટકા) , પોઈચાના ૧૯(૯૫.૦૦ ટકા) અને માલના ૧૭ (૮૫.૦૦ ટકા) કુટુંબોના ઘરો પાસે પશુઓ બાંધવા માટેની છાપરીની વ્યવસ્થા જોવા મળી હતી. ડેરીની ભેંસો મળવાને કારણે પણ કેટલાક કુટુંબોના ઘરોની સાથે પશુઓ બાંધવાની છાપરીની નવી વ્યવસ્થા જોવા મળી હતી. એટલે નવી ભેંસો મળવાથી પશુ માટેની છાપરી બાંધતા જોવા મળે છે.

તપાસના કુલ કુટુંબોમાંથી ૨૧(૧૦.૭૫ ટકા) કુટુંબોના ઘરોની સાથે પશુઓ બાંધવા માટેની છાપરી જોવા મળી નહોતી. આ કુટુંબો પાસે કાંતો પશુઓ નહોતા કે પશુઓ હોવા છતાં ઘરમાં જ બાંધીને ચલાવતા જોવા મળ્યા હતા. પશુ માટેની છાપરી જોવા મળી નહોતી તેમાં પાટલામહુના (૧૦.૭૦ ટકા) વાગલખોડના ૯ ( ૨૫.૭૧ ટકા ) મોસદાના ૨(૧૦.૦૦ ) જૂનારાજના ૪ (૨૦.૦૦ ટકા ) પોઇચાના ૧(૫.૦૦ ટકા ) અને માલના ૩(૧૫.૦૦ ટકા) કુટુંબોનો સમાવેશ થતો હતો.

આમ ઘરના છાજની બાબતમાં જે પરિવર્તન જોવા મળ્યું હતુ તે વ્યક્તિગત આર્થિક પરિસ્થિતિને કારણે સવર્ણોની ~~રજૂ~~ રજપૂત અને હરિજન નીતિના સંપર્ક ને કારણે હતું. પશુઓની છાપરીની બાબતમાં જેને ડેરીની ભેંસ મળી છે એવા પોઇચા, કાકરપાડા અને વાગલખોડ ગામોના કુટુંબોની સાથે જ પશુઓની છાપરીઓ ભેંસોને કારણે કેટલાક કુટુંબોની વધારેલી જોવા મળી હતી. ડેરીની ભેંસો મળવાને કા આર્થિક સ્થિતિમાં પણ કંઇક અંશે રાહત થયેલી જોવા મળે છે. કેટલાકને ડેરીની ભેંસો મરણ પામી છે છતાં કેટલાંક કારણોસર તેનો વીમો તેમનો મળતો નથી. જે તપાસના કાકરપાડાના કુટુંબોમાંથી ફરિયાદ થયેલી જાણવા મળી હતી. એટલે આજે પણ આ શિક્ષણથી વંચિત પ્રજાને આ રીતે સહન કરવું પડે છે.

કોઠા નંબર : ૨.૪ મકાન માલિકી અને પશુ છાપરી

| ક્રમ | ગામ | મકાન માલિકી | | | પશુ છાપરી | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | હા | ના | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | કાકરપાડા | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૨૦ |
| ૨ | પાટલામહુ | ૨૦ | - | ૨૦ | ૧૮ | ૨ | ૨૦ |
| | | | | | ૯૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ | વાગલખોડ | ૩૫ | - | ૩૫ | ૨૬ | ૯ | ૩૫ |
| | | | | | ૭૪.૨૯ | ૨૫.૭૧ | ૧૦૦.૦૦ |
| ૪ | મોસદા | ૨૦ | - | ૨૦ | ૧૮ | ૨ | ૨૦ |
| | | | | | ૯૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |

ચાલુ...

કોઠા નંબર : ૨.૫.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | - | ૨૦ | ૧૬ | ૪ | ૨૦ |
| | | | | | ૮૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬ | ઝરીયા | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૨૦ |
| | | | | | | | ૧૦૦.૦૦ |
| ૭ | પોઇચા | ૨૦ | - | ૨૦ | ૧૯ | ૧ | ૨૦ |
| | | | | | ૯૫.૦૦ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮ | સામોટ | ૧૫ | - | ૧૫ | ૧૫ | - | ૧૫ |
| | | | | | | | ૧૦૦.૦૦ |
| ૯ | માલ | ૨૦ | - | ૨૦ | ૧૭ | ૩ | ૨૦ |
| | | | | | ૮૫.૦૦ | ૧૫.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૧૯૦ | - | ૧૯૦ | ૧૬૯ | ૨૧ | ૧૯૦ |
| | | | | | ૮૮.૯૫ | ૧૧.૦૫ | ૧૦૦.૦૦ |

વસાવા ઘર બાંધણી માટે પહેલાં છૂટથી જંગલમાંથી લાકડા લઇ આવતા હતા. આજે ઘણી જગ્યાએ જંગલ બિલકુલ કપાઇ ગયું છે. ઘણી જગ્યાએ ઓછુ થઇ જવા પામ્યું છે. તેથી લાકડાની તંગી વર્તાતી જાય છે. આ ઉપરાંત જંગલ અંગેના કડક કાયદાઓને કારણે પણ તેમનામાં મુશ્કેલી ઉભી થયેલી છે. આ બધી રીતે લાકડા મોંઘા બન્યા હોવાથી આજે તેઓ છૂટથી રીતે લાકડા જંગલમાંથી કાપી લાવીને ઘર માટે વાપરતા થયા છે. આમ રીતે જંગલના લાકડા કાપવાથી કેટલાકને દંડ પણ થાય છે. તપાસ દરમ્યાન કાકરપાડામાંથી અને મોસદામાંથી લાકડા કાપવા માટે દંડ થયેલો જાણવા મળ્યો હતો. જે કુટુંબોની આર્થિકસ્થિતિ અતિનબળી છે તેવા કુટુંબોને ઘર બનાવવું હોય ત્યારે ઘર નાનું નીચું ઓછા ખર્ચમાં બનાવે છે. આ નબળી સ્થિતિના કુટુંબો પાસે છાજ માટેના નળિયાના પૈસા પણ ન હોવાથી ઘાસનું કે તાડના પાનનું છાજ ઢાંકીને ચલાવે છે. તેમની ઘર રચનામાં ઉપર જોયું તેમ મુજબ છાજમાં નળિયા કે પતરા વાપરતા જોવા મળ્યા હતા. આજે કેટલાક કુટુંબો ઘર બાંધણીમાં સુથાર વગેરેનો પણ ઉપયોગ તેમનામાં થયેલો જાણવા મળ્યો હતો. પહેલાં કુંભાર પાસે નળિયા લઇને ઘર ઉપર છાજતા હતા. આજે ઘણા જાતે બનાવીને છાજતા જોવા મળ્યા હતા.

વસાવાની ઘર બાંધણીમાં ઝાઝું પરિવર્તન જોવા મળતું નથી. પરંતુ ઘરની દિવાલો ઉપર કે ઘરવખરીમાં કે બીજા રાચરચીલામાં ઉંડાણના વિસ્તારો કરતાં શહેરી સંપર્ક જયાં વધ્યો છે. ત્યાં નવીન ચીજવસ્તુઓએ તેમનામાં પ્રવેશ કર્યો છે. આજે ઘર બાંધણીમાં પહેલાં કરતાં ખર્ચ પણ લગભગ બમણો થયેલો છે તેમ તેમના સંપર્કથી જાણવા મળ્યું હતું. ઘરની ભીંતોએ ધાર્મિક દેવદેવીઓના ચિત્રો રામ, હનુમાન , અંબામાતા વગેરેના જોવા મળે છે. ઘણા ઘરોની ભીંતોએ હીરો હિરોઇનના ચિત્રો પણ જોવા મળે.

<u>ઘરવખરીના સાધનો :</u>

વસાવા પાસે ઘરવખરીના સાધનોની સંખ્યા ઓછી જોવા મળે છે. તેમની પાસે ઘરવખરીના વાસણમાં એલ્યુમિનિયમનાં, માટીનાં, કાચનાં, પિત્તળના, સ્ટીલના અન્ય લાકડા કે ધાતુના વાસણો જોવા મળ્યા હતા. તેમાં માટી અને

એલ્યુમિનિયમના વાસણો સિવાય પિત્તળના, કાચના, સ્ટીલના વાસણોએ આજે તેમના સુધી એક યા બીજી રીતે પહોંચ્યા છે. જેમાં શહેરી સંપર્ક, હાટ મેળાઓના વેપારીઓ અને જે શિક્ષણ પામ્યા છે એવા વસાવા કુટુંબોમાં પણ આર્થિક સ્થિતિ સુધરતાં આ નવીન ધાતુઓના વાસણો વાપરતા થયા છે. નપાસમાં લીધેલા કુટુંબોમાંથી નપાસના બે કુટુંબોના ઘરવખરીના વાસણો જોવા મળ્યા હતા. તે નીચે મુજબ હતા.

| ગામ | પાટલામહુ | મોસદા |
|---|---|---|
| નામ | છેડાભાઇ મોહનભાઇ વસાવા | શંકરભાઇ વાહડીયાભાઇ વસાવા |
| તાંબા | ૧ | ૦ |
| એલ્યુમિનિયમ | ૫ | ૨ |
| પિત્તળ | ૦ | ૧ |
| સ્ટીલ | ૦ | ૦ |
| માટી | ૧૦ | ૪ |
| કાચ | ૩ | ૧ |
| અન્ય | ૨ | ૧ |
| કુલ | ૨૧ | ૯ |

નોંધ : વાસણ સંખ્યા દર્શાવતા કોઠામાં નામ બદલ્યા છે.

કોઠા નંબર : ૨.૫ ઘરવખરીના સાધન વાસણ અને અન્ય સાધનો

| ક્રમ | ગામ | તાંબા | એલ્યુમિનિયમ | પિત્તળ | સ્ટીલ | માટી | કાચ | અન્ય | કુલ | ખાટલા | ટેબલ ખુરશી | અન્ય | સાયકલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ડાડરપાડા(૨૦) | ૨૭ | ૫૧ | ૧૨ | ૧૬ | ૧૫૭ | ૬૫ | ૨૩ | ૩૫૧ | ૨૨ | ૨ | - | ૧ |
| ૨ | પાટલામહુ (૨૦) | ૩૭ | ૭૫ | ૨૩ | ૩૯ | ૧૭૫ | ૬૦ | ૩૭ | ૪૪૬ | ૪૭ | ૧૧ | - | - |
| ૩ | વાગલખોડ(૧૫) | - | ૧૫૨ | ૩૭ | ૧૭ | ૨૯૧ | ૮૬ | ૬૮ | ૬૫૧ | ૮૬ | - | - | - |
| ૪ | મોસદા (૨૦) | - | ૬૯ | ૨૮ | - | ૧૦૬ | ૧૭ | ૧૬ | ૨૩૬ | ૩૩ | ૧ | - | - |
| ૫ | જૂનારાજ(૨૦) | ૨ | ૧૦૫ | ૪૫ | ૨૦ | ૧૪૭ | ૬૭ | ૪૮ | ૪૩૪ | ૫૦ | ૧૦ | ૧ | - |
| ૬ | ઝરીયા (૨૦) | ૨ | ૯૧ | ૪૯ | ૮ | ૧૪૧ | ૨૯ | ૩૬ | ૩૫૬ | ૪૮ | - | - | - |
| ૭ | પોઇચા(૨૦) | ૩ | ૯૫ | ૫૬ | ૭ | ૧૨૧ | ૪૦ | ૨૩ | ૩૪૫ | ૪૫ | - | - | - |
| ૮ | સામોટ(૧૫) | - | ૬૦ | ૨૧ | ૫ | ૮૦ | ૧૯ | ૧૨ | ૧૯૭ | ૨૩ | - | - | - |
| ૯ | માલ ( ૨૦) | - | ૬૩ | ૯ | - | ૧૦૧ | ૧૬ | ૨૨ | ૨૧૧ | ૨૦ | - | - | - |

ચાલુ...

કોઠા નંબર : ૨.૫.. ચાલુ..

| ક્રમ | ઘડિયાળ | રેડિયો | માછલી જાળ | શિકાર સાધન | | | ટોપલી ટોપલા | દળવાની ઘંટી | પેટી | કોઠી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૧ | ૨ | ૧ | ૨૩ | ૧ | ૨ | ૨૫ | ૫૩ | ૮ | ૫ | ૨૫ | ૧૭૦ |
| ૨ | ૩ | ૫ | ૩૩ | ૪ | ૨ | ૩૧ | ૭૪ | ૧૬ | ૧૦ | ૪૭ | ૨૮૩ |
| ૩ | ૪ | ૨ | ૪ | ૨ | ૧ | ૫૨ | ૧૨૬ | ૨૪ | ૧૯ | ૧ | ૩૩૧ |
| ૪ | ૧ | - | ૨૬ | ૧૮ | - | ૨૪ | ૬૨ | ૧૩ | ૪ | - | ૧૮૨ |
| ૫ | ૩ | ૩ | ૧ | ૨૧ | - | ૧૪ | ૩૪ | ૮૬ | ૧૪ | ૭ | ૨૫૦ |
| ૬ | - | - | ૨૮ | ૧૫ | - | ૩૨ | ૭૫ | ૧૬ | ૮ | - | ૨૨૨ |
| ૭ | - | - | ૨૧ | ૫ | - | ૩૩ | ૭૪ | ૧૭ | ૧૦ | - | ૨૦૫ |
| ૮ | - | ૧ | ૨૩ | ૧૦ | - | ૧૭ | ૪૬ | ૧૦ | ૩ | - | ૧૧૩ |
| ૯ | ૧ | ૨ | ૨૭ | ૧૩ | - | ૨૧ | ૪૫ | ૧૦ | ૨ | - | ૧૩૯ |

તપાસના પાટલામહુમાંથી વાસણ સંખ્યા મોસદા ગામના કુટુંબ કરતાં વિશેષ જોવા મળી હતી. પાટલા મહુમાંથી સુરત નવસારી વગેરે જગ્યાએ સુગર ફેકટરીમાં કે શેરડીના ખેતરોમાં સીઝનલ મજૂરીએ જતા હોઇ આર્થિક સ્થિતિ મોસદા કરતાં કંઇક સારી જોવા મળી હતી.

ઘરવખરીના અન્ય સાધનોમાં ખાટલા, ખુરશી, સાયકલ, ઘડિયાળ, રેડિયો, પેટી જેવા સાધનોએ તેમનામાં પ્રવેશ કર્યો છે. ખાટલા તેમને ત્યાં ભાગ્યે જોવા મળતા હતા. આજે દરેક કુટુંબે ખાટલા જોવા મળે છે. અન્ય સરકારી કામ કરતા સંપર્કને કારણે પટેલ કે સરપંચને ઘરે ખુરશી પણ જોવા મળી હતી. ઘડિયાળ, રેડિયો પણ કેટલાકના ઘરે જોવા મળ્યા હતા. ઘડિયાળ રેડિયો, સાયકલ, પેટી જે કુટુંબોમાંથી બહારની મજૂરી કે નોકરી કરતા હતા તેવા કુટુંકોને ઘરે જોવા મળ્યા હતા. બાકી ઘરવખરીના સાધનોમા પરંપરાગત રીતે તેઓ મતે બનાવી લે છે તેવા માછલી પકડવાની જાળ, જાળી, શિકારના સાધનો, ચમની, ટોપલા , ટોપલી, વાંસની કોઠીઓ વગેરે હતી. દળવાની ઘંટી તેમને બહારની લાવવી પડે છે. આ બધા સાધનોની સંખ્યા કોઠા નંબર ૨.૫ માં આપી છે.

ઘરવખરીની સાધન સામગ્રીમાં વાસણો અને અન્ય ઘરવખરીના સાધનોમાં વસાવા લોકો પાસે બધા કુટુંબો પાસે પૂરતા પ્રમાણમાં જોવા મળ્યા નહોતા. કેટલાક કુટુંબો ઘંટી ધરાવતા નહોતા તેવા કુટુંબો બીજા કુટુંબો પાસેથી મેળવીને ઉપયોગ કરી લેતા હતા.

મોટાભાગના કુટુંબો પાસે માટી અને એલ્યુમિનિયમના વાસણો વધારે ધરાવતા જોવા મળ્યા હતા. અને ઘરવખરીમાં ખાટલા, ચીમની, માછલી જાળ, જાળી, ટોપલા, ટોપલી ધરાવતા જે લગભગ બધા કુટુંબો પાસે જોવા મળ્યા હતા.

## ભાષા કે બોલી :

વસાવા લોકોની કોઇ લિપિ નથી. માત્ર બોલીના સ્વરૂપે વ્યવહાર તેમની વચ્ચે જોવા મળે છે. તેમની બોલી વસાવી બોલી તરીકે ઓળખી શકાય

કારણ કે વસાવા લોકો તેમનો અંદરો અંદરનો વ્યવહાર તેમની વસાવી બોલીથી કરે છે. તેમની બોલીમાં જે લોકો મહારાષ્ટના ખાનદેશ પ્રદેશ નજીક છે તેમાં મરાઠીના ઘણા શબ્દો વપરાતા જોવા મળે છે. તેમનામાં ગુજરાતીના પણ ઘણા શબ્દો વપરાતા જોવા મળે છે. જે આ વિસ્તારની શિક્ષણની શાળાઓને કારણે નવી પેઢીમાં ગુજરાતીની સારી એવી પકડ જોવા મળે છે. કેટલાક બાહય સંપર્કને કારણે પણ તેમનામાં ગુજરાતીના શબ્દોનો વપરાશ વધવા પામ્યો છે. વહોરા વેપારીઓ, શિક્ષકો, જંગલખાતાના કર્મચારીઓ વગેરેના વસવાટને કારણે પણ આ ગુજરાતી શબ્દોનો વપરાશ તેમનામાં વધ્યો છે. તેમ છતાં તેમના અંદરો અંદરના વ્યવહારો વસાવી બોલીથી કરે છે. તેઓ ગુજરાતીને સારી રીતે સમજે છે, કેટલાક બોલે પણ છે. ઉંડાણના જંગલ વિસ્તારના ગામડાઓમાં બાહય સંપર્ક અને શિક્ષણની અસર ઓછી હોય ગુજરાતીમાં બોલવામાં મુશ્કેલી પડે છે. વસાવા બોલીના ઘરવપરાશના અને બીજા કેટલાક શબ્દો

માંડી- માલડી - પાણીનાં માટલાં મૂકવાનું સ્ટેન્ડ

| | |
|---|---|
| માંડો- રોટલો | તુદલી - ધનુષ્ય |
| કોદરી- ભાત | દુહાયડ- કુહાડી |
| માળો - શાક | દાંટલ - દાતરડું |
| દાઆં- દાળ | આયા - મા |
| હાકવે- ઈંડાં | આબા - પિતા |
| આથણ- માંસ | દાદા - ભાઈ |
| ગાઠો- ભડકુ | બાઈ - બહેન |
| તીરખાં- તીર | પાવડયોહો- બનેલી |
| ગાંજર- બિલાડી | ડાયલો - જેઠ |
| બાયજેઠાણી- જેઠાણી | ભાદુલ્યો - સોમવાર |
| દીહુ- દિયેર | નંદબારીયો - મંગળવાર |
| બાયદીહાયે- દેરાણી | કરોબીયો- બુધવાર |
| હોહરોહસામો- સસરો | ઈરાટવાડિયો- ~~શુક્ર~~ ગુરુવાર |
| હાવડા કૂઈ - સાસુ | થીયપાક્ષિયો - શુક્રવાર |
| મારી - પતિ | નોઘુરિયો - શનિવાર |
| થૈ - પત્ની | ખાનબારિયો - રવિવાર |

પોઇસ - દિકરી

પોઇસે - દિકરો

- ભાભી

ખોરાક-પીણાં :

ખોરાકમાં જુવાર, મકાઇ, બંટીનો રોટલા કે ભડકું બનાવીને ખાય છે. ચણા, તુવેર, મગ, અડદ વગેરેનો દાળ-શાક માં ઉપયોગ કરે છે. ચોખાનો ભાત વગેરે બનાવીને ખાય છે.

આ સિવાય વાડાના શાકભાજી અને બટાકા, ડુગળી રીંગણ વગેરેની શાકભાજીમાં ઉપયોગ કરે છે. અનાજની તંગીમાં જંગલમાંથી મળતા કંદમૂળ, (વાજકંદ, કડુકંદ) જંગલની ભાજીઓ, કુવાડીયા, ઝરખલા, મોજણી ઓબનીયા સરગોળ, ફાંગણી, કડવા ડોળી, સીસમ વગેરેની ભાજીઓ અડદની દાળ સાથે બાફી વગારીને ખાય છે.

શાકાહારી ખોરાક ઉપરાંત મરઘા, બકરા, સસલા તેતર વગેરેનું માંસ પણ ખાય છે. નદી- વહેલાનું કોતરોમાંથી માછલા પકડીને પણ ખાવામાં ઉપયોગ લે છે. શિકારની બંધી હોવા છતાં છૂપી રીતે શિકાર કરી લાવે છે.

ખોરાકમાં આજે શહેરની અસરો થયેલી જોવા મળે છે. જયારે હાટ મેળાના પ્રસંગો કે શહેરમાં જાય ત્યારે હોટલના ભજીયા, ગાંઠીયા, જલેબી જેવી ચીજવસ્તુઓ ખાય લે છે. કેટલીક વાર ભજીયા ઘરે પણ બનાવે છે. શિક્ષણ પામ્યા છે એવા કેટલાક વસાવા કુટુંબોમાં ઘઉં, બાજરી, ચોખાનો ઉપયોગ કરતા થયા છે. જયાં કેટલાક ધાર્મિક સંપ્રદાયોની અસરો છે ત્યાં પણ માંસાહાર દારૂ-તાડી વગેરે ખાતા કે પીતા ન હોય એવા કુટુંબો આજે જોવા મળે છે. સંપ્રદાયોમાં સતકેવાલ, કબીરપંથ ખ્રિસ્તી મિશ્નરીઓ અને હિંદુઓના કેટલાક રામ, કૃષ્ણ કે હનુમાન જેવા દેવદેવીઓની જેવો પૂજા વગેરે કરે છે તેઓની અસરો તેમનામાં થવા પામી છે.

વસાવાઓમાં બીડી, તમાકુ પીવાનું વ્યસન સ્ત્રી પુરુષ અને બાળકો સહિતમાં જોવા મળે છે. રાજપીપળા ડેડીયાપાડાથી તમાકુ વેચાતી લાવીને અથવા જંગલની પેદાશો કે કોઇક અનાજના બદલામાં પણ લાવીને પીવે છે. દારૂ પીવે છે પરંતુ આજે જંગલમાંથી મહુડાના વૃક્ષોનો મોટા પાયે નાશ થઇ જવાથી મહુડાના દારૂને બદલે ગોળનો દારૂ પીતા થયા છે. જ્યાં તાડનું પ્રમાણ ખૂબ મોટા પ્રમાણમાં છે. એવા રાજપીપળા અને ડેડીયાપાડાના ભાગોમાં તાડીનું સેવન કરે છે. ચા પણ પીતા થયા છે. પહેલાં દૂધ વિનાની ચા પીતા હતા આજે બકરા, ભેંસો હોવાથી દૂધમાંથી ચા બનાવીને પીતા પણ થયેલા જોવા મળે છે.

પહેરવેશ અને ઘરેણાં :

બાળકો નાના હોય ત્યારે કુદરતી અવસ્થામાં જ રખડતાં ઉઘાડા કે એકાદ ચડ્ડી કે ખમીસ પહેરેલા પણ જોવા મળે છે.

જુવાન છોકરાઓ જે નિશાળે કે આશ્રમ શાળામાં કે કૉલેજમાં જાય છે તે શર્ટ, બુશર્ટ, ચડ્ડી, પેન્ટ વગેરે પહેરે છે. કેટલાક નજીકની શહેરી અસરને કારણે પણ પેન્ટ, શર્ટ પહેરીને ફરતા જોવા મળે. જેમને બાહ્ય અસર નથી તેવા યુવાન છોકરાઓ ચડ્ડી, શર્ટ, બંડી, પાઇજામો અને માથે રૂમાલ બાંધે છે. હાથમાં બહાર જતાં ભાલો કે ધારિયુ રાખે છે.

વૃદ્ધો સેટી, ખમીસ , બંડી, માથુ ખુલ્લુ રાખે છે. બહાર જતાં જ માથે ફેંટો વીંટાળે છે. બહાર જતાં ફેંટો, બંડી, ખમીસ અને ધોતી અને હાથમાં છત્રી કે લાકડી રાખે છે.

નાની છોકરીઓ ફ્રોક પહેરે છે. જુવાન છોકરીઓ ચોયણી, સાડી, કબજો પહેરે છે. માથુ ઉઘાડુ રાખે છે. માથે રંગબેરંગી રીબીનો બાંધે છે. જે યુવતીઓ આશ્રમશાળા કે કોલેજમાં જાય છે તે સ્કર્ટ કબજો પહેરે છે.

ઘરડી વૃદ્ધાઓ કબજો, ઘાઘરો, ઓઢણી વગેરે પહેરે છે. યુવતી પરણિત હોય તો માથે ઓઢણી ઓઢે છે. વસાવા સ્ત્રીઓ કાળી કે લાલ

કિનારવાળી ઓઢણી અને ઘાઘરાનો રંગ પણ એ તેવો પહેરે છે. પુરુષો સફેદ કે પટ્ટાવાળા જુદા જુદા રંગના કપડાં મહદ્‌અંશે કોરણના પહેરે છે.

યુવાનો ટેરીકોટન કે કોટનના પેન્ટ, શર્ટ અને ફેશન વાળા કપડાં પહેરતા જોવા મળે છે. તે જ રીતે યુવતીઓ પણ શિક્ષણ પામતાં ટેરીકોટન કે કોટનના કપડાં ફેશન પ્રમાણે પહેરી થઇ છે. એટલે જયાં જયાં શહેરી સંપર્ક કે શિક્ષણ લેતા થયા છે ત્યાં તેમના પોશાકમાં પરિવર્તન થયેલું જોવા મળે છે.આજે કેટલાક નોકરી કરતા વસાવા છોકરા છોકરીઓ પણ આ નવીન ફેશનના કપડાં પહેરતા નજરે પડે છે.

કપડાં તેઓ નજીકના શહેરી વિસ્તારમાંથી ખરીદે છે. તેઓ રાજપીપળા વાલિયા, સેલંબા, ડેડીયાપાડા વગેરે સ્થળોએથી કપડાં ખરીદે છે. તેમાંના કેટલાક લાકડા વેચીને તો કેટલાક જંગલની ગૌણ પેદાશો વેચીને કપડાં ખરીદતા હોય છે.

બાળકોના ઘરેણમાં મણકા, કાળા દોરા વગેરે પહેરાવે છે. જુવા જુવાન પુરુષો કાનમાં ચાંદી કે કથીરનાં લવીંગીયાં પહેરે છે. હાથની આંગળીઓએ વીંટી, કમરે સ્થિતિ સારી હોય તે કંદોરો પહેરે છે. ઘરડા પુરુષો કવચિત કાનમાં તાની કડીઓ સિવાય બીજા ઘરેણાં પહેરતા નથી. નાની બાળાઓ બંગડી ( કાચ, પ્લાસ્ટીક, કથીરી ) પહેરે છે. નજીકના શહેર કે વાર તહેવારે ભરાતા હાટ મેળાઓમાંથી વેપારીઓ પાસેથી ખરીદીને લે છે. ગળામાં કડી, પગમાં સાંકડા વગેરે પહેરે છે. જુવાન સ્ત્રીઓ કાનમાં કડી, નાકમાં ~~માળા~~ ગળામાં કંઠી , હાથે બંગડી, પાટલા, કમ્મરે કંદોરો, પગમાં સાંકળા કે કલ્લાં પહેરે છે. ઘરડી વૃદ્ધાઓ વાલાં પહેરે છે. વિધવા સ્ત્રીઓ રૂપાનાં કાડિયા અને પગમાં બહાર જતી વેળાએ કલ્લાં પહેરીને જાય છે. વિધવા પુન:લગ્ન કરે તો ઘરેણાં બધા જ પહેરી  છે. ઘરેણાં સાથે સ્ત્રીઓ હાટ- મેળાઓમાં છૂંદણાં છુંદાવતી જોવા મળે છે. જો કે આજે બાહ્ય શહેરીકરણ ની અસર, બહારના વેપારીઓ દ્વારા તેમનામાં નવીન પ્લાસ્ટીકના, ચાંદીના ઘરેણાંએ પ્રવેશ કર્યો છે. છુંદણાં છુંદણમાં પણ આજની આધુનિક શિક્ષણ પામેલી યુવતીઓના શરીર ઉપર તેનું નિશાન જોવા મળતું નથી.

ધાર્મિક સાધનો :

ધાર્મિક સાધનોમાં ઢોલકી, મંજીરીયા, હાર્મોનિયમ જેવા સાધનો જોવા મળે છે. તેમના ઉપર હિંદુ સવર્ણ રજપૂત અને હરિજનોની અસર જોવા મળે છે. એ સિવાય સતકેવલ જેવા સંપ્રદાયની પણ અસર આ બાબતમાં તેમનામાં જોવા મળે છે.

શિકારના સાધનો :

શિકારના સાધનોમાં તેમની પાસે તીર કામઠું, માછલી પકડવાની જાળ જોવા મળે છે. છતાં જંગલ સાફ થઇ જવાથી કેટલાક આજુબાજુના ગામોમાં તીર કામઠા ઓછા થતા જાણવા મળ્યું હતું. માછલી પકડવાની જાળને બદલે જાળી, માંડી વિશેષ તેમની પાસે જોવા મળે છે. જાળની કિંમત વિશેષ હોઇ મર્યાદિત પ્રમાણમાં તેમની પાસે જોવા મળે છે. શિકાર માટે કુહાડીનો પણ ઉપયોગ કરે છે.

આત્મ નિર્ભરતા :

વસાવા લોકો પોતાનું જીવન બને ત્યાં સુધી ઓછામાં ઓછી વસ્તુઓ દ્વારા ચલાવી લઇને ગોઠવતા જોવા મળે છે. સ્થાનિક પરિસ્થિતિમાંથી ઉપલબ્ધ થતી કુદરતી ચીજવસ્તુ મેળવીને ચલાવે છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ જાતે બનાવીને જીવન સરળ બનાવે છે. ઘરવખરીની ચીજવસ્તુઓ ટોપલા , ટોપલી, વાંસની કોઠીઓ, માછલા, પકડવાની જાળ, જાળી, ઘરનું સમારકામ, ખેતીના સાધનો વગેરે ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર મેળવી તેનો ઉપયોગ કરતા જોવા મળે છે. છતાં કેટલાક કુટુંબો સ્થાનિક પરિસ્થિતિ બદલાતાં, શહેરીકરણની અસર થતાં, શિક્ષણ મેળવવાને કારણે. કેટલીક ઘરવખરીની ચીજવસ્તુઓ વેચાની પણ લેતા થયા છે. ટોપલા-ટોપલી, ખેતીના સાધનો ઘર ઉપરના વિલાયતી નળિયા, વગેરેનો ઉપયોગ બહારથી લઇને પણ કરતા જાણવા મળ્યા હતા. બસની સુવિધા વધવાથી જે માઇલો સુધી ચાલીને જતા હતા તે બસનો ઉપયોગ કરતા થયા છે. આ બસ સુવિધાને કારણે તેમને બાહય પરિસ્થિતિનો વધુમાં વધુ સંપર્ક થયો છે. તેમનામાં આનાથી ઘણી બધી

ચીજવસ્તુઓ તેમનામાં પહોંચી છે. તેનાથી તેમની આત્મનિર્ભરતાને ઠું ઠેસ પહોંચવા પામી છે. જંગલ સાફ થવાથી પણ તેમની આત્મનિર્ભરતાને અસર થવા પામી છે. જંગલમાંથી જે લાકડાના ઓજારો બનાવતા હતા તે કેટલીક જગ્યાએ ખરીદને લેવા પડે છે.

## આતિથ્ય સત્કાર :

આતિથ્ય સત્કાર માનથી બોલાવીને કરે છે. સગો આવે તો પ્રથમ હાથ પકડીને રામ રામ કરે, બેસવા સાદડી, ખાટલો આપે, દારૂ , પાણી પીવા આપી બીડી પીવડાવે છે. બહારનો કોઇ જાય તો સત્કારી ખાટલો, સાદડી પાથરી બેસાડે દારૂ કે ચા પાણીનું પૂછી પાય છે. ખવડાવે છે.

# પ્રકરણ : ૩

## આર્થિક સંરચના

## પ્રકરણ : ૩

## આર્થિક સંરચના

વસાવા જાતિની સમગ્ર આર્થિક પરિસ્થિતિનો આધાર અહીંની સ્થાનિક પરિસ્થિતિને આધારે જોવા મળતા વ્યવસાયોને આધારે જોવા મળે છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ અહીંની સ્થાનિક પરિસ્થિતિ બદલાતી જાય છે. જેની સાથે તેમની આર્થિક પરિસ્થિતિ માટે જવાબદાર પરિબળો કયાંક બદલાવાને કારણે આર્થિક પરિસ્થિતિ બદલાયેલી જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિનો આધાર ખેતી, મજૂરી ( ખેતીમજૂરી, જંગલ મજૂરી, છૂટક મજૂરી ), પશુપાલન, જંગલો ગૌણ પેદાશો, નોકરી જેવા વ્યવસાયો જોવા મળે છે. બધા જ કુટુંબો પાસે જમીન હોતી નથી. આજે ખેતમજૂરી, જંગલ મજૂરી કરનારો એક વર્ગ તેમનામાં ઉભો થયો છે. તેમાં પણ સ્થાનિક પરિસ્થિતિ બદલાતાં પ્રશ્નો ઉભા થયા છે.

આર્થિક માળખુ ગોઠવવા માટે તેઓ અનેકવિધ વ્યવસાયો કરે છે. વ્યવસાયોમાં કામકરનાર કરતાં તેના ઉપર નાભતારની સભ્યસંખ્યામાં બાળકો, વૃદ્ધોની સંખ્યા વિશેષ જોવા મળી હતી. કામકરનાર પુરુષ વર્ગને સ્ત્રી દ્વારા સહકાર મળે છે. તપાસના નવ ગામના કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૬૦૭ પુરુષો અને ૫૩૫ સ્ત્રીઓની સભ્ય સંખ્યામાંથી ૨૦૨ (૩૩.૨૮ ટકા ) પુરુષો અને ૧૭ ( ૩.૧૮ ટકા ) સ્ત્રીઓ કુટુંબમાં કામ કરનાર વર્ગમાં જાણવા મળ્યા હતા. જેમાં કુટુંબના મુખ્ય કામ કરનાર વર્ગને મદદ કરનાર ૧૫૯ ( ૨૬.૧૯ ટકા ) પુરુષો અને ૨૨૭ ( ૫૧.૭૮ ટકા ) સ્ત્રીઓ જાણવા મળી હતી.જ્યારે ૨૪૩(૪૦.૫૩ ટકા ) પુરુષો અને ૨૩૯(૪૫.૪ ટકા) સ્ત્રીઓ ( જેમાં નાના બાળકો અને વૃદ્ધોની સંખ્યા ) કુટુંબમાં મુખ્ય સૂત્રધારને આધિન જોવા મળ્યા હતા. જો કે આ આધારિતો વૃદ્ધો અને બાળકો ઘરના બીજા નાના નાના કામોમાં મદદ થાય છે. તેઓ બાળકો રમાડવા, ઢોર ચારવા, જંગલની ગૌણ પેદાશો એકઠી કરવી કે સરખી કરવી, દુકાનેથી

ચીજવસ્તુઓ લઇ આવવી, ઘર સાચવવું વગેરે કરે છે. સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત ખેતી કામમાં મદદ કરવી વગેરે સંભાળે છે. પુરુષ ઘરની સંપૂર્ણ આર્થિક જવાબદારી સંભાળે છે. તે આર્થિક લેવડ દેવડ, ખેતીકામમાં ખેડવું, નિંદવું અને સામાજિક રીતે થતા વ્યવહારો કરવા વગેરે સંભાળે છે. આમ તેમનામાં સ્ત્રી- પુરુષ બાળકો વગેરેમાં નિશ્ચિત શ્રમવિભાજન જોવા મળે છે. વસાવા લોકો પોતાના આર્થિક જીવન ગોઠવણી માટે કોઇ એક વ્યવસાયો આધાર બનાવતા નથી. તેઓ ખેતી, ખેતમજૂરી જંગલ આધારિત મજૂરી, જંગલ ગૌણ પેદાશો, પશુપાલન, મરઘાં ઉછેર, છૂટક મજૂરી વગેરે જેવા વ્યવસાયો મળે ત્યારે કરી લઇને નિર્વાહ કરે છે. વધુ વિગતે કોઠા નંબર ૩.૧ માં ગામ અને સ્ત્રીપુરુષ પ્રમાણે માહિતી આપી છે.

કોઠા નંબર : ૩.૧ કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | ગામ | ૦ થી ૫ પુ | ૦ થી ૫ સ્ત્રી | ૬ થી ૧૦ પુ | ૬ થી ૧૦ સ્ત્રી | ૧૧ થી ૧૫ પુ | ૧૧ થી ૧૫ સ્ત્રી | ૧૬ થી ૨૦ પુ | ૧૬ થી ૨૦ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કાકરપાડા | ૫ | ૪ | ૭ | ૫ | ૫ | ૧૧ | ૮ | ૧૧ |
| | | ૯.૦૯ | ૭.૨૭ | ૧૨.૭૩ | ૯.૦૯ | ૯.૦૯ | ૨૦.૦૦ | ૧૪.૫૫ | ૨૦.૦૦ |
| ૨ | પાટલામહુ | ૪ | ૩ | ૧ | ૪ | ૧૫ | ૫ | ૧૫ | ૬ |
| | | ૬.૩૫ | ૮.૧૧ | ૧.૫૯ | ૧૦.૮૧ | ૨૩.૮૧ | ૧૩.૫૧ | ૨૩.૮૧ | ૧૬.૨૨ |
| ૩ | વાગલખોડ | ૭ | ૧૦ | ૨૪ | ૯ | ૨૨ | ૭ | ૧૨ | ૯ |
| | | ૬.૫૪ | ૧૪.૪૯ | ૨૨.૪૨ | ૧૩.૦૪ | ૨૦.૫૫ | ૧૦.૧૩ | ૧૧.૨૧ | ૧૩.૦૪ |
| ૪ | મોસદા | ૭ | ૧૪ | ૯ | ૧૦ | ૯ | ૧૧ | ૬ | ૬ |
| | | ૧૨.૫૦ | ૨૧.૮૭ | ૧૬.૦૭ | ૧૫.૬૩ | ૧૬.૦૭ | ૧૭.૧૯ | ૧૦.૭૧ | ૯.૩૭ |

ચાલુ..

કોઠા:૩.૧.. ચાલુ..

| ક્રમ | ૨૧ થી ૨૫ પુ | ૨૧ થી ૨૫ સ્ત્રી | ૨૬ થી ૩૦ પુ | ૨૬ થી ૩૦ સ્ત્રી | ૩૧ થી ૩૫ પુ | ૩૧ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૪૦ પુ | ૩૬ થી ૪૦ સ્ત્રી | ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | |
| ૧ | ૧૨ | ૭ | ૪ | ૫ | ૬ | ૪ | ૧ | ૧ | |
| | ૨૧.૮૨ | ૧૨.૭૨ | ૭.૨૭ | ૯.૦૯ | ૧૦.૯૧ | ૭.૨૭ | ૧.૮૨ | ૧.૮૨ | |
| ૨ | ૮ | ૪ | ૭ | ૨ | ૧ | ૫ | ૬ | ૪ | |
| | ૧૨.૭૦ | ૧૦.૮૧ | ૧૧.૧૧ | ૫.૪૧ | ૧.૫૯ | ૧૩.૫૧ | ૧.૫૯ | ૧૦.૮૧ | |
| ૩ | ૭ | ૩ | ૪ | ૬ | ૧૦ | ૧૧ | ૬ | ૨ | |
| | ૬.૫૪ | ૪.૩૪ | ૩.૭૩ | ૮.૭૦ | ૯.૩૫ | ૧૫.૯૩ | ૫.૬૧ | ૨.૯૦ | |
| ૪ | ૬ | ૫ | ૬ | ૫ | ૧ | ૧ | ૧ | ૩ | |
| | ૧૦.૭૧ | ૭.૮૧ | ૧૦.૭૧ | ૭.૮૧ | ૧.૭૯ | ૧.૫૬ | ૧.૭૯ | ૪.૬૯ | |

ચાલુ..

કોઠો : ૩.૧ ... ચાલુ..

| ક્રમ | ૪૧ થી ૪૫ | | ૪૬ થી ૫૦ | | ૫૧ થી ૫૫ | | ૫૬ થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ ૧૯ | સ્ત્રી ૨૦ | પુ ૨૧ | સ્ત્રી ૨૨ | પુ ૨૩ | સ્ત્રી ૨૪ | પુ ૨૫ | સ્ત્રી ૨૬ | પુ ૨૭ | સ્ત્રી ૨૮ |
| ૧ | ૪ | ૪ | ૨ | ૩ | ૧ | ૧ | - | - | ૫૫ | ૫૫ |
| | ૭.૨૭ | ૭.૨૭ | ૩.૬૪ | ૫.૪૫ | ૧.૮૨ | ૧.૮૨ | | XØØXØØ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨ | ૨ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | - | - | ૬૩ | ૩૭ |
| | ૬.૩૫ | ૨.૭૦ | ૪.૭૬ | ૨.૭૧ | [illegible].૫૯ | ૨.૭૦ | | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ | ૧૦ | ૧૩ | ૩ | - | - | - | - | - | ૧૦૭ | ૬૯ |
| | ૯.૩૫ | ૧૮.૮૩ | ૨.૮૦ | | | | | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪ | ૪ | ૪ | ૩ | ૨ | ૧ | ૧ | ૩ | ૨ | ૫૬ | ૬૪ |
| | ૭.૧૪ | ૬.૨૫ | ૫.૩૬ | ૩.૧૩ | ૧.૭૯ | ૧.૫૬ | ૫.૩૬ | ૩.૧૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ચાલુ..

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૬ | ૯ | ૪ | ૩ | ૪ | ૩ | ૮ | ૨ |
| | | ૧૩.૩૩ | ૨૪.૩૨ | ૮.૪૯ | ૯.૬૧ | ૮.૮૯ | ૮.૧૧ | ૧૭.૭૯ | ૫.૪૧ |
| ૬ | ઝરીયા | ૭ | ૧૬ | ૧૨ | ૧૩ | ૯ | ૪ | ૭ | ૬ |
| | | ૮.૩૩ | ૧૮.૮૨ | ૧૪.૨૯ | ૫.૨૯ | ૧૦.૭૧ | ૪.૬૮ | ૮.૩૩ | ૭.૦૬ |
| ૭ | પોઈચા | ૧૪ | ૧૨ | ૧૦૦ | ૧૦ | ૮ | ૭ | ૬ | ૭ |
| | | ૧૭.૯૫ | ૧૭.૩૯ | XXXXX ૧૨.૮૨ | XXXXX ૧૪.૪૯ | XXXX ૧૦.૨૬ | XXXXX ૧૦.૧૪ | X ૭.૬૯ | ૧૦.૧૪ |
| ૮ | સામોટ | ૨ | ૮ | ૫ | ૯ | ૧૨ | ૮ | ૩ | ૬ |
| | | ૪.૬૫ | ૧૭.૭૭ | ૧૧.૬૩ | ૨૦.૦૦ | ૨૭.૯૦ | ૧૭.૭૭ | ૬.૯૮ | ૧૩.૩૩ |
| ૯ | માલ | ૧૦ | ૧૪ | ૧૬ | ૧૨ | ૯ | ૧૧ | ૧૧ | ૬ |
| | | ૧૨.૯૯ | ૧૮.૪૩ | ૨૦.૭૮ | ૧૫.૭૯ | ૧૧.૬૯ | ૧૪.૪૭ | ૧૪.૨૯ | ૭.૮૯ |
| | કુલ | ૬૨ | ૯૦ | ૮૮ | ૭૪ | ૯૨ | ૬૭ | ૭૬ | ૫૯ |
| | | ૧૦.૨૧ | ૧૬.૮૨ | ૧૪.૪૯ | ૧૩.૮૩ | ૧૫.૧૫ | ૧૨.૫૨ | ૧૨.૫૨ | ૧૧.૦૨ |

ચાલુ..

| | ૨૨થી૨૫ | | ૨૬થી૩૦ | ૩૧થી૩૫ | | | ૩૬થી ૪૦ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ ચાલુ.. |
| ૫ | ૧૦ | ૪ | ૫ | ૬ | ૪ | - | ૩ | ૩ |
| | ૨૨.૨૩ | ૧૦.૮૧ | ૧૧.૧૨ | ૧૬.૨૨ | ૮.૮૯ | - | ૬.૬૭ | ૮.૧૨ |
| ૬ | ૯ | ૭ | ૧૧ | ૧૧ | ૧૦ | ૫ | ૨ | ૫ |
| | ૧૦.૭૧ | ૮.૨૪ | ૧૩.૦૯ | ૧૨.૯૩ | ૭.૧૪ | ૫.૮૮ | ૨.૩૮ | ૫.૮૮ |
| ૭ | ૯ | ૮ | ૮ | ૭ | ૬ | ૫ | ૫ | ૩ |
| | ૧૧.૫૪ | ૧૧.૫૯ | ૧૦.૨૬ | ૧૦.૧૪ | ૭.૬૯ | ૭.૨૫ | ૬.૪૧ | ૪.૩૫ |
| ૮ | ૩ | ૨ | ૩ | ૩ | ૪ | ૪ | ૩ | ૩ |
| | ૬.૯૮ | ૪.૪૪ | ૬.૯૮ | ૬.૬૭ | ૯.૩૦ | ૮.૮૯ | ૬.૦૮ | ૬.૬૭ |
| ૯ | ૭ | ૪ | ૬ | ૧૦ | ૪ | ૨ | ૧ | ૫ |
| | ૯.૦૯ | ૫.૨૬ | ૭.૭૯ | ૧૩.૧૬ | ૫.૧૯ | ૨.૬૩ | ૧.૩૦ | ૫.૫૮ |
| કુલ | ૭૧ | ૪૪ | ૫૪ | ૫૫ | ૪૨ | ૩૭ | ૨૮ | ૨૯ |
| | ૧૧.૭૦ | ૮.૨૨ | ૮.૯૦ | ૧૦.૨૮ | ૭.૯૨ | ૬.૯૨ | ૪.૬૨ | ૫.૪૨ |

કોઠો : ૩.૧ ... ચાલુ...

| ૬૫ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૨ | ૨ | - | ૧ | ૧ | - | - | ૪૫ | ૩૭ |
| | ૪.૪૪ | ૫.૪૧ | ૪.૪૪ | | ૨.૨૨ | ૨.૭૦ | | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૬ | ૬ | ૪ | ૩ | ૪ | ૨ | ૩ | ૮ | ૭ | ૮૪ | ૮૫ |
| | ૭.૧૪ | ૪.૭૧ | ૩.૫૭ | ૪.૭૧ | ૨.૩૮ | ૩.૫૩ | ૯.૫૨ | ૮.૨૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૫ | ૫ | ૧ | ૨ | ૨ | ૭૮ | ૬૯ |
| | ૧.૨૮ | ૨.૯૦ | ૫.૧૩ | ૭.૨૫ | ૬.૪૧ | ૧.૪૧ | ૨.૫૬ | [illegible] | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮ | ૨ | ૧ | ૨ | - | ૨ | - | ૨ | ૨ | ૪૨ | ૪૩ |
| | ૪.૬૫ | ૨.૨૨ | ૪.૬૫ | | ૪.૬૫ | | ૪.૬૫ | ૨.૪૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૯ | ૪ | ૨ | ૩ | ૩ | ૧ | ૨ | ૫ | ૫ | ૭૭ | ૭૬ |
| | ૫.૧૯ | ૨.૬૩ | ૩.૯૦ | ૩.૯૫ | ૧.૩૦ | ૨.૬૩ | ૬.૪૯ | ૬.૪૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુલ | ૩૫ | ૩૪ | ૨૫ | ૧૮ | ૧૪ | ૧૦ | ૨૦ | ૧૮ | ૬૦૭ | ૫૩૫ |
| | ૫.૭૭ | ૬.૩૬ | ૪.૧૨ | ૩.૩૬ | ૨.૩૦ | ૧.૮૭ | ૩.૩૦ | ૩.૩૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

તપાસેલા સમગ્ર ગામના કુટુંબોમાંથી ૧૧૪૨ની કુલ સભ્ય સંખ્યામાં ૬૦૭ પુરુષો અને ૫૩૫ સ્ત્રીઓ હતી. સમગ્ર કુટુંબોમાંથી વયજૂથ પ્રમાણે સભ્યોનું વર્ગીકરણ જોઇએ તો ૦ થી ૫ ના વયજૂથમાં ૬૨(૧૦.૨૧ ટકા) પુરુષો અને ૯૦ ( ૧૬.૮૨ ટકા ) સ્ત્રીઓ, ૬ થી ૧૦ ના વયજૂથમાં ૮૮ ( ૧૪.૪૦ ટકા ) પુરુષો અને ૭૪ (૧૩.૮૩ ટકા ) સ્ત્રીઓ, ૧૧ થી ૧૫ વયજૂથમાં ૯૨ ( ૧૫.૧૫ ટકા ) પુરુષો અને ૬૭ ( ૧૨.૫૨ ટકા ) સ્ત્રીઓ, ૧૬ થી ૨૦ ના વયજૂથમાં ૭૬ ( ૧૨.૫૨ ટકા ) પુરુષો અને ૫૯(૧૧.૦૩ ટકા ) સ્ત્રીઓ, ૨૧ થી ૨૫ના વયજૂથમાં ૭૧ (૧૧.૭૦ ટકા) પુરુષો અને ૪૪ (૮.૨૨ ટકા ) સ્ત્રીઓ, ૨૬ થી ૩૦ના વયજૂથમાં ૫૪(૮.૯૦ ટકા ) પુરુષો અને ૫૫ (૧૦.૨૮ ટકા ) સ્ત્રીઓ, ૩૧ થી ૩૫ ના વયજૂથમાં ૪૨(૬.૯૨ ટકા ) પુરુષો અને ૩૭ ( ૬.૯૨ ટકા ) સ્ત્રીઓ ૩૬ થી ૪૦ના વયજૂથમાં ૨૮ ( ૪.૬૨ ટકા ) પુરુષો અને ૨૯(૫.૪૨ટકા) સ્ત્રીઓ, ૪૧ થી ૪૫ના વયજૂથમાં ૩૫ (૫.૭૭ ટકા ) પુરુષો અને ૩૪ (૬.૩૬ ટકા ) સ્ત્રીઓ, ૪૬ થી ૫૦ ના વયજૂથમાં ૨૫ ( ૪.૧૨ ટકા) પુરુષો અને ૧૮ (૩.૩૬ ટકા ) સ્ત્રીઓ, ૫૧ થી ૫૫ ના વયજૂથમાં ૧૪ (૨.૩૦ ટકા ) પુરુષો અને ૧૦ ( ૧.૮૭ ટકા ) સ્ત્રીઓ, ૫૬ થી ઉપરની વયજૂથમાં જોવા મળેલા ૨૦ ( ૩.૩૦ ટકા ) પુરુષો અને ૧૮ (૩.૩૬ ટકા) સ્ત્રીઓ જોવા મળ્યા હતા.

તપાસમાં ૧૫ વર્ષ સુધીની વયજૂથમાં આવતા બાળકોની સભ્ય સંખ્યા સૌથી વધારે જોવા મળી હતી. ૧૬ થી ૨૦, ૨૧ થી ૨૫, ૨૬ થી ૩૦ ની વયજૂથમાં જોવા મળતી યુવાન પેઢીની સભ્ય સંખ્યા તે પછીની સંખ્યામાં વધારે જોવા મળી હતી. ૩૧ થી ૩૫, ૩૬ થી ૪૦, ૪૧ થી ૪૫ ની વયજૂથની સભ્ય સંખ્યા ત્રીજા ક્રમે જોવા મળી હતી. જે મહદ અંશે ઘરનું સુકાન સંભાળે છે. ૫૧ થી ૫૫ અને ૫૬ થી ઉપરની વયજૂથમાં આવતા વૃદ્ધોની સભ્ય સંખ્યા તપાસના કુટુંબોમાંથી સૌથી ઓછી જોવા મળી હતી. એટલે તપાસના કુટુંબોમાં કમાનારને સૌથી વધારે ભાર નાના બાળકોની સભ્ય સંખ્યાનો વહન કરવાનો જોવા મળ્યો હતો. વૃદ્ધોની સભ્ય સંખ્યામાં વિધુર-વિધવાનો જીવાડવાનો ભાર થોડા કુટુંબોને જોવા મળ્યું હતું.

નપાસના ~~xxx~~ બાકીના કુટુંબોની વયજૂથ પ્રમાણે ગામવાર માહિતી કોઠા નંબર ૩.૧ જોવાથી ખ્યાલ આવશે. તેમાં પણ કુલ નવ ગામનાં કુટુંબોની પરિસ્થિતિ મુજબ જ વયજૂથની સભ્ય સંખ્યા જોવા મળે છે. જે કોઠા નંબર ૩.૧ માં દર્શાવવામાં આવી છે.

આવરી લીધેલા કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ વયજૂથ પ્રમાણે જે સભ્ય સંખ્યા જોવા મળી હતી. તેમાં કુટુંબના કેટલાક સભ્યો ખેતીની જમીનના નાના ટૂકડાઓ ઉપર જ નભતા પિતા સાથે જ રહેતા જોવા મળ્યા હતા. જેઓ ખેતીની મજૂરી સાથે કરતા અને શ્રમના બીજા કામો પણ કરતા જાણવા મળ્યા હતા. એટલે વયજૂથ પ્રમાણે જાણવા મળેલા સભ્ય સંખ્યામાં નાના બાળકોની સભ્ય સંખ્યા વિશેષ હતી. જેઓ કમાનાર ઉપર જ મહદઅંશે આશરિત જોવા મળે છે. એટલે આ સભ્ય સંખ્યા જંગલ કપાવાથી અને ખેતીની જમીનના ટુકડા થવાથી વધારે બોજો બને તેમ શકયતાઓ રહેલી છે.

૪. કોઠા નંબર : ૩.૨   આર્થિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | કામ કરનાર | | કામમાં મદદ કરી | | કામ નહીં કરનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૧ | ૧૬ | ૨૯ | ૧૯ | ૨૫ | ૫૫ | ૫૫ |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૪ | ૨૦ | ૧૯ | ૨૩ | ૧૪ | ૬૩ | ૩૭ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૩ | ૧૮ | ૪૦ | ૫૪ | ૨૬ | ૧૦૭ | ૬૯ |
| ૪ | મોસદા | ૨૩ | ૨ | ૧૧ | ૩૧ | ૨૧ | ૩૧ | ૫૬ | ૬૪ |
| ૫ | જૂનારાજ | ૨૦ | ૧ | ૭ | ૨૦ | ૧૮ | ૧૬ | ૪૫ | ૩૭ |
| ૬ | ઝરીયા | ૨૪ | ૧ | ૨૬ | ૪૫ | ૩૪ | ૩૯ | ૮૪ | ૮૫ |
| ૭ | પોઈચા | ૨૪ | - | ૨૬ | ૪૨ | ૨૮ | ૨૭ | ૭૮ | ૬૯ |
| ૮ | સામોટ | ૧૬ | ૩ | ૮ | ૧૯ | ૧૮ | ૨૧ | ૪૨ | ૪૩ |
| ૯ | માલ | ૨૦ | ૨ | ૨૬ | ૩૨ | ૩૧ | ૪૨ | ૭૭ | ૭૬ |
| | કુલ | ૨૦૨ | ૧૭ | ૧૫૯ | ૨૭૭ | ૨૪૩ | ૨૩૯ | ૬૦૭ | ૫૩૫ |
| | | ૩૩.૨૮ | ૩.૧૮ | ૨૬.૧૯ | ૫૧.૭૮ | ૪૦.૫૩ | ૪૫.૪ | ૧૦૦.૦ | ૧૦૦.૦૦ |

વસાવા લોકોમાં શ્રમ વિભાજન જોવા મળે છે તે તપાસના કુલ નવ ગામોના આવરી લીધેલા ૧૯૦ કુટુંબોમાંથી ગામ પ્રમાણે પુરુષ સ્ત્રી પ્રમાણેની સભ્ય સંખ્યામાંથી કામ કરનાર અને તેને મદદરૂપ થનાર અને માત્ર આધાર રાખનારની સભ્ય સંખ્યા હતી. તે આર્થિક દરજ્જો દર્શાવતા કોઠા નંબર ૩.૨ માં દર્શાવેલી છે.

તપાસના સમગ્ર ગામોમાંથી આવરી લીધેલા કુટુંબોમાંથી કામ કરનાર કરતાં તેમની ઉપર આધાર રાખનાર સભ્યોની સંખ્યા સવિશેષ જોવા મળી હતી. કુટુંબમાં મુખ્ય કામ કરનારને મદદ કરનાર પુરુષોની સંખ્યા કરતાં સ્ત્રી મદદ કરનાર સભ્યોની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

વસાવા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. એટલે ખેતી ક્ષેત્રે જે કંઇ ઉથલ પાથલો થાય છે. તેની અસર તેમના ઉપર થયા વિના રહેતી નથી. ખેતીમાં બારેમાસ એક યા બીજા કામોમાં તેઓ રોકાયેલા રહે છે. જ્યારે ખેતીના કામો ન હોય તેવા વખતે જંગલ પેદાશો કે મજૂરી મળતી હોય તો તેમાં રોકાયેલા રહે છે. તપાસના જંગલ વિસ્તારના ગામોમાં ખેતી ઉપરાંત જંગલ મજૂરી અને ખેતમજૂરી સિવાય જંગલ ગૌણ પેદાશો માત્ર એકત્રિત કરી શકે છે. એ સિવાય બીજો કોઇ વ્યવસાય કરી શકતા નથી. જે વિસ્તારમાંથી જંગલ કપાઇ જવા પામ્યું છે તેવા વાલિયા અને રાજપીપળા તાલુકાના તપાસના ગામોમાંથી જાણવા મળ્યા મુજબ ખેતી સાથે ખેતમજૂરી, પશુપાલન સિવાય બીજા વ્યવસાયો રહેવા પામ્યા નથી. એવા ગામોમાં જંગલ આધારિત રોજી મળતી બંધ થઇ છે. તેથી આજુબાજુના ગામોમાં ખેતમજૂરી કે શહેરમાં મળે તે મજૂરી કરે છે. અન્ય વ્યવસાય રહયો નથી. એટલે જ્યાં સુધી ખેતીમાં કામ હોય ત્યાં સુધી જ રોજી મળે છે. બાકીના સમયમાં બેકારી ભોગવવી પડે છે. આને કારણે સ્થળાંતર કરીને આજુબાજુના ગામ કે શહેરમાં ખેતમજૂરી કે બાંધકામ મજૂરી જેવા કામો કરે છે.

તપાસના નવ ગામમાંથી જમીનવાળા અને જમીનવિહોણા કુટુંબો જોવા મળ્યા હતા. તપાસના કુટુંબોમાં જે ઓછી જમીન ધરાવતા કુટુંબો જોવા મળ્યા હતા તે માંડ માંડ ખેતીના પાકો લઇ શકતા જોવા મળ્યા

હતા. જમીન વિહોણા કુટુંબો બીજાની જમીન ભાડે ખેડતા, ખેતમજૂરી, પશુપાલન અને જંગલ આધારિત જીવન જીવતા જોવા મળ્યા હતા.

નપાસના કુલ કુટુંબોમાંથી ૧૧૩ જેટલા ખાતેદારો પોતાને નામે જમીન ધરાવતા જોવા મળ્યા હતા. કુલ ખાતેદારોની જમીન ૭૭૯ એકર જેટલી જાણવા મળી હતી. એટલે ખાતેદાર દીઠ જમીન ૫ એકર અને ૮૫ ગૂંઠા હતી. જે જમીનના કદ પ્રમાણે નીચે પ્રમાણે હતી. જે કોઠા ૩.૩ માં પણ છે.

કોઠા નંબર : ૩.૩ જમીન ધારકતા કુટુંબદીઠ અને જમીન વિહોણા કુટુંબો

| ક્રમ | ગામ કુલ કુટુંબ | જમીન ધરાવતા કુટુંબ | કુલ જમીન એકરમાં | કુટુંબદીઠ જમીન એકરમાં | ૧ થી ૨.૫ | ૨.૫ થી ૫ | ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૧ | ડાકરપાડા | ૯ | ૫૦ | ૫.૫ | - | ૨ | |
| | ૨૦ | ૪૫.૦૦ | | | | ૨૨.૨૨ | |
| ૨ | પાટલામહુ | ૧૪ | ૧૦૭ | ૭.૬૪ | ૧ | ૫ | |
| | ૨૦ | ૭૦.૦૦ | | | ૭.૧૪ | ૩૫.૭૧ | |
| ૩ | વાગલખોડ | ૨૨ | ૧૧૩ | ૫.૧૩ | ૩ | ૧૧ | |
| | ૩૫ | ૬૨.૮૬ | | | ૧૩.૬૪ | ૫૦.૦૦ | |
| ૪ | મોસદા | ૧૭ | ૮૪ | ૪.૯૪ | ૬ | ૬ | |
| | | ૮૫.૦૦ | | | ૩૫.૨૯ | ૩૫.૨૯ | |

ચાલુ..

કોઠા નંબર : ૩.૩.. ચાલુ..

| ક્રમ | ૫ થી ૭.૫ | ૭.૫ થી ૧૦ | ૧૦ થી ૧૨.૫ | ૧૨.૫ થી ૧૫ | જમીન વિહોણા કુટુંબ |
|---|---|---|---|---|---|
| | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૬ | ૧ | - | - | ૧૧ |
| | ૬૬.૬૭ | ૧૧.૧૧ | | | ૫૫.૦૦ |
| ૨ | ૩ | ૨ | - | ૩ | ૬ |
| | ૨૧.૪૩ | ૧૪.૨૯ | | ૨૧.૪૩ | ૩૦.૦૦ |
| ૩ | ૩ | ૪ | - | ૧ | ૧૩ |
| | ૧૩.૬૪ | ૧૮.૧૮ | | ૪.૫૪ | ૩૭.૧૪ |
| ૪ | ૧ | ૪ | - | - | ૩ |
| | ૫.૮૯ | ૨૩.૫૩ | | | ૧૫.૦૦ |

ચાલુ..

કોઠા નંબર : ૩.૩... ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૮ | ૫૩ | ૬.૬૨ | ૨ | ૩ |
| | ૨૦ | ૪૦.૦૦ | | | ૨૫.૦૦ | ૩૭.૫ |
| ૬ | ઝરીયા | ૧૭ | ૧૧૫ | ૬.૭૬ | ૨ | ૫ |
| | ૨૦ | ૮૫.૦૦ | | | ૧૧.૭૬ | ૨૯.૪૧ |
| ૭ | પોઇચા | ૧૬ | ૬૩ | ૩.૯૩ | ૫ | ૧૦ |
| | ૨૦ | ૮૦.૦૦ | | | ૩૧.૨૫ | ૬૨.૫ |
| ૮ | સામોટ | ૧૨ | ૬૮ | ૫.૬૬ | ૨ | ૫ |
| | ૧૫ | ૮૦.૦૦ | | | ૧૬.૬૭ | ૪૧.૬૬ |
| ૯ | માલ | ૧૮ | ૧૨૬ | ૭.૦૦ | ૨ | ૯ |
| | | ૯૦.૦૦ | | | ૧૧.૧૧ | ૫૦.૦૦ |
| | કુલ | ૧૩૩ | ૭૭૯ | ૫.૮૮ | ૨૩ | ૫૬ |
| | | ૭૦.૦૦ | | | ૧૭.૨૯ | ૪૨.૧૧ |

ચાલુ..

ચાલુ...

| ક્રમ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૫ | - | ૧ | ૧ | ૧ | ૧૨ |
| | | ૧૨.૫ | ૧૨.૫ | ૧૨.૫ | ૬૦.૦૦ |
| ૬ | ૬ | ૩ | - | ૧ | ૩ |
| | ૩૫.૨૯ | ૧૭.૬૬ | | ૫.૮૮ | ૧૫.૦૦ |
| ૭ | - | ૧ | - | - | ૪ |
| | | ૬.૨૫ | | | ૨૦.૦૦ |
| ૮ | ૨ | ૨ | ૧ | - | ૩ |
| | ૧૬.૬૭ | ૧૬.૬૭ | ૮.૩૩ | | ૨૦.૦૦ |
| ૯ | ૨ | ૨ | ૨ | ૧ | ૨ |
| | ૧૧.૧૧ | ૧૧.૧૧ | ૧૧.૧૧ | ૫.૫૬ | ૧૦.૦૦ |
| કુલ | ૨૩ | ૨૦ | ૪ | ૭ | ૫૭ |
| | ૧૭.૨૯ | ૧૫.૦૪ | ૩.૦૧ | ૫.૨૬ | ૩૦.૦૦ |

તપાસના ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૩ (૭૦ ટકા ) ખાતેદારો જોવા મળ્યા હતા અને ૫૭ ( ૩૦.૦૦ ટકા ) જેટલા કુટુંબો બિલકુલ જમીન ધરાવતા નહોતા. તપાસમાં ૨૩ (૧૭.૨૯ ટકા ) કુટુંબો સરેરાશ ૧ થી ૨.૫ એકર ગુંઠા જમીન, ૫૬ (૪૨.૧૧ ટકા ) કુટુંબો ૨.૫ થી ૫ એકર ગુંઠા જમીન, ૨૩ (૧૭.૨૯ ટકા ) કુટુંબો ૫.થી ૭.૫ એકર ગુંઠા જમીન, ૨૦ (૧૫.૦૪ ટકા ) કુટુંબો ૭.૫ થી ૧૦ એકર ગુંઠા જમીન, ૪ (૩.૦૧ ટકા ) કુટુંબો ૧૦ થી ૧૨.૫ એકર ગુંઠા જમીન ૭ (૫.૨૬ ટકા ) કુટુંબો ૧૨.૫ થી ૧૫ એકર ગુંઠા જમીન ધરાવતા જાણવા મળ્યા હતા. સૌથી વધુ ૫૬ ( ૪૨.૧૧ ટકા ) કુટુંબો ૨.૫ થી ૫ એકર જમીન વિસ્તારની સરેરાશવાળા જાણવા મળ્યા હતા અને સૌથી ઓછા ૧૦ થી ૧૨.૫ એકર ગુંઠા જમીનવાળા ૪ કુટુંબો માત્ર જોવા મળ્યા હતા. તપાસના નવ ગામના કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ જમીન જોઈએ તો ૫.૮૮ એકર ગુંઠાની જોવા મળે છે. જે તપાસના ગામ પ્રમાણે જોઈએ તો ડાકરપાડાના ૯ (૪૫.૦૦ ટકા ) કુટુંબો ૫.૫ એકર ગુંઠા જમીન ધરાવતા હતા. જે પાટલામહુના ૧૪ (૭૦.૦૦ ટકા ) કુટુંબો ૭.૬૪ એકર ગુંઠાની સરેરાશ સાથે સૌથી મોખરે જોવા મળે હતા. વાગલખોડના ૨૨ (૬૨.૮૬ ટકા) કુટુંબો ૫.૧૩ એકર-ગુંઠા મોસદાના ૧૭(૮૫.૦૦ ટકા ) કુટુંબો ૪.૯૪ એકર ગુંઠા, જૂનારાજના ૮(૪૦.૦૦ ટકા ) કુટુંબો ૬.૬૨ એકર-ગુંઠા, ઝરીયાના ૧૭ ( ૮૫.૦૦ ટકા ) કુટુંબો ૬.૭૬ એકર-ગુંઠા , પોઇચાના ૧૬( ૮૦.૦૦ ટકા ) કુટુંબો ૩.૯૩ એકર-ગુંઠા, સામોટના ૧૨(૮૦.૦૦ટકા) કુટુંબો ૫.૬૬ એકર-ગુંઠા , માલના ૧૮ ( ૯૦.૦૦ ટકા ) કુટુંબો ૭.૦૦ એકર જમીન ધરાવતા જોવા મળ્યા હતા.

તપાસના કુટુંબોમાંથી જમીન ધારકતામાં માલ ગામના કુટુંબો જોવા મળ્યા હતા અને સૌથી ઓછી જમીન ધારકતાવાળા જૂનારાજના કુટુંબો જોવા મળ્યા હતા. જે અનુક્રમે માલ ૧૮(૯૦.૦૦ ટકા ) કુટુંબો અને જૂનારાજના ૮ (૪૦.૦૦ ટકા ) કુટુંબો હતા.

તપાસના કુલ કુટુંબોમાંથી ૫૭ ( ૩૦.૦૦ ટકા ) કુટુંબો જમીન વિહોણા જોવા મળ્યા હતા. જે બીજાની જમીન ભાડે ખેડતા હતા કે પછી ખેતમજૂરી જંગલમજૂરી અને પશુપાલનના વ્યવસાયો કરીને જીવન નિર્વાહ કરતા હતા. તપાસના નવ ગામમાંથી ડાકરપાડાના કુલ કુટુંબમાંથી ૧૧ ( ૫૫.૦૭ ટકા ) કુટુંબો પાટલામહુમાંથી ૬ ( ૩૦.૦૦ ટકા ) કુટુંબો, વાગલખોડમાંથી ૧૩(૩૭.૧૪ ટકા ) કુટુંબો, મોસદામાંથી ૩ (૧૫.૦૦ ટકા ) કુટુંબો, જૂનારાજમાંથી ૧૨ (૬૦.૦૦ ટકા ) કુટુંબો, ઝરીયામાંથી ૩ ( ૧૫.૦૦ ટકા ) કુટુંબો, પોઇચામાંથી ૪ (૨૦.૦૦ ટકા) કુટુંબો, સામોટમાંથી ૩ (૨૦.૦૦ ટકા ) કુટુંબો માલમાંથી ૨ (૧૦.૦૦) કુટુંબો જમીન વિહોણા જોવા મળ્યા હતા.

તપાસના જુદા જુદા ગામમાંથી તપાસ હેઠળ આવરી લીધેલા કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૩ જમીન ધરાવતા કુટુંબોમાંથી ૧ થી ૨.૫ એકર-ગૂંઠાથી ૧૨.૫ થી ૧૫ એકર ગુંઠા જમીન ધરાવતા કુટુંબો જોવા મળ્યા હતા. જે ગામ પ્રમાણે જોઇએ તો ૨.૫ થી ૫ એકર - ગુંઠા જમીન ધરાવતા સૌથી વધુ ૫૬ ( ૪૨.૧૧ ટકા ) કુટુંબો જોવા મળ્યા હતા. જ્યારે ૧૦ થી ૧૨.૫ એકર-ગુંઠા જમીન ધરાવતા માત્ર ૪ (૩.૦૧ ટકા ) કુટુંબો જ હતા.

આમ ઉપરના આંકડાની દ્રષ્ટિએ જોઇએ તો નાના ખેડૂતોની સંખ્યા વધારે હતી. જમીન પાસે જીવનનિર્વાહ માટે પૂરતી જમીન પણ નહોતી. એવા કુટુંબો પણ જોવા મળ્યા હતા. પાટલામહુ, જૂનારાજ, માલ ગામમાંથી જે મોટા ખેડૂતો જોવા મળ્યા હતા. તે કુલ જમીનમાં વધારે જમીન એમની જોવા મળી હતી. કેટલાક કુટુંબો જંગલ હેઠળની જમીન ખેડતા હતા. જંગલની જમીન પેટ પૂરતું ન મળવાથી છૂપીરીતે ખેડતા જોવા મળે છે. આ જમીન ફળ પ્રમાણેની દ્રષ્ટિએ નીચી હોવાથી, જંગલના ડુંગરાળ, પથ્થર વાળી જમીન હોવાથી જમીન ખેડતા હોવા છતાં પ્રમાણમાં ખૂબ ઓછા પાકના ઉતારો આ લોકોને મળતા જોવા મળ્યા છે. નાની કયારીઓ હોવા છતાં જમીન ધોવાણ ઘણી જગ્યાએ જોવા મળે.

તપાસના ગામોમાં ચોમાસુ વાવેતર થાય છે. સિંચાઇના કુવા કે બીજી સગવડોના અભાવે શિયાળુ વાવેતર ખૂબ ઓછું થતું જોવા મળ્યું હતું. ચોમાસુ પાકોમાં મોટ, મકાઇ, કોદરા(બંટી) , કઠોળ, ડાંગર, બાજરી, કપાસ, તુવેર છે જે મુખ્ય પાક તરીકે કરે છે. તેમનો ક્ષ મુખ્ય ખોરાક મકાઇ, ડાંગર, કઠોળમાંથી બનાવે છે તેથી સૌથી વધુ વાવેતર એ પાકોનું કરે છે. ચોમાસાની સીઝન બાદ કોદરા, મકાઇ, ડાંગરના પાકો ઉતરે છે. એ સિવાયના પાકો શિયાળે થાય છે.

તપાસના ગામોમાંથી ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૩ જમીન ધરાવતા કુટુંબોમાંથી સરેરાશ ૧૫૪૩ રૂપિયાની કુટુંબદીઠ અનાજ વગેરેની ઉપજ જોવા મળી હતી. જે તપાસના કાકરપાડાના કુલ કુટુંબોમાંથી ૧૧૫૪ રૂપિયાની, પાટલામહુડામાંથી ૧૩૫૩ રૂપિયાની, વાગલખોડમાંથી ૧૭૬૪ રૂપિયાની મોસદામાંથી ૮૨૨ રૂપિયાની, જૂનારાજમાંથી ૨૪૦૫ રૂપિયાની, ઝરીયામાંથી ૨૬૧૬ રૂપિયાની પોઇચામાંથી ૧૫૧૯ રૂપિયાની, સામોટમાંથી ૧૨૫૪ રૂપિયાની અને માલમાંથી ૧૧૩૨ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક જોવા મળી હતી.

અનાજની સૌથી વધુ કુટુંબદીઠ આવક તપાસના નવ ગામમાંથી જુવારની ૩૪૮ રૂપિયાની સરેરાશ જોવા મળી હતી. જ્યારે સૌથી ઓછી કુટુંબદીઠ આવક ચણાની ૨૦ રૂપિયા સરેરાશ થતી હતી. આ સિવાય મોટની ૧૦૬ રૂપિયાની મકાઇની ૨૪૯ રૂપિયાની, કોદરા, બંઠીની ૧૧૪ રૂપિયાની, ડાંગરની ૨૨૪ રૂપિયાની, બાજરીની ૨૭ રૂપિયાની, કપાસની ૮૨ રૂપિયાની, દિવેલાની ૩૬ રૂપિયાની, મગફળીની ૩૧ રૂપિયાની અને તુવેરની ૨૨૪ રૂપિયાની સરેરાશ આવક કુલ કુટુંબોમાંથી જોવા મળી હતી.

કોઠા નંબર : ૩.૪ ખેતીની જમીન ધરાવતા કુટુંબો અને પાકની કિંમત દર્શાવતો કોઠો ( રૂપિયામાં )

| ક્રમ | ગામનું નામ | જમીન ધરાવતા કુટુંબો | મોરૂ | મકાઇ | કોદરા બંટી | કઠોળ અડદ | જુવાર | ડાંગર | બાજરી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કાકરપાડા(૨૦) | ૯ | - | ૧૭૦૦ | ૧૩૨૦ | ૨૬૦૦ | ૨૯૦૦ | ૧૪૫૦ | ૪૨૦ |
| ૨ | પાટલામહુ(૨૦) | ૧૪ | - | ૩૦૦૦ | ૨૦૫૦ | ૪૦૦૦ | ૪૪૦૦ | ૨૫૨૫ | - |
| ૩ | વાગલખોડ(૩૫) | ૨૨ | - | ૨૫૦ | ૯૫૦ | ૨૨૫૦ | ૧૦૩૧૦ | ૭૬૫૦ | - |
| ૪ | મોસદા(૨૦) | ૧૭ | ૧૨૭૦ | ૩૨૦૦ | ૧૫૭૫ | ૧૦૦ | ૩૧૦૦ | ૧૫૫૦ | ૧૦૦ |
| ૫ | જૂનારાજ(૨૦) | ૮ | ૧૪૦૦ | ૫૬૫૦ | ૨૮૦૦ | ૬૭૦ | ૩૬૫૦ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૬ | ઝરીયા(૨૦) | ૧૭ | ૩૮૦૦ | ૧૧૫૫૦ | ૨૧૫૦ | ૧૧૫૦ | ૧૦૯૫૦ | ૪૦૫૦ | - |
| ૭ | પોઇચા(૨૦) | ૧૬ | - | - | ૨૭૫૦ | ૧૦૫૦ | ૩૬૫૦ | ૫૦૫૦ | ૨૫૨૫ |
| ૮ | સામોટ(૧૫) | ૧૨ | ૧૯૨૫ | ૩૮૫૦ | ૧૧૦૦ | ૪૦૦ | ૩૪૫૦ | ૨૬૦૦ | - |
| ૯ | માલ(૨૦) | ૧૮ | ૫૬૫૦ | ૩૯૦૦ | ૫૨૫ | ૫૦ | ૩૮૭૫ | ૩૩૫૦ | ૫૦ |
| | કુલ | ૧૩૩ | ૧૪૦૪૫ | ૩૩૧૦૦ | ૧૫૨૨૦ | ૧૨૨૭૦ | ૪૬૨૭૫ | ૨૯૭૭૫ | ૩૫૯૫ |
| | | | ૧૦૬ | ૨૪૯ | ૧૧૪ | ૯૨ | ૩૪૮ | ૨૨૪ | ૨૭ |

ચાલુ..

કોઠા નંબર : ૩.૪.. ચાલુ..

| ક્રમ | કપાસ | મગફળી | ચણા | દિવેલા | તુવેર | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | |
| ૧ | - | - | - | - | - | ૧૦૩૯૦ | (૧૧૫૪) |
| ૨ | ૩૫૦ | ૧૨૦૦ | ૧૪૨૦ | - | - | ૧૮૯૪૫ | (૧૩૫૩) |
| ૩ | ૬૬૦૦ | ૨૯૫૦ | ૬૫૦ | ૧૧૫૦ | ૬૦૫૦ | ૩૮૮૦૦ | (૧૭૬૪) |
| ૪ | - | - | ૧૭૦ | ૪૨૫ | - | ૧૩૯૭૦ | (૭૨૨) |
| ૫ | - | - | - | - | ૨૮૭૦ | ૧૯૨૪૦ | (૨૪૦૫) |
| ૬ | ૩૫૦ | - | ૨૦૦ | ૧૯૦૦ | - | ૪૪૪૭૫ | (૨૬૧૬) |
| ૭ | ૩૫૭૫ | - | ૧૦૦ | ૬૨૫ | ૪૯૭૫ | ૨૪૩૦૦ | (૧૫૧૯) |
| ૮ | - | - | ૨૦૦ | ૭૫૦ | ૨૦૨૫ | ૧૬૩૦૦ | (૧૨૫૪) |
| ૯ | - | - | - | - | ૨૯૭૫ | ૨૦૩૭૫ | (૧૧૩૨) |
| કુલ | ૧૦૮૭૫ | ૪૧૫૦ | ૨૭૪૦ | ૪૯૦૦ | ૨૯૮૫૦ | ૨૦૬૭૯૫ | (૧૫૪૩) |
| | ૮૨ | ૩૧ | ૨૦ | ૩૬ | ૨૨૪ | | |

તપાસના નવ ગામો જુદા જુદા વિસ્તારના હોવાથી કેટલાક પાકોની ઉત્પાદનની ક્ષમતા ઓછી કે વધારે જોવા મળી હતી. જે કોઠા નં. ૩.૪ ઉપરથી જોઇ શકાય છે. કે કેટલાક ગામોમાં પરિસ્થિતિ બદલાતાં પાક કાંતો ઓછો કરતા થયા છે કે પાકની બદલીને કારણે અમુક પાકોનું ઉત્પાદન ઓછું જોવા મળ્યું હતું. કપાસ, દિવેલા, બાજરી જેવા પાકો ઓછા થતા હતા. તે કેટલાક ગામોમાં ઉગાડતા જોવા મળ્યા હતા. તેમ છતાં તપાસના જંગલ વિસ્તારના ગામોમાં પાકમાં ઝાઝું પરિવર્તન જોવા મળ્યું નહોતું. કોઇ જગ્યાએ પાક માટેની સિંચાઇની વ્યવસ્થા કે તેના ઓજારો બદલાયેલા જોવા મળ્યા હતા. તપાસના જમીન ધરાવતા કુટુંબો વચ્ચે વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ માત્ર ૧૫૪૩ રૂપિયાની આવક જોઇએ તો ખૂબ જ ઓછી કહેવાય જે માસિક જોઇએ તો માંડ ૧૨૭ રૂપિયા જ થાય. માથાદીઠ માત્ર ખેતીવાડીની આવક જોઇએ તો તેમનો જીવનનિર્વાહ આજે શકય નથી. કારણકે ખેતીની જમીન છે તેની ઉપર દરેક કુટુંબમાં વસ્તીનું ભારણ વધવાથી અને જમીનના નાના નાના ટૂકડા થયા જેને કારણે માંડ માંડ થોડુંક પકવે છે. સાથે સાથે વસાવા જે જમીન ધરાવે છે એટલી ફળદ્રૂપ નથી. એટલે પાક ઓછો ઉતાર આપે.

કોઠા નંબર : ૩.૫ પશુપાલન, મરઘાં, માછલી અને વન્ય પેદાશોની આવક ( કૌંસમાં કુટુંબ સંખ્યા ) (રૂપિયામાં )

| ક્રમ | ગામ | કુટુંબ | દૂધ અને તેની બનાવટ | ખાતર | નાના પશુમાંથી | કુલ ઉત્પાદન | મરઘાં | માછલાં | વન્ય પેદાશો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૧૨૪૦૦ (૧૬) | ૯૦૦ (૫) | ૧૮૨૫ (૧૬) | ૧૫૧૨૫ (૧૬) | ૫૮૫ (૧૨) | ૯૮૦ (૧૩) | ૧૪૫૦ (૧૨) |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૧૨૭૦૦ (૧૩) | ૧૪૭૫ (૯) | ૨૩૫૦ (૧૪) | ૧૬૫૨૫ (૧૫) | ૧૧૨૦ (૧૯) | ૧૭૧૦ (૧૮) | ૫૦ (૧) |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૧૭૯૦૦ (૨૫) | ૫૫૦ (૩) | ૨૪૫૦ (૧૩) | ૨૨૭૦૦ (૨૬) | - | - | - |
| ૪ | મોસદા | ૨૦ | ૫૦૫૦ (૧૪) | - | ૩૦૦ (૧૧) | ૫૩૫૦ (૧૪) | ૬૬૫ (૨૦) | ૭૦૦ (૧૯) | ૭૧૦૦ (૨૦) |

ચાલુ...

કોઠા નંબર : ૩.૫ ... ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | ૧૪૩૦૦ | ૧૮૩૫ | - | ૧૬૧૩૫ | ૧૩૭૦ | ૧૩૪૫ | ૧૪૮૦૦ |
| | | | (૧૨) | (૫) | | (૧૨) | (૧૬) | (૧૩) | (૧૮) |
| ૫ | ઝરીયા | ૨૦ | ૧૪૩૦૦ | ૨૩૨૫ | ૬૦૦ | ૧૭૨૨૫ | ૮૫૫ | ૧૯૦૦ | ૨૦૫૦ |
| | | | (૧૭) | (૧૮) | (૨) | (૧૯) | (૧૭) | (૧૯) | (૬) |
| ૬ | પોઇચા | ૨૦ | ૧૧૨૦૦ | ૧૬૨૫ | ૧૧૦૦ | ૧૩૯૨૫ | ૬૩૫ | ૧૧૩૫ | - |
| | | | (૧૮) | (૧૭) | (૮) | (૧૮) | (૧૮) | (૧૮) | |
| ૭ | સામોટ | ૧૫ | ૪૫૦૦ | ૫૭૦ | - | ૫૦૭૦ | ૪૪૦ | ૫૨૫ | ૪૩૦૦ |
| | | | (૧૩) | (૧૦) | | (૧૪) | (૧૪) | (૧૩) | (૧૪) |
| ૯ | માલ | ૨૦ | ૩૯૦૦ | ૧૧૯૫ | - | ૫૦૯૫ | ૮૩૫ | ૧૪૮૫ | ૪૧૨૦ |
| | | | (૧૮) | (૧૩) | | (૨૦) | (૧૯) | (૧૯) | (૧૯) |
| | કુલ | ૧૯૦ | ૯૬૨૫૦ | ૧૦૪૭૫ | ૮૬૨૫ | ૧૧૭૧૫૦ | ૬૪૭૫ | ૯૭૮૦ | ૩૩૮૭૦ |
| | | | (૧૪૬) | (૮૦) | (૬૪) | (૧૫૪) | (૧૩૫) | (૧૩૨) | (૯૦) |
| કુલ કુટુંબના ટકા | | ૧૦૦ | ૭૬.૮૪ | ૪૨.૧૧ | ૩૩.૬૮ | ૮૧.૦૫ | ૭૧.૦૫ | ૬૯.૪૭ | ૪૭.૩૭ |
| કુટુંબદીઠ સરેરાશ આવક | | | ૬૫૯.૨ | ૧૩૦.૯ | ૧૩૪.૮ | ૭૬૦.૭ | ૪૭.૯ | ૭૪.૧ | ૩૭૬.૩ |

તપાસના સમગ્ર ગામના કુલ ૪૪૪ ૧૯૦ કુટુંબોમાંથી પશુપાલન, મરઘા ઉછેર, માછલી પકડવાથી અને વન્યગૌણ પેદાશોની જે આવક જાણવા મળી હતી તે કોઠા નંબર ૩.૫ જોઇએ તો દૂધ અને દૂધની બનાવટોની ૧૪૬ જેટલા કુટુંબોમાંથી એટલે કે (૭૬.૮૪ ટકા ) કુટુંબોની સરેરાશ ૬૫૯.૨ રૂપિયા હતી. પશુઓના છાણિયા ખાતરની જે ઘર વપરાશમાં જે વાપરે છે તેની ૮૦ ( ૪૨.૧૧ ટકા ) કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૧૩૦.૯ રૂપિયા જાણવા મળી હતી. નાના પશુઓના વેચાણ વગેરેમાંથી કુલ ૬૪ ( ૩૩.૬૮ ટકા ) કુટુંબોમાંથી ૧૩૪.૮ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ જાણવા મળી હતી. આમ પશુપાલનના ગૌણ વ્યવસાયમાંથી કુલ ૧૫૪( ૮૧.૦૫ ટકા ) કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૭૬૦.૭ રૂપિયાની કુલ આવક થતી જાણવા મળી હતી.

તપાસના નવ ગામના કુટુંબોમાંથી દરેક દરેક કુટુંબ મરઘા ઉછેર કરતું જોવા મળ્યું નહોતું. ૧૬૫(૭૧.૦૫ ટકા ) કુટુંબો ઘરે મરઘા રાખતા જોવા મળ્યા હતા. માત્ર બે ગામના બે કુટુંબો જ મરઘા ઉછેરનો વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. તપાસના (૭૧.૦૫ ટકા ) કુટુંબોમાંથી કુટુંબદીઠ ૪૭.૯ રૂપિયાની સરેરાશ આવક જ થતી જાણવા મળી હતી રોજબરોજના માછલા પકડવાના અને ઘર વપરાશમાંજ વાપરી નાખવાથી કુલ ૧૩૨ (૬૯.૪૭ ટકા ) કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૭૪.૧ રૂપિયાની આવક જાણવા મળી હતી. જંગલ વિસ્તારના ડાકરપાડા , મોસદા, જૂનારાજ, સામોટ અને માલ ગામોમાંથી જંગલમાંથી પ્રાપ્ત થતી ગૌણ પેદાશોની આવક તપાસના કુલ કુટુંબોમાંથી ૯૦ (૪૭.૩૭ ટકા ) કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ ૩૭૬.૩ રૂપિયાની આવક જાણવા મળી હતી. સૌથી વધુ ગૌણ જંગલ પેદાશોની આવક તપાસના જૂનારાજના કુટુંબોમાંથી જાણવા મળી હતી. અને સૌથી ઓછી તપાસના પાટલામહુ ગામની જાણવા મળી હતી.

તપાસના કુલ કુટુંબોમાંથી મરઘા ઉછેર અને માછલીની આવક ખૂબ જ ઓછી પ્રાપ્ત થતી જાણવા મળી હતી. ઉપરાંત જંગલ સાફ થઇ જવાને કારણે તપાસના પાટલામહુ, વાગલખોડ, પોઇચા અને ઝરીયામાંથી જંગલગૌણ પેદાશોની આવક જાણવા મળી નહોતી. ડાકરપાડામાંથી અને ઝરીયામાંથી કોલસા પાડવાની જંગલ મજૂરીમાંથી જ આવક થતી જાણવા મળી હતી. બીજી ગૌણ પેદાશોની આવક થતી જાણવા મળી નહોતી.

આમ તપાસના કેટલાક ગામોમાંથી જંગલ સાફ થઇ જવાને કારણે વ્યવસાયમાં પરિવર્તન જોવા મળ્યું હતું, જે જંગલ મજૂરી, જંગલ ગૌણ પેદાશો ઉપર નભતા હતા તેવા ગામોમાં પશુપાલન અને ખેતમજૂરી તરફનો ઝોક વધતો જાણવા મળ્યો હતો. સામોટ, માલ અને મોસદા ગામોને બાદ કરતાં બીજા તપાસના ગામોમાં પશુપાલન અને ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવતા કુટુંબોની સંખ્યા વધુ જાણવા મળી હતી. તપાસના ગામના લોકોના કહેવા પ્રમાણે વર્ષના ખેતીની સીઝન સિવાય કેટલાક મહીનાઓ બહારની મજૂરીની શોધમાં જવું પડે છે. કેટલીકવાર મજૂરી ન મળતાં બેકારી બેસવું પડે અને ભૂખ્યા કે અર્ધભૂખ્યા વર્ષમાં કેટલાક દિવસો રહેવું પડે. પરિસ્થિતિ વશ મજૂરીના દરો પણ ઘણા ઓછા જાણવા મળ્યા હતા.

કોઠા નંબર : ૩.૬ ભૂખ્યા રહેવું પડે છે.

| ક્રમ | ગામ | હા | ના | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કાકરપાડા (૨૦) | ૧૬ | ૪ | ૨૦ |
| ૨ | પાટલામહુ (૨૦) | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૩ | વાગલખોડ (૩૫) | ૨૩ | ૧૨ | ૩૫ |
| ૪ | મોસદા (૨૦) | ૨૦ | - | ૨૦ |
| ૫ | જૂનારાજ (૨૦) | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૬ | ઝરીયા (૨૦) | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૭ | પોઇચા (૨૦) | ૧૪ | ૬ | ૨૦ |
| ૮ | સામોટ (૧૫) | ૧૧ | ૪ | ૧૫ |
| ૯ | માલ (૨૦) | ૧૭ | ૩ | ૨૦ |
| | કુલ (૧૯૦) | ૧૩૧ | ૫૯ | ૧૯૦ |
| | | ૬૮.૯૫ | ૩૧.૦૫ | ૧૦૦.૦૦ |

તપાસના ગામમાંથી ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહેતા કુટુંબોમાં કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૧ ( ૬૮.૯૫ ટકા ) કુટુંબો આ પરિસ્થિતિ હેઠળ જીવતા જાણવા મળ્યા હતા. માત્ર ૫૯ (૩૧.૦૫ ટકા ) કુટુંબો જ ટંક પૂરતું ખાવા પીવામાં સુધી જોવા મળ્યા હતા. કેટલાક ગામોમાંથી જંગલ કપાઇ જવાને કારણે કે જમીન વિહોણા હોવાને કારણે અથવા બીજો કોઇ વ્યવસાય ન કરી શકવાની કારણે ભૂખ્યા કે અર્ધ ભૂખ્યા ક્ષ રહેતા જાણવા મળ્યા હતા. વર્ષના કેટલાક દિવસો આ પરિસ્થિતિને આધીન આવી વિકટ કારમી બેકારીને કારણે ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહીને જીવતા જોવા મળે છે. જેની કુટુંબ સંખ્યા કોઠા નંબર ૩.૬ માં આપી છે. જેમ જેમ જંગલ સાફ થતું જાય છે તેમ તેમ વર્ષો વર્ષ વિકટ પરિસ્થિતિ થતી જાય છે. આમ પરિસ્થિતિમાં જંગલનો આધાર ન રહેતાં ખેતમજૂરી નજીકમાં બાંધકામ મજૂરી અથવા જે મળે તે છૂટક કામની મજૂરી કરીને જે જીવનનિર્વાહ કરતા કુટુંબો જોવા મળ્યા હતા તે નીચે મુજબ હતા. જે કોઠા નંબર ૩.૭ માં પણ છે.

કોઠા નંબર : ૩.૭ મજૂરીમાંથી મેળવેલી આવક દર્શાવતો કોઠો ( કૌંસમાં મજૂરી મેળવતા કુટુંબોની સંખ્યા )(રૂપિયામાં)

| ક્રમ | ગામ | કુટુંબ | ખેતમજૂરી | જંગલમજૂરી | બાંધકામ મજૂરી | અન્ય મજૂરી | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૭૮૦૦ (૨૦) | ૩૩૦૦ (૧૪) | - | ૩૦૫૦ (૧૦) | ૧૪૧૫૦ | ૭૦૮ |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૬૮૦૦ (૧૫) | - | - | ૫૫૦૦ (૧૩) | ૧૨૩૦૦ | ૬૧૫ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૨૪૬૦૦ (૩૩) | - | - | ૪૫૫૦ (૧૦) | ૨૯૧૫૦ | ૮૩૩ |
| ૪ | મોસદા | ૨૦ | ૪૭૫૦ (૧૬) | - | - | - | ૪૭૫૦ | ૨૩૮ |

ચાલુ...

કોઠા નંબર : ૩.૭ ... ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | ૭૮૦૦ (૧૮) | - | - | - | ૭૮૦૦ | ૩૯૦ |
| ૬ | ઝરીયા | ૨૦ | ૧૨૯૫૦ (૧૯) | ૧૮૦૦ (૪) | ૨૧૦૦ (૫) | - | ૧૪૯૬૦ | ૭૪૮ |
| ૭ | પોઇચા | ૨૦ | ૧૦૩૫૦ (૧૯) | - | ૧૩૦૦ (૬) | - | ૧૧૬૫૦ | ૫૮૩ |
| ૮ | સમોટ | ૧૫ | ૩૧૫૦ (૧૨) | ૩૦૦ (૧) | - | - | ૩૪૫૦ | ૨૩૦ |
| ૯ | માલ | ૨૦ | ૩૬૦૦ (૧૭) | ૮૫૦ (૮) | ૬૦૦ (૪) | ૫૦ (૧) | ૫૧૦૦ | ૨૫૫ |
| | કુલ | ૧૯૦ | ૮૧૮૦૦ (૧૬૯) | ૬૨૫૦ (૨૭) | ૪૦૦૦ (૧૫) | ૧૩૧૫૦ (૩૪) | ૧૦૩૩૧૦ | ૫૪૪ |
| | કુટુંબદીઠ સરેરાશ | | ૪૮૪ | ૨૩૧ | ૨૬૬ | ૩૮૭ | | |

તપાસના કુલ નવ ગામમાંથી કુલ ૧૯૦ જેટલા કુટુંબોમાંથી ૧૬૯(૮૮.૯૫ ટકા ) કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ આવક ૪૮૪ રૂપિયા જોવા મળી હતી. આ ખેતમજૂરીવાળા કુટુંબોનો ખેતમજૂરી જ માત્ર વ્યવસાય જોવા મળ્યો નહોતો. આ કુટુંબો ખેતી, જંગલ મજૂરી અને અન્ય બાંધકામ મજૂરી છૂટક મજૂરી, પશુપાલન જેવા વ્યવસાયો સાથે પણ સંકડાયેલા જોવા મળ્યા હતા. ખેતમજૂરીની સૌથી વધુ આવક તપાસના વાગલખોડ ઝરીયા, પોઇચા ગામોની જોવા મળી હતી. જે અનુક્રમે કુટુંબદીઠ સરેરાશ ૮૩૩, ૭૪૮, ૫૮૩ રૂપિયા જોવા મળી હતી. તપાસના આ ગામો જંગલ સાફ થઇ જવાથી આજુબાજુના ગામોના જમીન ધરાવતા ખેડૂતોને ત્યાં ખેતીકામની મજૂરી કરીને આવક પ્રાપ્તિ કરતા જાણવા મળ્યા હતા. તપાસના પોઇચામાંથી વસાવા મજૂરો નર્મદા નદીને સામે કિનારે વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના કોઠાના ગામોમાં રોજબરોજ મજૂરી કરતા જતા જાણવા મળ્યા હતા. તપાસના જંગલ વિસ્તારના માત્ર આદિવાસી વસતિ ધરાવતા ગામોમાંથી ખેતમજૂરીની આવક ખૂબ જ ઓછી પ્રાપ્ત કરતા જોવા મળ્યા હતા. ત્યાં ખેતમજૂરી સીઝન પૂરતી હતી અથવા ખેતમજૂરીના દરો ઓછા પ્ર મળતા મળ્યા હતા.

જંગલ મજૂરી કરતા કુલ ૨૭ ( ૧૪.૨૧ ટકા ) કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ ૨૩૧ રૂપિયાની જાણવા મળી હતી. તેમાં પણ કાકરપાડા ગામમાંથી માત્ર કોલસા પાડવાની જંગલ મજૂરી મળતી હતી. અને વાહતૂકની જંગલ મજૂરી ઝરીયા, સામોટ અને માલ ગામોમાંથી પ્રાપ્ત થતી જાણવા મળી હતી. બાકીના ગામોમાંથી જંગલ મજૂરીની કોઇ આવક થતી જાણવા મળી નહોતી.

બાંધકામ મજૂરી એટલે કે બહારની મજૂરી ૧૫ (૭.૯૦ ટકા ) કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૨૬૬ રૂપિયાની જ માત્ર જાણવા મળી હતી. અન્ય છૂટક મજૂરીવાળા ૩૪ ( ૧૭.૯૦ ટકા ) કુટુંબોની સરેરાશ કુટુંબદીઠ ૩૮૭ રૂપિયાની જાણવા મળી હતી. બાંધકામ મજૂરી તપાસના ઝરીયાના ૫ ( ૨૫.૦૦ ટકા ), પોઇચાના ૬ ( ૩૦.૦૦ ટકા ) અને માલના

૪ ( ૨૦.૦૦ ટકા ) કુટુંબો જ માત્ર કરતા જાણવા મળ્યા હતા. અન્ય છૂટક મજૂરી કાકરપાડાના ૧૦ ( ૫૦.૦૦ ટકા ) કુટુંબો, વાગલખોડના ૧૦ ( ૨૮.૫૮ ટકા ) અને પાટલામહુના ૧૩ (૬૫.૦૦ ટકા ) કુટુંબો જ્યારે માલનું માત્ર ૧ ( ૫.૦૦ ટકા ) કુટુંબ જ કરતું જાણવા મળ્યું હતું. આ બાંધકામ મજૂરી અને અન્ય છૂટક મજૂરી તપાસના જમીન વિહોણા કુટુંબોમાંથી જ કરતા જોવા મળ્યા હતા.

તપાસના કુલ ૧૯૦ કુટુંબોમાંથી જુદી જુદી મજૂરીની આવકમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫૪૪ રૂપિયાની આવક જાણવા મળી હતી. જેમાં તપાસના સૌથી વધુ આવરી લેવામાં આવેલ ગામ વાગલખોડના ૩૫ કુટુંબોથી કુટુંબદીઠ સરેરાશ ૮૩૩ રૂપિયાની જોવા મળી હતી. અને તપાસમાં સૌથી ઓછા કુટુંબોને આવરીને તપાસમાં લીધેલા સામોટ ગામના ૧૫ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ સૌથી ઓછી ૨૩૦ રૂપિયાના જાણવા મળી હતી. બાકીના તપાસના કાકરપાડા, પાટલામહુ, મોસદા, જૂનારાજ, ઝરીયા, માલ ના કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ અનુક્રમે ૭૦૮, ૬૧૫ ૪, ૨૩૮, ૩૯૦,૭૪૮, ૫૮૩, ૨૫૫ રૂપિયાની જાણવા મળી હતી.

આમ તપાસના ગામોમાંથી જે કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા. તે આ સિવાયની અન્ય કોઈ મજૂરી મેળવી શકયા નહોતા. જે કોઠા નંબર ૩.૭ જોવાથી ખ્યાલ આવશે.

તપાસના ઝરીયામાં જંગલ ઉપરાંતની બાંધકામ અને છૂટક મજૂરી ની આવક પ્રાપ્તિ ખેતીની પણ સારી આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી. તપાસનું માલ જે છેક સરહદનું ગામ છે તેમ મોસદા ગાઢ જંગલમાં વસેલું ગામ છે. તેની પણ વાર્ષિક અને માસિક કુટુંબદીઠ સરેરાશ આવક સૌથી ઓછી જાણવા મળી હતી.

તપાસના કુલ કુટુંબોમાંથી ૧૩૩ ( ૭૦.૦૦ ટકા ) કુટુંબો ખેતીની જમીન ધરાવતા જાણવા મળ્યા હતા જેની ખેતીમાંથી થતી કુટુંબદીઠ સરેરાશ આવક ૧૫૫૫ રૂપિયાની થતી જાણવા મળી હતી. બાકીની ૧૯૦

કુટુંબોની પશુપાલન ૬૧૭ રૂપિયાની, મજૂરી છૂટક મજૂરી, નોકરી વગેરેની ૫૪૪ રૂપિયાની, વન્ય પેદાશોમાંથી મેળવેલી ૧૭૮ રૂપિયાની, મરઘા ઉછેરની ૩૪ રૂપિયાની, માછલાંની ૫૧ રૂપિયાની, કુટુંબદીઠ સરેરાશ આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી.

તપાસના કુટુંબોમાંથી ખેતી કરતા ઝરીયાના ૧૭ (૧૨.૭૯ ટકા) કુટુંબોમાંથી સૌથી વધુ આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી અને તપાસના મોસદાના ૧૭ ( ૧૨.૭૯ ટકા ) કુટુંબોમાંથી સૌથી ઓછી ખેતીની આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી. પશુપાલનમાંથી તપાસના ૧૯૦ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૬૧૭ રૂપિયાની કુલ આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ ઝરીયામાંથી ૮૬૧ રૂપિયા અને પાટલામહુ ૮૨૬ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક અને સૌથી ઓછી માલ ૨૫૫ રૂપિયા અને મોસદા ૨૬૮ રૂપિયાની જોવા મળી હતી. ખેતમજૂરી, છૂટક મજૂરી, નોકરી વગેરેમાંથી તપાસના કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫૪૪ રૂપિયાની આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ ઝરીયામાંથી ૭૪૮ રૂપિયા, કાકરપાડા ૭૦૮ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક અને સૌથી ઓછી મોસદા ૨૩૮ રૂપિયા અને સામોટ જેના ૧૫ કુટુંબોની ૨૩૦ રૂપિયાની જાણવા મળી હતી. વન્ય પેદાશોની કુલ કુટુંબોની ૧૭૮ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક જોવા મળી હતી. જેમાં તપાસના વાગલખોડમાંથી જંગલ કપાઇ જવાથી બિલકુલ આવક નહોતી. જ્યારે સૌથી વધુ જૂનારાજ ૩૫૫ રૂપિયા અને સૌથી ઓછી પાટલામહુ ૩ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક જોવા મળી હતી. મરઘાં ઉછેરની ૩૪ રૂપિયા અને માછલા પકડવામાંથી ૫૧ રૂપિયાની કુલ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ આવક જાણવા મળી હતી. જેમાં મરઘાં માછલાંની તપાસના વાગલખોડ-માંથી આવક જાણવા મળી નહોતી. મરઘાંની સૌથી વધુ આવક જૂનારાજમાંથી ૬૭ રૂપિયાની અને સૌથી ઓછી કાકરપાડા અને સામોટની ૨૯ રૂપિયાની જાણવા મળી હતી. માછલા પકડવામાંથી સૌથી વધુ ઝરીયા ૯૫ રૂપિયા અને પાટલામહુ ૮૬ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક અને સૌથી ઓછી મોસદા ૩૫ રૂપિયા અને સામોટ ૩૫ રૂપિયાની આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી.

આમ તપાસના કુલ કુટુંબોની વાર્ષિક અને માસિક કુટુંબદીઠ સરેરાશ આવક પ્રાપ્તિમાં ખેતી, પશુપાલનની આવક પ્રાપ્તિ સૌથી વધુ જોવા મળી હતી. જ્યારે મરઘાં, માછલાં, વન્ય પેદારોની આવક ઓછી થતી જાણવા મળી હતી. નોકરીની આવક તપાસના કુલ કુટુંબોમાંથી પાંચ થી છ કુટુંબો જ મેળવતા જાણવા મળ્યા હતા.

તપાસના નવ ગામના કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૧૩૩ ખાતેદારોની સ્થિતિ જોઇએ તો બધાની જ પાસે કુટુંબના સભ્યોને પોષણ આપી શકે એટલી જમીન નથી. બધા પાસે ખેતીના સાધનો પૂરતા નથી. બધા કુટુંબો બિયારણ, ખાતર, દવાઓ વાપરી શકતા નથી. માત્ર છાણિયા ખાતરથી ચલાવે છે. ખેતીના પાકો પકવવા માટે તેની પાછળ વર્ષે દરમ્યાન જે ખર્ચ થતું જોવા મળ્યું હતું તે નીચે મુજબ હતું.

કોઠા નંબર : ૩.૮ ખેતી અને પશુપાલન ખર્ચ દર્શાવતો કોઠો ( કૌંસમાં ખેતી-પશુપાલન ખર્ચ કરતા કુટુંબોની સંખ્યા )

| ક્રમ | ગામ | કુટુંબ | બિયારણ | રા. ખાતર | છાણ ખાતર | નાના ઓજાર | જમીન મહેસુલ | કુલ ખર્ચ | પશુપાલન | ઘાસચારો | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૨૮૫ (૯) | - | ૩૧૦ (૯) | ૨૦૦ (૯) | ૩૯૦ (૮) | ૧૧૮૫ | ૧૦૦૦ (૭) | ૧૭૨૫ (૯) | ૨૭૨૫ | ૧૩૬ |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૫૨૫ (૧૪) | ૫૭૦ (૫) | ૨૭૦ (૭) | ૨૯૦ (૧૧) | ૭૧૦ (૧૪) | ૨૩૬૫ | ૧૬૨૫ (૧૨) | ૩૯૫૦ (૧૪) | ૫૫૭૫ | ૨૭૯ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૯૨૫ (૨૨) | - | ૫૫૦ (૧૫) | ૬૦૫ (૧૯) | ૧૨૨૫ (૨૨) | ૩૩૦૫ | ૧૩૩૦ (૧૪) | ૪૪૭૫ (૨૫) | ૫૭૦૫ | ૧૬૩ |
| ૪ | મોસદા | ૨૦ | ૭૦૫ (૧૮) | - | ૨૯૦ (૮) | ૫૩૫ (૧૬) | ૩૭૫ (૧૯) | ૧૯૦૫ | ૨૧૦ (૧૨) | ૨૪૦૫ (૧૪) | ૪૫૨૦ | ૨૨૬ |

ચાલુ..

કોઠા નંબર : ૩.૮.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | ૧૧૬૫ (૯) | - | ૪૭૦ (૬) | ૪૦૫ (૮) | ૭૩૦ (૮) | ૨૭૭૦ | ૭૮૦ (૬) | ૩૧૭૫ (૧૬) | ૬૭૨૫ | ૩૩૬ |
| ૬ | ઝરીયા | ૨૦ | ૧૬૩૦ (૧૭) | - | ૭૮૦ (૧૪) | ૫૯૫ (૧૫) | ૭૯૦ (૧૭) | ૩૭૯૫ | ૧૨૧૫ (૮) | ૨૦૨૫ (૧૧) | ૭૦૩૫ | ૩૫૧ |
| ૭ | પોઈચા | ૨૦ | ૮૫૦ (૧૬) | - | ૪૮૦ (૮) | ૩૩૦ (૧૧) | ૪૮૨ (૧૬) | ૨૧૪૨ | ૬૬૦ (૧૧) | ૧૭૭૫ (૧૫) | ૪૫૭૭ | ૨૨૯ |
| ૮ | સામોટ | ૧૫ | ૭૦૦ (૧૪) | - | ૧૭૦ (૩) | ૩૦૦ (૧૩) | ૪૫૨ (૧૨) | ૧૬૨૨ | ૪૫૦ (૫) | ૭૩૦ (૧૩) | ૨૮૦૨ | ૧૮૭ |
તપાસના નવ ગામમાંથી સૌથી વધુ કિંમતના વૃક્ષો તપાસના સામોટ ગામમાંથી કુટુંબદીઠ સરેરાશ પ્રમાણે ૧૪૩૧ રૂપિયાના જાણવા મળ્યા હતા. જે સૌથી ઓછા કિંમતના વૃક્ષો તપાસના વાગલખોડના સૌથી વધુ તપાસમાં આવરી લીધેલા કુટુંબો પાસેથી જાણવા મળ્યા હતા. જે કુટુંબદીઠ સરેરાશ માત્ર ૭૦ રૂપિયાના જાણવા મળ્યા હતા. તપાસના બાકીના ગામોના કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ મોસદામાંથી ૭૧૪ રૂપિયાના , ઝરીયામાંથી ૬૪૯ રૂપિયાના, જૂનારાજમાંથી ૫૧૭ રૂપિયાના માલમાંથી ૩૮૫ રૂપિયાના, પોઇચામાંથી ૩૧૪ રૂપિયાના, ડાકરપાડામાંથી ૨૦૧ રૂપિયાના અને પાટલામહુમાંથી ૧૪૩ રૂપિયાના કુટુંબદીઠ સરેરાશ વૃક્ષો જાણવા મળ્યા હતા. તેના ઉપરથી ખ્યાલ આવે છે કે જ્યાંથી જંગલ સાફ થઇ જવા પામ્યુ છે તેવા ગામોમાંથી વૃક્ષોની સંખ્યા એટલી ઘટી જવા પામી છે કે ક્યારેક તો ઘર માટેના લાકડાનો સવાલ કેટલાક કુટુંબોને ઉભો થયો છે. થોડા વર્ષો ઉપર જ જ્યાં ગાઢ જંગલ હતું એવા ડાંકરપાડા પાટલામહુ, ઝરીયા ગામોની આસપાસથી ઝાડી શોધવી મુશ્કેલ થઇ ગઇ છે. આ વૃક્ષોની સંખ્યા અને કિંમત કોઠા નંબર ૩.૧૯ માં વિગતે આપી છે.

કોઠા નંબર : ૩.૨૦ ઘરેણાંની કિંમત દર્શાવતો કોઠો ( કૌંસમાં કુટુંબ સંખ્યા )

| ક્રમ | ગામ | કુટુંબ | સોના | ચાંદી | હથીટ | કલાઇ | કુલ | કુટુંબ દીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | કાકરપાડા | ૨૦ | - | ૯૦૦૦ (૨૦) | ૩૭૫૦ (૧૧) | - | ૧૨૭૫૦ | ૬૩૮ |
| ૨ | પાટલામહુ | ૨૦ | - | ૧૪૩૦૦ (૧૯) | ૫૦૦ (૧૮) | ૫૦૦ (૨) | ૧૫૩૦૦ | ૭૬૫ |
| ૩ | વાઘલખોડ | ૩૫ | - | ૧૪૬૭૫ (૩૫) | ૪૮૦૦ (૧૯) | ૧૦૦ (૧) | ૧૯૫૭૫ | ૫૫૯ |
| ૪ | મોસદા | ૨૦ | - | ૨૯૫૦ (૧૦) | ૬૬૦૦ (૨૦) | - | ૯૫૫૦ | ૪૭૮ |

ચાલુ...

કોઠા નંબર : ૩.૨૦.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | ૨૦૦૦ | ૫૨૦૦ | ૮૫૦૦ | - | ૧૫૭૦૦ | ૭૮૫ |
| | | | (૧) | (૧૨) | (૧૭) | | | |
| ૬ | ઝરીયા | ૨૦ | ૨૫૦૦ | ૬૩૦૦ | ૬૮૦૦ | - | ૧૫૬૦૦ | ૭૮૦ |
| | | | (૨) | (૧૫) | (૧૭) | | | |
| ૭ | પોઇચા | ૨૦ | - | ૯૭૦૦ | ૨૦૦૦ | - | ૧૧૭૦૦ | ૫૮૫ |
| | | | | (૧૮) | (૭) | | | |
| ૮ | સામોટ | ૧૫ | - | ૪૧૫૦ | ૧૭૭૫ | ૫૦૦ | ૬૪૨૫ | ૪૨૮ |
| | | | | (૧૧) | (૧) | (૭) | | |
| ૯ | માલ | ૨૦ | - | ૨૬૦૦ | ૨૯૭૫ | - | ૫૫૭૫ | ૨૭૯ |
| | | | | (૭) | (૧૧) | | | |
| | કુલ | ૧૯૦ | ૪૫૦૦ | ૬૮૮૭૫ | ૩૭૭૦૦ | ૧૧૦૦ | ૧૧૨૧૭૫ | ૫૯૦ |
| | | | (૩) | (૧૪૭) | (૧૨૧) | (૧૦) | | |
| | ટકા | | ૪.૦૧ | ૬૧.૪૦ | ૩૩.૬૧ | ૦.૯૮ | ૧૦૦.૦૦ | |
| | કુટુંબદીઠ- ઘરેણાં અસ્કયામત | | (૨૪) | (૩૬૩) | (૧૯૮) | (૬) | (૫૯૦) | |

તપાસના કુલ ગામમાં આવરી લીધેલા કુટુંબોમાંથી ચાંદી કસરના ઘરેણાં બધા જ ગામોમાંથી જાણવા મળ્યા હતા. બધા કુટુંબો ચાંદી, કથીરના ઘરેણાં વાપરતા જોવા મળ્યા નહોતા. સોના, કલાઇના ઘરેણાંના વપરાશનું પ્રમાણ ઘણું ઓછું જાણવા મળ્યું હતું. તપાસમાંથી સૌથી વધુ ચાંદીના ઘરેણાંની કિંમત જાણવા મળી હતી. તે પછી પછી કથીરનાં ઘરેણાંનો વપરાશ થતો જાણવા મળ્યો હતો. આજે તેમનામાં સોનાના ઘરેણાં કેટલાક કુટુંબોમાંથી પહેરતા જાણવા મળ્યા હતા. ઘરેણાં મહદ અંશે હાટવાળામાં આવતા વેપારીઓ પાસેથી ખરીદે છે. પહેલાં ખેતી પેદાશોના બદલામાં લેતા હતા. આજે ઘણા નાણાંનો ઉપયોગ કરીને ખરીદે છે. આજે જરૂર પડે કેટલા લોકો નજીકના શહેરના ઘરેણાંના વેપારીઓ પાસેથી પણ ઘરેણાં લેતા જાણવા મળ્યા હતા.

તપાસ દરમ્યાન સમગ્ર કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫૯૦ રૂપિયાની કિંમતનાં ઘરેણાં જાણવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ચાંદીના ઘરેણાંનો વપરાશ જાણવા મળ્યો હતો. ત્યાર પછી કથીરના ઘરેણાંનો વપરાશ થતો જાણવા મળ્યો હતો. તપાસના જૂનારાજમાંથી કુટુંબદીઠ સરેરાશ ૭૮૫ રૂપિયાના ઘરેણાં સૌથી વધુ કિંમતનાં જાણવા મળ્યા હતાં. જે તપાસના માલ ગામના કુટુંબોમાંથી ૨૭૯ રૂપિયાના ઘરેણાં સૌથી ઓછી કિંમતનાં જાણવા મળ્યા હતાં. બાકીના તપાસના ગામમાંથી કુટુંબદીઠ સરેરાશ ઘરેણાં જોઇએ તો ઝરીયામાંથી ૭૮૦ રૂપિયાના, પાટલામહુમાંથી ૭૬૫ રૂપિયાના , કાકરપાડામાંથી ૬૩૮ રૂપિયાના, પોઇચામાંથી ૫૮૫ રૂપિયાના, વાગલખોડમાંથી ૫૫૯ રૂપિયાના, મોસદામાંથી ૪૭૮ રૂપિયાના અને સામોટમાંથી ૪૨૮ રૂપિયાના ઘરેણાં જાણવા મળ્યાં હતાં. આમ ઘરેણાંની કિંમત દર્શાવતો કોઠો ૩.૨૦ જોઇએ તો ખ્યાલ આવશે કે વસાવા લોકો ઘરેણાંના શોખીન છે. તેમાંય વસાવા સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. શિક્ષણ પામ્યા છે એવા એકાદ બે કિસ્સાઓમાં સોના ઘરેણાં પહેરતા પણ જાણવા મળ્યા હતા. આજે પહેલાં કરતાં તેમનામાં ચાંદીના ઘરેણાં પહેરવાનું વિશેષ પસંદ કરતા પણ થયેલા જાણવા મળ્યા હતા.

કોઠા નંબર : ૩.૨૧ ખેત ઓજારો ( ઓજાર સંખ્યા કૌંસમાં )

| ક્રમ | ગામ | કુટુંબ | ઓજાર સંખ્યા | હળ | કરબ | સમાર | વાવણિયો | નાના ઓજાર | ગાડુ | કૂવો | કુલ | કુટુંબદીઠ (રૂ.માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૧૧૬ | ૨૨૫ (૧૦) | ૨૫૫ (૧૩) | - | ૭૦ (૩) | ૯૦૦ (૮૬) | ૨૭૦૦ (૪) | - | ૪૧૫૦ | ૨૦૮ |
| ૨ | માટલામહુ | ૨૦ | ૧૮૧ | ૪૭૦ (૨૦) | ૫૮૦ (૨૫) | - | ૨૭૦ (૧૧) | ૧૩૮૦ (૧૧૮) | ૩૮૦૦ (૭) | ૨૫૦૦ (૧) | ૯૦૦૦ | ૪૫૦ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૨૫૧ | ૧૧૩૦ (૩૦) | ૧૦૧૦ (૨૭) | ૪૮૫ (૧૪) | ૪૬૭ (૧૨) | ૨૨૧૦ (૧૬૦) | ૬૦૫૦ (૮) | - | ૧૧૩૫૨ | ૩૨૪ |
| ૪ | મોસદા | ૨૦ | ૧૭૧ | ૮૦૦ (૧૯) | ૭૮૦ (૨૦) | ૩૦ (૧) | ૫૯૦ (૧૩) | ૨૩૩૦ (૧૧૫) | ૨૧૦૦ (૩) | - | ૬૬૩૦ | ૩૩૨ |

ચાલુ...

કોઠા નંબર : ૩.૨૧ .. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | ૧૩૨ | ૫૦૫ | ૫૬૦ | ૨૬૦ | ૩૬૦ | ૧૩૦૫ | ૨૭૦૦ | - | ૫૬૯૦ | ૨૮૫ |
| | | | | (૧૩) | (૧૪) | (૬) | (૭) | (૮૯) | (૩) | | | |
| ૬ | ઝરીયા | ૨૦ | ૧૬૧ | ૯૧૦ | ૭૬૫ | ૭૦ | ૫૨૦ | ૨૩૨૫ | ૩૦૦૦ | - | ૭૫૯૦ | ૩૮૦ |
| | | | | (૨૨) | (૨૦) | (૨) | (૧૪) | (૧૨૮) | (૫) | | | |
| ૭ | પોઇચા | ૨૦ | ૧૫૧ | ૬૯૫ | ૬૮૫ | ૭૦ | ૨૩૫ | ૨૦૩૦ | ૧૨૦૦ | - | ૪૯૧૫ | ૨૪૬ |
| | | | | (૨૦) | (૨૦) | (૧) | ([illegible]) | ([illegible]) | (૨) | | | |
| ૮ | સામોટ | ૧૫ | ૧૩૪ | ૭૪૦ | ૬૭૦ | ૩૫ | ૨૯૦ | ૧૫૮૫ | ૧૯૦૦ | - | ૫૨૨૦ | ૨૬૧ |
| | | | | (૧૮) | (૧૮) | (૧) | (૮) | (૮૬) | (૩) | | | |
| ૯ | માલ | ૨૦ | ૧૩૬ | ૫૩૦ | ૫૭૦ | ૪૦ | ૩૧૦ | ૧૩૫૦ | ૧૭૦૦ | - | ૪૫૦૦ | ૨૨૫ |
| | | | | (૧૮) | (૧૭) | (૧) | (૯) | (૮૮) | (૩) | | | |
| | કુલ | ૧૯૦ | ૧૪૬૩ | ૬૦૦૫ | ૫૮૭૫ | ૯૯૦ | ૩૧૧૨ | ૧૫૪૧૫ | ૨૫૧૫૦ | ૨૫૦૦ | ૫૯૦૪૭ | ૩૧૧ |
| | ક્ષેત્રે કુટુંબદીઠ | | ૮ | (૧૭૦) | (૧૭૪) | (૨૬) | (૮૪) | (૯૭૧) | (૩૭) | (૧) | (૩૧૧ રૂ.) | |

તપાસના કુલ ગામમાંથી આવરી લીધેલા કુલ કુટુંબોમાંથી સૌથી વધુ પાટલામહુ ગામમાંથી ૪૫૦ રૂપિયાની કિંમતના કુટુંબદીઠ સરેરાશ ઓંજારો જાણવા મળ્યા હતા. જે તપાસના ડાકરપાડા ગામમાંથી ૨૦૮ રૂપિયાની કિંમતના કુટુંબદીઠ સરેરાશ સૌથી ઓછા ખેત-ઓજારો જાણવા મળ્યા હતા. બાકીના તપાસના ગામોના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ખેતઓજારો જાણવા મળ્યા હતા તે મુજબ તપાસના ઝરીયામાંથી ૩૮૦ રૂપિયાના, મોસદામાંથી ૩૩૨ રૂપિયાના, વાવલખોડમાંથી ૩૨૪ રૂપિયાના, જૂનારાજમાંથી ૨૮૫ રૂપિયાના, સામોટમાંથી ૨૬૧ રૂપિયાના, પોઇચામાંથી ૨૪૬ રૂપિયાના અને માલમાંથી ૨૨૫ રૂપિયાના જાણવા મળ્યા હતા. એટલે જ્યાં બાહ્ય સંપર્ક થવા પામ્યો છે અથવા ઝરીયા જેવા ગામમાં ખેતવિકાસ મંડળીઓ ચાલે છે તેની અસરને કારણે ખેત ઓજારો નવીન સુધરેલ જોવા મળ્યા હતા. આ ખેત ઓજારોની વિગત કોઠા નંબર ૩.૨૧ માં દર્શાવ્યા પ્રમાણે સંખ્યા કિંમત હતી.

કોઠા નંબર : ૩.૨૨ છેલ્લા વીસ વર્ષનું મૂડી રોકાણ ( કૌંસમાં કુટુંબ સંખ્યા )

| ક્રમ | ગામ | કુટુંબ | મૂડી રોકાણ વા.કુટુંબ | નવું મકાન | મકાન સમારકામ | જમીન સુધાર | પશુ ખરીદી | અન્ય | કુલ | રૂ.માં કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | કાકરપાડા | ૨૦ | - | - | ૨૩૦૦ (૨૦) | ૧૭૫૦ (૧૦) | ૩૬૫૦ (૧૭) | - | ૭૭૦૦ | ૩૮૫ |
| ૨ | પાટલામહુ | ૨૦ | - | - | ૨૨૩૦ (૨૦) | ૨૭૫૦ (૧૪) | ૪૨૦૦ (૧૪) | ૨૦૦ (૧) | ૯૩૮૦ | ૪૬૯ |
| ૩ | વાગલખોડ | ૩૫ | - | - | ૪૨૧૫ (૩૫) | ૨૮૦૦ (૧૬) | ૪૦૦૦ (૧૯) | ૨૭૫ (૩) | ૧૧૨૯૦ | ૩૨૩ |
| ૪ | મોસદા | ૨૦ | - | - | ૫૬૫ (૧૬) | ૬૮૫ (૧૧) | ૧૭૦૦ (૧૨) | - | ૨૯૫૦ | ૧૪૮ |

ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૨૦ | - | ૭૦૦૦ | ૧૯૯૦ | ૫૦૦ | ૧૮૫૦ | - | ૧૧૩૪૦ | ૫૬૭ |
| | | | | (૨) | (૧૮) | (૨) | (૪) | | | |
| ૬ | ઝરીયા | ૨૦ | | - | ૪૭૭૫ | ૩૮૭૫ | ૭૩૫૦ | - | ૧૬૦૦૦ | ૮૦૦ |
| | | | | | (૨૦) | (૧૬) | (૧૯) | | | |
| ૭ | પોઇચા | ૨૦ | | | ૨૦૨૫ | ૧૨૫૦ | ૪૧૭૫ | - | ૭૪૫૦ | ૩૭૩ |
| | | | | | (૨૦) | (૭) | (૧૭) | | | |
| ૮ | સામોટ | ૧૫ | | | ૧૦૭૫ | ૭૦૦ | ૨૭૨૫ | - | ૪૫૦૦ | ૩૦૦ |
| | | | | | (૧૧) | (૭) | (૧૧) | | | |
| ૯ | માલ | ૨૦ | | | ૮૫૦ | ૭૭૫ | ૨૦૨૫ | - | ૩૬૫૦ | ૧૮૩ |
| | | | | | (૧૭) | (૯) | (૧૩) | | | |
| | કુલ | ૧૯૦ | | ૭૦૦૦ | ૨૦૦૨૫ | ૧૫૦૮૫ | ૩૧૬૭૫ | ૪૭૫ | ૭૪૨૬૦ | |
| | | | | (૨) | (૧૭૭) | (૯૨) | (૧૨૬) | (૪) | | |
| | કુટુંબ દીઠ સરેરાશ રૂપિયામાં | | | (૩૭) | (૧૦૫) | (૭૯) | (૧૬૭) | (૩) | (૩૯૧) | |

તપાસના સમગ્ર કુટુંબમાંથી નવા મકાનના બાંધકામ પાછળ જૂનારાજના માત્ર ૨ ( ૧.૦૭ ) ટકા કુટુંબો જ કુટુંબદીઠ સરેરાશ ૩૫૦૦ રૂપિયાનો ખર્ચ કરતા જોવા મળ્યા હતા. મકાન સમારકામ પાછળ તપાસના ૧૭૭ કુટુંબો સરેરાશ કુટુંબદીઠ ૧૦૫ રૂપિયાનો ખર્ચ કરતા જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ઝરીયાના કુટુંબો ૨૯૭ રૂપિયાનો અને સૌથી ઓછો ખર્ચ માલના કુટુંબો ૫૦ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ કરતા જોવા મળ્યા હતા. જમીન સુધારણા પાછળ તપાસના ૯૨(૪૮.૪૩ટકા ) કુટુંબો કુટુંબદીઠ ૭૯ રૂપિયાનો સરેરાશ ખર્ચ કરતા જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ જરીયાના કુટુંબોમાંથી ૨૪૨ રૂપિયાનો અને સૌથી ઓછો જૂનારાજના કુટુંબોમાંથી ૨૫૦ રૂપિયાનો કુટુંબ દીઠ સરેરાશ ખર્ચ કરતા જોવા મળ્યા હતા. પશુપાલનના વ્યવસાય પાછળ ૧૨૬ ( ૬૬.૩૨ ટકા ) કુટુંબો કુટુંબદીઠ ૧૬૭ રૂપિયાનો સરેરાશ ખર્ચ કરતા જાણવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ઝરીયાના કુટુંબોનો ૩૮૭ રૂપિયાનો અને સૌથી ઓછો મોસદાના કુટુંબોમાંથી ૧૪૨ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ થતો જાણવા મળ્યો હતો. અન્ય ખર્ચ તો પાટલામહુના ૧ કુટુંબનો રૂપિયા ૨૦૦ નો ખર્ચ અને વાગલખોડના ૩ ( ૭૫.૦૦ ટકા ) કુટુંબો કુટુંબદીઠ ૯૨ રૂપિયાનો કરતા જાણવા મળ્યા હતા. આમ તપાસના નવ ગામોમાંથી છેલ્લા વીસ વર્ષ દરમ્યાન ૧૯૦ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૩૯૧ રૂપિયાનું મૂડી રોકાણ થતું જાણવા મળ્યું હતું. સૌથી વધુ મૂડી રોકાણ તપાસના ઝરીયાના કુટુંબોનું કુટુંબદીઠ ૮૦૦ રૂપિયાનું અને સૌથી ઓછું મૂડી રોકાણ તપાસના મોસદાના કુટુંબોનું ૧૪૮ રૂપિયાનું સરેરાશ જોવા મળ્યું હતું. આમ મકાન સમારકામ અને પશુપાલનના વ્યવસાય પાછળ જ છેલ્લા વીસ વર્ષમાં મૂડી રોકાણ થતું વધુ જોવા મળ્યું હતું. એ સિવાય જમીન સુધારણા પાછળ પાછળના પાંચ વર્ષમાં જ મૂડી રોકાણ કરતા જોવા મળ્યા હતા. બાકી અન્ય કોઇ વ્યવસાય, મકાન બાંધકામ પાછળ વગેરેમાં છેલ્લા વર્ષોમાં કોઇ જાતનું મૂડીરોકાણ કરતા જાણવા મળ્યા નહોતા. આ છેલ્લા વીસ વર્ષનું મૂડીરોકાણની વિગતો કોઠા નંબર ૩.૨૨ માં દર્શાવ્યા પ્રમાણે ગામવાર કેટલા કુટુંબોએ કર્યું કે નથી કર્યું તેનો ખ્યાલ આવશે.

## પ્રકરણ : ૪

## સામાજિક જીવનચક્ર

## પ્રકરણ - ૪

## સામાજિક જીવનચક્ર

### સામાજિક સંરચના :

### કુટુંબ વ્યવસ્થા :

વસાવામાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ઘરમાં પિતાની સત્તા અંતિમ છે. કુટુંબની કમાણી પુરુષ પોતાની પાસે રાખે છે. ખર્ચ કરવામાં પણ તેમાં નિર્ણય મહત્ત્વનો હોય છે. બહારના બધા જ વ્યવહારો પુરુષ કરે છે. જીવનનિર્વાહની જવાબદારી પણ ઘરના પુરુષ જ ઉપાડવાની હોય છે. સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ મદદ કરે છે. કુટુંબના મહત્ત્વના નિર્ણયો પણ પુરુષ લે છે. છતાં વસાવા સ્ત્રીનું સમાજજીવન અને કુટુંબજીવનમાં સ્થાન મહત્ત્વનું જોવા મળે છે. સ્ત્રીને પણ કેટલાક અધિકાર જોવા મળે છે. તેમનામાં છોકરીનું દહેજ આપવાનો રિવાજ નથી. સ્ત્રી ભારરૂપ ગણાતી નથી. વસાવામાં તેથી પુત્ર-પુત્રીનું સ્થાન એક સરખું ગણાય છે.જમીન વધારે હોય તો છોકરી માટે ઘરજમાઇ લાવે છે આ રીતે છોકરીને જમીનમાં ભાગીદાર બનાવે છે. આજે વસાવા યુવતીઓ પોતાનો જીવન સાથી જાતે પસંદ કરી લેતી પણ જોવા મળે છે. મા-બાપ કોઇ જગ્યાએ બતાવે પણ છોકરી હા પાડે તો લગ્ન કરે છે. આજે જે શિક્ષણ પામેલી છે તે દબાણ કે ધાકધમકીને ચલાવતી નથી. છૂટાછેડા જેવી બાબતમાં પણ પુરુષ જેટલી સ્ત્રીને અધિકારીની માનવામાં આવે છે.

કુટુંબમાં કેટલાક સંજોગોમાં પુત્રી લગ્ન બાદ પતિને ત્યાં જવાને બદલે બાપને ત્યાં પતિ સાથે રહેવા આવે છે. આથી વસાવાની સંયુકત કુટુંબ વ્યવસ્થામાં જમાઇને પણ ઉમેરો થાય છે. કુટુંબમાં પરણિત સંતાનો, વિધુર પિતા વિધવા માતા જેવી સભ્યો વસે છે.

તપાસમાં આવરી લેવામાં આવેલા નવ ગામના કુલ ૧૯૦ કુટુંબોમાંથી સ્ત્રી-પુરુષ મુજબ જે સભ્ય સંખ્યા જોવા મળી હતી. જેમાં ૧૯૦ કુટુંબોમાંથી કુલ ૬૦૭ પુરુષો અને ૫૩૫ સ્ત્રીઓની સભ્ય સંખ્યામાંથી ૧ થી ૩ ની સભ્ય સંખ્યા માંxx ૨૫ ( ૧૩.૧૬ ) કુટુંબોનોમાંથી ૩૬ (૫.૯૩ ) પુરુષનેં અને ૩૧ ( ૫.૭૯ ટકા ) સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. જ્યારે ૪ થી ૬ ની સભ્ય સંખ્યામાં ૯૯ ( ૫૨.૧૧ ટકા ) કુટુંબોમાંથી ૨૬૪ (૪૩.૪૯ ટકા ) પુરુષો અને ૨૨૪(૪૧.૮૭ ટકા) સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. ૭ થી ૧૦ ની સભ્ય સંખ્યામાં ૫૩(૨૭.૯૦ટકા) કુટુંબોમાંથી ૨૨૬ (૩૭.૨૪ ટકા ) પુરુષો અને ૨૦૧ (૩૭.૫૭ ટકા) સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. ૧૧ થી ઉપરની સભ્ય સંખ્યામાં ૧૩ (૬.૮૩ ટકા ) કુટુંબોમાંથી ૮૧ (૧૪.૩૪ ટકા) પુરુષો અને ૭૯ (૧૩.૩૪ ટકા ) સ્ત્રીઓનો સમાવેશ થતો જોવા મળ્યો હતો. આમ ૪થી૬ ની સભ્ય સંખ્યાવાળા સૌથી વધુ કુટુંબો અને ૧થી૩ ની સભ્ય સંખ્યાવાળા સૌથી ઓછા કુટુંબો જોવા મળ્યા હતા.

આમ પ્રમાણે કુટુંબની સભ્ય સંખ્યા [illegible]

XXI કોઠા નંબર : ૪.૧ સભ્ય સંખ્યા પ્રમાણે કદ

| ક્રમ | ગામ | ૧ થી ૩ | | ૪ થી ૬ | | ૭ થી ૧૦ | | ૧૧થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | કાકરપાડા | ૫ | ૩ | ૨૬ | ૨૮ | ૨૪ | ૨૪ | ૦ | ૦ | ૫૫ | ૫૫ |
| | કુટુંબ સંખ્યા | ૩ | | ૧૧ | | ૬ | | ૦ | | ૨૦ | |
| ૨ | પાટલામહુ | ૫ | ૭ | ૪૧ | ૨૩ | ૧૭ | ૭ | - | - | ૬૩ | ૩૭ |
| | કુટુંબ સંખ્યા | ૪ | | ૧૩ | | ૩ | | - | | ૨૦ | |
| ૩ | વાગલખોડ | ૯ | ૪ | ૭૮ | ૪૫ | ૧૪ | ૧૫ | ૬ | ૫ | ૧૦૭ | ૬૯ |
| | કુટુંબ સંખ્યા | ૫ | | ૨૫ | | ૨૪ | | ૧ | | ૩૫ | |
| ૪ | મોસદા | ૭ | ૮ | ૧૧ | ૧૪ | ૩૪ | ૩૫ | ૪ | ૭ | ૫૬ | ૬૪ |
| | કુટુંબ સંખ્યા | ૫ | | ૫ | | ૯ | | ૧ | | ૨૦ | |

ચાલુ...

કોઠા નંબર : ૪.૧.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | જૂનારાજ | ૭ | ૬ | ૨૮ | ૨૭ | ૧૦ | ૪ | - | - | ૪૫ | ૩૭ |
| | કુટુંબ સંખ્યા | ૬ | | ૧૨ | | ૨ | | - | | ૨૦ | |
| ૬ | ઝરીયા | ૨ | ૧ | ૧૪ | ૧૭ | ૩૧ | ૨૮ | ૩૭ | ૩૧ | ૮૪ | ૮૫ |
| | કુટુંબ સંખ્યા | ૧ | | ૬ | | ૭ | | ૬ | | ૨૦ | |
| ૭ | પોઇચા | - | - | ૨૫ | ૨૭ | ૨૭ | ૨૮ | ૨૬ | ૧૪ | ૭૮ | ૬૯ |
| | કુટુંબ સંખ્યા | - | | ૧૦ | | ૭ | | ૩ | | ૨૦ | |
| ૮ | સામોટ | - | - | ૨૫ | ૨૮ | ૧૭ | ૧૫ | - | - | ૪૨ | ૪૩ |
| | કુટુંબ સંખ્યા | - | | ૧૧ | | ૪ | | - | | ૧૫ | |
| ૯ | માલ | ૧ | ૨ | ૧૬ | ૧૩ | ૫૨ | ૪૩ | ૨૮ | ૧૮ | ૯૭ | ૭૬ |
| | કુટુંબ સંખ્યા | ૧ | | ૬ | | ૧૧ | | ૨ | | ૨૦ | |
| | કુલ | ૩૬ | ૩૧ | ૨૬૪ | ૨૨૪ | ૨૨૬ | ૨૦૧ | ૮૧ | ૭૯ | ૬૦૭ | ૫૩૫ |
| | કુટુંબ સંખ્યા | ૨૫ | | ૯૯ | | ૫૩ | | ૧૩ | | ૧૯૦ | |
| | | (૧૩.૧૬) | | (૫૨.૧૧) | | (૨૭.૮૦) | | (૬.૮૩) | | | |
| | | ૫.૯૩ | ૫.૭૯ | ૪૩.૪૯ | ૪૧.૮૭ | ૩૭.૨૪ | ૩૭.૫૭ | ૧૩.૩૪ | ૧૪.૭૭ | ૧૦૦ | ૧૦૦ |

ગામ પ્રમાણે કુટુંબની સભ્ય સંખ્યા કોઠા નંબર ૪.૧ માં જણાવ્યા પ્રમાણે જોવા મળી હતી. જેમાં પણ ૪ થી ૬ ની સભ્ય સંખ્યા ધરાવતા સૌથી વધુ કુટુંબો જોવા મળ્યા હતા. જેમાં સભ્ય સંખ્યા પણ કાકરપાડા, પાટલામહુ, વાગલખોડ, જૂનારાજ, સામોટ ગામોમાંથી સૌથી વધુ જોવા મળી હતી. ૧૧ થી ઉપરની સભ્ય સંખ્યા ધરાવતા સૌથી ઓછા કુટુંબો જોવા મળ્યા હતા. જેમાં કાકરપાડા, પાટલામહુ, જૂનારાજ, સામોટ ગામોમાંથી સભ્ય સંખ્યા જોવા મળી નહોતી.

તપાસના કુટુંબોમાં જોવા મળેલા કેન્દ્રીય અને સંયુક્ત કુટુંબો કોઠા નંબર ૪.૨ માં દર્શાવ્યા મુજબ જોવા મળ્યા હતા.

કોઠા નંબર : ૪.૨ કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબોની વહેંચણી

| ક્રમ | ગામ | કેન્દ્રીય | સંયુક્ત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કાકરપાડા | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૨ | પાટલામહુ | ૧૬ | ૪ | ૨૦ |
| ૩ | વાગલખોડ | ૩૪ | ૧ | ૩૫ |
| ૪ | મોસદા | ૧૫ | ૫ | ૨૦ |
| ૫ | જૂનારાજ | ૨૦ | - | ૨૦ |
| ૬ | ઝરીયા | ૫ | ૧૫ | ૨૦ |
| ૭ | પોઇચા | ૯ | ૧૧ | ૨૦ |
| ૮ | સામોટ | ૧૩ | ૨ | ૧૫ |
| ૯ | માલ | ૯ | ૧૧ | ૨૦ |
| | કુલ | ૧૩૦ | ૬૦ | ૧૯૦ |
| | ટકા | (૬૮.૪૨) | (૩૧.૫૮) | (૧૦૦.૦૦) |

તપાસના વસાવા કુટુંબોમાંથી કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા વિશેષ જોવા મળી હતી. તપાસના કુલ કુટુંબોમાંથી ૧૩૦(૬૮.૪૨ ટકા) કુટુંબો કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા અને ૬૦ ( ૩૧.૫૮ ટકા ) કુટુંબો સંયુકત પ્રકારની કુટુંબ વ્યવસ્થા ધરાવતા જોવા મળ્યા હતા. જો કે કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા ધરાવતા કુટુંબો વિશેષ જોવા મળ્યા હતા. પરંતુ તેમના મોટાભાગના કુટુંબોના આંતરિક વ્યવહારો જોઇએ તો સંયુકત જોવા મળે છે. પિતાથી પુત્ર લગ્ન બાદ ઝૂંપડું બાંધી વસે છે. પરંતુ ખેતીના કામ કરે છે. ખેતીનું અનાજ પાકે ત્યારે પિતા છોકરાઓને વહેંચી આપે છે. એટલે પિતાની હયાતી સુધી મિલકત સહિયારી હોય છે. માત્ર રહેઠાણ અને રસોડું અલગ જોવા મળે છે. છતાં શહેરીકરણ અને શિક્ષણની સંસ્થાઓ આશ્રમશાળા, શાળાઓની સુવિધાઓની આજે તેમનામાં ભારે અસર જોવા મળે છે. એસ.ટી.ની સેવાઓએ તેમનામાં બાહય સંપર્કને કારણે માતા પિતા સાથેના સંયુકત પરિવારમાં તિરાડો પાડી છે. તપાસ દરમ્યાન પરિણીત પુત્ર પુત્રવધૂઓ વિશેષ ફરિયાદો કરતા નજરે પડયા હતા.

વસાવામાં ત્રણ ભાગ જોવા મળે છે. વસાવા, પાળવી, વળવી. તેમનામાં ગોત્રનો ઉંચાનીચાનો ભેદભાવ જોવા મળતો નથી. પોતાના ગોત્ર સિવાય બીજા ગોત્રમાં લગ્ન થઇ શકે છે. સગોત્ર લગ્ન નિષેધ તેમનામાં જોવા મળે છે. વસાવાઓમાં જોવા મળતી કુટુંબ પ્રથા મહત્ત્વની બની રહેવા પામી છે. તેમાં કયા કયા સગાસંબંધીઓ સાથે રહે છે તેથી તે મહત્ત્વની બની રહી છે. વસાવાઓમાં બે પ્રકારના સગાઇ સંબંધોનું માળખુ જોવા મળે છે. (૧) જન્મ થી બનેલા લોહી આધારિત અને (૨) લગ્ન ઉભા થયેલા સગાઇ સંબંધી તપાસના કુટુંબોમાંથી તેમની કુટુંબ વ્યવસ્થામાં જોવા મળેલા સગાસંબંધીઓ.

૧. પતિપત્ની
૨. પતિ, પત્ની, અવિવાહિત બાળકો
૩. પતિ, પત્ની, પુત્રી, ઘરજમાઇ અને તેનાં અવિવાહિત સંતાનો
૪. પતિ/ પત્ની, પુત્ર, પુત્રવધૂ તેનાં બાળકો
૫. પિતા(વિધૂર) અવિવાહિત પુત્ર, પુત્રીઓ
૬. માતા(વિધવા) અવિવાહિત બાળકો

૭. પતિ, પત્ની, ભાઇ, બહેન
૮. વિધુરપિતા, પરણિત પુત્ર પુત્રવધુ, અપરિણીત બાળકો
૯. વિધવા માતા, પરણિત પુત્ર પુત્રવધૂ, અપરિણીત બાળકો
૧૦. છૂટાછેડા લીધેલ પિતા, પરણિત પુત્ર, પુત્રવધૂ, અપરણિત પૌત્ર પૌત્રીઓ
૧૧. પતિપત્ની, વિધુર પિતા, પરણિત પુત્રપુત્રવધૂ અપરણિત પૌત્ર પૌત્રીઓ

૧. લોહી આધારિત સગાઇ સંબંધો : ભાઇ, બહેન, કાકા ભત્રીજા તેમજ કુટુંબીજનો તેમના સંતાનો જે વર્ષોથી એક બાપનો વસ્તાર હોય છે. જે એક કુળના ગણાય છે તેથી અંદરોઅંદર લગ્ન વ્યવહાર કરતા નથી.

૨. લગ્ન આધારિત સગાઇસંબંધ : જેમાં લગ્ન કરવાથી સગાઓ હોય છે. પતિપત્ની, સાસુ-સસરા, સાળા-સાળીઓ, દીયર-ભાભી, નણંદ, જેઠ જેઠાણી, માસા-માસી, મામા-મામી વગેરે સગાઓનું ક્ષેત્ર સગાઇસંબંધોમાં વિકસે છે.

૩. એક સ્થળ પર રહેવાથી થયેલ સંબંધ : તપાસના ગામમાં જુદા જુદા ગોત્ર અને વસાવા સિવાય કુટુંબો હોય છતાં જુદા જુદા ફળિયે રહેવા છતાંય પ્રસંગ ઉપર પોતાને ઘરે બોલાવે. પોતે પણ જાય. ગામના પ્રસંગોમાં બધા સાથ મળીને પ્રસંગ ઉજવે. તેમાં ગામ એકતા દેખાય છે. એક ગામના હોવાને નાતે એકબીજા સાથે સંબંધ રાખે છે. તેથી કોઇ વડીલ હોય તેમને દાદા કહે અને બીજા એવા કાકા, ભાઇ, બહેન વગેરે સંબંધો ઉભા થાય છે.

ગામમાં વસતા કુટુંબો એકબીજાને ત્યાં જાય છે. વાતચીત, ઘરકામ, લગ્ન પ્રસંગો કે ખેતીવાડીમાં એકબીજાને મદદ કરે છે. સગાઇ સંબંધો ઉપર જોયુ તેમ બે પ્રકારના જોવા મળે છે. લોહિ આધારિત અને લગ્ન આધારિત. આ બન્ને સંબંધોમાંથી જેમ બીજા સમાજોમાં કે આદિવાસી સમાજોમાં સગાસંબંધીઓને બોલાવવામાં આવે છે. તેમ વસાવા જાતિમાં પણ એકબીજા સગાસંબંધીઓને બોલાવવા, ઓળખવા માટે જુદા જુદા સંબોધનો થતા હોય છે. સગાઓને કેટલાકને નામથી કેટલાકને માધ્યમથી , કેટલાકને ખાસ શબ્દો

વાપરીને સંબોધવામાં આવે છે. આજે જે શિક્ષણ પામેલા કુટુંબો છે, તેમાં આધુનિક સંબોધનો પપ્પા-મમ્મી વગેરે જોવા મળે છે. સ્થળ ઉપર વસવાથી પણ સંબંધો સંબોધનના જોવા મળે છે. સગાઇ સંબંધોમાં સંબોધનો કે સગાઇ છે તે કેવી રીતે દર્શાવવામાં આવે છે ને નીચે મુજબ જોવા મળે છે.

જેને માટેની શબ્દાવલી તૈયાર કરવાની છે તે સગા :

| સગા : | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|
| પિતા | બાપુજી |
| માતા | યાહી |
| પુત્ર | નામથી |
| પુત્રી | નામથી |
| પતિ | છોકરાના નામથી |
| પત્ની | ,, |
| ભાઇ(પુબો) | દાદા |
| બેન(પુબો) | બાઇ |
| ભાઇ(સ્ત્રીબો) | દાદા |
| બેન(સ્ત્રીબો) | બાઇ |
| ભાઇ(પોતાના પિતાના પણ સ્વમાતા સિવાય બીજી સ્ત્રીનો પુત્ર ) | નામ દઇને |
| ભાઇ( પોતાની માતાનો પણ સ્વપિતા સિવાય બીજા પુરુષનો પુત્ર) | નામથી |
| બેન(પોતાના પિતાની પણ સગી માતા સિવાય બીજી સ્ત્રીની પુત્રી) | નામથી |
| બેન( પોતાની માતાની પણ સ્વપિતા સિવાય બીજા પુરુષની પુત્રી ) | નામથી |
| મોટોભાઇ ( પુબો) | મોટા દાદા / નામથી |
| મોટો ભાઇ ( સ્ત્રી બો) | મોટા બાહા બા |
| નાનો ભાઇ ( પુબો) | નામથી |
| નાનો ભાઇ ( સ્ત્રી બો) | નામથી |
| મોટીબહેન( પુબો) | મોટીબાયા/ નામથી |
| મોટીબહેન( સ્ત્રીબો) | મોટી બાય/ નામથી |
| નાનીબહેન(પુબો) | મોટીબાય / નામથી |

| સગા : | સગાઇ સંબોધન શબ્દ |
| --- | --- |
| નાનીબહેન(સ્ત્રીબો) | નાની બાય / નામથી |
| પિતાનો ભાઇ | કાકો |
| ભાઇનો પુત્ર ( પુબો ) | નામથી |
| પિતાનો પિતાથી નાનો ભાઇ | કાકો |
| પિતાનો પિતાથી મોટો ભાઇ | બાવો |
| મોટા ભાઇનો પુત્ર ( પુબો ) | નામથી |
| મોટાભાઇની પુત્રી ( પુબો) | નામથી |
| નાના ભાઇનો પુત્ર ( પુબો) | નામથી |
| નાના ભાઇની પુત્રી ( પુબો) | નામથી |
| પિતાના મોટા ભાઇની પત્ની | બાબી |
| પિતાના નાનાભાઇની પત્ની | કાકી |
| પિતાના મોટાભાઇનો પુત્ર | નામથી |
| પિતાના મોટાભાઇની પુત્રી | નામથી |
| પિતાના નાનાભાઇનો પુત્ર | નામથી |
| પિતાના નાનાભાઇની પુત્રી | નામથી |
| ભાઇનો પુત્ર ( સ્ત્રીબો) | નામથી |
| ભાઇની પુત્રી ( સ્ત્રીબો) | નામથી |
| પિતાની પિતાથી મોટી બહેન | ફોઇ |
| પિતાની પિતાથી નાનીબહેન | ફોઇ |
| પિતાની બહેનનો પતિ | મામા |
| પિતાની બહેનનો પુત્ર | નામથી |
| પિતાની બહેનની પુત્રી | નામથી |
| પિતાની બહેનના પુત્રની પત્ની | નામથી |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | નામથી |
| પિતાની બહેનના પુત્રની પત્ની | નામથી |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | પાવરીયું |
| પિતાની બહેનના પુત્રનો પુત્ર | નામથી |
| પિતાની બહેનની પુત્રીની પુત્રી | બોના |

| સગા | સગાઈ સંબોધન શબ્દ |
|---|---|
| માતાનો માતાથી મોટોભાઇ | મામા |
| માતાનો માતાથી નાનો ભાઇ | મામા |
| માતાના મોટાભાઇની પત્ની | મામી |
| માતાના નાનાભાઇની પત્ની | મામી |
| પત્નીના ભાઇનો પુત્ર | ભાણેજ - પોજુ |
| પત્નીના ભાઇની પુત્રી | પાંજરી |
| માતાના મોટાભાઇનો પુત્ર | હેજો |
| માતાના મોટાભાઇની પુત્રી | હેજી |
| માતાના નાનાભાઇનો પુત્ર | હેજો |
| માતાના નાનાભાઇની પુત્રી | હેજી |
| બહેનનો પુત્ર ( પુબો ) | ભાણીજ |
| બહેનની પુત્રી ( પુબો ) | ભાણીજી |
| બહેનના મોટાભાઇનો પુત્ર | ભત્રીજો / પોઇરો |
| બહેનના નાનાભાઇની પુત્રી | ભત્રીજી / પોઇસ |
| માતાની મોટી બહેન | યાયુ |
| માતાની નાની બહેન | યાયુ |
| બહેનનો પુત્ર ( સ્ત્રીબો ) | પાંજુ |
| બહેનની પુત્રી ( સ્ત્રીબો ) | પાંજી |
| માતાની મોટીબહેનનો પતિ | બાબો |
| માતાની નાનીબહેનની પતિ | બાબો |
| પત્નીની મોટીબહેનનો પુત્ર | ભત્રીજો / નામથી |
| પત્નીની નાનીબહેનનો પુત્ર | ભત્રીજો |
| પત્નીની નાનીબહેનની પુત્રી | ભત્રીજી |
| માતાની મોટીબહેનનો પુત્ર | પાંજુ |
| માતાની નાનીબહેનનો પુત્ર | પાંજુ |
| માતાની મોટીબહેનની પુત્રી | પાંજી |
| માતાની નાનીબહેનની પુત્રી | પાંજી |

| સગા | સગાઇ સંબોધન શબ્દ |
| --- | --- |
| પિતાનો પિતા | બાપો |
| પુત્રનો પુત્ર ( પુબો ) | પૌત્ર |
| પુત્રીની પુત્રી ( સ્ત્રીબો ) | પૌત્ર |
| પિતાની માતા | મોટી ધારી |
| પુત્રનો પુત્ર ( સ્ત્રીબો ) | પૌત્ર / નામથી |
| પુત્રની પુત્રી ( સ્ત્રીબો ) | પૌત્રી / નામથી |
| પુત્રીનો પુત્ર ( સ્ત્રીબો ) | પૌત્ર / નામથી |
| પુત્રીની પુત્રી ( સ્ત્રીબો ) | પૌત્રી / નામથી |
| પુત્રીનો પુત્ર ( સ્ત્રીબો ) | પૌત્ર / નામથી |
| પુત્રીની પુત્રી ( સ્ત્રીબો ) | પૌત્રી / નામથી |
| પત્નીનો પિતા | મામો |
| પત્નીની માતા | ફોઇ |
| પુત્રીનો પતિ (પુબો) | જમાઇ / નામથી |
| પુત્રીનો પતિ (સ્ત્રીબો) | જમાઇ / નામથી |
| પતિનો પિતા | મામા |
| પતિની માતા | ફોઇ |
| પુત્રની પત્ની ( પુબો ) | લાડી |
| પુત્રની પત્ની ( સ્ત્રીબો ) | લાડી |
| પત્નીનો મોટોભાઇ | હાલુ |
| પત્નીનો નાનોભાઇ | હાજી |
| મોટીબહેનનો પતિ (પુબો) | પાવલીયું |
| મોટી બહેનનો પતિ ( સ્ત્રીબો ) | દાદા |
| પત્નીના મોટાભાઇની પત્ની | બાઇ |
| પત્નીના નાનાભાઇની પત્ની | બાઇ |
| નાનીબહેનનો પતિ ( પુબો ) | પાવલીયું |
| નાનીબહેનનો પતિ ( સ્ત્રીબો ) | પાવલીયું |
| પત્નીની મોટીબહેન | વડની |
| પત્નીની નાનીબહેન | હાલી |

| સગા | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|
| પત્નીની મોટીબહેનનો પતિ | દાદા |
| પત્નીની નાનીબહેનનો પતિ | દાદા |
| પતિનો મોટોભાઇ | જેઠુજ / નામથી |
| પતિનો નાનોભાઇ | દિયર નામથી |
| પતિની મોટીબહેનનો પતિ | દાદા |
| પતિની નાનીબહેનનો પતિ | દાદા |
| પતિની મોટીબહેન | મોટીબેન |
| પતિની નાનીબહેન | નણંદ / નામથી |
| મોટાભાઇની પત્ની (પુરુષો) | પાલી |
| નાનાભાઇની પત્ની ( પુરુષો) | લાડી |
| મોટાભાઇની પત્ની (સ્ત્રીઓ) | બાયા |
| નાનાભાઇની પત્ની ( સ્ત્રીઓ) | બાયા |
| પત્નીની બહેનનો પતિ | જોભાઇ |
| પતિના મોટાભાઇની પત્ની | બાય |
| પતિના નાનાભાઇની પત્ની | બાયા |
| પુત્રની પત્નીનો પિતા | હેતી |
| પુત્રની પત્નીની માતા | હેજી |

સગાઇ સંબંધોમાં લગ્ન દ્વારા થતા સંબંધો માટેના ચોક્કસ સ્થળો અને વિસ્તાર જોવા મળે છે. પોતાના વસવાટથી અમુક ચોક્કસ વિસ્તાર સુધી જ આવા સંબંધો કરે છે. વસાવા લોકોમાં મામા ફોઇના છોકરા છોકરીઓ વચ્ચે લગ્ન સંબંધો કરતા નથી. પરંતુ પોતાની જાતિમાં ગોત્ર બહિર્વિવાહ બાંધે છે. એટલે કે લગ્ન વર્તુલનો વિસ્તાર કે જાતિ લગ્ન સંબંધોમાં જોવામાં આવે છે. વસાવાઓ પોતાનાથી ઉતરતી જાતિમાં લગ્ન સંબંધો પસંદ કરતા નથી. પોતાનાથી ઉપરની તડવી, રજપૂત વગેરે જાતિઓમાં લગ્ન સંબંધો બાંધવામાં કોઇ જાતનો બાધ તેઓ રાખતા નથી. પોતાના ગામમાં પણ મળમેળ થતાં ભાગી જઇને આવા લગ્ન સંબંધોથી જોડાય છે. એટલે કે લગ્ન ફરીવાર કરતાં લગ્નથી થતા સગાઇસંબંધો એક કરતાં

વધુવાર બંધાતા પણ જોવા મળે છે. એટલે કોઈ કિસ્સાઓમાં જાતિ બહારના લગ્નના કારણે કે ફરીવારના લગ્નને કારણો ઉભા થયેલા સગાઈ સંબંધોનું માળખું પણ જોવા મળે છે.

ગામમાં વસતા વસાવા કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ વસાવા બધા જ એકસરખા ગણાય છે. એમાં ઉંચા નીચાનો ભેદભાવ નથી. જ્યાં તડવી લોકોની વસતિ છે ત્યાં તડવીઓ વસાવાને નીચા ગણે છે. જે તપાસના ઝરીયા, કાકરપાડા ગામોમાંથી જાણવા મળ્યું હતું. તપાસના પોઈચા, વાગલખોડ ગામોમાંથી પણ રજપૂતો કરતાં વસાવા નીચું સ્થાન ધરાવે છે. જ્યારે હરિજનોને વસાવા પોતાનાથી નીચા માને છે. તડવીઓ વસાવાને જમવા બોલાવે તેમજ પ્રસંગ પડે તેને ત્યાં જાય. પરંતુ કન્યાની લેવડ દેવડ કરતા નથી. એ જ રીતે રજપૂતો વસાવા લોકોને પ્રસંગે જમવા બોલાવે સાથે જમવા જતા નથી. હરિજનો સાથે પ્રસંગે બોલાવે પણ જમવા જતા નથી.

## વસવાટ :

તપાસના ગામોમાં વસતા કુટુંબો જુદા જુદા સમયે આવીને વસ્યા હતા. તપાસના કાકરપાડા, મોસદા, જૂનારાજ, પોઈચા વગેરે ગામોમાંથી ત્રણ પેઢીથી વસવાટ જાણવા મળ્યો હતો. એ પહેલાં ક્યાંથી આવીને વસ્યા એ ખબર નહોતી. એજ રીતે તપાસના પાટલામહુ પાંચ કુટુંબો કાકરાપાડા બંધ બંધાવાથી છેલ્લા દાયકા પહેલાં આવીને વસ્યા હતા. બાકીના ૧૫ કુટુંબો બે પેઢીથી આગળ ક્યાંથી આવીને વસ્યા તેની જાણ નહોતી. તપાસના સામોટ અને માલ ગામોમાંના કુટુંબોથી સામોટ કુટુંબો પેઢીઓથી પોતે વસેલા છે એમ બતાવે છે ચોક્કસ માહિતી મળતી નથી. માલ ગામમાં પણ એ જ રીતે પેઢીઓથી વસવાટ પોતે કરે છે એમ બતાવે છે. એટલે ચોક્કસ વસવાટનો સમય તેઓ જાણતા નહોતા.

## જાતિપંચ :

ગુજરાતના અન્ય આદિવાસી સમુદાયોની જેમ વસાવા જાતિમાં પણ સમાજના રીતરિવાજો પ્રમાણે સમાજ સુવ્યવસ્થિત ચાલે માટે સમાજના

રીત-રિવાજોના જાણકાર, અનુભવી વયોવૃદ્ધોની બનેલી પંચાયત ચાલે છે. જેને પંચ કે જાતિપંચને નામે ઓળખવામાં આવે છે.

સ્વરૂપ :

દરેક ગામમાં વસાવા જાતિપંચ જોવા મળે છે દરેક ગામ ધોરણે કામ કરતા હોય છે. જાતિપંચના સભ્યોની સંખ્યા પાંચની હોય છે. પંચના સભ્યો આર્થિક, સામાજિક અને ધાર્મિક રીતે ઉંચો દરજ્જો ધરાવતા જોવા મળે છે. પંચના સભ્યોનું સભ્યપદ પરંપરાગત ચાલે છે. પરંતુ કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતોને કારણે કે નવી સ્થાનિક નેતાગીરી ઉભા થવાને કારણે પટેલ વગેરે બદલાયેલા જોવા મળે છે. જાતિપંચમાં પટેલ, કારભારી અને વેઠિયો હોય છે.

પટેલ :

જાતિ પંચમાંથી સૌથી મહત્ત્વનું સ્થાન હોય છે. પટેલ મહદ્અંશે વયોવૃદ્ધ, વિચારશીલ અને ઝડપી નિર્ણયવાળો હોય છે. પટેલનો નિર્ણય જાતિપંચના સભ્યોને માન્ય હોય છે. ગામની દરેક વ્યક્તિ પણ માને છે. પદ વારસાગત મળે છે. પરંતુ આજે ગ્રામપંચાયતોની નવી નેતાગીરી સરપંચ વગેરેને કારણે વિરોધ થાય છે. સભ્ય પદમાં પણ બદલાતું જોવા મળે છે.

કારભારી :

જાતિપંચમાં કારભારીનું પદ ગામનો વહીવટ ચલાવી શકે તેવા વ્યક્તિને પસંદ કરીને આપવામાં આવે છે. પંચ મળે ત્યારે તેનો સમગ્ર કારભાર તે સંભાળે છે. બદલાની સરકારી વ્યક્તિ કે અધિકારીની વ્યવસ્થાની જવાબદારી તેને હોય છે. આજે જો કે જાગ્રત થવાથી લોકસંપર્ક વધવાથી આવી જવાબદારીઓ અદા કરવામાં તેઓ માનહાની માનતા થયા છે.

વેઠિયો :

વેઠિયો ગામ અને આજુબાજુના પ્રદેશનો અનુભવી માણસ હોય છે. જ્યારે કોઇ વ્યક્તિગત કે સામુહિક પ્રશ્નો ઉભા થાય ત્યારે પંચની સભામાં

તેની વ્યવસ્થાનું અને લોકોને આમંત્રિત કરી બોલાવી લાવવાનું કામ કરે છે. આજે વેઠિયો લોકો પણ અનેક સરકારી, બિનસરકારી લોકોના પરિચયમાં આવવાથી પોતાના હકકો વિશેની જાગૃતિ ધરાવતા થયા છે.

પંચના કાર્યો :

( ૧ ) વ્યકિત વ્યકિત વચ્ચેના ઝગડા પતાવવા, છતાં આજે કયારેક પંચના નિર્ણયો ની ઉપરવટ જઇને પોલીસ કે કોર્ટ જતા જોવા મળે છે.

( ૨ ) પ્રતિ પતિપત્ની વચ્ચેના ઝગડા, કૌટુંબિક ઝગડા કે જાતીય બાબતોને લગતા ઝગડા પતાવવા, તેનો દંડ વગેરે પણ કરે છે.

( ૩ ) છૂટાછેડા, પુનઃલગ્ન જેવી બાબતોમાં પણ પંચ નિર્ણયક ભાગ ભજવે છે.

( ૪ ) જમીન અંગેના ઝગડા મા-બાપ, ભાઇ ભાઇ કે ગામમાં થતા એકબીજાની જમીનના ઝગડા કે વિખવાદોમાં મહત્ત્વના નિર્ણયો કરે છે. તેના ભાગ કે તેના અંગેના નિર્ણયો કરે છે.

( ૫ ) પાક અંગેના નુકસાનનો કિસ્સાઓમાં દંડ વગેરે કરે છે.

( ૬ ) પોતાની જાતિમાંથી નીચેની જાતિમાં ખાવા પીવા જવા માટે દંડ કરે છે. તે જ રીતે લગ્ન કરે તો જાતિ બહાર મૂકે છે.

આજે પંચના કાર્યોમાં અનેકવિધ આંતર-બાહ્ય પરિબળો દ્વારા અસરો થયેલી જોવા મળે છે. ઝગડા, વિખવાદોમાં વ્યકિત વ્યકિત કે પતિ-પત્ની કે કૌટુંબિક હોય જે આજ સુધી પંચ દ્વારા સરળતાથી ઉકેલ કરી શકતા હતા. તે આજે ઘણા કોર્ટ કચેરીમાંથી સુધી જઇને સમય, પૈસા નો દુરુપયોગ કરતા જોવા છે.

આંતરિક પરિબળો દ્વારા આજે સામાજિક રીતરિવાજોમાં પરિવર્તનની પ્રક્રિયાઓ થતી જોવા મળે છે. જન્મ સમયે શિક્ષણ પામેલા ઘણા

વસાવા કુટુંબોમાં પાચોરોની નામકરણ વિધિને બદલે માત્ર નામ જ પાડી દેવામાં આવે છે. લગ્ન સમયે વસાવાની લોકોમાંથી સવારે જ એટલે કે દિવસે જે જતી હતી, અને સવર્ણ બ્રાહ્મણ કહે તો રાત્રે પણ જાન લઇ જાય છે એજ રીતે મૃત્યુ બાદ બારમાનો રિવાજ છે. તેમાં પણ પંચને બાજુએ રાખીને શિક્ષણ વસાવાઓ બાહય કરતા નથી. આ સ્થાનિક આંતરિક પરિબળોમાં શિક્ષિત વસાવા કુટુંબો, સ્થાનિક પંચાયતની નેતાગીરી, ગામમાં વસતા દુકાનદારો, સરકારી, કર્મચારીઓ ભાગ ભજવે છે. બાહય પરિબળોમાં બહારની રાજકીય નેતાગીરી ગામની સ્થાનીક નેતાગીરીને આવા પરિવર્તનો માટે ઘણીવાર દબાણ કરે છે.

આજે સ્થાનિક નેતાગીરીએ જેઓ જાતિપંચમાં કે ગામ પંચાયતમાં હોતા નથી. બાહય રાજકીય કરતા હોય છે પરંતુ ગામના સ્થાનિક વસવાટી હોવાને નાતે ગામમાં પણ સ્થાનીક રાજકીય નેતાગીરીની જાતિ પંચના કાર્યોમાં અગત્યનો ભાગ ભજવતા થયા છે. જે તપાસના જૂનારાજના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું. જંગલ સહકારી મંડળીમાં પણ આ નેતાગીરીએ ભાગ ભજવેલો માલૂમ પડયો હતો. જેમાં એક ભાઇને નોકરીમાંથી છૂટા કરવાનો કિસ્સો જાણવા મળ્યો હતો. જે જાતિપંચથી પણ ઉકેલ એમ નહોતો. છતાં આ સ્થાનિક નેતાગીરીએ તેમના ગામના સ્થળાંતરના પ્રશ્નોની સાચી રીતે ઉકેલની મહેનત કરી જાણવા મળી હતી.

તપાસ દરમ્યાન જાણવા એ પણ મળ્યું હતું કે ઘણીવાર શાળાના શિક્ષકો, ગ્રામપંચાયતના સરપંચો પણ જાતિપંચમાં જઇને તેને માર્ગદર્શન આપતા જોવા મળે. એ તપાસના સામોટ ગામમાંથી પણ ગામના વસાવા શિક્ષકમાં પંચના જ માણસો આમંત્રણ આપી માર્ગદર્શન મેળવતા જાણવા મળ્યા હતા. તપાસના મોસદામાંથી તલાટી પણ આવી રીતે લોકપ્રિય હોવાથી માર્ગદર્શન આપવા જાણવા મળ્યા હતા. આમ આજે સ્થાનિક જાતિપંચમાં પરિવર્તન માટે અનેક પરિબળો ધીમી પણ મક્કમ ગતિએ કામ કરી રહયા છે. તપાસના વાગલખોડમાં મિશનરી ફાધર દ્વારા પણ માર્ગદર્શન મેળવે જોવા મળે છે.

## સામાજિક જીવન

### રીત-રિવાજો :

### જન્મ બાલ્યાવસ્થા :

રજસ્વાતા સ્ત્રીને '' હાથ ચોખ્ખો નથી '' કે -- છેટે બેઠી છે '' અથવા '' માસિકમાં છે '' '' નાહવાનું છે '' એમ કહે છે. માસિકમાં હોઇ, હાથ ચોખ્ખો ન હોય ત્યારે ચાર દિવસે નહાય છે. છતાં હિન્દુઓમાં જોવા મળતા આચારો પાળતી નથી. પરંતુ દેવપૂજા, ગાય, ભેંસ, દોહવા કે ખેતીમાં ખેતરમાં કામ કરતી નથી. માસિક સમય દરમ્યાન પુરુષ જાતિય સંબંધ બાંધતો નથી.

માસિક બંધ થાય એટલે ગર્ભ રહયો છે એમ સ્ત્રી માને છે. ગર્ભ પુરુષથી રહયો છે અને તેમાં માતાની કૃપા પણ છે એમ માને છે. ગર્ભ રહયાની જાણ સ્ત્રીઓ દ્વારા ખબર પડે છે. ગર્ભ રહયા બાદ તુરત કોઇ વિધિ કરાતી નથી. ગર્ભધારણથી સુવાવડ સુધીના ગાળામાં બીજો સારો ખોરાક આપતા નથી. છતાં આર્થિક પરિસ્થિતિ જેની સારી હોય અથવા શિક્ષણ પામીને નોકરી કરતા કુટુંબોમાં સારો ખોરાક આપે છે.

### સીમંત-પ્રસૂતિ :

વસાવા સમાજમાં સીમંતનો ખોળો ભરવાનો રિવાજ નથી. તપાસના સવર્ણ હિન્દુ રજપૂત, હરિજનોના સંપર્કમાં છે તેમાં આ સંસ્કાર જોવા મળે છે.

સુવાવડ સાસરે કે પિયરમાં કરાય છે. સુવાવડ ગામની જાતિની દાયણ ~~ક~~ સ્ત્રી કરાવે છે. આ સમયે ઘરની વડીલ સ્ત્રીઓ હાજર રહે છે. ઘરના ખૂણામાં સુવાવડ કરાવે છે. જરૂર પડે જ ડોકટરને બોલાવે છે. આજે આરોગ્ય કેન્દ્રોની સગવડો થવાથી તેનો પણ કેટલાક લાભ લે છે. સુવાવડ પછી છ દિવસ સુધી દાયણ આવે છે. બાળક અને માની સંભાળ

લે છે. દાયણને મહેનતાણાના બદલામાં આજે બે કે પાંચ રૂપિયા આર્થિક સ્થિતિ મુજબ આપે છે. દારૂને બદલે કેટલાક ચા પણ પીવડાવે છે. છ દિવસે પાંચોરોને દિવસે છઠ્ઠીની વિધિ કરે છે.

પાંચોરો :

છઠ્ઠીની વિધિને વસાવા લોકો પાંચોરોના નામે ઉજવે છે. બાળક જન્મના પાંચમા દિવસે રિવાજ પ્રમાણે ફળિયાના નાના છોકરાઓને ભેગા કરે છે. ગોળ ખવડાવે છે. કેટલાક ખવડાવે પણ છે. દારૂ વગેરે પણ થાય છે. દાયણને પહેલાં માત્ર અનાજ તેના મહેનતાણારૂપે અપાતું હતું આજે બે રૂપિયા- પાંચ રૂપિયા આપે છે. દાયણને ' સુવારી -' કહે છે.

નામકરણ :

નામકરણમાં ખાસ વિધિ કે રિવાજ નથી. દાયણ નામ પાડી દે છે. નામ ઘરના વડીલો પણ પાડે છે. આજે તેઓ બ્રાહ્મણ પાસે પણ નામ પડાવતા જોવા મળે છે. નામ વાર, ઋતુ, દેવદેવીઓ કે કુટુંબની કોઇ વ્યક્તિ વધુ જીવી હોય તો તેના પરથી પાડે છે. બાહ્ય સંપર્કને કારણે શહેરી વિસ્તારમાં અવરજવરને કારણે આજે સવર્ણ જાતિઓ, ફિલ્મ વગેરેમાં જોવા મળતા નામો પણ પાડે છે.

બાળપણ :

બાળક જ્યાં સુધી માતાનું દૂધ પીવે છે ત્યાં સુધી જ કાળજી રાખવામાં આવે છે. બેત્રણ વર્ષનું થાય એટલે તે કુદરતના ખોળે ઘરની આસપાસ બાળકો સાથે જંગલમાંજ ઉછેરે છે. પાંચ સાત વર્ષનું થતાં જ બાળકો રમાડવા અને ઢોર ચારવા લાગી જાય છે. આજે પણ આ રીતે તેનો ઉછેર થતો જોવા મળે છે. શાળાઓ આશ્રમશાળાઓની આજે સવલતો વધવાથી બાળક નિશાળે જતુ થાય એટલે મોકલે છે.

કોઠા નંબર : ૪.૩ વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | કુટુંબ | પરણિત | | અપરણિત | | વિધુર વિધવા | | છૂટાછેડા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | કાકરપાડા | ૨૦ | ૨૯ | ૩૧ | ૨૪ | ૨૦ | - | ૧ | ૨ | ૨ | ૫૫ | ૫૫ |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૨૦ | ૨૩ | ૩૯ | ૧૩ | - | ૧ | ૪ | - | ૬૩ | ૩૭ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૩૬ | ૩૬ | ૬૯ | ૩૩ | ૨ | - | - | - | ૧૦૭ | ૬૯ |
| ૪ | મોસદા | ૨૦ | ૨૬ | ૨૬ | ૨૯ | ૩૮ | ૧ | - | - | - | ૫૬ | ૬૪ |
| ૫ | જૂનારાજ | ૨૦ | ૧૯ | ૧૯ | ૨૫ | ૧૮ | ૧ | - | - | - | ૪૫ | ૩૭ |
| ૬ | ઝરીયા | ૨૦ | ૪૪ | ૪૪ | ૩૯ | ૩૮ | ૧ | ૩ | - | - | ૮૪ | ૮૫ |
| ૭ | પોઇચા | ૨૦ | ૩૮ | ૩૮ | ૩૭ | ૩૦ | ૩ | ૧ | - | - | ૭૮ | ૬૯ |
| ૮ | સામોટ | ૧૫ | ૧૬ | ૧૭ | ૨૩ | ૨૬ | ૩ | - | - | - | ૪૨ | ૪૩ |
| ૯ | માલ | ૨૦ | ૩૧ | ૩૧ | ૪૫ | ૪૩ | ૧ | ૨ | - | - | ૭૭ | ૭૬ |
| | કુલ | ૧૯૦ | ૨૫૯ | ૨૬૫ | ૩૩૦ | ૨૫૭ | ૧૨ | ૯ | ૬ | ૨ | ૬૦૭ | ૫૩૫ |
| | | | ૪૨.૬૭ | ૪૯.૫૩ | ૫૪.૩૬ | ૪૮.૦૪ | ૧.૯૮ | ૧.૬૮ | ૦.૯૯ | ૦.૭૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

લગ્ન :

લગ્ન મહદઅંશે એક સાથી થાય છે. તેમનામાં આર્થિક સ્થિતિ સારી હોય, અગર છોકરા ન થતા હોય તેવા બહુપત્નિત્વ ધરાવતા જોવા મળે. વસાવાઓમાં બે પત્ની રાખી શકાય છે. લગ્નનું દહેજ છોકરીના બાપને આપવું પડતું હોવાથી ખાસ કરીને એક પત્નીનો આગ્રહ તેઓ રાખે છે. તેમનામાં જેઓ શિક્ષણ પામ્યા છે તેઓ મહદઅંશે એક પત્ની રાખે છે. શિક્ષણ પામવાને કારણે તેઓમાં છૂટાછેડા થયાના કિસ્સાઓ જોવા મળે છે. છૂટાછેડા માટે શંકા, કુશંકા જેવા કારણો પણ તેમનામાં જવાબદાર જોવા મળે છે. તપાસના કુટુંબોમાંથી વૈવાહિક સ્થિતિ જોવા મળી હતી. તે નીચે મુજબ હતી.

તપાસના નવ ગામના ૧૯૦ કુટુંબોમાંથી ૬૦૭ પુરુષો અને ૫૩૫ સ્ત્રીઓની કુલ સંખ્યામાંથી ૨૫૯ પુરુષો અને ૨૬૫ સ્ત્રીઓ પરણિત જોવા મળ્યા હતા. જેમાં છ પુરુષો બહુપત્ની ધરાવતા જોવા મળ્યા હતા. ઉપરાંત ૩૩૦ ( ૫૪.૩૬ ટકા ) પુરુષો અને ૨૫૭ ( ૪૮.૦૪ ટકા) સ્ત્રીઓ તેમાં અપરણિત જોવા મળ્યા હતા. જેમાં અપરણિત પુરુષોની સંખ્યા સંખ્યા સવિશેષ જોવા મળી હતી. તપાસના કુટુંબોમાંથી ૧૨(૧.૯૮ટકા) પુરુષો વિધુર અને ૯ (૧.૬૮ ટકા ) સ્ત્રીઓ વિધવા જોવા મળી હતી. છૂટાછેડાના કિસ્સા માત્ર બે ગામમાંથી જોવા મળ્યા હતા. જેમાં ૬(૦.૯૯ ટકા ) પુરુષો અને ૨ ( ૦.૭૫ ટકા ) સ્ત્રીઓ જોવા મળ્યા હતા. કોઠા નંબર ૪.૩ ઉપરથી તપાસના નવ ગામના કુટુંબોમાંથી વૈવાહિક પરિસ્થિતિ જાણવા મળી હતી તે જોઈ શકાય છે.

વસાવા લોકો લગ્ન સંબંધો અમુક ચોક્કસ વિસ્તાર, જાતિ, ગોત્રબહિ લગ્ન કરે છે. તપાસના ગામમાંથી લગ્ન વર્તુળનું અંતર જે જાણવા મળ્યું હતું. જે કોઠા નંબર ૪.૪ જોવાથી ખ્યાલ આવશે. તપાસમાં આવરી લેવામાં આવેલા કુટુંબોમાંથી લગ્ન સ્થળની માહિતી મેળવ્યા મુજબ એક ફળિયેથી બીજે ફળિયે થયેલા લગ્નના કિસ્સાઓની સંખ્યા ૬૯

જાણવા મળી હતી. એકથી પાંચ કિ.મી.ના અંતરમાં સૌથી વધુ ૮૦(          ) લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. ત્રીજા ક્રમે એટલે કે છ થી દસ કિલોમીટરના અંતરમાં ૫૧ (          ) લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. બાકીના લગ્ન કિસ્સાઓમાં તપાસના ગામથી અંતર જેમ વધતુ જાય તેમ તેમ લગ્ન કિસ્સાઓની સંખ્યા ઘટતી જાણવા મળી હતી. લગ્ન સંબંધો નજીકના વિસ્તારમાં કેમ વધુ કરો છો તેવા પ્રશ્નમાં તેઓ કહે છે કે ઘણીવાર એકબીજાના પરિચયને કારણે લગ્નો થાય છે. તો કેટલાક ને શ્રીx નજીક હોવાથી સામાજિક-આર્થિક કે ધાર્મિક પ્રસંગોએ નજીકથી જલ્દી આવવાની સગવડ રહે છે. તપાસના ગામથી જે લગ્નો દૂર સુધીના વિસ્તારમાં થતા જોવા મળ્યા હતા. એ-તેમનામાં આજે વાહનવ્યવહાર શિક્ષણ જેવા પરિબળોએ તેમાં ભાગ ભજવેલો જાણવા મળે છે.

કોઠા નંબર : ૪.૪ તપાસના ગામમાંથી ભણવા મળેલું લગ્નક્ષેત્રનું અંતર ( કિ.મી.માં )

| ક્રમ | તપાસનું ગામ | ગામમાં લગ્ન | ૧થી૫ | ૬થી૧૦ | ૧૧થી૧૫ | ૧૬થી૨૦ | ૨૧થી૨૫ | ૨૬થી૩૦ | ૩૧થી૩૫ | ૩૬થી૪૦ | ૪૧થી૪૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાકરપાડા | ૩ | ૧૨ | ૧ | ૭ | ૧ | - | ૧ | ૨ | ૧ | - | ૨૮ |
| ૨ | પાટલામહુ | ૭ | ૫ | ૩ | ૨ | - | ૨ | - | ૧ | ૧ | - | ૨૧ |
| ૩ | વાગલખોડ | ૧૧ | ૯ | ૧૧ | - | - | - | ૧ | ૧ | ૧ | ૧ | ૩૫ |
| ૪ | મોસદા | ૭ | ૬ | ૫ | ૨ | ૩ | ૨ | - | ૧ | - | - | ૨૬ |
| ૫ | જૂનારાજ | ૩ | ૯ | ૬ | - | ૩ | - | - | - | - | ૧ | ૨૨ |
| ૬ | ઝરીયા | ૧૫ | ૭ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૧ | ૧ | - | ૪૭ |
| ૭ | પોઇયા | ૧૧ | ૧૨ | ૭ | ૨ | ૫ | - | - | - | - | - | ૩૭ |
| ૮ | સામોટ | ૭ | ૯ | ૨ | ૧ | - | - | - | - | - | - | ૧૯ |
| ૯ | માલ | ૫ | ૧૧ | ૭ | ૪ | ૨ | - | ૧ | ૨ | - | - | ૩૨ |
| | કુલ | ૬૯ | ૮૦ | ૫૧ | ૨૫ | ૧૯ | ૬ | ૪ | ૮ | ૪ | ૨ | ૨૬૭ |

લગ્નક્ષેત્ર :

આગળ ઉપર જોયું તેમ વસાવા લોકોમાં લગ્ન અમુક ચોકકસ વિસ્તાર અને પોતાની જાતિમાજ લગ્ન સંબંધો કરે છે. તેમનામાં સંગોત્ર લગ્ન નિષેધ જોવા મળે છે. આજે ઘણા કિસ્સાઓ લગ્નક્ષેત્ર(અંતર) ની બાબતમાં બહાર જાતિ બહાર થયેલા લગ્ન સંબંધોના જોવા મળે છે. વસાવા લોકો નીચલી જાતિમાં લગ્ન સંબંધો કરતા નથી તેમનાથી ઉપરની જાતિમાં લગ્ન કરવામાં બાધ રાખતા નથી. પોતાના ગામમાં એક ફળિયેથી બીજે ફળિયે અને ફળિયામાં પણ ગોત્ર બહાર લગ્ન સંબંધો થતા જોવા મળે છે. જોકે આવા લગ્ન સંબંધો યુવકયુવતી ભાગી જવાથી થતા જોવા મળે છે.

લગ્ન પ્રકારો :

૧. મા-બાપની પસંદગીના વિધિસરના લગ્ન

૨. છોકરા-છોકરીની પસંદગીના : વસાવા લોકોમાં શિક્ષણની સુવિધાઓ વધવાથી જેઓ શિક્ષણ પામ્યા છે. તેવા છોકરા છોકરીઓને લગ્નમાં એકબીજાને પસંદ કરવાની મા બાપ દ્વારા તક આપવામાં આવે છે. અજે આવા શિક્ષણ પામેલા ને કોઇ વાર તક આપવામાં ન આવે તો જાતે જ એકબીજાને પસંદ કરીને કોર્ટ દ્વારા લગ્ન કરી લેતા જોવા મળે છે.

૩. ઘર જમાઇ : ઘર જમાઇ ( ખંધાડિયા ) ની પ્રથા આજે પણ તેમનામાં પ્રચલિત છે. પહેલાં ૫૦ રૂપિયાથી માંડીને ૨૦૦ રૂપિયા સુધીનાં ખર્ચમાં ખંધાડિયા લગ્ન થતું હતું. આજે વધુ ખર્ચ કરવો પડે છે. કોઇ આર્થિક પરિસ્થિતિ સારી હોય અને માત્ર છોકરીઓ હોય તેવા સંજોગોમાં બાપ પોતાની છોકરી માટે ઘર જમાઇ તરીકે કોઇ છોકરાને લઇ આવે છે. વસાવા સમાજમાં જેની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેવા છોકરાઓ ઘર જમાઇ તરીકે જવાનું પસંદ કરે છે. સસરાને ત્યાં રહીને તેની ખેતી, ઢોર ઢાંખર અને ઘરની દેખભાળ કરે છે. સમય આવે છોકરીને પરણીને સસરાની મિલકત મેળવે છે. આવી રીતે લગ્ન કરનારને ' અહરિયો ' (અસારિયો ) કહે છે. શિક્ષિત કુટુંબોમાં આ પ્રથાને જાકારો આજે મળ્યો છે. શિક્ષિતો આ પ્રથાને નાબુદ કરવાના મતમાં છે.

અપહરણ : વસાવા લોકોમાં ( અપહરણ કરીને ) કન્યાને ઉઠાવી જઇને લગ્ન કરવામાં આવે છે. ઉંડાણના વિસ્તારોમાં આજે પણ આવા કિસ્સાઓ બને છે. પરંતુ આજે જયાં શિક્ષણ વધ્યું છે, જયાં સામાજિક કાર્યકરોની સીધી અસર છે ત્યાં આવા કિસ્સાઓ જવલ્લે જ બને છે. આવા અપહરણના કિસ્સાઓમાં કેટલીકવાર મારા મારીના કિસ્સાઓ પણ બને છે.

ભાગેડુ લગ્ન : વસાવાઓમાં છોકરા છોકરીને મનમેળ થતાં એકબીજાની સંમતિથી ભાગી જાય છે. તેઓ અમુક દિવસો બાદ પાછા આવીને માબાપ સાથે ગામના પંચ સમક્ષ દંડ ભરીને લગ્નની મજૂરી મેળવે છે. તપાસના કાકરપાડા ગામમાંથી ભાગેડુ લગ્નનો તાજો બનેલો કિસ્સો જાણવા મળ્યો હતો. ગામનો એક છોકરો એક છોકરી સાથે વ્યારા ભાગી ગયો હતો. છોકરા મા અને બાપ તેની હળવેકથી વાત કહેતા હતા. આજે શિક્ષિત છોકરા છોકરીઓ કોર્ટ દ્વારા જાતે લગ્ન કરી લઇને ગામ કે પંચની પણ પરવા કરતા નથી. જે જાગ્રત થયા છે તેઓને બાહ્ય સંપર્કને કારણે કાયદાની રીતે શું થઇ શકે તેની આજે ખબર છે.

બહુપત્નીનો રિવાજ : વસાવાઓમાં બહુપત્ની કરી શકાય છે. આર્થિક પરિસ્થિતિ સારી હોય, પ્રથમ પત્નીથી સંતાનો ન હોય તો તેવા સંજોગોમાં બીજી પત્ની કરે છે. ઘણા પોતાની મિલકતને આધારે એકથી વધુ પત્ની પણ કરે છે. તેમનામાં ~~ક્ષ~~ આજે સ્થાનિક સુધારાવાદી નેતાગીરીની અસરને કારણે અને આજની ભીંસણ આર્થિક પરિસ્થિતિને કારણે એક પત્ની તરફનો ઝોક વધતો જોવા મળે છે. વિસ્તારમાં શિક્ષણની સુવિધાઓ વધવાને કારણે, કબીરપંથ, સતકેવલ પંથ જેવા ધાર્મિક, સામાજિક જાગ્રતિની પ્રવૃત્તિઓ કરતા પંથોને લીધે તેમનામાં એકપત્ની કરવા તરફનું વલણ જોવા મળે છે. જો કે તપાસના સામોટ ગામમાંથી શિક્ષણ પામેલા એક વસાવા શિક્ષક ભાઇએ બીજી પત્ની કર્યાનો દાખલો પણ જોવા મળ્યો હતો. તેમને શૈક્ષણિક અસમા કારણે બીજી પત્ની કરી હોવાનું જાણવા મળ્યું હતું.

કોઠા નંબર : ૪.૫ લગ્ન સમયની ઉંમર દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | કુટુંબ | લગ્ન સમયની ઉંમર ૧૨ થી ૧૫ પુ | ૧૨ થી ૧૫ સ્ત્રી | ૧૬ થી ૨૦ પુ | ૧૬ થી ૨૦ સ્ત્રી | ૨૧ થી ૨૫ પુ | ૨૧ થી ૨૫ સ્ત્રી | ૨૬ થી ૩૦ પુ | ૨૬ થી ૩૦ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાકરપાડા | ૨૦ | - | ૧ | ૮ | ૧૯ | ૨૧ | ૧૧ | - | - | ૨૯ | ૩૧ |
| ૨ | પાટલામહુ | ૨૦ | - | ૧ | ૯ | ૧૪ | ૧૦ | ૬ | - | - | ૧૯ | ૨૧ |
| ૩ | વાગલખોડ | ૩૫ | - | - | ૬ | ૧૯ | ૨૪ | ૧૪ | ૫ | ૧ | ૩૫ | ૩૪ |
| ૪ | મોસદા | ૨૦ | - | ૬ | ૭ | ૨ | ૨૦ | ૭ | - | - | ૨૭ | ૧૫ |
| ૫ | જૂનારાજ | ૨૦ | - | - | ૪ | ૧૩ | ૧૬ | ૫ | - | - | ૨૦ | ૧૮ |
| ૬ | ઝરીયા | ૨૦ | - | - | ૧૦ | ૩૪ | ૩૫ | ૧૩ | - | - | ૪૫ | ૪૭ |
| ૭ | પોઇચા | ૨૦ | - | ૫ | ૧૭ | ૨૨ | ૨૫ | ૧૧ | - | - | ૪૨ | ૩૮ |
| ૮ | સામોટ | ૧૫ | - | ૨ | ૬ | ૧૩ | ૧૨ | ૩ | - | - | ૧૮ | ૧૮ |
| ૯ | માલ | ૨૦ | - | ૩ | ૮ | ૨૩ | ૨૪ | ૭ | - | - | ૩૨ | ૩૩ |
| | કુલ | ૧૯૦ | - | ૧૮ | ૭૫ | ૧૫૯ | ૧૮૭ | ૭૭ | ૫ | ૧ | ૨૬૭ | ૨૫૫ |

લગ્ન વય :

છોકરો કે છોકરી લગ્ન લાયક થાય ત્યારથી મા-બાપ સગા સંબંધી કન્યા શોધવા નીકળે છે. છોકરીના લગ્ન ૧૨ થી ૧૬ વર્ષની ઉંમરમાં અને છોકરીના લગ્ન ૧૫ થી ૨૦ વર્ષની ઉંમરમાં કરી નાખવામાં આવતા હતા. આજે છોકરીના ૧૬ થી ૨૦ વર્ષની ઉંમરે અને છોકરાના ૧૮ થી ૨૫ વર્ષની ઉંમરે લગ્નો થતા જોવા મળે છે.

તપાસના નવ ગામમાંથી આવરી લીધેલા ૧૯૦ કુટુંબોમાંથી કુલ પુરુષ અને સ્ત્રીઓની લગ્ન ઉંમર જાણવા મળી હતી. જેમાં પુરુષની લગ્ન ઉંમર ૨૧ થી ૨૫ ની લગ્ન સમયની ઉંમર અને સ્ત્રીની લગ્ન ઉંમર ૧૬થી ૨૦ ની લગ્ન સમયની સરેરાશ ઉંમર જાણવા મળી હતી. જે કોઠા નંબર ૪.૫ ઉપરથી દરેક ગામના કુલ કુટુંબોમાંથી જાણવા મળેલી લગ્ન ઉંમર અને તપાસના કુલ ગામોમાંથી જાણવા મળેલી લગ્ન ઉંમર જાણવા મળી હતી.

લગ્ન ઉંમર વધવાના કારણોમાં શિક્ષણ ભાગ ભજવ્યો છે. આજે ઘણા મા-બાપો છોકરા- છોકરીને આશ્રમશાળા મૂકયા પછી તેને આગળ શિક્ષણ લે એમ માનતા થયા હોવાથી જલ્દીથી લગ્નના બંધનમાં બાંધી દેવામાં ઉતાવળ કરતા નથી. આશ્રમશાળાના શિક્ષકો દ્વારા પણ ઘણીવાર મા-બાપને સરકારી કાયદા ઉદાહરણ આપતા હોય છે. જેથી મોડા લગ્ન યોજે છે. ગામોમાં જે લોકો નોકરી કરતા થયા છે તેવા કુટુંબો તેમના બાળકોના લગ્ન શિક્ષણ સારી રીતે લે માટે મોડા કરવાની સમજ ધરાવતા થયેલા જાણવા મળ્યા હતા.

કન્યા પસંદગી :

મા બાપે પસંદ કરેલી કન્યા છોકરાને ગમે તો છોકરાના બાપ અને પસંદગી માટે સાથે ગયેલા છોકરીના બાપે આપેલો દારૂ પીવે છે. છોકરીવાળા મરઘુ પણ ખવડાવે છે. છોકરીવાળા બે વ્યકિત જયારે છોકરીને ત્યાં આવે ત્યારે દારૂ- મરઘુ ખવડાવે છે. આજે સતકેવલ, કબીરપંથ અને ખ્રિસ્તી મિશનરીઓની ધાર્મિક સુધારક પ્રવૃત્તિઓને કારણે

તપાસના ગામોમાંથી કેટલાક કુટુંબો દારૂ- માંસને બદલે ચા પાણી કે લાપસી દાળ ખવડાવતા જોવા મળે છે. શિક્ષણ પામ્યા છે તે પણ દારૂ-માંસને બદલે ચા પાણી કે દાળભાત વગેરે કરાવે છે. વરનો બાપ કન્યાના બાપને નકકી કર્યા મુજબ રકમ આપે એટલે વાત નકકી થાય છે. વાત નકકી થાય એટલે લગ્નનો દિવસ ઠરાવીને ઘેર જાય છે.

સગાઇ :

કન્યાના માતાપિતા અને છોકરીને છોકરો પસંદ હોય તો છોકરાપક્ષના સગાઓ બાપ, કાકા, ભાઇ અને ગામના પટેલ, કારભારી વગેરે સગાઇની વિધિ માટે જતા હોય છે, આજે ઘણી જગ્યાએ પટેલ, કારભારી જતા નથી, માત્ર સગાઇઓ જઇને પતાવી આવતા હોય છે. સગાઇ વિધિમાં ગામના પંચના અને સગાસંબંધીઓને આમંત્રણ આપવામાં આવે છે. છોકરા પક્ષ તરફથી ૨૦ થી ૨૫ રૂપિયાનો ગોળ લાવીને મીઠું મોઢું કરાવે છે.

સગાઇવિધિમાં સાસુ છોકરાને ચાંલ્લો કરે સાથે સાથે વરના અન્ય સગાઓને ચાંલ્લા કરે છે. આ સંબંધને તેમણામાં ' પિયણ * કહેવામાં આવે છે. આ પ્રસંગે દારૂ પીવડાવવામાં આવે છે. આજે જે ન પીતા હોય તેને ચા, બીડી પીવડાવવામા આવે છે. વસાવા બોલીમાં આ ** વિધિને '' ફૂલ માંગણી '' કે '' સાકર પુડી '' કહેવામાં આવે છે.

સગાઇ વેળા સ્ત્રીઓ દ્વારા ગીતો ગવાયાં આવે છે. જેમાં વરને સંબોધીને ગવાયેલું ગીત

તુ તકા દેખી ન મોહીબા બેની જિલ્લક જાંબુડી
ઓત ભંગિયા પાંયરો છઇબા બેની.. જલ્લક
ઓત ચામડા ખાહડે વેરાયવા બેની.. જલ્લક
ઓત ડાંગર્યા પાંયરો છઇના બેની.. જલ્લક
ઓત નાકડે વાહ વેચી ખાયેલાબેની.. જલ્લક
ઓત ઝૂપડે ટોપલે વેંચશવા બેની.. જલ્લક

એજ રીતે બીજું વરકન્યાને સંબોધીને સગાઇની વેળાનું ગીત :

સગાઇ થતી * વેળાએ :

સવારિયા કે એડા બાયેણે જાયેરા ભાયારા,
સવારિયા અફીણિયા બાયેણે જાયેરા ભાયારા,
સવારિયા સવાર કરતા પરગડ ચાલી ભાયારા,
સવારિયા સવડ કે અઠડેરી કરેશ ખાલી ભાયારા,
સવારિયા સવડ રામ કરે ભાયારા,
સવારિયા ડગરે કે અઠ હાડેરા ભાયારા,
સવારિયા ડગરે કે અઠ જુવેશ ભાયારા,
આ પોહો છતા ફેસા ખર્ચીયા ભાયારા,
આ પોહો કહેડા ઓછાલ્યો ભાયારા,
એડા એડેરી પોયરી દૂર દેવાઇ ગીથી બાયડારા.
ભારે ઇતે આવે બાહડારા
નામે હારા સાલો દુનિયામે
એડા એકેરા પોયરી મારી હાકીમાં બાહડારા.''

સગાઇની વિધિ પૂરી થયા બાદ સગાઇના અફસોસ દર્શાવતું

ગીત :

નિલા પાલા ફુલ ઝાડીમાં સગાઇ લેદી
સગાઇ લીને ઠગાયી ઝ્યીથી આયુ બેના
ઓત સેટ બાહડા મા મન ના હોરાજી... મતાજી
મન નાંઇ રાજી મા દિલ નાઇ રાજી,
આવતાં જાતાં ગાડી ભાડા લાગી બેના...
ડીડીએ મો અના હોતા ભાયા વાર લાગી.
એવડી સાની વહો લેંડી વાર પાલો વાડીયે...
ભાયાને વાર લાગી એવડી છાની વહો લેંડી વાર પાલી,
થીરકયો મુહના હોય - તો ભાયાને વાર લાગે.
ડીડીએ મોહના હો તો ભાયાને વાર લાગી.

દહેજ :

દહેજ સગાઇને દિવસે નકકી કરીને આપી દેવામાં આવે છે. દહેજ રકમ પાંચસોથી હજાર સુધીની હતી. આજે જેની પરિસ્થિતિ સારી

હોય તે ૧૫૦૦ થી ૨૦૦૦ સુધી આપે છે. સુધારાવાદીઓની અસર છે. તેવા શિક્ષણ પામેલા દહેજ વગર લગ્ન કર્યોના દાખલા જોવા મળે છે. માળખાંથી મોસદાના શિક્ષકનો આ દાખલો જોવા મળ્યો હતો. પંચનો દહેજમાં ૮૦ રૂપિયાનો રિવાજ હતો. આજે ૧૦૦ રૂપિયા આપવા પડે છે. પંચ આ રકમમાંથી લગ્નના દિવસે ચા, બીડી, દારૂ ગામના લોકોને વહેંચે છે.

દહેજની સાથે ઘરેણાં અને શૃંગારના સાધનો આપે છે. તેવા સમયે આજુબાજુની યુવતીઓ દ્વારા ગીતમાં મશ્કરીઓ કરતું ગીત ગવાય છે.

ઘરેણાં વખતે :

જી.જોવયતી આપી લાવ્યા રે છોરી
જનહ જોવયતી સાથી લાવ્યા રે છોરી
હાળી જોવય તથલી આપી લાવ્યા રે છોરી
બંગડી નોવય તથલી આપી લાવ્યા રે છોરી.
પગામા પેટના હાકલેબી આપી લાવ્યા રે છોરી
કંઠી જોવય તય કંઠલી આપી લાવ્યા રે XXXXX છોરી
જી જોવયતી આપી લાવ્યા રે છોરી

દહેજ જે દિવસે અપાય તે દિવસે લગ્નનો દિવસ નક્કી કરે છે. લગ્ન આમંત્રણ માટે હળદરમાં રંગેલા ચોખા મોકલતા હતા. આજે ચોખાને બદલે શિક્ષણ પામેલા કેટલાકમાં કંકોત્રી મોકલવાની પ્રથા શરૂ થઇ છે. આનુ ઉદાહરણ તપાસના ઠાકરપાડામાંથી જાણવા મળ્યું હતું. જ્યાં એક વસાવા કુટુંબમાં તેની છોકરીના લગ્ન પ્રસંગે કંકોત્રી જોવા મળી હતી. જ્યાં એક શિક્ષકનો છોકરો પરણવા આવવાનો હતો.

હળદર લગાડવી ( પીઠી )

પાંચ છોકરીઓ છોકરાના શરીરે તેલમાં હળદર નાખીને ચોળે છે. રાત્રે તે દિવસથી જ ખળે બેસાડીને નચાડે છે. (છોકરીના ઘરે પણ પીઠી ચોળી નચાવે છે ) ભાલી સાત દિવસ સુધી હળદળની પીઠી ચોળે છે. રોજ રાત્રે ખળે બેસાડીને વારા ફરતી છોકરા નચાડે છે. આ વખતે ઘણા દારૂ પણ પીવે છે. છોકરા છોકરીને નચાડીને એક રૂપિયા, બે રૂપિયા વગેરે આપવામાં આવે છે. નચાડતાં નીચે પડી જાય તો પાંચ રૂપિયા દંડ ભરવો પડે છે. રાત દરમ્યાન નવ વખત પીઠી ચોળવામાં આવે છે. પીઠી ચોળતાં ગીતો ગાવામા આવે છે.

પીઠી ચોળતાં :

રેવાના દિસરે મા બકરા લગવા
રેવાના દિસરે મા બકરાં લગવા
મા પાવડુ શાન અજુત મેશ આંજના વાર છયવા
મા પાવડુ શાન અજુતઅલદ ઓલના વાર છયવા
મા પાવડુશાન અજુત ચાંદલોકના વાર છયવા
મા પાવડુશાન અજુત પાટલા બહિના વાર છયવા

માંડવો :

લગ્નના આગળના દિવસે માંડવો નાખવામાં આવે છે. આજુબાજુથી પાંચ થાંભલા લઇ આવીને માંડવો નાખી દે છે. આર્થિક પરિસ્થિતિ સારી હોય અથવા શિક્ષણ પામેલા કોઇ છોકરો લગ્ન કરતો હોય તો આજે માંડવો મોટો અને તેની ફરતે બહારથી બાંધવા કાપડના ફાળિયા મંગાવે છે. છોકરીના ઘરે જાન આવવાના દિવસે માંડવો નાખે છે. પાંચ થાંભલી અને પાનનો માંડવો નાખી દે છે. સગવડ હોય તો જ ખર્ચ કરીને કાપડ, માઇક્રોફોન વગેરે મૂકે છે.

જાન :

જાન મહદ અંશે દિવસના સમયમાં જ જાય છે. રાત્રે જતી નથી.

છતાં આજે સવર્ણ બ્રાહ્મણ કહે તો રાત્રે જાન જતી જોવા મળે છે. જાનમાં આવું કાકરપાડા ગામના ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યું હતું. વહેલી સવારે જાન આવેલી જોવા મળી હતી અને એક શિક્ષકના છોકરાની જાન સાંજના સાત વાગ્યા પછી આવેલી જોવા મળી હતી. જાન ગાડામાં ૧૫ થી ૨૦ માણસોની સંખ્યામાં , ક્યારેક ચાલતા પણ જતા જોવા મળે છે. દૂર જવાનું હોય તો બસમાં પણ આજે વર અને જાન જતી હોય છે.

વરરાજાને કપડાં, હાર, માથે પાઘડી વગેરેથી શણગારી ગાડા કે બસમાં લઇ જવામાં આવે છે. આર્થિક પરિસ્થિતિ સારી હોય તો વધુ ગાડા જોડીને જાન લઇ જાય છે. જાન ગામને પાદરે પહોંચે એટલે કન્યા પક્ષવાળા જઇને તેમને તેમના ઉતારે કોઇના ઘરે અથવા નજીકના ઝાડ નીચે બેસાડે છે. ત્યાં દારૂ, પાણી, ચા, બીડી વગેરે આપે છે. આ સમયે કન્યાને ત્યાં કન્યાને ચાંલ્લા વિધિ અને ગામના માણસોનું ખાવા પીવાનું પુરું કરવામાં આવે છે.

લાડાને આ પછી નચાવતા કન્યાના ઘરે લઇ આવે છે. ત્યાં બન્ને બાજુથી ભેટ આપવાનું ચાલે છે. આ કાર્યક્રમ પૂરો થયા પછી હળદરની અદલા બદલી કરે છે. જેમાં લાડાની લાડીને અને લાડીની લાડાને હળદર લગાડે છે. પછીથી કન્યાને ઘેર ચાંલ્લો કરવા જાય. સામે કન્યાવાળા ચાંલ્લો કરી જાય. જે સાથે લાડાવાળા કન્યાના કપડાં આપવા જાય છે. નાચતા નાચતા પેટી સાથે કન્યાના કપડાં ઘરમાં આપી દે છે. અને પાછા ઉતારે આપી જાય છે.

લગ્ન :

લગ્ન કરવા જાય ત્યારે લાડા સહિત આખી જાન માંડવે જાય છે. ગામના છોકરાઓ જાનને રોકે છે. જાનવાળા રીવાજમુજબ પૈસા આપી દે એટલે આગળ જવા દે છે. જાનમાં ઢોલવાળા સાથે કેટલાક નાચતા નાચતા જાય છે. સારી પરિસ્થિતિ હોય તો ઢોલવાળાને બદલે આજે બેન્ડવાજા સાથે જાન નાચતી નાચતી પણ તેમનામાં જોવા મળે છે. જાન મંડપમાં પ્રવેશે ત્યારે વરરાજા ઉપર પાણીનો છંટકાવ કરે છે. પછી લાડો અને

લાડી એકજાન ઉપર ચોખા નાખે. ચોખા એકબીજાને મારવાની વિધિ પણ ચાલે છે. પછીથી પટેલ કે કારભારી લગ્નની વિધિ બન્નેના છેડા બાંધી અગ્નિ ચલાવે છે. આજે સામાજિક પ્રતિષ્ઠા ખાતર બ્રાહ્મણને બોલાવીને લગ્ન કરવાનો ચાલ શરૂ થયો છે. જે પણ કાકરપાડાથી બ્રાહ્મણ દ્વારા થયેલી લગ્ન જોવા મળ્યું હતું. લાડો લાડી પરણતા હોય ત્યારે વર પક્ષ તરફથી પણ ગીતો ગવાય છે.

લાડો - લાડી પરણતાં :

આમા ભાયો રાજલો રયણા
        આવજો રસોલ્યો,
આમાન કોઈની ઉતારવા આબેન રયણા
        આવજો રસોલ્યો,
આમાન રામજી ઉતારવા આબે રયણા
        આવજો રસોલ્યો,
આમાન મીરુ ઉતારતા આલે રયણા
        આવજો રસોલ્યો
ચોખા નાખત ભાયા જાલઘન નાખજરે
અય છોકરી છયત ભાયા લડી જુવાન રે.
એ છોકરીને નહિ નહિ રામે મોટાભાઈરે
એ ઘોટીનું ગોળ જેવું પેટ રે.
        એ છોરીના સુપડા જેવા કાનરે
        એ ઘોરીનું નળિયા જેવું ના ક રે.
એ ઘોરીને નહિ રાખ મોટા ભાઈ રે.

બીજુ ગીત :

માંડવો ઉંચો દીવા વર કન્યા લાંબા જીવા
મા બેની તું મા રસીલો જોલો શોભી
માંડવા ઉંચો તુત્યા વેવાણો બધ્યા રૂવેક
માંડવા ઉચો રીંગણે વેવાઈ બધા ડીંડાણા
માંડવા ઉંચો ચોખા વેવાઈ બધા બોખા
મા બેની તું મા રસીલો જોણો શોભી.

પૂજારા કે બ્રાહ્મણ લાડા-લાડીના છેડા ગોઠવી વિધિ કરાવે છે. વચ્ચે ઘરમાં કન્યાને કપડા બદલાવે છે. વર કન્યાને ઉભા રાખીને ઘઉંના લોટના ઢેબરાં મંડપ ઉપરથી ઉછાડવામાં આવે છે. આ ક્રિયાને '' ઉબરા પાડવું '' કહે છે. આ વિધિ ગામનો ' પૂજારો ' કરે છે. બ્રાહ્મણ દ્વારા વિધિ થતી હોય તો ઉબરા પાડવાની વિધિ થતી નથી. લગ્નમાં લગભગ ૨થી ૪ ઠોર જેટલા હળદરવાળા ચોખા એકબીજાની સામસામે મારવામાં આવે છે. ત્યારબાદ સાત ફેરા ફરીને નીચે ઉતારીને સામા સામા બન્નેને ઉભા રાખીને છેડા બાંધી પછી ફરીથી એકબીજાને ચોખા નાખે.

લગ્ન પૂરા થયા બાદ જાનની સાથે છોકરી અને અનવર આવે છે. ઘેર ગયા બાદ વેરાઇ માતાના મંદિરે વરકન્યા પાસે નાળિયેર ફોડાવવામાં આવે છે. આ વેરાઇમાતા એ હિંદુ સવર્ણજાતિઓની દેવી છે જેનો આજે આદિ વિસ્તારમાં સ્થાનકો જોવા મળે છે. લગ્નબાદ કન્યાને ઘેર સુવાડતા નથી અનવર સાથે બીજા ઘરે ઉતારે છે. આ હિંદુ સવર્ણ જાતિઓના સંપર્કના ગામમાં જોવા મળે છે. તપાસના ઉંડાણના જંગલ વિસ્તારમાં જોવા મળતું નથી. કન્યાને પાછી વળાવના સગાઓ યથાશક્તિ ચાલ્લો આપે છે. વળાવતાં જ આણાનો દિવસ નક્કી કરે છે. આણુ કરીને લાવે છે ત્યારબાદ તે સાસરામાં રહે છે.

**આણું :**

કન્યા પક્ષના પાંચ દિવસ પછી આણાં કરવા જાય છે. મરઘુ ખવડાવી કે દારૂ પીવડાવીને કન્યાને પિયર કન્યા પક્ષના માણસો સાથે વળાવે છે. બે દિવસ પછી વરપક્ષના કન્યાને ઘરે જઇને તેડી લાવવા જાય ત્યાં મરઘુ, દારૂ ખવડાવે, પીવડાવે છે. વળાવે ત્યારે કેટલીક કન્યાઓ આણા ગીતો ગાય છે.

<u>આણાં વેળા :</u>

'' ઊંચી તિબેટ યા હકી મા હા હશકી
આ આલી પિયર યા વાયરા માડીના જાય
વીર ન કનીકા આણાં મોકનય .... ઊંચી
સાડી શીરાઇ યાહકી મા શરીરા
જાયમા હાહાર કે લાજરા માડીના જાય.
વીર ન કનીકા મોકનય.... ઊંચી
કબજા રૂરિયા મા યાહકા મા શરીરા
જાયમા હાહાર કે લાજરા માડીના જાય
વીરાં ન કનીકા આણાં મોકનાય... ઊંચી.''

આણાં પત્યાં પછી છોકરી ત્યાર બાદ સાસરહમાં રહે છે.

વસાવામાં લગ્નવિધિ નાતનો પટેલ કરાવે છે. આ નાતનો પટેલ લગ્ન વિષયક ઝઘડાનો નિકાલ પતા કરે છે. સાધન સંપન્ન વસાવા કુટુંબો અજે ઉજળિયાત બ્રાહ્મણ બોલાવીને લગ્ન વિધિ કરાવવામાં ગૌરવ માને છે. કેટલીક જગ્યાએ બાહ્ય સંપર્કથી શિક્ષણના, નોકરીના અને બીજી જ્ઞાતિઓની થવાથી માંડવો મૂહૂર્ત, ગણેશ સ્થાપન, બેન્ડવાજા, વગાડયા, સગવડ હોય તો બસમાં લઇ જવી વગેરે કરતા થયા છે. આ પરિવર્તન ખૂબ ધીમુ જોવા મળે છે. છતાં શૈક્ષણિક પરિવર્તનની સાથે સાથે આર્થિક પરિસ્થિતિ સુધરતા આ બાહ્ય પરિબળો દ્વારા અને અન્ય સ્ર સંસ્કૃ સંસ્કૃતિના તેમના પોતાને સંપર્કમાં આવવાનું થવાથી તેમનામાં જોવા મળે છે. [illegible] ઉપર જોયું તેમ તેમના લગ્ન ગીતોમાં પણ બાહ્ય સંસ્કૃતિમાંથી તેમનામા પ્રવેશેલ ગીતની પંક્તિઓ જોવા મળે છે.

<u>સાળી વટું :</u>

સાળીવટાની પ્રથા તેમનામાં જોવા મળે છે. પત્ની મરી જાય તો પુરુષ નાની ઉંમર હોય અગર મિલકત મોભો ઉંચો હોય તો ઉંમર મોટી પણ

હોય તો પણ ઘણી ભાગે સાળીવટું આગળની પત્નીના નાના બાળકોને ખ્યાલમાં રાખીને કરે છે.

દિયરવટું :

દિયરવટાની પ્રથા નથી છતાં સંજોગો વસાત દિયર ભોજાઇ એકબીજાને પસંદ કરે તો કરવામાં આવે છે.

છૂટાછેડા :

વસાવામાં પણ આગળ જોયું તેમ શિક્ષણ, શંકા, કુશંકાને કારણે છૂટાછેડા થાય છે. પતિપત્ની વચ્ચે મનમેળ ન હોય ત્યારે પતિ કે પત્ની પંચ સમક્ષ જઇને છૂટાછેડા માટે ધા નાખે છે. છૂટાછેડા પંચ સમક્ષ નક્કી થાય એટલે પતિના પક્ષના નવી સાડી મુંગાવે છે અને પુરુષ સાડીનો એક છેડો ફાડીને સ્ત્રીને આપી દે એટલે વાત પતી જાય છે. આજે શિક્ષિત અને કેટલાક બાહ્ય સંપર્કવાળા કોર્ટ દ્વારા કાયદેસર છૂટાછેડા માટે જાય છે.

પુનલગ્ન :

પુન:લગ્નનો રિવાજ છે. પરંતુ તેમાં વિધુર પુરુષ વિધવા સ્ત્રી સાથે જ લગ્ન કરી શકે. કુંવારી છોકરી સાથે લગ્ન સંબંધ બાંધી શકતો નથી. છતાં આજે પરિસ્થિતિ બદલાવા પામી છે. તપાસના સામોટમાંથી કુંવારી સાળી સાથે લગ્નનું ઉદાહરણ જાણવા મળ્યું હતું. એટલે સાળીવટામાં છૂટ એટલી જોવા મળે છે.

વસાવા જાતિમાં લગ્નમાં જોવા મળતો ખર્ચ :

લગ્ન ખર્ચ :

લગ્નનું બધું મળીને ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનું ખર્ચ કરવું પડે છે. સાધન સંપન્ન વધુ ખર્ચ કરે છે.

દહેજ - ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા

ઘરેણાં - ૫૦૦ થી ૮૦૦ રૂપિયા

લગ્ન ભોજન ખર્ચ ૫૦૦ રૂપિયા સુધી

તેલગોળ- ૨૫ રૂપિયા સુધી

વર કન્યાના કપડાં ૨૦૦ રૂપિયા સુધી

કન્યાદાનનો ખર્ચ ૨૦૦ રૂપિયા સુધી

અન્ય ખર્ચ ૨૫ રૂપિયા સુધી

જાન રોકવી ૫ રૂપિયા

ગોઠ બાંધવી ૩ રૂપિયા સુધી

ગીતના ૫ રૂપિયા સુધી

ઢોલીના ૫ રૂપિયા સુધી

પાટલા વિધિ ૩ રૂપિયા સુધી

કન્યાને વરઘોડે બેસાડનારને - ૫ રૂપિયા સુધી

વસાવાઓમાં આજે લગ્ન પાછળના ખર્ચ પણ સાધન સંપન્ન કુટુંબો આજે કરતા થયા છે. જે પહેલાં સાદાઈથી લગ્ન થતા હતા. તેમાં આજે દહેજ, ઘરેણાં, લગ્ન ભોજન, કપડાં, બેન્ડવાજા, જાનનો ખર્ચ વગેરે કેટલાક કુટુંબોમાં થતું જોવા મળ્યું હતું. કાકરપાડામાંથી એક કુટુંબનો લગ્ન ખર્ચ આવો જોવા મળ્યો હતો. તેને ઢોલીને બદલે બેન્ડવાજા, લગ્ન ભોજન, ઘરેણાં વગેરેનો ખર્ચ થયેલો જાણવા મળ્યો હતો. એ જ ગામમાં એક વસાવા કુટુંબોમાં ખૂબજ સાદાઈથી લાકડા પાનના માંડવો નીચે લગ્ન ઓછા ખર્ચ થયેલું પણ જોવા મળ્યુ હતું. એટલે બેન્ડવાજા, કપડાં કે સારું ખાવાનું કર્યું હતું તે શિક્ષકનો છોકરો પરણતો હતો. જ્યારે સાદાઈવાળો એક ગરીબ વસાવા છે.

<u>સસરા પક્ષના સગાઓ પરત્વેના સંબંધો :</u>

સાસરા પક્ષનું સગુ આવે ત્યારે મહેમાન માની આદર આપે છે. તેની આસ્તા કરે છે. સાસુ સસરા ઘરે આવે ત્યારે આદર પાત્ર બને છે. સસરા, સાસુ કે મોટી સાળી સાથે મશ્કરી ભર્યા કે હળવા સંબંધ રાખી શકાતા

નથી. હંમેશા તેમને બહુવચનમાં અને માનાર્થે બોલાવવાની રીત જોવા મળે છે. સાસુ સાથે એક ખાટલા પર બેસી શકાતુ નથી. એવી જ રીતે મોટી સાળી સાથે એક ખાટલે બેસી શકાતું નથી. સાસુ જમાઇની લાજ કાઢે છે. અને તેની સાથે મર્યાદાતાથી વર્તે છે. મોટી સાળી પણ બને તેટલી ઓછી વાતો કરે છે. ટાળે છે. તથા તેની સાથે એકાંત કે જાતિય સંબંધો બાંધી શકાતા નથી. સાળા બનેવી કે નાની સાળી બનેવીના સંબંધો મશ્કરી ભર્યો અને ગાળા ગાળીના સંબંધો જોવા મળે છે. એટલુ જ નહીં નાની સાળી સાથે બનેવી જાતીય સંબંધો બાંધી શકે છે. ઇચ્છે તો લગ્ન પણ કરી શકે છે. સામ સામી બન્ને પક્ષની કેટલીક જવાબદારીઓ ફરજો પણ જોવા મળે છે. એકબીજા વચ્ચે કામ કરી આપવાની કે આર્થિક વ્યવહારો પણ જાળવી રાખવાની વૃત્તિ જોવા મળે છે. સામાજિક પ્રસંગોએ કે ધાર્મિક પ્રસંગોયે કે લગ્ન પ્રસંગે કે મરણ પ્રસંગે એકબીજાને ત્યાં જવુ પડે છે.

મૃત્યુ :

વસાવામાં જયારે કોઇનું મૃત્યુ થાય એટલે પ્રથમ આજુબાજુમાં વસતા ફળિયાના સ્ત્રી-પુરુષો એકત્ર થાય છે. સંબંધીઓ પણ આવે છે. ખાટલામાં માણસ મૃત્યુ પામે એટલે પાણી છાંટીને જમીન ઉપર સુવાડી દઇ પછી વાંસમાંથી પાલખી બનાવે છે. સબ નીચે દર્ભ નાખે છે. પુરુષ મૃત્યુ પામે તો સફેદ કપડું અને સ્ત્રીનું મૃત્યુ થયું હોય તો લાલ કપડ ઓઢાડવવામાં આવે છે. ફળિયાના અને સગાસંબંધીઓ આવી ગયા પછી મૃત દેહને નવડાવવામાં આવે છે. જયાં અન્ય હિંદુ જાતિઓના સંપર્કમાં આવ્યા છે ત્યાં આ સ્નાન વિધિ કે વસ્તુઓ દાટવાની રિવાજો બંધ થયા છે. મૃત્યુ બાદ પહેરેલા દાગીના મૃત વ્યકિતની ઇચ્છા ન હોય તો કાઢી લેવામા આવે છે. કપડા કોઇને આપી દે છે.

સ્મશાન યાત્રામાં ગામને પાદરે પ્રથમ ઉતારો કરાવે છે. આ પહેલા ઉતારા સુધી સ્ત્રીઓ રડતી રડતી સાથે આવે છે. અહીંયા છેલ્લીવાર મૃતદેહનુ મોઢુ જોઇને પાછી જાય છે. પુરુષો મૃતદેહને આગળ લઇ જાય છે. દાટવાની વિધિ કરે છે. દાટતા દારૂની ધાર નાખે છે. કેટલાક વસાવામાં

આજે બાળવામાં આવે છે. તેમનામાં પરિવર્તન જોવા મળે છે. દાટતાં કે બાળતાં મૃતદેહની આસપાસ પાંચ ફેરા અગ્નિ દાહ દેનાર ફરે છે. વિધિ પત્યા પછી દારૂ પાય છે. અને પોતપોતાને ઘરે જાય છે.

મૃત્યુ વ્યકિત પાછળ વસાવા જાતિમાં બારમુ કરવાનો રિવાજ છે. જેને ' દહાડો પાણી ' તરીકે ઓળખવામાં આવે છે. મૃત વ્યકિતના આત્માને શાંતિ મળે, પૂણ્ય મળે એ હેતુથી બારમું કરે છે. જેમાં સગાસંબંધીઓને બોલાવી દારૂ પીવડાવે, ખાવાનું પણ છે. પરંતુ સાત દિવસે સૂતક ઉતાર્યા પછી જ બારમું કરે છે. જેમાં માથા, દાઢી, મૂછના વાળ ઉતારે છે. આ ક્રિયાને બહુ ધાર્મિક વિધિ પ્રમાણે કરાય છે. તેમનામાં જે વ્યકિત 'દહાડો પાણી ' કરે એ કુળવાન કે પ્રતિષ્ઠાવાન ગણાય છે.

મૃત્યુના ખ્યાલો :

મૃત્યુ સાથે કેટલીક માન્યતાઓ પણ જોવા મળે છે. મરણ એ પરલોક સાથે સંકળાયેલી વસ્તુ છે. કોઇ જાય ત્યારે ભેગા થયેલા લોકો એની બાજુબાજુ મનગમતી ચીજવસ્તુઓ મૂકી કહે છે. '' આ નુ ખાજે '' આ અમારા મરેલા સગાઓને ત્યાં આપજે, આ આપણા ગામનો પ્રથમ વસાવો છે તેને આપજે. પહેલા મૃત વ્યકિત માટે ઘર બાંધતા સાથે ઘડો રાખી ખાતરી પૂજન કરતા. આજે શિક્ષણ અને અન્ય સંપર્કને કારણે આ વસ્તુઓ તેમનામાંથી ઓછી થઇ ગઇ છે.

આજે પરિવર્તનને કારણે બારમુ કરવું, ચીજવસ્તુઓ સાથે મૂકવી, સાથે દાટવી વગેરે ઘણી જગ્યાએ વસાવામાં ઓછી થતી જોવા મળે છે. આજે જેઓ અન્ય બાહય સંસ્કૃતિઓના સંપર્કમાં આવ્યા છે કે શિક્ષણ પામ્યા છે તેઓ મૃત્યુના ખોટા ખ્યાલો કે તેની પાછળના રીતરિવાજો બારમુ વગેરેનો બહિષ્કાર કરતા થયા છે.

મરશિયા :

મા એક પોયર અતા તોબી ભગવાન નેત નંદા
મા કહડા હારા પોયરા અતાતીય ભગવાન નેત નંદા.

અમુ મને કાબો પોહીરા ભગવાન
મા પોયરો હાજો હાજો અતમા,
ઓચિંતો ભગવાને નેત નંદા
આમી આમું કહક રીતે જિંદગી કાયુરા ભગવાન

વસાવા લોકો સ્વભાવ વહેમી, તરંગી, ભૂત-પલિત તેમજ જાદુવિદ્યામાં માનનારા અને ચુસ્ત વિધિ-વિધાનમાં માનનારા છે. તેઓ પૂર્વજોની ભક્તિ કરે છે. એમના સામાન્ય જીવનમાં આ બધુ ખૂબ અસર ઉપજાવતું જોવા મળે છે. આમ વસાવા સમાજ સમગ્ર રીતે રૂઢિગત માન્યતાઓ, રીતરિવાજો અને ધોરણો પ્રદર્શિત કરે છે.

## પ્રકરણ - ૫

## ધાર્મિક જીવન

## પ્રકરણ - ૫

## ધાર્મિક જીવન

વસાવાઓના જીવનના દરેક ક્ષેત્રમાં ધાર્મિક ભાવના જોડાયેલી જોવા મળે છે. જન્મથી મૃત્યુ પર્યંતના રીતરિવાજો, રૂઢિઓ વગેરેમાં ધાર્મિક ભાવના પ્રતિબિંબિત થાય છે. આ ધાર્મિક વિધિ, ભાવના સામાજિક પ્રવૃત્તિ હોય કે આર્થિક પ્રવૃત્તિ હોય, પછી કોઇ રાજકીય પ્રવૃત્તિ હોય, તેની સફળતા માટે તેને મહત્ત્વની માનવામાં આવે છે. બીજું પ્રકૃતિ સાથે જીવન ગૂંથાયેલુ હોઇ કેટલાક પ્રાકૃતિક દેવદેવીઓની પૂજાવિધિઓ, માન્યતાઓ પ્રસંગોપાત ધાર્મિક વિધિઓથી જોડાયેલી જોવા મળે છે.

વસાવા લોકો તેમની પોતાની પ્રાકૃતિક અવસ્થાની ધર્મ ભાવના ઉપરાંત સતકેવલ, કબીરપંથ, ખ્રિસ્તી મિશનરીઓની ધાર્મિક સુધારાવાદી પ્રવૃત્તિઓ, મુસલીમ વોરાઓના સંપર્કને કારણે તેમની ધાર્મિક પ્રવૃત્તિઓ, હિંદુ ધર્મ પાળતી જાતિઓની પ્રવૃત્તિઓ વગેરેને જીવનના કોઇ કોઇ પાસાઓમાં અનુસરતા થયા છે. દા.ત. હિંદુઓની ધાર્મિક પ્રવૃત્તિઓની અસરોને લીધે હિંદુઓના દેવદેવીઓના હનુમાન, કાલકા, વેરાઇ , રામ વગેરેના મંદિરો, ફોટાઓ, તેમના નામના ભજનો વગેરે તેમના પ્રચલિત થતા જોવા મળે છે. લગ્ન, જન્મ કે મૃત્યુ જેવા પ્રસંગોએ હિંદુઓની ધાર્મિક વિધિઓ કે ભાવનાઓ તેમનામાં જોવા મળે છે. દા.ત. લગ્ન વેળાએ હિંદુ સવર્ણ બ્રાહ્મણ દ્વારા લગ્નની વિધિ કરાવતા દાખલા જોવા મળે છે. સતકેવલ પંથને કારણે તેમનામાં ધાર્મિક વિધિઓ વેળા જે દારૂ, માંસનો ઉપયોગ થતો હતો તે કેટલાક કુટુંબોએ સદંતર બંધ કરી દીધેલું જાણવા મળ્યું હતું. તપાસના કાકરપાડા, વાગલખોડના કેટલાક કુટુંબો ઉપર ખ્રિસ્તી મિશનરીઓ, સતકેવલ પંથની અસરો જોવા મળી હતી જેમાં કેટલાક કુટુંબોએ ધાર્મિક પ્રવૃત્તિઓ, ભાવનાઓ ઉપરાંત તેમની સામાજિક , શૈક્ષણિક સુધારણાની પ્રવૃત્તિઓની અસરો જોવા મળી હતી. કાકરપાડામાં એક બહેન બાલમંદિર ચલાવી સુધારણાની પ્રવૃત્તિઓ કરતી જાણવા મળી હતી અને

કેટલાક બાળકો આ પંથોની અસરને કારણે થવા આશ્રમશાળાઓમાં શિક્ષણ લેતા થયા છે. આ પંથોની અસર ખાસ કરીને ધાર્મિક વિધિઓ તેમનામાં દારૂ, માંસનો ઉપયોગ થતો હતો તે બંધ થયો છે. મરઘાં- બકરાં વધેરવા પણ આ પંથોની અસરોથી ઓછા થયા છે. દા.ત. દેવ મોગરાની બાધા માનતા હોય તો મરઘા-બકરાને બદલે નાળિયેર ફોડીને વિધિ પતાવે છે.

વસાવા લોકો હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, સતકેવલ પંથ, કબીરપંથ વગેરેમાંથી કોઇ એક ધર્મ કે પંથના નિયમો કે રીતરિવાજો વિશે બહુ જાણતા નથી. તેઓ માત્ર તેમાંના કેટલાક ધાર્મિક વિધિવિધાનોને અનુસરે છે. વસાવા પહેલાં જેમ કેટલાક પ્રાકૃતિક દેવદેવીઓને માની અતૂટ શ્રદ્ધા ધરાવતા હતા. તેમ આજે ઇશ્વરના કેટલાક સ્વરૂપોને માનીને તેની ઉપર અતૂટ શ્રદ્ધા રાખીને તેને મહાન શક્તિના રૂપમાં પૂજે છે. હજુ આજે પણ ઉંડાણના જંગલ વિસ્તારમાં કેટલાક એવું માને છે કે દેવને રિજવવા દેવસ્થાને જવું પડે છે અને એમ પણ માને છે કે દેવ પાસે ભુવા સિવાય કદી એકલા ન જઇ શકાય. જયાં સતકેવલ પંથ કે કબીરપંથની અસરો છે ત્યાં અને આજે જયાં જંગલ રહેવા પામ્યુ નથી અને, જયાં બાહય શહેરી કે શિક્ષણની અસરો થવા પામી છે ત્યાં અંધશ્રદ્ધામાંથી મુકત બન્યાં છે. ઉંડાણના વિસ્તારમાં આજે પણ કોઇ માણસ કે ઢોર બિમાર પડે કે તરત જ ભુવા પાસે દોડી જાય છે. તેને દુ:ખ કે રોગનું મૂળ શોધવા કહે છે. ભુવો કયા દેવ કે દેવીની બાધા- માનતા રાખવી કે વિધિ કરવીએ કહે છે. આજે ઘણી જગ્યાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પશુ દવાખાનાની સગવડ થવાથી આવી અંધશ્રદ્ધા ઓછી થઇ છે. એ તપાસના પોઇચા, કાકરપાડા, પાટલામહુ, સામોટ ગ્રામોમાં આવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જોવા મળ્યા હતા.

વસાવા લોકો તેમના દેવદેવીઓને કોઇને કોઇ કારણોવસાત માનતા કે પૂજાવિધિઓ કરતા હોય છે. જેમ કે સાપની બીકે બાથીજી મહારાજની પૂજા કે સાપની પથ્થર કે લાકડાનો આકાર પાડીને પૂજા કરે છે. બાથીજી મહારાજની પૂજા હિંદુ ધર્મ પાળતી જાતિઓમાંથી તેમનામાં પ્રવેશેલ છે. પશુના રક્ષણ માટે ' વાઘદેવ ' અથવા ' હિમારીયા '

દેવની સ્થાપના અને પૂજા કરે છે. પાકની રક્ષા માટે હિમારીયા દેવની સ્થાપના સીમના સીમાડે કરે છે. હિમારીયા દેવની પૂજા, વાઘદેવની પૂજા, સાપ કે નાગદેવની પૂજા તપાસના પોઇચા, વાગલખોડ જેવા ગામોમાં જોવા મળતી નથી. જેમાં રજપૂત , હરિજન કે બીજી જાતિઓના સંપર્કની અસરો તેમની ઉપર છે. કેટલીક ઠેકાણે શિક્ષિત થયેલી વ્યક્તિઓને કારણે પણ આવી અંધશ્રદ્ધા દૂર થયેલી જાણવા મળે છે. તપાસના મોસદા, માલ સામોટ, જૂનારાજ ગામોમાં ગોવાળદેવની પૂજા જાણવા મળી હતી, બાકીના સામોટ વિસ્તારના જંગલ નાશ પામેલા ગામોમાં થતી જાણવા મળી નહોતી. કોઇ સ્ત્રીને સંતાન પ્રાપ્તિ ન થતી હોય તો નાના મોટા નારસીંગની બાધા માનતા રાખે છે. આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ખ્રિસ્તી મિશનરીઓ, શિક્ષણ સંસ્થાઓ ~~શ્રેમ~~ વગેરે સુવિધાઓ અને તેમનામાંથી શિક્ષણને કારણે નર્સની ટ્રેનીંગવાળી બહેનો તૈયાર થવાથી અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયત્નો થયા છે. તેની પણ સારી અસરો તેમના ઉપર છે.

ગામ બાધા :

આખા ગામના લોકો વર્ષમાં ચોમાસાનો પ્રથમ વરસાદ પડયા પછી ધરતી લીલીછમ થાય ત્યારે અને બીજી વખત નવું ધાન્ય પાકે ત્યારે સામૂહિક પૂજા ભુવા પાસે કરાવે છે. ભુવો ધુણે એટલે ગામ પટેલ આગામી વર્ષા અને ગામ વિષેના ભાવિ વિશે પૂછે છે કે વર્ષ કેવું જશે, ગામ સુખી ~~શ્ર~~ રહેશે કે રોગના ભોગ બનશે ? ભુવો જવાબમાં બોલે છે કે અનાજ ખૂબ પાકશે કે ઓછું પાકશે. ગામ વતી ભુવો દેવની માફી માગી, રોગ હોય તો આ મરઘા- બકરાં કે પાડામાં વાળજે એવી બાધા સાથે મરઘુ-બકરુ કે પાડો જે હોય તેની ઉપર પાણી નાખે છે. પાણી નાખતાં જો તે હાલી જાય તો તેને કાપી નાખે છે. ન હાલે તો ' અમરીયું ' કહીને છોડી મૂકે અથવા માત્ર કાન કાપી લે છે. જયાં હિંદુ ધર્મનો કે કબીરપંથ કે સતકેવલ જેવા પંથોમાં માનતા થયા છે તેવા ગામોમાં પાડા, બકરાની બાધા માનતાનો વિરોધ કરે છે. જે શિક્ષણ પામેલા છે તેવા કેટલાક કુટુંબો નાળિયેરથી ચલાવવા પણ સમજાવે છે.

વસાવા ભૂત-ડાકણ વગેરેમાં માને છે, તેમાં ઝીંપડી, મસાણિયો ભૂતને વિશેષ માને છે. આ બધી માન્યતાઓ સાથે ભુવાભગતમાં અતૂટ શ્રદ્ધા ધરાવીને તેની પાસે મંત્ર તંત્રની વિધિઓ કરાવે છે. તેમનામાં આવી મેલી વિધિઓ કરનાર અને ચોખ્ખી વિધિઓ કરનાર ભુવાઓ જોવા મળે છે. તેમનામાં ૧. મેલી વિધી દૂર કરનાર ભુવા ૨. સામાન્ય રોગ દૂર કરનાર ભુવા ૩. દેવદેવીઓની પૂજાવિધિઓ કરનાર ભુવા ૪. ઢોરના રોગ મટાડનાર ભુવા જોવા મળે છે. જેમનામાં આ પ્રજા અતૂટ શ્રદ્ધા ધરાવે છે. આજે પણ ભુવાઓનું વર્ચસ્વ જોવા મળે છે. તેઓ જંગલની ઔષધિઓ પારખીને દવાઓ પણ આપે છે. અને પોતાની ઉપર રાખેલી શ્રદ્ધાનો ગેરલાભ પણ ઉઠાવે છે. આજે કેટલાક વિસ્તારોમાં શિક્ષણની સંસ્થાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામાજિક કાર્યકરો, વગેરે ઉભા થવાથી ભુવાઓનું વર્ચસ્વ ઓછું થવા પામ્યું છે. અંધશ્રદ્ધાથી થતી પૂજાવિધિઓ, બકરાં, મરઘાંનો ભોગ બલિ વગેરે જાગૃતિ આવવાથી ક્યાંક બંધ કે ક્યાંક ઓછું થવા પામ્યું છે.

વસાવા લોકો દેવદેવીઓની પૂજાવિધિઓ મહદ અંશે ઉત્સવ તહેવારોના દિવસોમાં કરે છે. ઉત્સવો સાદાઇથી આર્થિક પરિસ્થિતિ પ્રમાણે ઉજવે છે. જ્યાં શિક્ષણની સંસ્થાઓ થવા પામી છે. જ્યાં સંપ્રદાયોની અસરો થવા પામી છે. જ્યાં સામાજિક કાર્યકરો દ્વારા જાગ્રતિના કાર્યો થયા છે. ત્યાં દેવદેવીઓને ભોગબલિ અપાતો બંધ થયો છે. ત્યાં દારૂનો ઉપયોગ થતો પણ બંધ થયો છે. બકરા, મરઘાના ભોગને બદલે નાળિયેર ફોડીને ચલાવે છે. આજે તેઓ ઉત્સવ તહેવારોમાં હિંદુઓની જેમ દિવાળી, હોળી, અખાત્રીજ વગેરે તહેવારોને માને છે અને પરિસ્થિતિ મુજબ ઉજવતા થયા છે. ઉત્સવ સમયે કેટલાક નૃત્યગીતો ગાય છે.

<u>ઉત્સવ નૃત્ય ગીતો :</u>

હોળીના પંદર દિવસ અગાઉ ગીતો '' લૈલા '' લલકારે છે. જુવાનિયાઓ હોળીના લાકડા શોધવા નીકળી પડે છે. કેટલાક હોલકારિયાઓ (ધૂળેટી રમનારાઓ ) ધૂળેટી રમવા માટેના ઘોડા કે બિલાડી જેવા વેશો બનાવવાની તૈયારીમાં પડી જાય છે. સાથેસાથે ગીતો ગાય છે.

' હો લેવાયો મોઠા પોયેરે જાણે લોશે
ફતીયા આમાન ચાંદરી પાડી આપો નનામ લેશુંશું
ફતીયા નાડી દૂધલી હાડી વાયરો લે રાતો જાય ડા
ચામડ ડોહો લાભે જાય
ફતીયા નાડી ડેહે ઊભવે વાયરો તે રાતો જાયડા
મનુકો ડોહો લોના જાય '

આમ ગેરિયાઓ પૈસા, પશુ કે દૂધની માગણી હોળી ફાગમાં કરે છે.

'' આમા આતા નુનારા ડાંડા ડોંદરા ખાનારા
આમા નુનારા થડી આપણે ઉછાલીયા ડાકડી
માંરીવી જીરવાણી લોલ....
વાડી વાડી લાડો હાય ચોરી જાણે મારે જ બાહડો
ગંડા આપણે ઉછાલે ડાકડા ચોરી જીરઆલી લોલ.. ''

હોળીના પંદર દિવસ અગાઉથી યુવકયુવતીઓ રાત્રે '' જુનારા'' ગાવા માટે સમુહમાં ભેગા થાય છે. ગામમાં તથા પડોશી ગામમાં લાકડીઓ હોળી ધ્વજ, આંબા , મોર, કેશુડાના ફુલ વગેરે બાંધી ' નુનારા ' ગાય છે. અને વળતરમાં અનાજ, પૈસા લે છે.

'ઠાકોર કટલા દાહડે આવીરા રીંગણી ડોલ,
ઠાકોર કાઇ કાઇ લાવીરા રીંગણી ડોલ
ઠાકોર હાથી ઘોડા લાવીશ રીંગણી ડોલ
ઠાકોર જાયા વાણીએ ઉતરાશ રીંગણી ડોલ.
ઠાકોર ફની વાડીએ ઉતરાશ રીંગણી ડોલ.
'' હે એલવ હેએલવ નાચશે ગેરિયા કાયેડો લેશે તો જાય.
આધેરમ નાચોરા ગેરીયા કાયેડો લેશ તો જાય કુઉરીરીટ
બારા છેદ નાચોજેશ ગેરીયા, કાયેડો લેશ તો જાય કુઉરી રીટ
ટોમાહી ચાલો નાચજોશ બટકાલીલી ગેરીયા, કોયેડો લેશે તો જાય
ચારે ગેરીયા, હબેવો બટકાલીલી ગેરીયા, કાયેડો લેશે તો જાય

ટોનાહ છંદો નાયજોરા ગેરીયા કાચેડો લેશે તો જાય કુઉરીરીટ
મુહાશીરાજુ નાચોરે ગેરિયા કોચેડો લેશ નો જાય કુઉરીરીટ.''

'' દિવાળી માંગે પાડે લોડલે હોળી માંગે નારલ્યો રે.
ચાલો ગેરિયા ચાલો ગેરિયા હોળ્યે બાજાર ચાલોરે.
ચાલો ગોસાઇઆ ચાલો ગોસાઇથા બાજાર ચાલોરે.
દિવાળી માગે પાડે લોડલે હોળી માંગે નારલ્યો રે.''

'' આમાવો નાંદાહાડે રેનારી આમાવો નાચણે હોઇ શોભાવી.
ગેરિયારો હીરીફીરી નાચારા આમાવો નાચણે કોઇ શોભાવી.
આમાવો પારને ફીયો છુનીકાલીયા નાચણે કોઇ શોભાવી.
ગેરિયારા હીરીફીરી નાચારા આમાવો નાચણો કોઇ શોભાવો.''

દશેરા જેવા મોટા તહેવારે ગેરિયાઓ વેશ લઇ ગામે ગામ નીકળી પડે છે.

'' હરિયા થાલે ગયેલી ગુજરી રંગલી
રંગલો હરિયે હરિયે ચાનયારા ગુજરી
હરિયે ઘોડિયા માર્યો રે ગુજરી રંગલી
રડતી રડતી આલીવા ગુજરી રંગલી
ખાના આય ગપીવા ગુજરી રંગલી
અડતા પડતા ખેડવા ગુજરી રંગલી
હરિયા થાલે ગયેલી ગુજરી રંગલી
રંગલો હરિયે હરિયે ચાનયારા ગુજરી.''

નૃત્ય ગીતો :

'' રામુરા કાય વાર લાગી હારા રાજુરા કાયવાર લાગી.
રામુરા કેડ કેડ આવેહરા રામુરા વાર ઉભો રેજેશ..
રામુરા વેઠીયા દાદો આવેરા રામુરા વાર ઉભો રેજેશ..
રામુરા ગોઠીયા દાદા આવેરા રામુરાવાર ઉભો રેજેશ..
રામુરા પોથીયા દાદા આવેહરા રામુરા કાયવાટ લાગી.''

'' ચારાજ મુનેડી બાડોલે લીધી હારા ગોઠરા
વેહેય પોહી ભરા જાઉ હરા ગોઠારા
મારાંની મુનેડી બાડોલે લીધી હારા ગોઠરા
છોડી દેશ મા હોવેલ હાથે ઘોડી દેરા અજુ ગોઠારા.
નૈહી છોડ હાનુ મામા પોયરી આખુ ગોઠારા
છોડી દેશ મા લુગડા છેડાછોડી દેશ આખુ ગોઠારા
નૈહી છોડુ લુગડા છેડો નહીં છોડુ આખુ ગોઠારા
છોડી દેશ માહાન મામા પોયરી આખુ ગોઠારા.''

# પ્રકરણ : ૬

## શિક્ષણ

# પ્રકરણ - ૬

## શિક્ષણ

### શિક્ષણ :

વસાવામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. હજુ પણ જ્યાં શિક્ષક શાળા નથી એવા ગામો આ લોકોની વસ્તી ધરાવતા સાગબારા, ડેડીયાપાડા રાજપીપળા વગેરે તાલુકાઓના ગામડાઓ છે. તેમ છતાં જ્યાં આશ્રમશાળાઓ અને નવી શાળાઓ વગેરે થઈ છે. ત્યાં અક્ષરજ્ઞાન પામેલા જોવા મળે છે.

તપાસના પોઇચા ગામમાં જ્યાં સવર્ણોની રજપૂત હરિજન જાતિઓ સાથે વસતા વસાવાઓ છે. તેમાં ધોરણ ૧ થી ૪ ની શાળામાં જે બાળકો જોવા મળ્યા હતા તેમાં ૩૯ રજપૂતના, ૧૦ હરિજનના અને ૧૦ વસાવા જાતિના હતા. તપાસના મોસદા ગામની ૧ થી ૫ ધોરણ શાળામાંથી બધા જ આદિ. બાળકો હતા. જેમાં ૧૦૧ છોકરા અને ૨૧ છોકરીઓ મળીને કુલ ૧૨૨ હતા. એટલે છોકરા કરતાં છોકરીઓનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. તપાસના કાકરપાડા ગામની ધોરણ ૧ થી ૭ ની શાળામાંથી ૧૪૦ છોકરા અને ૭૬ છોકરીઓ મળીને ૨૧૬ ની કુલ સંખ્યા જોવા મળી હતી. તેમાંય છોકરીઓની સંખ્યા ઓછી માલૂમ પડી હતી.

તપાસના નવ ગામોમાંથી ઝરીયા અને માલ ગામમાં આદિ વસાવા જાતિના બાળકોને આશ્રમશાળા લાભ મળતો જોવા મળ્યો હતો જેને કારણે ત્યાં આદિ. બાળકોની સંખ્યા વિશેષ જોવા મળી છે. જોવા મળેલી પ્રાથમિક શાળાઓમાં કાંતો શાળાનું મકાન ઢોરઢાંકરતાં નાનું હોય છે તે શિક્ષકોની સંખ્યા પાંચ ધોરણ વચ્ચે બે કે ત્રણની જોવા મળે.

કોઠા નંબર : ૬.૧    શિક્ષણનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | ગામ | કુટુંબ | ભણેલા પુ | ભણેલા સ્ત્રી | અભણ પુ | અભણ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાકરપાડા | ૨૦ | ૧૮ | ૫ | ૩૭ | ૫૦ | ૫૫ | ૫૫ | ૧૧૦ | ૯.૬૩ |
| ૨ | પાટલામહુ | ૨૦ | ૨૭ | ૮ | ૩૬ | ૨૯ | ૬૩ | ૩૭ | ૧૦૦ | ૮.૭૬ |
| ૩ | વાગલખોડ | ૩૫ | ૩૭ | ૫ | ૭૦ | ૬૪ | ૧૦૭ | ૬૯ | ૧૭૬ | ૧૫.૪૧ |
| ૪ | મોસદા | ૨૦ | ૨૪ | ૬ | ૩૨ | ૫૮ | ૫૬ | ૬૪ | ૧૨૦ | ૧૦.૫૧ |
| ૫ | જૂનારાજ | ૨૦ | ૨૨ | ૨ | ૨૩ | ૩૫ | ૪૫ | ૩૭ | ૮૨ | ૭.૧૯ |
| ૬ | ઝરીયા | ૨૦ | ૫૦ | ૨૬ | ૩૪ | ૫૯ | ૮૪ | ૮૫ | ૧૬૯ | ૧૪.૮૦ |
| ૭ | પોઇચા | ૨૦ | ૩૫ | ૯ | ૪૩ | ૬૦ | ૭૮ | ૬૯ | ૧૪૭ | ૧૨.૮૭ |
| ૮ | સામોટ | ૧૫ | ૨૦ | - | ૨૨ | ૪૩ | ૪૨ | ૪૩ | ૮૫ | ૭.૪૪ |
| ૯ | માલ | ૨૦ | ૨૫ | ૭ | ૫૨ | ૬૯ | ૭૭ | ૭૬ | ૧૫૩ | ૧૩.૪૦ |
| | કુલ | ૧૯૦ | ૨૫૮ | ૬૮ | ૩૪૯ | ૪૬૭ | ૬૦૭ | ૫૩૫ | ૧૧૪૨ | ૧૦૦.૦૦ |
| | | | ૪૨.૫૦ | ૧૨.૭૧ | ૫૭.૫૦ | ૮૭.૨૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | | |

તપાસના નવ ગામમાંથી ૬૦૭ પુરુષો અને ૫૩૫ સ્ત્રીઓમાંથી કુલ ૧૯૦ કુટુંબોમાંથી ૨૫૮ ( ૪૨.૫૦ ટકા ) પુરુષો અને ૬૮ (૧૨.૭૧ ટકા ) સ્ત્રીઓ ભણેલા જો.વા મળ્યા હતો. બાકીના ૩૪૯ (૫૭.૫૦ ટકા ) પુરુષો અને ૪૬૭ ( ૮૭.૨૦ ટકા ) સ્ત્રીઓ તો અક્ષરજ્ઞાન પામેલા પામી નહોતી. પુરુષો કરતાં સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું હતું. એટલે એ પ્રમાણે પુરુષો કરતાં સ્ત્રીઓનો અક્ષરજ્ઞાન વિહોણાનો આંકડો પણ મોટો જોવા મળ્યો હતો.

તપાસના નવ ગામોમાંથી કુલ ૧૧૪૨ ની સખ્ય સંખ્યામાથી ઉપર જોયું તેમ માત્ર ૨૧૮ પુરુષ (૪૨.૫૦ ટકા ) અને ૬૮ સ્ત્રીઓ (૧૨.૭૧ ટકા ) જ અક્ષર જ્ઞાન મેળવવાને ભાગ્યશાળી બન્યાં હતાં.

તપાસના નવ ગામમાંથી પુરુષ સ્ત્રી મુજબ અક્ષરજ્ઞાન પામેલા ઓની સંખ્યા જે જોવા મળી હતી. તે કોઠા નંબર ૬.૧ ઉપરથી જોતાં ખ્યાલ આવશે. તેમાંય અક્ષરજ્ઞાનનો પુરુષનો આંક ઉંચો જોવા મળ્યો હતો. જ્યાં આશ્રમશાળાનો લાભ મળ્યો છે તે ગામમાંથી અક્ષરજ્ઞાનની સંખ્યા ઉંચી જોવા મળી હતી. અથવા જ્યાં આજુબાજુની શાળા, આશ્રમશાળાનો જેમણે લાભ મળ્યો કે લીધો છે. તેવા વાગલખોડ, પોઇચા જેવા ગામોની અક્ષરજ્ઞાનની સખ્ય સંખ્યા વધારે જોવા મળી હતી.

તપાસમાં સ્ત્રી અક્ષરજ્ઞાન ઓછું જુવા મળ્યુ હતું. તેની પાછળ ઘરકામ, બાળકો રમાડવા કે XX અન્ય પાસામાં સ્ત્રી શિક્ષણની લગન જેવી બાબતોમાં જરૂર ન હોવાથી જોવા મળ્યા હતા.

# પ્રકરણ : ૭

## સમસ્યાઓ

## પ્રકરણ - ૭

## સમસ્યાઓ

વસાવાઓની આર્થિક પરિસ્થિતિ અનેકાનેક કારણોસર સારી નથી. તેઓ અનેક પ્રકારની સમસ્યાઓમાં સપડાયેલા છે. તપાસ દરમ્યાન જે સમસ્યાઓ જોવા કે જાણવા મળી હતી. તે નીચે મુજબ હતી.

### ૧. જમીન અંગેની :

વસાવા પાસે જે જમીન છે તે હલકી, પથ્થરવાળી, ઢાળવાળી છે. તેથી જોઈએ એટલો ઉત્પાદનનો ઉતાર મળતો નથી. હલકી જમીનમાં પોષક તત્વોનો અભાવ છે. તેમની પાસે તેને સુધારવાની આર્થિક સગવડ પણ નથી. પથ્થરવાળી જમીન હોઈ હલકા ધાન્યો જ થાય છે. ઢાળવાળી જમીન હોવાથી તેનું ધોવાણ થતુ રહે છે. જેને પાળા બાંધવાની પણ તેમની શક્તિ નથી. આ ઉપરાંત જમીન નાના નાના ટૂકડાઓમાં વહેંચાયેલી હોઈ તેના તરફ પૂરતું ધ્યાન આપી શકતા નથી. કેટલાક કુટુંબો પાસે જમીન નથી કે ઓછી જમીન ધરાવે છે. તેમની પરિસ્થિતિ ખૂબ કઠીન જોવા મળે છે.

### ૨. પાણી અંગેની :

તપાસના ગામમાં પીવાના પાણીની અને ખેતીમાં સિંચાઈ માટેના કુવાની સગવડની મુશ્કેલી જોવા મળે છે. પીવા માટે નદી કે વહેળાએથી પાણી ભરી લાવવું પડે છે. ખેતી માટે પણ સિંચાઈની કોઈ વ્યવસ્થા નથી. માત્ર વરસાદની ઉપર જ આધાર રાખવો પડે છે. ચોમાસા સિવાય ઉનાળે પાણી માટેની ખૂબ જ મુશ્કેલીઓ તેમને વેઠવી પડે છે.

### ૩. જંગલ અંગેની :

વસાવાઓની મોટી વસ્તી જંગલ વિસ્તારમાં વસે છે. જંગલ

ધીમે ધીમે કપાતુ જાય છે. એની પાછળ સ્થાનિક લોકોનો બહુ મોટો આધાર રહેલો છે. જંગલની ચીજવસ્તુઓને આધારે ઘણી બધી વસ્તી જીવે છે. તેની ભાજીયો, ફળો, જંગલ ગૌણ પેદાશો અને તેના લાકડા કાપવા, વહેવા વગેરે ઉપર એ જ જંગલ સાફ થતુ જાય છે. તેથી દિવસો દિવસે મુશ્કેલીઓ વધી રહી છે. જંગલમાં એ સિવાય કાયદા થવાને કારણે આદિવાસીઓનો જંગલ ઉપર હકક બિલકુલ નાબુદ થઇ ગયા છે. તેથી જરૂરિયાત માટેનું લાકડુ પણ લેવા તેમને વિધિઓમાંથી પસાર થવું પડે છે. જ્યાં તેમનું શોષણ થાય છે અને વળી આદિ. અભણ હોવાથી તેને ખૂબ જ કઠીન કામ લાગે છે. જંગલ આધારિત જે જીવનનિર્વાહ માટે આધારીત હતું તે ખૂબ મોટા પ્રમાણમાં જંગલ નાશ થતાં દૂર થતું જોવા મળે છે. જંગલની ઉભી થયેલી આ સમસ્યાઓએ તેમનામાં ખૂબ જ પ્રશ્નો ઉભા કર્યા છે.

૪. રહેઠાણ અંગેની :

બધા જ વસાવા કુટુંબો પાસે રહેઠાણ માટે સારુ ઘર નથી. આની માટે કેટલાક પાસે પૂરતી જમીન નથી. કેટલાક પાસે ઘર બાંધવાની પૂરી આર્થિક પરિસ્થિતિ નથી. એટલે ઘર નાના અને ખૂબ જ ઢાળવાળા નીચા ઓછા ખર્ચે બનાવીને તેવો વસે છે. તેમાં નિવાસ કરવા માટે કે સામાન રાખવા માટે પણ પૂરતી સગવડ હોતી નથી. ઘણા પાસે ઘર ઉપર છાજવા માટે નળિયા હોતા નથી. એટલે તાડના પાન કે ઘાસ છાજીને રહે છે. જંગલ કપાઇ જતાં ઘણી જગ્યાએ ઘર માટે લાકડુ પણ મેળવવું મુશ્કેલ બની ગયું છે.

૫. ખેતી અંગેની :

વસાવા લોકો હજુ પણ પરંપરાગત ઢબે ખેતી પધ્ધતિ અપનાવતા જોવા મળે છે. હજુ પણ માત્ર વરસાદના પાણીના આધારે ખેતી કરવી પડે છે. તેઓ ખેતીમાં નવા ઓજારો, બિયારણ, રાસાયણિક ખાતર, દવાઓ વાપરી શકતા નથી. કેટલાક તેનાથી અજ્ઞાન છે કેટલાક આર્થિક સ્થિતિ અને

સ્થાનિક પરિસ્થિતિને કારણે વાપરી શકતા નથી. ખેતીની આધુનિક પદ્ધતિઓ તેઓ આજે પણ જાણતા નથી. જાણે છે તેઓ કરી શકતા નથી. આમ ખેતીની તેમની બિયારણ, ઓજારો અને બીજી જોવા મળે છે. પૂરતા સાધન, પશુઓ, બિયારણ કે સગવડો આજે તેની પાસે નથી.

૬. મજૂરી અંગેની :

અહીંના જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા જે લોકો છે તેમને મજૂરી ઉપર જીવનનિર્વાહ કરવો પડતો હોય છે. પરંતુ તેમને ખેતી અને જંગલમાંથી આખા વર્ષ દરમ્યાન મજૂરી મળી રહેતી નથી, આવા સમયે નજીકના ગામોમાં પણ ખેતી મજૂરી માટે જવું પડે છે. એ જ રીતે જંગલ મજૂરી પણ કૂપ વાહતુકને બાદ કરતાં ચોમાસે પ્લાન્ટેશન હોય તો મજૂરી મળે બાકી બેસી રહેવું પડે છે. આજે જંગલનો પણ જે ઝડપે નાશ થઇ રહ્યો છે એ જોતા એની જંગલ ગૌણ પેદાશની મજૂરી કે બીજી મજૂરી આવતા વર્ષમાં બંધ થઇ જશે.

૭. આરોગ્ય અંગેની :

આ વિસ્તારમાં ચોમાસે પાણી હોય છે ઉનાળે બિલકુલ હોતુ નથી કે દૂરથી લાવવું પડે છે. તેથી તેમનામાં કેટલાક રોગો થાય છે. ઉપરાંત પોષક તત્ત્વોનો અભાવ અને કઠીન મજૂરીને કારણે પણ કેટલાક રોગો થતા હોય છે. જંગલ વિસ્તાર હોવાને કારણે આરોગ્ય કેન્દ્રો ઘણે દૂર હોય છે. આ આરોગ્યની સેવાઓ લેવા માટે તેમને ખૂબ ખર્ચ સાથે સમયનો બગાડ કરવો પડે છે.

૮. શિક્ષણ અંગેની :

વસાવા બાળકોને અનેક મુશ્કેલીઓ શાળાએ જતાં જોવા મળે છે. તેમાં કુટુંબની આર્થિક પરિસ્થિતિ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેને કારણે માબાપ ઢોર ચારવા કે બાળકની સંભાળ રાખવામાં રોકી રાખે છે. કેટલાકને ખેતર સાચવવા કે દુકાનેથી ચીજવસ્તુ લાવવા પણ મોકલે છે. ઉપરાંત શાળા નજીકના ગામમાં કે ગામમાં હોતી નથી ત્યારે આવવાને કારણે તે નિશાળ છોડી દે કે જતુ નથી. માબાપ પણ તે પરત્વે બેકાળજી રાખતા જોવા મળે છે. એટલે શિક્ષણથી તે વંચિત રહી જાય છે.

જૂનારાજ :

પુન:વસવાટની સમસ્યાઓ :

આપણે આઝાદી મળ્યા બાદ દેશની વિકાસની આગેકૂચ માટે પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી. આ વિકાસ યોજનામાં જુદા જુદા પગલાં લેવામાં આવ્યાં. તેમાં નાની મોટી અનેક નદીઓ જેમાં નકામું વહી જતું પાણી અને વારંવાર આવતા આફતજનક પુરને નાથવા માટે નદીઓ ઉપર સિંચાઇ માટે બંધ બાંધી એ નકામા વહી જતા પાણીથી ખેતીવાડી, મત્સ્યોધોગ અને પરિવહન જેવા હેતુઓ સિદ્ધ કરવા અઢળક નાણાં ખર્ચીને હરિયાળી ક્રાંતિ લાવવા માટે પ્રયત્નો થયા છે અને થતા રહયા છે.

એ જ રીતે નાંદોદ - રાજપીપળા તાલુકાની અંદર વહેતી કરજણ નદી ઉપર જીતગઢ નજીકમાં એક સિંચાઇ બંધ બંધાય રહયો છે. જે થોડા વખતમાં જ પૂરો થશે. આને કારણે નાંદોદ તાલુકાના ૧૫ જેટલા ગામોને ડૂબાણમાં જવાનાં છે. રોકફીલ ડાઇકસના સ્થળની ત્રણ બાજુએ પહાડ છે અને ચોથા માટે પથ્થરનો પહાડ બની રહયો છે. જે રાજપીપળા શહેરથી લગભગ ૭ કિલોમીટરને અંતરે આવેલું જીતગઢમાં છે.

આમ આ કરજણ સિંચાઇ યોજનાથી તેમાં ડુબાણમાં જતા ૧૫ જેટલા ગામો કે પાડાઓ ને સીધી અને માઠી અસર થવાની છે.

ડૂબાણમાં જતા ગામો

૧. જૂનારાજ
૨. બુરવાળ
૩. ડાકેરી
૪. સાધા
૫. નાની ડભેરા
૬. મોટી ડભેરી
૭. ભીલવસી
૮. ભેજ

૯. ઝીંપા
૧૦. પાડાડેરા
૧૧. પાડા
૧૨. મોઠણ
૧૩. ભમરી
૧૪. મોટીભમરી
૧૫ કોલીપાડા

આ બધા ડુબાણમાં જતા ગામોમાં તપાસના જૂનારાજ ગામના ૧૭૫ જેટલા કુટુંબોને તેની સીધી -માઠી અસર થાય છે. એ રીતે જોતાં બાકીના ગામોને પણ સારી એવી માઠી અસરો પહોંચશે. આ ગામના અસર કરતા કુટુંબો જમીન ધરાવતા કુટુંબોજ માત્ર નથી. પરંતુ માત્ર ખેતમજૂરી જંગલ મજૂરી ઉપર જ પોતાનું જીવનનિર્ભર કરતા કુટુંબોનો પણ સમાવેશ થાય છે. ખેતીની જમીન ધરાવતા કુટુંબો વસવાટની જમીન ઉપરાંત ખેતી માટેની જમીન આપવાનો પ્રશ્ન ખૂબ જ વિકટ જાણવા મળે છે. કેટલાક વસાવા માહિતીદાતાઓના કહેવા પ્રમાણે જમીન ધરાવતા કુટુંબોને તેમની જમીનનું વળતર સામે જે જમીન મળવાની છે તેના કરતાં એક હજારથી બે હજાર સુધીનું ઓછું છે. એટલે કે એમની જમીનનું વળતર પૂરેપુરું મળ્યું નથી. જે લોકો પાસે જમીન નથી માત્ર ખેતમજૂરી કે જંગલ મજૂરી કરીને જીવે છે. તેમને વળતર આપીને ખસેડવાની ગંભીર સમસ્યા છે. જે લોકોની જંગલની ગૌણ પેદાશોની સૌથી મોટી વાર્ષિક આવક છે એ ડુબાણને કારણે ચાલી જશે.

આ પુનવસવાટમાં માટેના બીજી સમસ્યાઓ જે કોઇ ઉકેલી શકે તેમ નથી. એ છે કે એમને ભૌતિક રીતે વસવાટ કરાવી શકાય પરંતુ તેમનું સાંસ્કૃતિક પુન વસવાટનું કામ ઘણું વિકટ છે. કારણકે તેમના જીવન જીવવાની આગવી સૂઝવાળી પદ્ધતિઓ છે. તેમને કુદરતી વાતાવરણ અનુકૂળ ન આવે તો વળી ત્યાંથી સ્થળાંતર કરી જાય. જયાં જમીન વસવાટ માટે આપવાની છે એ એક જગ્યાએ અપાશે જયાં તેમને છૂટથી અત્યારે પોતાના ખેતરમાં કે છૂટાછવાયા વસે છે એ રીતે વાડા કે ખુલ્લી જમીન નહીં હોય. ઢોર માટે ચારવા ખરાબાની જમીજ નહીં હોય. ખેતીવાળા કુટુંબોને

ખેતીલાયક જમીન તે સિંચાઇની સુવિધા વાળી આપવી ઘણી વિકટ અને ગંભીર બાબત છે. આ સિવાય તેમના શિક્ષણની સુવિધા , તેમના નવેસરથી ~~શરૂ~~ શરૂ થનારા સામાજિક આર્થિક જેવા સંબંધોની સુવિધા જાતે ઉભી કરવી પડશે. કારણકે સરકારના વળતરમાં એ આવતું નથી.

ગામના લોકોને પોતાનું છોડીને જવું નથી કારણકે સામે પક્ષે બીજે બને છે તેમ જમીન સંપાદન અને પુનવસવાટની અનેક સમસ્યાઓનો વિચાર કરીને એ લોકો ભારે વિષાદ અનુભવી રહયા છે. ભાવિ અંધકારમય જીવન તરફ ધકેલાતા ડરે છે. છતાં છેવટે કહે છે. છોડીને તો જવું જ પડશે ને. આ તબકકે તેઓ અધિકારીઓ સરકાર કે આ કામને લાગતા વળગતા જે છે. તેમને રોષ કે અવિશ્વાસ સિવાય બીજુ કઇ જોવા મળતું નથી.

જે આદિવાસીઓ ગામડા કે જંગલની જમીન ઉપર જીવનનિર્ભર કરે છે તેમને નામે જમીન નથી. તો તેમને વ ળતર મળી શકે નહીં. આવા ખેડૂતોના અધિકાર જે વર્ષોથી જમીન ખેડે છે છતાં તેમને સરકારી નીતિ આધારે વળતર મળી શકે નહીં તો શું કરી શકાય ? આ માટે માનવીય ધોરણે ન્યાય કરાય તો જ યોગ્ય થાય.

કેટલાક કિસ્સાઓ ગામના બધા જ સર્વે નંબરો ડૂબાણ જતા હોતા નથી. થોડા જાય તો એવા સમયે ખેડૂતને જમીન કેવી રીતે સંપાદન કરી શકાય, કારણકે થોડી જમીન મૂળ ગામમાં અને બીજી બીજે મળે એવા કિસ્સામાં એ કુટુંબની સ્થિતિ થાય.

જેમણે જંગલની કે ખરાબાની જમીનમાં ઘર બાંધ્યું હોય તેમને વસવાટ ~~xx~~ માટે જમીન કે વળતર આપવામાં આવશે નહીં. તો વર્ષોથી જે વસે છે એ કયાં જઇને વસે આવા અનેક કુટુંબો જોવા મળશે.

ટૂંકમાં જમીન સંપાદન માટેની કાર્યવાહી તેના વળતર બાબતમાં ખૂબ જ ગૂંચવાડો ઉભો થયો હોવાથી આદિવાસીઓમાં અવિશ્વાસ જોવા મળે છે. તેમને પોતાને અન્યાય થવાનો છે. એવી ભીતિ સતત રાખી રહયા છે. આમ જો કે પુનવસવાટનો સીધો સાદો અર્થ ફરીથી વસાવવા. પરંતુ સમાજમાં

ખાસ કરીને સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનની રીતે તેની પરિભાષા જુદી કરવામાં આવે છે. જો કે એક ગામના અનેક કુટુંબોને ફરીથી બીજે ઠેકાણે વસાવવા એમાં તેને ઘર બંધી આપવા, ખેતીની જમીનનું વળતર આપવું વગેરેથી કાર્ય પૂરું થઇ જતુ નથી. પુનવસવાટનો આવો ટૂંકો અર્થ કરવાને બદલે એક સંસ્કૃતિને ઉખેડીને લઇ સ્થળે લઇ જવાની છે. એટલે એ રીતે આ પુનવસવાટની આખી સમસ્યાને સમજવામાં આવે તો એક જગ્યાએ પોતાની સંસ્કૃતિ ઉભી કરીને ટકેલી પ્રજા બીજે ભલે, સંસ્કૃતિનો લોપ થવાને બદલે સમણવય થાય. એટલે આ એક મોટો જટિલ પ્રશ્ન ઉભો રહે છે. આદિવાસી જીવન સંસ્કૃતિના તત્ત્વો અને અન્ય રીતભાતો સાથે બીજા વસાવવામાં આવે તો સાંસ્કૃતિક સ્થળાંતર સાથે જ થશે.

આ પુનવસવાટની આખી પ્રક્રિયાને ખૂબ વિશાળ દ્રષ્ટિથી સમજીને તેના માટેનું ઉભું કરવું જોઇએ. એ માટે માત્ર સરકારી ઇજનેરો જ નહિ સમાજશાસ્ત્રીઓ, સમાજમાનવશાસ્ત્રીઓ, સામાજિક કાર્યકરો વગેરેના સૂચનો મેળવવા જોઇએ. તો જ તેનો ન્યાયી અને માનવીય ઉકેલ શકય બને તેથી તેઓ પુનવસવાટની તેમની આવી જટિલ સમસ્યાઓમાંથી હળવાશ અનુભવે છે.

# પ્રકરણ - ૯

## વિકાસનાં સૂચનો

# પ્રકરણ - ૮

## વિકાસનાં સૂચનો

(સારાંશ)

**૧. ઘર :**

વસાવાના ઘરો કાચા છે. જેમાં ઘણા કુટુંબોના ઘરો સંકડાશવાળા અને આર્થિક પરિસ્થિતિને કારણે નીચા જોવા મળે છે. એટલે ઘરમાં પેસતાં કે નીકળતાં નીચા નમીને જવુ આવવું પડે છે. આ નાના સંકળાશવાળા ઘરોમાં તેના સભ્યો, પશુઓ અને ઘરવખરીઓ સામાન પણ રાખવો મુશ્કેલ પડે છે. આથી તેમને જ્યાં આપી શકાય તેવી જગ્યા હોય તો આપીને આરોગ્યપ્રદ ઘરની વ્યવસ્થા કરી જોઇએ જેથી ઘર અંગેની મુશ્કેલીઓને કારણે ઉભી થતી સમસ્યાઓ કંઇક અંશે હલ થાય.

**૨. જમીન :**

તપાસ દરમ્યાન કેટલા વસાવા કુટુંબો પાસે જમીન બિલકુલ જોવા મળી નહોતી. કેટલાક પાસે જમીન પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું હતું. આવા વધુ વસ્તી ધરાવતા કુટુંબોને ઓછી જમીનને કારણે કે જમીન વિહોણા હોવાથી ભરણપોષણ માટે મજૂરી કરવી પડે છે. તેવા કુટુંબોને ગૌચર કે બીજી પડતર જંગલની જમીન ફાળવીને ટેકો કરવો જોઇએ. ઘણા કુટુંબોની જમીનને પાળા બાંધવા કે સરખી કરવા માટે પણ મદદ કરવી જોઇએ. જેથી તેનો કરી ખેંચાઇને તે બિલકુલ હલકી બની ન જાય.

**૩. સિંચાઇ :**

આખા વિસ્તારમાં મહદઅંશે વરસાદ આધારે ખેતી થતી જોવા મળે છે. ચોમાસા દરમ્યાન પાણી નકામું વહી જાય છે. આ મસયે પાણી રોકી સિંચાઇની નાની નાની યોજનાઓ કરવામાં આવે તો આ લોકોને

માત્ર વરસાદને આધારે જ ખેતી ન પડતાં બીજી સીઝનમાં પણ કંઇક મેળવી શકે. જેથી જયારે આજુબાજુમાં ખેતમજૂરીની જવું પડે છે કે મજૂરી મળતી નથી ત્યારે તેમને સહારો મળી રહે. કુવા દ્વારા સરકારે સિંચાઇની સગવડો ઉભી કરવી જોઇએ જેથી જયાં વરસાદનું સિંચાઇ કે અન્ય યોજનાનું પાણી ન પહોંચે ત્યાં ઉપયોગી થઇ શકે.

૪. વસાવા લોકો હજુ પણ જૂની પરંપરાગત ખેતપદ્ધતિઓ અને ઓજારોથી ખેતી કરે છે. એટલે તેમને નવી પદ્ધતિઓ માટેનો નિદર્શન પ્લોટ બનાવીને દેખાડવા જેમાં ખાતર, બિયારણ, દવાઓ અને નવીન ઓજારોના ઉપયોગ કરી બતાવવા જેથી તેઓને અપનાવવામાં પ્રોત્સાહન મળે. આ માટે તેમને સહકારી મંડળી દ્વારા કે સરકારી મદદ થતી હોય તે રીતે આપવી જોઇએ.

૫. આ લોકોને ખેતી માટે વચગાળાની ધિરાણની સગવડ કરી આપવી જેથી ~~જેથી~~ તેમને બિયારણ દવા, ખાતર સમયસર મળી રહે. આથી તેઓ વેપારી અને શાહુકારના શોષણમાંથી પણ બચી શકશે.

૬. <u>ખેતમજૂરી</u> :

જમીન વિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબો જે ખેતમજૂરી જંગલ મજૂરી કરીને જીવે છે તેમને વર્ષના બધા દિવસો મજૂરી મળી રહેતી નથી. ત્યારે કેટલાક સમય ભૂખ્યા કે અર્ધ ભૂખ્યા રહેવું પડે છે. ઉપરાંત મજૂરીના દર પણ ઓછા મળે છે. એટલે એમને મજૂરી મળી રહે માટે જંગલ આધારિત નાના ઉદ્યોગો ઉભા કરવા જોઇએ. તેમને મજૂરી પણ તેમને ભરણપોષણ પૂરતી મળી રહે તે કરવું જોઇએ.

૭. વસાવા લોકોના બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. તેથી બાલવાડીઓ, આશ્રમશાળાઓ છાત્રાલય સાથે જરૂર લાગે ત્યાં ખોલવી જોઇએ. જેથી તેમને સ્થાનિક પરિસ્થિતિ અને કૌટુંબિક દબાણથી પર રહીને શિક્ષણ લેવાની તક મળે.

૮. ટેકનીકલ ધંધાઓની ટ્રેનીંગ પણ આપવી જોઇએ. જેથી જયારે મજૂરી કે શિક્ષણ ન લઇ શકે તેવી સ્થિતિ હોયતો કમાઇ શકવાની તેની આ આવડતથી જીવનનિર્વાહ કરી શકે.

૯. આરોગ્ય માટેની સગવડો ઉભી કરવી જોઇએ. મહદ અંશે કેટલીક જગ્યાએ ચોમાસાની ઋતુ કે ઉનાળાની ઋતુમાં પણ આરોગ્યની સેવા લેવા આરોગ્યના મુખ્ય કેન્દ્ર સુધી જવું પડે છે. જે તેમને આર્થિક રીતે ખૂબ જ મુશ્કેલ બની રહે છે. તેમના આરોગ્યની તપાસ મેડીકલ કોલેજના સહયોગથી કરવી જોઇએ. નજીકમાં આરોગ્ય કેન્દ્રો પણ જરૂર જણાય ત્યાં ખોલવા જોઇએ. સાથે સાથે પોષક આહાર કેન્દ્રોની સુવિધા ઉભી કરવી જોઇએ.

આઝાદી બાદ ભદ્ર સમાજનો સંપર્ક :

આઝાદી પહેલાં શાહુકારો તથા હાટના વેપારીઓ, દારૂ તાડી વેચનારાઓ આ અજ્ઞાન પ્રજાનું આર્થિક શોષણ ખૂબ કરતા હતા. પ્રજા મહેનતુ હોવા છતાં તેનો વિકાસ રુંધાતો હતો. વારે તહેવારે કે બીજા પ્રસંગોએ સામાજિક પ્રવૃત્તિઓ, ધાર્મિક પૂજાવિધિઓ કે તહેવારો વખતે બીક બતાવીને ભુવા ભગત, સરકારી માણસો દ્વારા જે શોષણ થતું હતું તે આઝાદી બાદ શાળાઓ, આશ્રમશાળા બસ વ્યવહારનો સંપર્ક અને સ્થાનિક નેતાગીરી, નવી ગ્રામ પંચાયતી માળખું વગેરે ઉપરાંત હિંદુધર્મની અસરો, કેટલાક ધાર્મિક પંથો કબીરપંથ, સતકેવલ ખ્રિસ્તી મિશનરીઓ વગેરેને કારણે ઘણું પરિવર્તન જોવા મળે છે. તેમના માટેની વિકાસ યોજનાઓમાંથી ખેતીવાડી માટે મળતી સહકારી મંડળીઓની બિયારણ, ખાતર વગેરેની સુવિધાઓને કારણે તેઓ સારા હાઇબ્રેડ પાકો પકવતા થયા છે. તેમને શૈક્ષણિક , આર્થિક સુવિધાઓ મળવાથી તેઓ આર્થિક સામાજિક રીતે બદલાઇ રહયા છે.

હિંદુ ધર્મની અસર હેઠળ આવવાથી તેમના દેવદેવીઓના ફોટાઓ ઘરની ભીંતે જોવા મળે છે. હિંદુઓના કેટલેક ઠેકાણે મંદિરો છે ત્યાં તેઓ તેમના દેવદેવીઓને પૂજવા કે તેમની વિધિ પ્રમાણે ઘી, દીવો કે અગરબતી કરતા થયા છે. મરઘાં, બકરાં કે પાડાનો ભોગ આપવાનું કેટલેક ઠેકાણે ઓછુ થયું છે. તે કેટલેક ઠેકાણે બંધ સદંતર થયું છે. ઠેક ઠેકાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ખાનગી દવાખાના થવાને કારણે ભુવાભગતોને આશરે જીવતા વસાવા લોકો ડોકટરનો ઉપયોગ કરતા થયા છે.

પહેલાં પરિસ્થિતિ વશ ટકે દારૂ, તાડી, માંસ, મરઘી કે શિકાર દ્વારા પોતાનું જીવન નભાવતા હતા. આજે ઘણે ઠેકાણે પરિસ્થિતિ બદલાતાં હિંદુઓની અસર હેઠળ આવવાથી કે કેટલાક પંથો ( કબીરપંથ, સતકેવલ

પંથ ) ખ્રિસ્તી મિશનરીઓની અસરો વગેરેને કારણે આ બધા તરફથી આ અજ્ઞાન, અબુધ પ્રજાના દિલમાં દિવો પ્રગટયો છે. જેને કારણે સુધરેલા લોકોની સરખામણી કરી રહી છે. આજે તેમનામાં ઘણા કુટુંબો સંતસાધુઓના માર્ગે, પંથોની દોરવણી હેઠળ પ્રભુનો બોધ લઇને સુમાર્ગે જવા પ્રયત્ન કરી રહ્યા છે. લોકોના કહેવા પ્રમાણે આજુબાજુમાં ભરતા મેળા, હાટમાં દેવદેવીઓના સ્થાનકોએ ભોગ બલિ આપવાનું ઓછું થયું છે. સ્થાનકોએ કેટલાક કોરા બાધા માને છે. પશુપક્ષીની ભોગની હત્યાથી પૂણ્ય ન થતાં પાપ થાય છે એમ માનતા થયા છે.

એમના રીતરિવાજોમાં પણ કેટલાક ફેરફારો આજે નોંધાતા જોવા મળે છે. કેટલાક કુટુંબો બાહય પરિબળોની અસરોને કારણે બાહય સંસ્કૃતિની અસર હેઠળ છે. આજે તેઓ ભુવા લગતને બદલે સુધરેલા સમાજની જેમ બ્રાહમણને લગ્ન જેવા પ્રસંગે બોલાવી મોભો લેતા થયા છે. કેટલાક વરનો વરઘોડો હિંદુઓની જેમ કાઢતા થયા છે. લગ્ન વખતે તેમનામાં અપાતા દેવોના નોતરા પણ કેટલાક આપતા બંધ થયા છે. દેવદર્શને જવાનો રિવાજ ઓછો થયો છે. તેમનામાં ખતરાં બેસાડવાનો રિવાજ મરણ પછી છે તે ઘણે ઠેકાણે બંધ થયેલું છે. બારમાનો રિવાજ હજુ ચાલુ છે. પહેલાં ધાર્મિક ઉત્સવોમાં દારૂ, માંસાહાર વગેરેના જલસા થતા તેમાં ઝગડા કે મારામારી પણ થતા જે આજે ઓછું થવા પામ્યું છે. વસાવા લોકો હોળી, દિવાળી, દશેરા ઉજવે છે જેમાં હિંદુઓની જેમ સારું ભોજન બનાવીને સંપર્કવાળા કુટુંબો ઉજવતા થયા છે.

પહેલાં તેઓ પોતપોતાના ઘરમાં જુદા જુદા દેવને રાખતો અને પોતાના ભગવાન સમક્ષ દર મહિને દર પૂનમે કે સારા તહેવારે ઘણા ધામધૂમથી સગાંવહાલાંને બોલાવી ઉજવતા. જે દેવ પોતાને ખેતરે, શેઢે ઝાડના થડમાં સ્થાન કે હોય છે. આ દેવોમાં લગનીયા દેવ, વન્યા દેવ, પૂઠવાલા દેવ, મહાણ્યાદેવ, પાડી દેવ, રૂલી દેવ, હિમાર્યા દેવ વગેરે પોતપોતાના ઘરના દેવો જુદા જુદા હોય છે. આ દેવોને ભારે શ્રધ્ધાથી તેઓ માનતા હતા. તેઓ ઉત્સવ પ્રસંગે દેવનો શણગાર કરે, ભાણુ પીરશે દીવો કરે, ઘરમાં બકરો, પાડો કે મરઘો મારવો હોય તો દેવની રજા લઇ પહેલાં ચઢાવીને ખોરાક બનાવવો, કોઇક ઘરમાં

દુ:ખ આવતુ તો તેઓ આફત માટે તાત્કાલિક આવુ, દેવને અરજ કરતા દેવ આમ થવું જોઇએ, આજે જુદા જુદા સંપ્રદાયોના સંપર્કને કારણે તેમાં પણ પરિવર્તન જોવા મળે છે.

ગરીબાઇ અને પરાવલંબન :

: ૧ : કુદરતી ભૌગોલિક સંજોગો અને જમીન ખેતી વિષયક શકયતાઓમાં અવરોધક પરિબળ તરીકે મહત્ત્વનો ભાગ ભજવે છે.

: ૨ : તેમની ખેતી કરવાની પધ્ધતિ પ્રાથમિક કક્ષાની છે. સિંચાઇનો લાભ નથી. પાકોની યોગ્ય માવજત થતી નથી. સુધરેલા અદ્યતન વૈજ્ઞાનિક સાધનો, રાસાયણિક ખાતરો, દવાઓ, બિયારણનો ઉપયોગ થતો નથી. તેની સૂઝ, સમજ ઓછી છે. જેનું કારણ આર્થિક સ્થિતિ પણ છે.

: ૩ : જંગલ મજૂરી, ખેતમજૂરી બારેમાસ મળી રહેતી નથી. મજૂરીનો દર પણ ઓછો હોય છે.

: ૪ : ધંધાકીય માળખામાં ઝાઝું પરિવર્તન આવ્યું નથી. સરકાર અને લોકો બંને નિષ્ફળ ગયા છે. ગૃહઉદ્યોગોનો વિકાસ થયો નથી.

: ૫ : આવક કરતાં જાવક વધારે છે. શેષ નહીંવત છે. એટલુ જ નહીં જીવનનિર્વાહનો તમામ ખર્ચ તથા ધાર્મિક કે સામાજિક ખર્ચ ખૂબ વધારે છે. બચત થતી નથી.

: ૬ : તેઓ દારૂ , તમાકુ અને ચા જેવા વ્યસનો પાછળ ખૂબ ખર્ચ કરે છે. તેથી આર્થિકક્ષેત્રમાં વિકાસ થયો નથી.

: ૭ : આ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું છે. જેથી ભાવિ વિશે વિચારી આર્થિક કે અન્ય ખેતી વિષયક આયોજનો તેઓ કરી શકતા નથી. તે જીવન નિર્વાહ કરતાં વધુ પેદા કરી શકતા નથી.

: ८ : ઉંડાણના વિસ્તારને સંસ્કૃતિ કે ઔદ્યોગિક બાબતોનો સ્પર્શ થયો નથી. તેથી તેઓ ગરીબ રહયા છે. દિનપ્રતિદિન ગરીબ બનતા જાય છે. આ ગરીબાઇથી બચવા તેઓ સ્વયં રીતે બહાર આવી શકે તેમ નથી.

આ બધી પરિસ્થિતિ તેમને પરાવલંબી બનાવે છે. તેથી તેઓ મજબૂર થઇને શાહુકાર, વેપારી કે દુકાનદારના આશ્રય નીચે જીવે છે. પરિણામે તે દેવાદાર બની વધુ ગરીબ બને છે.